કલ્યાણ

વર્ષ : ૨૧ * અંક ૩ : * મે, : ૧૯૬૪ * વૈશાખ : ૨૦૨૦

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ * માનદ સહ સંપાદક : નવીનચંદ્ર ૨. શાહ

# જ્ઞાનદષ્ટિની જરૂર!

વૈદ્યરાજ શ્રી
મોહનલાલ ચુ. ધામી

જે ભવ્યજીવના અંતરમાં ધર્મ પ્રત્યે આદર હોય છે અથવા સંસ્કાર અને સદાચાર પ્રત્યે ભાવ હોય છે તે ભવ્યજીવને કોઈ વાર નાનું મોટું વ્રત અંગિકાર કરવાનું મન થઈ જાય છે. આ રીતે મન થવું એ આજના ભંગાર યુગમાં ભારે ઉચ્ચ વાત છે.

વ્રત નાનું હોય કે મોટું હોય....તપ નાનું હોય કે મોટું હોય....આરાધન નાનું હોય કે મોટું હોય....એની પાછળ આત્મબળ અને જ્ઞાનદષ્ટિ હોવી આવશ્યક બને છે. ઘણીવાર જ્ઞાનદષ્ટિના અભાવે દેખાદેખીથી ઉભરાતા ઉલ્લાસમાં ઠેસ વાગવાનો ભય રહે છે. જો ભાવાવેશના સમયે માનવી આત્મબળ અને જ્ઞાનદષ્ટિનો પણ વિચાર કરી લે તો એણે જે વ્રત કે આરાધન શરૂ કર્યું હોય તે અપૂર્વ બની જાય છે.

અમુક આમ કરે છે માટે આમ કરવું જોઈએ એ કરતાં જે કંઈ કરવું જોઈએ તે કર્તવ્ય છે અને નથી થઈ શકતું તેનું ભારે દુ:ખ થતું હોય તો ત્યાં જ્ઞાનદષ્ટિ આપોઆપ ખીલે છે.

દાખલા તરીકે પ્રથમ યૌવનમાં પગ મૂકતો એક નવજવાન ગમે તે કારણે ચોથું વ્રત ધારણ કરે છે....એનો ઉત્સાહ પણ અપૂર્વ છે....પરંતુ આ ઉત્સાહની સાથે જ્ઞાન-દષ્ટિ હોય તો એનો ઉત્સાહ એક મહાન સાધનામાં પરિણમે. છતાં એણે લીધેલા વ્રતનો કોઈથી વિરોધ થઈ શકે નહિં....વ્રતનો વિરોધ કરવાથી અનિષ્ટો ઉભાં થતાં હોય છે.

આ રીતે વ્રત લેનાર માનવી યૌવનના પ્રાંગણમાંથી ખંડમાં પ્રવેશે છે અને એના ચિત્તને ચંચળતાનો ચેપ પણ વળગે છે. ચાર-છ વર્ષ કે વધુ વરસો પછી એ નવ-

જવાન વ્રતની આરાધનાના બળના અભાવે થાકી જાય છે અને વ્રતભંગ બની કોઈ સ્ત્રી સાથે લગ્ન કરી લે છે. 5563

આવું દરેક વ્રતમાં વખતો વખત બનતું હોય છે. જો વ્રત લેનાર ઉત્સાહની સાથોસાથ પોતાના આત્મબળનો અને જ્ઞાનદૃષ્ટિનો આશ્રય લેતો હોય તો અવશ્ય તેનું વ્રત એક અજોડ સિદ્ધિ બની જાય.

કોઈ પણ વ્રતનું પાલન એ નાનીસૂની વાત નથી....એક સાધના જ છે અને સાધના હંમેશા જ્ઞાનદૃષ્ટિ માગે છે.

જ્ઞાનદૃષ્ટિનાં અભાવે લેવાતાં વ્રતો કદાચ ખંડિત ન પણ બને. કારણ કે લોકભય, ક્ષોભ અને પ્રતિષ્ઠાનો ભય માનવીને મને કમને રોકતો હોય છે....આવા ભયના અંગે વ્રતનું પાલન થાય છે પણ તે દિવ્ય સ્વરૂપ ધારણ નથી કરતું.

જેમ એક રોગી પથ્ય પર રહેતો હોવા છતાં કુપથ્યના સંકલ્પ કરતો રહે તો એનું આરોગ્ય સુદૃઢ બનતું નથી....મનોવિકાર એ પણ એક ભયંકર કુપથ્ય છે. એ જ રીતે કોઈ પણ વ્રત ધારણ કર્યા પછી મનની ચંચળતા વ્રતને જર્જરિત બનાવે છે અથવા તો વ્રતના પ્રભાવને શિથિલ બનાવે છે.

જૈન સંસ્કૃતિમાં ત્યાગ અને અહિંસા એ પ્રધાન તત્ત્વો છે. આ તત્ત્વોનાં સંરક્ષણ ખાતર જ વ્રત, તપ આદિની આરાધના થતી હોય છે....અને એ આરાધના એટલી મહાન હોય છે કે પુરેપુરા જાગરણ સહિત આદરેલા વ્રતનું પરિણામ ભવબંધનમાંથી મુક્તિ આપનાર બને છે.

આજે વ્રતની આરાધના ખૂબ જ થાય છે....અને એટલાં આપણા સદ્‌ભાગ્ય છે.... પરંતુ આ આરાધનની પાછળ જો જ્ઞાનદૃષ્ટિનો પ્રકાશ હોય તો આજનાં યુગમાં એક દીવડો પ્રગટી ઉઠે અને અનેક વ્યથાઓ વચ્ચે સપડાયેલા માનવ સમુદાયને સન્માર્ગ દર્શાવી શકે.

અને જો જ્ઞાનદૃષ્ટિના અભાવવાળી આરાધના થતી રહે તો તેનું પરિણામ ઘણી વાર વ્રત–તપ પ્રત્યેની અશ્રદ્ધામાં પણ આવતું જાય છે અને એવા પુરુષો પણ પાકવા માંડે છે કે જેઓ ઉઘાડેછોગે વ્રત–તપની નિંદા કરતા હોય અને વ્રત–તપને અનંત સંસારનું એક બંધન મનાવવા માટે મોટાં મોટાં ભાષણો ફાડતા હોય.

આ સ્થિતિ આજ ઉપસ્થિત થઈ હોવાથી વ્રત–તપ આદિના આરાધન પાછળ જ્ઞાનદૃષ્ટિની આવશ્યક્તા જરૂરી છે એવું સૂચન કરવાનું સહેજે મન થઈ જાય છે.

---

સ્થલ સંકોચના કારણે 'અમે અને તમે' વિભાગ આપી શકયા નથી તેમજ હરિફાઈ વ્યૂહ નં. ૩ નો સાચો ઉકેલ તથા વિજેતાઓની નામાવલી આગામી અંકે પ્રગટ થશે.

મિત્રો ! આગામી અંકની રાહ જોજો




સંપાદક
શ્રી રાકેશ

**પ્યારા બાલમિત્રો !**

**આ** અંક જ્યારે તમારા હાથમાં આવશે ત્યારે તમે પરીક્ષાનું પરિણામ મેળવી ચૂક્યા હશો !

તમે પરીક્ષામાંથી પસાર થઈ ગયા હશો ? નિવૃત્તિના સમયમાં ધર્મનું જ્ઞાન મેળવવું ભૂલતા નહિ. અને કદાચ નાપાસ થયા હો તો જરા પણ હતાશ થતા નહિ. ફરી વાર પ્રયત્ન કરજો. સારા ઉદ્યમ દ્વારા જરૂર તમે આગળ વધશો. મનને જરા પણ વ્યથિત બનાવશો નહિ. શાન્ત અને સ્વસ્થ ચિત્તે કાર્ય કરતા રહેશો.

'બાલ વિભાગ'માં અવાર નવાર ઉપયોગી લખાણો મોકલતા રહેશો.

ઉપરાન્ત આજે એક ખાસ સૂચન કરવામાં આવે છે કે '**આ બાલ વિભાગ છે. આ વિભાગમાં કેવળ બાલકોનાં જ ઉપયોગી લખાણોને સ્થાન આપવામાં આવે છે** તેમ જ હરિફાઇ પણ બાળકો માટે જ યોજાય છે. માટે **વીશ વર્ષની વય ઉપરના કોઇ પણ** ભાઈ બેનોએ લેખનમાં કે હરિફાઇ**માં ભાગ લેવો નહિ.** બાળકોની સમજણ શક્તિ તથા જ્ઞાન અને અનુભવ ઈ. કેમ વધે ? તે માટે જ આ હરીફાઇઓ યોજવાનો ઉદ્દેશ છે. માટે હવેથી તે રીતે સહુ કોઈ આનો સંપૂર્ણપણે અમલ કરશે એવું અમે ઈચ્છીએ છીએ. બાલ જગતમાં હરિફાઈ તથા લેખન માટે તમામ પત્રવ્યવહાર નીચે પ્રમાણે કરવો. હવેથી હરિફાઈ વગેરે બાલકોને સમજાય તેવી સરળ ને તેમના શિક્ષણને સંસ્કારી બનાવે તેવી યોજાશે !

સંપાદક : **બાલજગત**

C/o. કલ્યાણ પ્રકાશન મંદિર. **વઢવાણ શહેર**




વિદ્યાર્થી અવસ્થામાં અથવા તો તે પછીની જિંદગીમાં માણસ જો મોજ શોખ અને ફેશનના મોહમાં પડી વિના વિચારે ઉંધું ખર્ચ કર્યા કરશે, તો તેના પરિણામે તેને ચોરી, જૂઠ, ચિંતા, પ્રપંચ અને છળ કપટની જાળમાં ફસાવું પડશે, ને છેવટે તેની માણસ તરીકેની કિંમત ઘટી જશે.

એટલે જીવન બરબાદ થાય નહિ, તેમ જ ભણ્યા ગણ્યા પર પાણી ફરી વળે નહિ તે માટે જ કાળજામાંથી અસંસ્કાર તથા અસંયમની ઉધઈ કાઢી નાંખો ને જીવનને ઉજ્જવળ તેમજ આનંદમય બનાવો.

હંમેશા સાદું તથા સંયમી જીવન જ માનવ સમાજને ઉંચો આદર્શ પૂરો પાડશે.

**શ્રી૦**

## આદર્શ વિદ્યાર્થી કેવો હોય ?

એકાગ્ર ચિત્તથી જ્ઞાનને સંપાદન કરનાર, ઉદ્યમી, જેના અંતરમાં આળસ કે પ્રમાદને જરા પણ સ્થાન ન હોય, ગુરૂની ઉપાસના કરનાર, માતપિતાની પૂજા કરનાર, વડીલનું બહુમાન કરનાર, વિનયી તેમજ વિવેકી હોય, એના મુખમાંથી કદી અપશબ્દ આવતો જ ન હોય ને તે મધુર વચન દ્વારા સહુ કોઇને આકર્ષતો હોય.

**શ્રી મધુકર**

## શોભે નહિ

વિદ્યા વિનય વિના, સંપત્તિ દાન વિના,
ઐશ્વર્ય નમ્રતા વિના, તપ સમતા વિના,
સત્તા સેવાભાવ વિના, કલ્યાણ **બાલજગત** વિના.

**શ્રી ચંદ્રકાન્ત શાહ**

## વિવેકજ્યોત :

આંખમાં ઘણી શક્તિઓ હોવા ઉપરાંત એક મોટી અશક્તિ પણ છે, તે બધાને જુએ છે પણ પોતાની અંદરના કણને તે જોઈ શકતી નથી અને આંખને પોતાની અંદરના એ કણને દેખવા કે કાઢવા માટે તો બીજાની સહાય જ લેવી પડે છે.

આવી જ રીતે માનવીનું મન બધાના વિચાર કરે છે, પણ પોતાનો વિચાર એ નથી કરી શકતું. આ માટે તો જ્ઞાનીની સહાયથી કે પછી એની વિવેકજ્યોતથી મનમાંના એ દોષ કણને તેણે દૂર કરવા પ્રયત્નશીલ બનવું જ રહ્યું.

**શ્રી વિશ્વમંગલ**

## ત્રણની ખુબી

- યાદ રાખવા જેવી ત્રણ ચીજો. સચ્ચાઇ, જવાબદારી, મોત.
- ત્રણનો વિશ્વાસ ન કરવો. સ્વાર્થી મિત્રનો, ચાડિયાનો, દુર્જનનો.
- ત્રણથી સદા બચતા રહો. કુસંગ, સ્વાર્થ અને પરનિંદા.
- ત્રણ ચીજો મુશીબતમાં પરખાય. ધીરજ, ધર્મ અને મિત્ર.
- ત્રણનું સદા સન્માન કરતા રહો. માતા પિતા અને ગુરુમહારાજ.

**પૂ. બાલમુનિ શ્રી શીલચંદ્રવિજયજી મ.**

## જ્યાં ને ત્યાં

જ્યાં સંયમ ત્યાં શક્તિ
જ્યાં ભાવના ત્યાં ભક્તિ
જ્યાં પ્રમાદ ત્યાં પતન
જ્યાં સાત્વિકતા ત્યાં પ્રગતિ
જ્યાં સંપ ત્યાં લક્ષ્મી
જ્યાં ક્લેશ–કંકાશ ત્યાં નાશ

**શ્રી સુરેશ શાહ. સુંદરા**

## કોની સ્તુતિ ક્યારે કરવી ?

ગુરૂમહારાજની પ્રત્યક્ષ.
મિત્ર–બંધુઓની પાછળ
સેવકોની કામ કર્યા બાદ
સ્ત્રીની તેના મૃત્યુ પછી
પુત્રની પ્રશંસા તો કદી કરવી નહિ.

**શ્રી કલ્યાણમિત્ર**

## શોધી કાઢો

પાંચ અક્ષરનું એક વાક્ય છે.

જેનો પહેલો અને ચોથો અક્ષર મળી 'ગાર્ડન' એવો અર્થ થાય છે.

બીજો અને પાંચમો અક્ષર મળી 'હઠ' થાય છે.

પહેલો અને ત્રીજો અક્ષર મળી પક્ષીનું નામ થાય છે.

ત્રીજો અને ચોથો અક્ષર મળી કુંજો થાય છે.

પાંચમો અને ત્રીજો અક્ષર મળી સ્વાદિષ્ટ એક ચીજનું નામ થાય છે.

કહો જોઇએ એ શું હશે ?

**શ્રી જસવંતલાલ મફતલાલ શાહ ખાવડ**

(જવાબ. બાલ જગત)

## મીટર

થર્મોમીટર– ઉષ્ણતા માપવાનું સાધન.

બેરોમીટર – હવાનું દબાણ માપવાનું સાધન.

સ્પેક્ટ્રોમીટર–પ્રકાશના તરંગની લંબાઈ માપતું સાધન

ટ્રાન્સમીટર – રેડિયોનાં વીજળી મોજાં મોકલવાનું સાધન.

સ્પીડોમીટર –દોડતા વાહનનો વેગ પકડવાનું સાધન.

હાઇગ્રોમીટર–વાહને કેટલા માઈલનું અંતર કાપ્યું તે બતાવતું સાધન.

લેક્ટોમીટર –દૂધની ઘનતા માપવાનું સાધન.

માઇક્રોમીટર–ઝીણી વસ્તુની લંબાઈ માપવાનું સાધન.

**શ્રી ધીરજલાલ આણંદજી ગોંડલીઆ**

## જ્ઞાનનો પ્રકાશ

જ્ઞાનના પ્રકાશ વિના જીવનનો અંધકાર દૂર થવાનો નથી. જ્ઞાન એ જ જીવનને ઉજા-

જાનાર, કર્મબંધનથી મુક્તિ અપાવનાર, ભવારણ્યમાં ભટકતા જીવોને પ્રકાશનો પુંજ સામે ધરનાર છે. જ્ઞાન વિના આત્મભાન થાય નહિ. માટે, બાલ મિત્રો! જ્ઞાન દ્વારા આત્માને ઉજાળવા હંમેશાં તૈયાર રહેજો.

**પૂ. બાલમુનિશ્રી સિદ્ધસેનવિજયજી મ.**

## બે ઘડી મોજ

એક પંડિતના ઘરની સામે જ એક ગધેડો મરી ગયો. પંડિત મહારાજે સુધરાઈ કચેરીને લાશને ત્યાંથી ઉઠાવવા જાણ કરી. એક કારકુને ત્યાં આવી મશ્કરીમાં કહ્યું; 'પરંતુ પંડિત મહારાજ, મૃત્યુની પછીની સંસ્કાર વિધિ તો તમે લોકો જ કરો છો ને?'

પંડિતજી હાજર જવાબી હતા જેથી તુરત જ બોલ્યા 'એ તો બરાબર છે, પરંતુ તેના સગાઓને તો જાણ કરવી જોઈએ ને?'

✥

એક છોકરો-(મિત્રને કહેતાં) મારા બાપુજી તો બહુ જ મોટા માણસ છે કે જેઓની આગળ બધા જ માથા નમાવે છે.

બીજો-હં! હં! તો તો તારા બાપા કોઈ મોટા નેતા હશે?

પેલો-ના ભાઈ ના! તું ભૂલ્યો મારા બાપુજી તો હજામ છે હજામ.

**શ્રી ઉમેશ દલપતલાલ મુંબઈ**

✥

એક માણસે મોચીને પૂછ્યું ભાઈ! આ બૂટના કેટલા રૂપિયા?

મોચી : પંદર રૂપિયા.

માણસ : દોરી (બુટની) ના કેટલા?

મોચી : દોરી મફત.

માણસ : ત્યારે હું દોરી લઈ જાઉં છું. મારે બૂટ નથી જોઈતાં.

✥

### ટુ કપ ટી

આજના અંગ્રેજી ભણેલા કરતાં અર્ધું ભણેલાઓ કેટલીક વખતે પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરતાં ઘણી વખત જુદી જ પરિસ્થિતિ સર્જે છે. એક વખત એક ભાઈ એક હોટલમાં પહોંચ્યા. હોટલના છોકરા પાસે ચા મંગાવી. છોકરાએ કહ્યું 'ટુ કપ ટી' કે 'વન કપ ટી.'

પેલા ભોળા ભાઈ 'ટુ કપ ટી' શબ્દ સાંભળી ચીડાઈ ગયા. એનાથી ન રહેવાયું. તરત જ છોકરાને સંભળાવી દીધું 'તું કપટી તારો બાપ કપટી' મને કપટી કેવાવાળા વધુ બોલીશ તો માથામાં જુતા મારીશ.'

હોટલનો છોકરો આ ભાઈની વાતમાં કાંઈ જ સમજ્યો નહિ. ત્યાં બીજા એકત્રિત થયા અને પેલા ભાઈની વાત જાણવામાં આવી ત્યારે બધે જ હાસ્યનું મોજુ ફરી વળ્યું.

થોડું ભણેલાઓ જ્યારે વાગ્છટાથી બીજાને આંજી દેવા કેટલીક વખતે આ રીતે મુર્ખાઈનું પ્રદર્શન કરે છે.

**શ્રી બુદ્ધિરત્ન [ભાભર]**

## દોસ્ત મંડળ

(૧૫) વિમળાબેન કેશવલાલ, લાલપુર (ઉં. ૧૫) (દેવસીરાઈ પ્રતિક્રમણ)

(૧૬) હેમંત મહીપતરાય શાહ મુંબઈ (ઉં. ૧૧) (કલ્લાણકંદં સુધી)

(૧૭) અરવિંદકુમાર ચંપકલાલ શાહ સુરેન્દ્રનગર (ઉં. ૧૫)

(૧૮) કનૈયાલાલ અમૃતલાલ પારેખ પાળીયાદ ઉં. (૧૫)

(૧૯) અમૃતલાલ આણંદજી ગોંડલીઆ ગારીઆધર (ઉં. ૧૫) (ધાર્મિક સંતિકરં સુધી)

(૨૦) વ્રીજલાલ આણંદજી ગોંડલીઆ ગારીઆધર (ઉં ૧૧) (સ્નાતસ્યા સુધી)

(૨૧) રમેશકુમાર આણંદજી ગોંડલીયા ગારીઆધર (ઉં.૧૨) (સકલાર્હત્ સુધી)

(૨૨ બીપીનચંદ્ર કાન્તિલાલ શાહ પાળીયાદ (ઉં. ૧૪)

# નવા સભ્યોની શુભનામાવલી

'કલ્યાણ'ની નિષ્કામભાવે થતી શાસન તથા સાહિત્ય સેવા, સેવાભાવી ટ્રસ્ટીઓના હાથે થતું કેવલ શાસનહિતની દૃષ્ટિનું સંચાલન તથા વ્યક્તિગત માલિકી વિના એક પાઇની પણ કમાણીના ઉદ્દેશ વિના કલ્યાણની ચાલી રહેલી પ્રવૃત્તિ ઈ૦ કારણોથી આકર્ષાઈને કલ્યાણને જેઓ આર્થિક સહકાર આપી રહ્યા છે, તે બધાયનો કૃતજ્ઞભાવે આભાર માનવાપૂર્વક, કલ્યાણના સભ્યો બનાવવામાં જે પૂ. પાદ મુનિવરોએ શુભ પ્રેરણા કરી છે, તેમજ જે શુભેચ્છક પ્રચારકોએ પણ પ્રેરણા કરી છે, તે બધાયનો અમે અહિં ફરી આભાર માનીએ છીએ. નવા સભ્યોની શુભ નામાવલી અહિં રજૂ કરીએ છીએ.

⊙

પૂ. પાદ પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્નો પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ.શ્રીની શુભ પ્રેરણાથી થયેલા ૪૦ સભ્યોનાં નામો.

૧૧) શ્રી કાંતિલાલ સવચંદ વોરા ઝીંઝુવાડા
૧૧) શ્રી ડામરશી દેવશીભાઈ ,,
૧૧) શ્રી ખેતશીભાઈ પોપટલાલ ,,
૧૧) શ્રી ચુનીલાલ માણેકચંદ ,,
૧૧) શ્રી કાંતિલાલ જેસંગલાલ ,,
૧૧) શ્રી પોચાલાલ મોહનલાલ ,,
૧૧) શ્રી ઇશ્વરલાલ પોપટલાલ ,,
૧૧) શ્રી વાડીલાલ મોહનલાલ ,,
૧૧) શ્રી કેવલશી જેઠીદાસ ,,
૧૧) શ્રી ઉજમશી લલ્લુભાઈ ,,
૧૧) શ્રી તેજપાળ માણેકચંદ ,,
૧૧) શ્રી કુંવરજી મોહનલાલ ,,
૧૧) શ્રી પ્રભુદાસ કચરાભાઈ ,,
૧૧) શ્રી વૃજલાલ કુબેરદાસ ,,
૧૧) શ્રી રતીલાલ લક્ષ્મીચંદ ,,
૧૧) શ્રી ડોસાભાઈ સુંદરજી ,,
૧૧) શ્રી મણીલાલ અમૃતલાલ ,,
૧૧) શ્રી સોમચંદ કસ્તુરચંદ ,,
૧૧) શ્રી લક્ષ્મીચંદ પોપટલાલ ,,
૧૧) શ્રી લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ ,,
૧૧) શ્રી હીરાચંદ ત્રિભોવનદાસ ,,
૧૧) શ્રી મણીલાલ ઝુંઝાભાઇ ,,
૧૧) શ્રી મણીલાલ ખીમચંદ ,,
૧૧) શ્રી મણીલાલ ભુરાભાઈ મુંબઈ
૧૧) શ્રી અભેચંદ માણેકચંદ મુંબઈ
૧૧) શ્રી માંડલ ગુડઝ ટ્રાન્સપોર્ટ અમદાવાદ
૧૧) શ્રી ખોડીદાસ છબીલદાસ પાટડી
૧૧) શ્રી કાંતિલાલ નરસીદાસ ગાંધી ,,
૧૧) શ્રી ઉમેદચંદ ભુદરદાસ વીરમગામ
૧૧) શ્રી રતીલાલ ખોડીદાસ ,,
૧૧) શ્રી સકરચંદ હઠીસંગભાઈ દોશી ,,
૧૧) શ્રી ઈશ્વરવાલ પાનાચંદ ,,
૧૧) શ્રી મણિલાલ વેલશીભાઈ ,,
૧૧) શ્રી ફકીરભાઈ કરસનદાસ ,,
૧૧) શ્રી શાંતિલાલ મોહનલાલ પરીખ પાનવાલા સાણંદ
૧૧) શ્રી બુધાલાલ જિનદાસ મહેતા સાણંદ
૧૧) શ્રી અમૃતલાલ રવચંદ શાહ ,,
૧૧) શ્રી રસિકલાલ વાડીલાલ ,,
૧૧) શ્રી કિરણકુમાર કાંતિલાલ ,,
૧૧) શ્રી રવચંદભાઈ ભાયચંદભાઈ ,,
૧૫) શ્રી કાંતિલાલ મગનલાલ ઝવેરી મુંબઇ

પૂ. પં. શ્રી કાર્તિવિજયજી મ.ની શુભ પ્રેરણાથી ભેટ.

શ્રી મહ.સુખલાલ એચ. દોશી એન્ડ હાલચંદ એમ. સંઘવી. (અમદાવાદ)ની શુભ પ્રેરણાથી થયેલા પાંચ સભ્યોના નામો.

૧૧) શ્રી ઈશ્વરલાલ વાલચંદ શેઠ અમદાવાદ
૧૧) શ્રી ભુદરલાલ ખેંગારભાઈ વોરા ,,
૧૧) શ્રી ધરમચંદ છગનલાલ વોરા ,,
૧૧) શ્રી ઈશ્વરલાલ વજેચંદ વોરા ,,

૧૧) શ્રી ભીખાલાલ વીરચંદભાઈ પારી „
૧૧) શ્રી રજનીકાંત શંભુભાઈ નાણાવટી અમદાવાદ પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર્ય-શ્રી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મ.ની શુભ પ્રેરણાથી થયેલ સભ્ય.
૧૧) શ્રી કપુરચંદ સીંઘી શિવગંજ
૧૧) શ્રી મહાવીર હોલસેલ્સ કલોથ ડીપો દાવનગીરી
૧૧) શ્રી મેલાપચંદજી ભુદરાજ ધનીઆવાડા પૂ. મુનિરાજ શ્રી કૈલાસપ્રભવિજયજી મ.ની શુભ પ્રેરણાથી થયેલ સભ્ય.

શ્રી કાંતિલાલ પાનાચંદ ચોકસી (ખંભાત)ની શુભ પ્રેરણાથી થયેલા છ સભ્યોના નામો.
૧૧) શ્રી શાંતિલાલ ઠાકરશીભાઈ મુંબઈ
૧૧) શ્રી નટવરલલાલ સોમચંદભાઈ „
૧૧) શ્રી શાંતિલાલ ભોગીલાલ દલાલ „
૧૧) શ્રી પ્રમાણિક સ્ટોર્સ „
૧૧) શ્રી શાંતિલાલ એસ. શાહ બેલારી
૧૧) શ્રી પ્રવિણચંદ્ર મણીલાલ અમદાવાદ
૧૧) શ્રી રમણિકલાલ રાજમલ અમદાવાદ શ્રી જશવંતલાલ ગીરધરલાલની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી પરશોતમ વીરપાળભાઈ જોરાવરનગર
૧૧) શ્રી વાડીલાલ ધનજીભાઈ મુંબઈ શ્રી રમણીકલાલ મણીલાલ (મુંબઈ)ની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી નરશીભાઈ રતનશી નાગપુર

શ્રી લખમશી શામજીભાઈ સાવલા (મુંબઈ)ની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી સીટી જનરલ સ્ટોર્સ ગદગ
૧૧) શ્રી વિસનજી ગોવીંદજી ચાવલ

શ્રી સ્વબળ એજન્સી (મુંબઈ)ની શુભ પ્રેરણાથી થયેલ બે સભ્યો.
૧૧) શ્રી ભીમશીભાઈ હાજાભાઈ મુંબઈ
૧૧) શ્રી બાબુભાઈ ઉજમશી „

શ્રી વેલજીભાઇ મેઘજીભાઈ (મુંબઈ)ની શુભ પ્રેરણાથી થયેલા બે સભ્યોના નામો.
૧૧) શ્રી ગણપત પાસુભાઈ મુંબઈ
૧૧) શ્રી દામજીભાઈ ખીમજીભાઈ „
૧૦) શ્રી વસંતલાલ પરશોતમદાસ ભાભર પૂ. મુ. શ્રી દેવભદ્રવિજયજી મ. શ્રીના કાલધર્મ નિમિત્તે પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ.ની શુભ પ્રેરણાથી ભેટ.
૧૧) શ્રી નીતિસૂરીશ્વરજી જૈન લાયબ્રેરી પાલીતાણા શ્રી વસંતરાય જગજીવનદાસ (પાલીતાણા)ની શુભ પ્રેરણાથી.

શ્રી ચંપકલાલ કેશવલાલ (મુંબઇ)ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યોના નામો.
૧૧) શ્રી નરેન્દ્રકુમાર ભોગીલાલ મુંબઈ
૧૧) શ્રી બાપાલાલભાઈ ઠે. ડાયાલાલ રતનચંદ મુંબઈ
૧૧) શ્રી હીમતલાલ દીપચંદભાઈ „

શ્રી અમૃતલાલ એચ. દોશી (વાવ)ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યોના નામો.
૧૧) શ્રી જેસંગલાલ ભગવાનદાસ ઝવેરી પાટણ
૧૧) શ્રી કાંતિલાલ કેશવલાલ ચોકસી નવાડીસા
૧૧) શ્રી રમણલાલ પુનમચંદ શાહ મુંબઈ
૧૧) શ્રી ઝવેરચંદ મોતીચંદ સંઘવી જાલીયા દેવાણી. શ્રી દુર્લભજી કાલીદાસ (જામનગર)ની શુભ પ્રેરણાથી થયેલ સભ્ય.

શ્રી રતીલાલ હ. શાહ (મુંબઇ)ની શુભ પ્રેર-પ્રેરણાથી થયેલા દસ સભ્યોના નામો.
૨૫ા શ્રી કાંતિલાલ એમ. શાહ મુંબઈ
૧૧) શ્રી ચંદુલાલ જાદવજી „
૧૧) શ્રી વીરચંદ ત્રીભોવનદાસ „
૧૧) શ્રી વિમલાબેન દલપતભાઈ પરીખ „
૧૧) શ્રી જયંતીલાલ પુનમચંદ „
૧૧) શ્રી સાંતાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ „
૧૧) શ્રી અમૃતલાલ દોલતરામ „
૧૧) શ્રી હીરાલાલ ભીખાલાલ „
૧૧) શ્રી હરકીશનદાસ જમનાદાસ „
૧૧) શ્રી બબલદાસ મોહનલાલ „
૧૧) શ્રી બાબુલાલ જોઈતારામ સતલાસણા પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી મ.ની શુભ પ્રેરણાથી થયેલ સભ્ય.

શ્રી સેવંતિલાલ હ. દોશી (થરાદ)ની શુભ પ્રેરણાથી થયેલા બે સભ્યો
૧૧) શ્રી વાડીલાલ ઈશ્વરલાલ થરાદ

૧૧) શ્રી ચંદ્રકાંત બી. વોરા મુંબઈ
૧૧) શ્રી છોટાલાલ લલ્લુભાઈ બારડોલી શ્રી નગીનદાસ ઝવેરચંદ (બારડોલી)ની શુભ પ્રેરણાથી થયેલ સભ્ય.

૧૧) શ્રી પારમલ ઘેવરચંદ જલગામ

શ્રી પ્રાણુલાલ દેવસીભાઈ (મુંબઇ)ની શુભ પ્રેરણાથી થયેલા ૧૧ સભ્યોના નામો.

૧૧) શ્રી ભાનુચંદ્ર છોટાલાલ જૈન મુંબઈ
૧૧) શ્રી રસીકલાલ લહેરચંદ જૈન ,,
૧૧) શ્રી ખીમજીભાઈ ગણપત જૈન ,,
૧૧) શ્રી રસીકલાલ લક્ષ્મીચંદ જૈન ,,
૧૧) શ્રી ગુલાબચંદ મુલચંદભાઈ જૈન ,,
૧૧) શ્રી રતીલાલ જેઠાલાલ જૈન ,,
૧૧) શ્રી ડુંગરશી રામજીભાઈ ,,
૧૧) શ્રી કે. એન. મહેતા ,,
૧૧) શ્રી પ્રાગજી ખેતશી જૈન ,,
૧૧) શ્રી શાંતિલાલ અમૃતલાલ જૈન ,,
૧૧) શ્રી લાલજી ભવાનજી વોરા ,,

શ્રી માણેકચંદ ડાયાભાઈ (સુરત)ની શુભ પ્રેર-પ્રેરણાથી થયેલા બે સભ્યોના નામો.

૧૧) શ્રી કાંતિલાલ દલપતભાઈ સુરત
૧૧) શ્રી ડાયાભાઈ કેસુરભાઈ સચીવ

શ્રી ખેતશીભાઈ પી. શાહ મુંબઇની શુભ પ્રેરણાથી થયેલા બે સભ્યોના નામો.

૧૧) શ્રી કાંતાબેન ભાઈલાલ મુંબઈ
૧૧) શ્રી ડુંગરશીભાઈ તલકશી ,,
૧૧) શ્રી મોહનલાલ પાનાચંદ મુંબઈ

શ્રી પ્રવીણકુમાર કે ધરોડ (હૈદ્રાબાદ)ની શુભ પ્રેરણાથી થયેલ ત્રણ સભ્યોના નામો.

૧૧) થી ઠાકરશી કાનજીભાઈ હૈદ્રાબાદ
૧૧) શ્રી ગુલાબચંદ જેઠાલાલ રવજીભાઈ ,,
૧૧) શ્રી કરમશી ભીમશીભાઈ છસરા

શ્રી નગીનદાસ દલીચંદભાઈ (બારડોલી) ની શુભ પ્રેરણાથી થયેલા પાંચ સભ્યો.

૧૧) શ્રી મહાવીર ઓઈલ મીલ્સ બારડોલી
૧૧) શ્રી બીપીનચંદ્ર બાબુલાલ ,,
૧૩) શ્રી મનહરલાલ હીરાચંદ ચીકાગો
૧૧) શ્રી સરૂપ-સ્ટોર્સ શીહોર
૧૧) શ્રી આર. પ્રતાપરાયની કું. ભાવનગર

૨૫) શ્રી અંજાર જૈન તપગચ્છ સંઘ તરફથી ભેટ. હ. ચંદુલાલ ચુનીલાલ વોરા.

પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમા-વિજયજી મ.ની શુભ પ્રેરણાથી.

૧૧) શ્રી લીલચંદ મગનલાલ વીરમગામ

શ્રી જમનાદાસ પી. વોરા (મેનેજર : કચ્છમિત્ર) (ભુજ)ની શુભ પ્રેરણાથી.

શ્રી રસિકલાલ રામચંદ (અમદાવાદ)ની શુભ પ્રેરણાથી થયેલા બે સભ્યો.

૧૧) સંઘવી કીર્તિલાલ સરૂપચંદ ભોરોલ
૧૧) દોશી હાલચંદભાઈ કાનજીભાઈ ,,

શ્રી જયંતીલાલ ગાંડાલાલ (નવસારી)ની શુભ પ્રેરણાથી થયેલ બે સભ્યો.

૧૧) શ્રી નાનુભાઈ રાયચંદ શાહ નવસારી
૧૧) શ્રી હસમુખલાલ રાયચંદ શાહ ,,

શ્રી સસ્તુ જૈન નોવેલ્ટી સ્ટોર (પાલીતાણા)ની શુભ પ્રેરણાથી થયેલા પાંચ સભ્યો.

૧૧) શ્રી રમણલાલ વીરચંદભાઈ અમદાવાદ
૧૧) શ્રી શાંતિલાલ ચમનલાલ ,,
૧૧) શ્રી બાવચંદ મગનલાલ સરકડીઆ
૧૧) શ્રી ચન્દ્રકાંત માનસંગ પારેખ જામનગર
૧૧) શ્રી કાંતિલાલ મગનલાલ વેરાવળબંદર

*


ઘર-ઘરનો શણગાર ને જીવનને અજવાળનાર, જીવનોપયોગી શિષ્ટ સંસ્કાર-પ્રેરક માસિક 'કલ્યાણ'ના તમો ગ્રાહક છો? જો, જો, ભૂલતા, નિયમિત વાંચન માટે આજે જ ગ્રાહક બનો!

વાર્ષિક લવાજમ પોષ્ટેજ સાથે રૂ. ૫-૫૦

લખો : કલ્યાણ પ્રકાશન મંદિર
વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)

# જૈન ભૂગોળ

શ્રી રમણલાલ બબાભાઈ શાહ

કલ્યાણમાં અત્યાર અગાઉ ૧૦ લેખાંકો સુધી ચાલી ગયેલી, જૈન ભૂગોળ વિષેની આ લેખમાળાનો બીજો વિભાગ હવે શરૂ થાય છે. જૈનદર્શનની પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ઇત્યાદિ વિષે કઇ માન્યતા છે? ને વૈજ્ઞાનિકો તેને કઇ રીતે માને છે? તેમાં જૈનદર્શને માનેલી માન્યતા કઇ રીતે યુક્તિસંગત બુધ્ધિગ્રાહ્ય તર્ક તથા દલીલથી સમજી શકાય તેવી સુસંવાદી તેમજ યથાર્થ છે, ને વૈજ્ઞાનિકો કે જેઓ દિન-પ્રતિદિન અખતરાઓ કરીને હજુ કોઇ વસ્તુમાં સ્થિર સિધ્ધાંત સ્થાપી શક્યા નથી, તેઓની માન્યતા ક્યાં અસંગત તથા બુધ્ધિ તથા તર્કને અગ્રાહ્ય બને છે? ઇત્યાદિનું નિરૂપણ આ વિભાગમાં શરૂ થઇ રહ્યું છે. સૌ કોઇને ધીરજ પૂર્વક શાંતચિત્તે આ લેખમાળાને અવગાહન કરવાનો ને ઘેર બેઠાં આવા તાત્ત્વિક વિષયો સરળતાથી નિયમિત સમજવા-જાણવા મળે તે માટે 'કલ્યાણ'નું વાંચન નિયમિત કરવા, ને તેનો પ્રચાર વધે તે માટે પ્રેરણા કરવા અમારો વિનમ્ર આગ્રહ છે. સં૦

આજે સારાય જગતમાં પૃથ્વીની ઉત્પતિ બાબતમાં અનેક મતભેદો છે. પૃથ્વીના માપ (પ્રમાણ) તથા આકાર સંબંધમાં પણ અનેક મતભેદો છે. પરંતુ પૃથ્વી સ્થિર છે કે ફરે છે? તે સંબંધમાં મુખ્યત્વે મતભેદવાળા બે પક્ષ છે.

(૧) જગતભરના લગભગ તમામ આધ્યાત્મવાદી દર્શનકારો પૃથ્વીને સ્થિર માને છે.

(૨) વિજ્ઞાન પૃથ્વીને પોતાની ધરી ઉપર, સૂર્યની આજુબાજુ તથા આકાશગંગામાં સૂર્યની સાથે સાથે એમ ઓછામાં ઓછી ત્રણ ગતિ દ્વારા ફરતી માને છે.

વૈજ્ઞાનિક પ્રાબલ્ય ધરાવતા હાલના વર્તમાન કાળમાં બીજી માન્યતા મુજબ પૃથ્વીને અનેક ગતિઓ દ્વારા ફરતી માનનાર વર્ગ જગતભરમાં ઘણી જ મોટી સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે, જ્યારે પૃથ્વીને સ્થિર માનનાર વર્ગની સંખ્યા ઘણા ઓછા પ્રમાણમાં પણ અસ્તિત્વ ધરાવે છે જ.

જૈન, વેદાંત, બૌદ્ધ, ઇસ્લામ તથા ખ્રિસ્તિ જેવા લગભગ જગતના મોટા ભાગના ધર્મો પૃથ્વીને સ્થિર હોવાનો સિદ્ધાંત બતાવી રહેલ હોવા છતાં પણ આ સમાજોમાંના જ મોટા ભાગનો વર્ગ આજે પૃથ્વીને સ્થિર માનવા તૈયાર નથી, અને વિજ્ઞાનની દિન-પ્રતિદિન અવનવી સિદ્ધિઓને પરિણામે પૃથ્વીને ફરતી માનનાર વર્ગની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જ જાય છે.

પૃથ્વીને ફરતી માનવામાં આવે છે તે હકિકત જો સાચી જ હોય તો ઉપર બતાવેલ એક પણ આધ્યાત્મવાદી દર્શન ટકી શકતું નથી. પાપ-પુણ્ય, પરલોકની દર્શાવાતી હકીકતો, આત્માનું અનાદિ-અનંતપણે સ્વતંત્ર અસ્તિત્વ, પુનર્જન્મ કે કર્મની ફિલોસોફી પૈકી એક પણ હકીકત ટકી શકતી નથી.

તો આ વિષયમાં ખરેખર હકીકત કઇ છે? તે બાબતની ઉંડી વિચારણા કરવાની ખાસ આવશ્યકતા જણાય છે,

અત્રે અમો અમારી આ લેખમાળામાં આધ્યાત્મવાદી સર્વ દર્શનકારોની માન્યતાઓની ચર્ચામાં નહિ ઉતરતાં ફક્ત શ્રી જૈન દર્શનકારોની માન્યતાઓ અને વૈજ્ઞાનિક વિચારસરણીની માન્યતાઓમાં કયાં કયાં મતભેદ રહેલાં છે તે વિષયો ઉપર જ પ્રાપ્ત થયેલ માહિતિઓના આધારે વિચારણાઓ રજૂ કરીએ છીએ.

## જરૂરી સ્પષ્ટીકરણ

(૧) યાંત્રિક સાધનોના વિકાસ ક્ષેત્રે વિજ્ઞાને અણુ, પરમાણુ (પુદ્ગલ)ના ઉપયોગ દ્વારા જે

વિકાસ સાધેલ છે. તેની સામે જૈન સિદ્ધાંતને કોઇ જ મતભેદ નથી. રેડીઓ, ટેલીવીઝન, એરો-પ્લેન, ફોટોગ્રાફી વગેરે અનેક ક્ષેત્રોમાં વિજ્ઞાને જે સિદ્ધિ હાંસલ કરી છે. તેનાથી જૈન સિદ્ધાંતનું ખંડન થતું જ નથી. બલ્કે મંડન થાય છે. જૈન સિદ્ધાંતે દર્શાવેલા (સદ્દંધયાર ઉજ્જોય, પભા છાયા તવે હિયા વણ્ણ ગંધ રસા ફાસા, પુગ્ગલાણ તુ લક્ખણં.) પુદ્ગલાસ્તિકાયના વર્ણનોનું સમર્થન જ કરે છે.

(૨) મનુષ્ય સૂર્ય, ચંદ્રની સપાટી સુધી કે તેથી પણ વધુ ઉંચાઇની સપાટી સુધી જાય તો તેથી પણ જૈન સિદ્ધાંતનું ખંડન થતું નથી. જૈન દર્શનની માન્યતા પ્રમાણે સૂર્ય–ચંદ્ર વધુમાં વધુ લગભગ ૩૨ લાખ માઇલ (મતાંતરે ૪૧ લાખ માઇલ) કરતાં વધુ ઉંચાઇએ નથી. જ્યારે લબ્ધી સંપન્ન મહાત્માઓ મેરૂ પર્વતની ઉપરના પંડુક વન સુધી એટલે લગભગ ૩૨ ક્રોડ માઇલ સુધી ઉંચે જઇ શકે છે. અલબત્ત મનુષ્ય ચંદ્ર, સૂર્ય આદિ જ્યોતિષિક દેવોના વિમાનમાં પ્રવેશ જ કરી શકે નહિ તેવી અમારી માન્યતા છે.

(૩) જૈન દર્શન વિશિષ્ટ જ્ઞાનો (વિજ્ઞાન) થી કેટલું બધું ભરપુર છે તેના કેટલાક નમુનાઓ અત્રે રજુ કરીએ છીએ.

મુખ્યત્વે કરીને ચૌદ રાજલોકમાં વ્યાપી રહેલા જાત-જાતના પુદ્ગલોને ગ્રહણ કરીને તેનો ઉપયોગ કરવાનું જ્ઞાન તેનું નામ જ વિશિષ્ટ જ્ઞાન કે વિજ્ઞાન.

આહારાક શરીરને આ રીતે પુદ્ગલો ગ્રહણ કરીને જ ૧૪ પૂર્વધર મહાત્માઓ બનાવે છે.

વૈક્રિય લબ્ધી વડે આ રીતે પુદ્ગલો ગ્રહણ કરીને જ વૈક્રિય શરીર, વિમાન તથા અન્ય અનેક ચીજો વિકુર્વી શકાય છે.

શ્રી ગૌતમ સ્વામિજી મહારાજ સૂર્યના કિરણોનો ઉપયોગ કરીને શ્રી અષ્ટાપદ તીર્થ ઉપર ચડેલા છે. આજે આ હકિકત માનવા માટે કોઇ તૈયાર નહિ થાય. પરંતુ વિદ્યુત મોજા દ્વારા મોટા મોટા અવકાશીયાનોનું આજે પણ અહીં પૃથ્વી ઉપરથી હજારો માઇલ દૂર દૂર સુધી સંચાલન થાય છે તે હકીકત છે.

આત્મિક શક્તિ દ્વારા પુદ્ગલોનો ઉપયોગ કરી શકવાનું જ્ઞાન જૈન દર્શનમાં દર્શાવેલું જ છે. આ આત્મશક્તિની વાત થઇ.

(૪) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના અધ્યયન દ્વારા જ્ઞાન (શિક્ષણ) પ્રાપ્ત કરીને અવનવા (જુદા જુદા) દ્રવ્યોના મિશ્રણ દ્વારા પણ સિદ્ધિઓ-કાર્યો સિદ્ધ કરી શકાય છે. તેના પણ કેટલાક ઉદાહરણ રજૂ કરીએ છીએ.

જુદા જુદા દ્રવ્યોના મિશ્રણ દ્વારા લેપ બનાવીને પગે ચોપડીને આકાશમાં ઉડી શકાતું હતું. (પૂ. શ્રી પાદલિપ્તસૂરિ તથા શ્રી નાગાર્જુનનો પ્રસંગ.)

તેવી જ રીતે જુદા જુદા દ્રવ્યોના મિશ્રણનો લેપ બનાવીને પગે ચોપડીને પાણી ઉપર પણ ચાલી શકાતું હતું. (બ્રહ્મદ્વીપના તાપસનો પ્રસંગ.)

જુદા જુદા દ્રવ્યોના રસોના મિશ્રણ મેળવીને તે દ્વારા લોખંડ અથવા ત્રાંબાનું સુવર્ણ બનાવી શકાતું હતું.

પુસ્તકો વાળા સ્થંભનું મુખ જુદી જુદી વનસ્પતિઓના ચુર્ણના મિશ્રણ દ્વારા ઉઘાડીને તેમાંથી પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીએ પુસ્તક કાઢયું હતું.

યોનિ પ્રાભૃત ગ્રંથ આવા જ પ્રકારના વિશિષ્ટ જ્ઞાન (વિજ્ઞાન)થી ભરપુર હતો. જેમાં જુદા જુદા દ્રવ્યોના મિશ્રણ બનાવીને પાણીમાં નાખીને મત્સ્ય–વાઘ આદિ ઉત્પન્ન કરી શકાતા હતા.

(૫) યાંત્રિક ક્ષેત્રે પણ સ્પ્રીંગની મદદથી યાંત્રિક ઘોડા, કબુતર, હાથી ઇત્યાદિ બનાવી શકાતા હતા. (કોકારીનો પ્રસંગ)

આજના સમયે આ હકિકતો માનવા માટે આજનો માનવ સમુદાય તૈયાર નહી થાય. પરંતુ આજે પણ કેટલીક એવી વસ્તુઓ મોજુદ છે કે જેથી ભૂતકાલીન વિજ્ઞાન (વિશિષ્ટ જ્ઞાન)ની સિદ્ધિઓને માન્યા સિવાય ચાલે તેમ નથી જ.

**મોહન જો-દરોના અવશેષો**-ભૂતકાલીન પ્રજાઓના હુન્નર, ઉદ્યોગ, વ્યાપાર, વ્યાપારની પ્રમા-

ણિકતા, પ્રજાની સંસ્કારિતા, મકાન બાંધવા માટે શિલ્પનું અદ્ભુત જ્ઞાન, નગર આયોજનની વિશિષ્ટ પદ્ધતિ, ગટર યોજના વગેરે ત્યાંથી મળી આવેલા માટીના વાસણો, તે ઉપરનું ચિત્રકામ, ધાતુના વાસણો, તેના આકાર તથા કારીગીરી, મુદ્રાઓ અને મુદ્રિકાઓ, મકાનોની વિશિષ્ટ પ્રકારની બાંધણી, એક સરખા સીધા તથા કાટખુણે મળતા રસ્તાઓ તથા વિશિષ્ટ પ્રકારની ગટર યોજના વગેરે જોતાં કેટલા પ્રમાણમાં વિકાસ પામેલું પૂર્વકાલીન પ્રજાનું જ્ઞાન હતું તેની ખાત્રી થઇ જાય છે.

**દિલ્હીનો લોહસ્થંભ**–તે કાળની પ્રજામાં વિજ્ઞાન કેટલા પ્રમાણમાં વિકાસ પામ્યું હતું તેનો જીવતો જાગતો પૂરાવો છે.

અમેરિકાના આદિવાસી ઇન્કો પ્રજાએ ધરતીકંપની સામે ટકી શકે તેવા બાંધેલા મકાનોના અવશેષો આજે પણ મોજુદ છે.

મગજના ઓપરેશન કરાએલી ખોપરીઓ પણ મળી આવેલી છે, તે ઉપરથી તે વખતના ચિકિત્સા, સારવાર, શાસ્ત્રક્રિયાના સાધનોના જ્ઞાનના અસ્તિત્વની ખાત્રી કરાવે છે.

જગતમાંથી નષ્ટ થઈ ચુકેલી છ અજાયબીઓ તથા વિદ્યમાન એક (મિસરનો પિરામિડ) જેમાંના કેટલાકની નિશાનીઓ આજે પણ મોજુદ છે. તથા બીજુ પણ આશ્ચર્યકારી વસ્તુઓ જોઇને જોનારને વિચાર થાય છે કે, 'આ કેવી રીતે બનાવ્યું હશે? આજે પણ જે અસંભવિત જેવું જણાય છે તે પુરાણા જમાનામાં કેવી રીતે બનાવ્યું હશે?'

આજનું વિજ્ઞાન પણ ધરતીકંપની સામે ટકી શકે તેવા મકાનો બાંધવાની કળામાં તથા લોહસ્થંભના જેવી ધાતુ મિશ્રણના જ્ઞાન સુધી પહોંચી શકયું હોય તેમ જણાતું નથી.

મોહન-જો-દડો, હડપ્પાના અવશેષો તથા જગતની અજાયબ વસ્તુઓની વિગતવાર હકિકત તે તે વિષયોની વિચારણાના પ્રસંગે રજુ કરવામાં આવશે.

સારાંશ કે જૈનદર્શન-વિજ્ઞાનને પણ ટપી જાય તેવા આત્મિક શક્તિ દ્વારા તેમજ શ્રુતજ્ઞાનના અધ્યયન દ્વારા પ્રાપ્ત થયેલા વિશિષ્ટ જ્ઞાન (વિજ્ઞાન)માં પ્રભુત્વ ધરાવતું જ હતું.

આ સ્પષ્ટીકરણ કરવાનું કારણ એટલું જ છે કે, હાલમાં વિજ્ઞાને જે સિદ્ધિઓ હાંસલ કરેલી છે તેના કારણે હાલના માનવ સમાજના મોટા ભાગ ઉપર એવી છાપ ઉભી થયેલી છે કે, 'આ આવડત (જ્ઞાન) હાલના વિજ્ઞાનીઓમાં જેટલી છે તેટલી આવડત (જ્ઞાન) ભૂતકાળમાં કોઇને ય હશે નહિ.'

ઉભા થએલા આ ભ્રમને કારણે આજે વૈજ્ઞાનીકો જે જે સિદ્ધાંતો રજુ કરે છે તે તે તમામ સિદ્ધાંતો લગભગ સાચા જ માની લેવા આજનો માનવ સમાજ તૈયાર થઇ જાય છે. અને વૈજ્ઞાનિકો જેમ જેમ પોતાના સિદ્ધાંતોને ફેરવતા જાય છે તેમ તેમ માનવ સમાજ પણ તેઓની સાથે સાથે નવા નવા ફેરફારો સ્વીકારે જાય છે.

હાલમાં શ્રદ્ધાળુ વર્ગમાંના પણ મોટા ભાગ ઉપર એવા પ્રકારની અસર ફેલાએલી છે કે, જો વિજ્ઞાનીઓ ચંદ્ર, મંગળ સુધી પહોંચી જશે તો શું આપણા શાસ્ત્રોમાં દર્શાવેલી હકીકતો ખોટી હશે? એટલી ઉંચાઈ સુધી માનવ જઇ શકે ખરો? વિજ્ઞાને આટલી બધી પ્રગતિ કરી છે. જ્યારે આપણા શાસ્ત્રોમાં આવું જ્ઞાન હશે કે કેમ? સાચું શું હશે? શાસ્ત્રોની વાતો કે વિજ્ઞાન. વગેરે વગેરે અનેક જાતની અસરો ફેલાયેલી છે. અને વિજ્ઞાને હાંસલ કરેલી સિદ્ધિઓ જોઇને આજના કેટલાક લોકો તો એટલા બધા ડઘાઈ ગયા છે કે પ્રતિકાર કરી સાચી હકીકત રજુ કરવાની હિંમત પણ દબાઈ ગઇ છે. તેથી જ ઉપરોક્ત સ્પષ્ટીકરણ કરવાની જરૂર પડી છે.

હવે જૈન દર્શન અને વૈજ્ઞાનિક માન્યતાઓ વચ્ચે કયાં કયાં મતભેદો છે તેના મુખ્ય મુખ્ય મુદ્દાઓ તપાસીએ!

| વૈજ્ઞાનિકોની માન્યતા | જૈનદર્શનની માન્યતા |
|---|---|
| (૧) સૂર્ય, તારા, ચંદ્ર અને પૃથ્વી આદિ અનેક દ્રવ્યોમાંથી (સૂર્ય ૯૬ તત્ત્વોમાંથી) કાળક્રમે પરિવર્તન પામીને ઉત્પન્ન થયેલ છે.<br>અ સૂર્ય આશરે ૪ થી ૭ અબજ<br>બ પૃથ્વી આશરે ૨ થી ૩ અબજ<br>ક ચંદ્ર કરોડો<br>} વર્ષો પૂર્વે ઉત્પન્ન થએલા છે, | પૃથ્વી, સૂર્ય, ચંદ્ર તારા, આદિ અનાદિ છે. |
| (૨) ચંદ્ર, પૃથ્વી, મંગળ, શુક્ર અને સૂર્ય વગેરેના મૂળભૂત દ્રવ્યો એક છે અને તેમાંથી ઉત્પન્ન થયેલ છે. | પૃથ્વી, ચંદ્ર, સૂર્ય આદિના મૂળભૂત દ્રવ્યો જુદા જુદા પ્રકારના છે. |
| (૩) અ સૂર્ય–પોતાની ધરી ઉપર તથા આકાશગંગાના મધ્યવર્તી કેન્દ્રની આસપાસ એમ ઓછામાં ઓછી બે ગતિ દ્વારા ભ્રમણ કરે છે.<br>બ પૃથ્વી આદિ ગ્રહો–પોતાની ધરી ઉપર, સૂર્યની આસપાસ તથા સૂર્યની સાથે સાથે એમ ત્રણ ગતિ દ્વારા ભ્રમણ કરે છે,<br>ક ચંદ્ર આદિ ઉપગ્રહો–પોતાની ધરી ઉપર, પૃથ્વીની આસપાસ, પૃથ્વીની સાથે સાથે સૂર્યની આસપાસ તથા સૂર્યની સાથે સાથે એમ ઓછામાં ઓછી ચાર ગતિ દ્વારા ભ્રમણ કરે છે. | પૃથ્વી સ્થિર છે, જ્યારે સૂર્ય, ચંદ્ર, તારા આદિ જ્યોતિષિક દેવોના વિમાનો છે, અને પૃથ્વી ઉપરના મેરૂ પર્વતની આસપાસ ફરે છે. |
| (૪) પૃથ્વીના વાતાવરણની બહાર શૂન્ય ખાલી અવકાશ માનવામાં આવે છે, અને ત્યાં હવા પણ બિલકુલ નથી. (આ માન્યતામાં ધીમે ધીમે પરિવર્તન થઇને જુદી જુદી ચાર પ્રકારની માન્યતાઓ પ્રચલિત થઇ છે. તે પાછળથી જણાવવામાં આવશે) | સમગ્ર ચૌદ રાજલોક આત્મા અને પુદ્ગલોથી ભરપૂર છે. અને ચૌદ રાજલોકનો એક પણ ખૂણો એવો નથી કે જ્યાં આત્મા તથા પુદ્ગલો ના હોય. |
| (૫) પૃથ્વીને નારંગી આકારે ગોળ માનવામાં આવે છે. | જૈન દર્શન પૃથ્વીને નારંગી આકારની માનતું નથી. |
| (૬) પૃથ્વી ઉપરની વસ્તુઓ ઉડી ના જાય માટે તથા વ્યવસ્થિત રહી શકવા માટે, અને ઉપરની વસ્તુઓ નીચે પડે છે તેના કારણરૂપ તથા આકાશમાં ઉડતાં પક્ષીઓ, એરોપ્લેનો, તથા વાદળો વગેરે ફરતી પૃથ્વીની સાથે સાથે રહી શકે છે તેના કારણરૂપ ગુરૂત્વાકર્ષણ નામના એક પ્રકારના કલ્પિત બળને માને છે. | જૈનદર્શન વૈજ્ઞાનિકોએ આ માની લીધેલા કલ્પિત ગુરૂત્વાકર્ષણના બળને કારણભૂત માનતું નથી. |
| (૭) ચંદ્ર સ્વયંપ્રકાશિત નથી પરંતુ સૂર્યના પ્રતિબિંબિત પ્રકાશના (રીફ્લેકશન) કારણથી પ્રકાશિત દેખાય છે. | ચંદ્ર સ્વયં પ્રકાશિત છે. |
| (૮) ચંદ્ર, સૂર્ય, પૃથ્વી વગેરે પોતાની ધરી ઉપર ફરે છે. | જૈન દર્શન તે પ્રકારે માનતું નથી. |
| (૯) સમુદ્રની ભરતીના કારણભૂત ચંદ્રના આકર્ષણને માને છે. | લવણ સમુદ્રમાંના પાતાળ કળસોના વાયુને કારણભૂત માને છે. |

ઉપર જણાવેલી મુખ્યત્વે ૯ તથા બીજી પણ કેટલીક માન્યતાઓમાં મોટા મતભેદ રહેલા છે. તે તે મતભેદની વિગતવાર વિચારણાઓ આ લેખમાળામાં ક્રમશઃ રજુ કરવામાં આવશે. ને તે પર વિસ્તારથી વિશદ વિચારણા કરવામાં આવશે. માટે અમારી સર્વ કોઈ વાચકોને નમ્ર વિનતિ છે કે, તેઓ આ લેખમાળાને ધ્યાનપૂર્વક અવગાહે ને જે કાંઇ જણાવવા જેવું જણાય તે અમને જણાવે. (ક્રમશઃ)

# શંકા અને સમાધાન

પૂ. પંન્યાસજી મહારાજશ્રી ચરણવિજયજી ગણિવર.

પ્રશ્નકાર : શ્રી ચિનુભાઈ તલાટી
દેહગામ.

શં૦ : કોઈનો જમણો હાથ લુલો હોય, પૂજા કરી શકાય નહી તો ડાબા હાથથી પૂજા કરી શકે ખરો ?

સ૦ : જમણો હાથ કામ કરી શકતો ન હોવાથી, ડાબા હાથે પણ શ્રી જિનરાજની પૂજા જરૂર કરી શકાય છે. વાસ્તવિક જમણો હાથ શુદ્ધ મનાયો છે. દાનાદિક બધાં જ ઉત્તમ કાર્યો જમણા હાથથી થવાં જરૂરી છે. પરંતુ જમણો હાથ કાર્ય ન કરી શકે તેમણે, પણ આરાધના સાચવવા ડાબા હાથે કામ લેવામાં વાંધો નથી.

શં૦ : કલિકાલ સર્વજ્ઞ આ. ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ખરતર-ગચ્છના હતા ?

સ૦ : કલિકાલ સર્વજ્ઞ આ. ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ખરતરગચ્છના હતા નહી, પરંતુ **પૂર્ણતલ્લગચ્છના** હતા. તે કાળમાં શ્રી જૈન શાસનમાં ઘણા ગચ્છો ચાલતા હતા. કેટલાક સમાચારીની ભિન્નતાથી ગચ્છો જુદા ગણાયા છે. કેટલાક એક જ સમાચારીવાળા જુદા જુદા નામોથી ગચ્છો જુદા ગણાયા છે. જેમ વર્તમાન તપગચ્છનાં **વિજય-સાગર-વિમળ** શાખાઓ ગચ્છરૂપે ગણાય છે.

શં૦ : સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, હરેક આત્મા ભવઆલોયણ લઈ શકે ?

સ૦ : પાપોથી ડરનારા ભવના ભીરૂ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા પ્રત્યેક વ્યક્તિએ ગીતાર્થ ભાવાચાર્ય સુગુરૂ પાસે અવશ્ય ભવાલોચના લેવી જોઈએ. અને દરરોજની પણ લેવી જોઈએ.

શં૦ : ક્રિયા કરતી વખતે આડ પડવી જોઈએ નહી, એમ કહેવાય છે, તો આ આડ એટલે શું ? અને કઈ ક્રિયામાં આડ ન પડવા દેવી ?

સ૦ : દેવસી-રાઈ પ્રતિક્રમણમાં ચૈત્ય-વંદનના પ્રારંભથી-છ આવશ્યક પૂર્ણ થાય ત્યાં સુધી. આ પ્રમાણે પાંચેય પ્રતિક્રમણમાં તથા સંથારા પોરિસી વિધિ ચાલતી હોય ત્યારે પચ્ચક્ખાણ પાળવાની વિધિ ચાલતી હોય ત્યારે સામાયિક, પૌષધ, લેવા પાળવાની આલુ ક્રિયામાં તથા બીજી પણ જે જે આવ-શ્યક ક્રિયા ચાલતી હોય, તેમાં કોઈ નાના મોટા માણસ અથવા બીલાડી, ઉંદર જેવા પાંચઇન્દ્રિય જીવો સ્થાપનાચાર્ય અને આપણી વચ્ચે ઉતરવા જોઈએ નહી. જિનાલયમાં પ્રભુજી સન્મુખ થતી ક્રિયામાં આડ ગણાતી નથી.

શં૦ : વ્રત પચ્ચખખાણવાળા અથવા વ્રત પચ્ચક્ખાણ વગરના માણસને રાત્રિમાં વમન-ઉલટી થઈ હોય તેવા માણસે બીજા દિવસે શું કરવું ?

સ૦ : ચોવિહાર-તિવિહાર-પાણહાર આદિ પચ્ચક્ખાણવાળાને રાત્રિમાં વમન થાય, અને વમનમાં જમેલો આહાર નીકળે તો પચ્ચક્ખાણ ભંગનો દોષ લાગે છે, માટે તેઓએ ગુરૂ મહારાજ પાસે આલોચણા લેવી જોઈએ પરંતુ બીજા દિવસે કોઈપણ પચ્ચક્ખાણ લેવું હોય તો લઈ શકાય છે. વમન થયું માટે પચ્ચ-ક્ખાણ ન લેવાય; એમ સમજવું નહી.

શં૦ : શ્રી તીર્થંકર પરમાત્મા અરિહંત ભગવંતો પોતે પણ સિધ્ધભગવંતોને નમસ્કાર કરે છે. એટલે સિદ્ધભગવંતો અરિહંત ભગ-વંતોના પણ પૂજ્ય ગણાય છે, તો પછી પરમેષ્ઠિ ભગવંતોમાં પહેલા નમો સિદ્ધાણં ન આવતાં નમો અરિહંતાણં કેમ આવે છે?

**સ૦** : શ્રી તીર્થંકર પરમાત્મા કેવલજ્ઞાન પામ્યા પછી પણ, ભવોપગ્રાહી–અઘાતી ચાર કર્મથી અવરાએલા હોવાથી, સિદ્ધભગવંતોની અપેક્ષાયે એટલે અંશે અપૂર્ણ છે. વળી સિધ્ધભગવંતોને નમસ્કાર કરનાર તીર્થંકર પરમાત્મા પોતે એકજ છે. અને સિદ્ધાણું પદમાં ચારે પરમેષ્ઠિ સ્થાનો ભોગવી આઠ કર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટયને પામેલા આત્માઓ અનંતાનંત છે.

**શં૦** : શ્રી તીર્થંકર પરમાત્માઓ કૃત્યકૃત્ય થયેલા હોવાથી હવે તેમને સિદ્ધભગવંતોને નમસ્કાર કરવાથી કઇ નિર્જરા કરવાની હોય છે?

**સ૦** : જેમ શ્રી તીર્થંકર પરમાત્માની પર્ષદામાં કેવલજ્ઞાની ભગવંતો બેસે છે, તેમને હવે જાણવા જેવું કશું બાકી ન હોવા છતાં આવો કલ્પ છે–આચાર છે, માટે બેસે છે. તેમ શ્રી તીર્થંકરદેવો પણ કલ્પ–આચાર હોવાથી નમો સિધ્ધાણું અને 'નમો તિથ્થસ્સ' બોલી સમવસરણમાં બેસે છે.

**શં૦** : તો પછી 'નમો સિધ્ધાણું' પદ પહેલું અને 'નમો અરિહંતાણું' પદ પછી કેમ નહી?

**સ૦** : સમગ્ર ધર્મનું આદિ કારણ શ્રી અરિહંત ભગવંતો છે आइगराणं ધર્મના નાયક પણ અરિહંત પરમાત્મા છે. धम्मनायगाणं, તથા અરિહંત ભગવંતો પાસેથી જ ધર્મ પામી–આરાધીને સર્વસિધ્ધ ભગવંતો થયા છે. જુઓ કલિકાલ સર્વજ્ઞ ભગવંતનાં વાકયો **त्वां तत्फलभूतान् सिद्धान् त्वत्च्छाशनरतान्मुनिन् । त्वत्च्छाशनंचशरणं, प्रतियन्नोस्मि भावतः॥१॥**

**અર્થ** : હે તીર્થંકર દેવ! હું આપને તથા આપની (ધર્મ પ્રરુપણાના) ફલસ્વરૂપ સિદ્ધભગવંતોને, આપના શાસનમાં રક્ત રહેનારા મુનિ પ્રવરોને, તથા આપના શાસનને ભાવથી શરણુ તરીકે સ્વીકાર કરૂં છું.

જિનેશ્વર દેવોની દેશનાનું અંતિમ ફલ મોક્ષ છે. માટે જ અરિહંત રૂપી વૃક્ષના ફલસ્વરૂપ સિદ્ધોને માનવામાં આવ્યા છે. તથા નવ પદોમાં અરિહંત પરમાત્માને મૂલ (થડ) તરીકે અને સિધ્ધ–સૂરિ–વાચક મુનિને ચાર શાખા, અને દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ ને પ્રતિશાખા તરીકે કલ્પીને નવપદને એક કલ્પવૃક્ષની ઉપમા અપાઇ છે.

આથી સમજી શકાય છે કે સર્વસિદ્ધ પરમાત્માઓને ધર્મ પમાડનારા અરિહંત પરમાત્માઓ જ છે. માટેજ શ્રી તીર્થંકર પરમાત્મા સિવાય તીર્થ નહી, તીર્થ વિના સાધુ–ઉપાધ્યાય અને સૂરિ ન હોય. અને આ ત્રણ પદો પામેલા આત્માઓ જ મોક્ષે પધારે છે. માટે શ્રી તીર્થંકર દેવો સર્વના ઉપકારી હોવાથી 'નમો અરિહંતાણું' પદ પહેલું છે, ને તે જ યુક્તિ અને આગમ સિદ્ધ છે.

**શં૦** : જે જિનપ્રતિમાને અંજનશલાકા ન કરાવી હોય પણ અઢાર અભિષેક કરાવ્યા હોય તો પૂજાય? અને કારણવશાત્ અપૂજ્ય રહી જાય તો દોષ નહીને?

**સ૦** : અંજનશલાકા થયા વિનાના પ્રતિમા પૂજાય નહી અને અંજન થયેલા જિનબિંબ અપૂજ્ય પણ રહેવા ન જોઇએ.


**પ્રગટ થયું છે**

# 'શ્રી ઋષિમંડલ સ્તોત્ર ઉપર વિવેચન'

શ્રી ઋષિમંડલ સ્તોત્ર, અર્થ, ભાવાર્થ, વિવેચન, શ્રી ઋષિમંડલ મૂલમંત્ર, પૂજનવિધિ અને નવ ગ્રહોના વિવેચન અને સત્તર ફોટાઓ સહિત ત્રિરંગી કવર પેજમાં. **મૂલ્ય રૂા. ૨–૫૦**

—: લેખક અને સંપાદક :—

**હિરાચંદ સ્વરૂપચંદ ઝવેરી**

મગનભાઇ નવલચંદનો માળો,
૫૧/૫૩ પારસી ગલી–મિરઝા સ્ટ્રીટ,
**મુંબઈ નં. ૩.**

# "Anger is a bitter enemy of the Soul."

## ક્રોધ આત્માનો શત્રુ છે.

શ્રી કુમારપાળ વી. શાહ (વીજાપુરવાળા) મુંબઈ.

આજનું માનસશાસ્ત્ર ક્રોધને મુક્ત કરવા નિર્જીવ પદાર્થો ઉપર દાઝ ઉતારવાનું કહે છે. લોખંડના ખાલી ડબ્બા ઉપર કે ગાદલા ઉપર લાકડી મારી ક્રોધ ઓછો કરવો. અરે બે હજાર વર્ષ પહેલાં ગ્રીસનો મહાન ફીલસુફ 'પ્લેટો' ક્રોધ આવે ત્યારે અજાણ્યા ખુણામાં જઈને મુંગો બની બેસી રહેતો અને કહેતો કે મૌન દ્વારા મારી અંદરના ક્રોધ રૂપી વરૂને શિક્ષા કરી રહ્યો છું. અને અમેરીકાના પ્રમુખ અબ્રાહમ લિંકન જેના પર ક્રોધ આવે તેને કડક ભાષામાં પત્ર લખતા અને પોતાના ટેબલના ખાનામાં સાચવી રાખતા અને ક્રોધ ઉતરી જતો ત્યારે ફાડી નાખતા. ક્રોધનો સૌથી સારો અને સરળ ઈલાજ વિલંબ કે અગીઆરા ગણવાનો છે.

ક્રોધી માનવીને કોઈપણ જાતનું ભાન રહેતું નથી. ક્રોધ ખરેખર આગ સમાન છે. આગ તો બીજાને બાળે છે. જ્યારે ક્રોધી માનવી ખુદ ક્રોધમાં ભસ્મ થઈ જાય છે. જીવનને બરબાદ કરી નાખે છે. સુખને દુ:ખમાં પલટી નાખે છે અને શાંતિને અશાંતિમાં ધકેલી દે છે. ક્રોધી મનુષ્યના કિસ્મતમાં અંતર પ્રફુલ્ય કે જીવન સાફલ્ય કદી પણ હોતું નથી

એક કવિ કહે છે કે— "અરેરે ક્રોધ આવો શું જુલમ તું ગુજારે છે?
મનુષ્યના પુનર્જન્મ, મલિનતામાં ઝબોળે છે,
નથી જોતો જરાએ તું બનીને અંધ આવે છે,
અરેરે! તું સહોદરને લડાવીને રડાવે છે."

અને પૂ. શ્રી ઉદયરત્નજી મ. પણ કહે છે કે—

"કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે રે."

આવા આગ સમાન શત્રુને, સુખના હણનારાને, શાંતિના વિનાશકને અને નરકના બારણા આગળ ઝડપથી ઘસડી જનારા વાહન રૂપી ક્રોધને અટકાવા માટેનો માર્ગ એક જ ઉપાય 'મૌન' છે.

એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે,

"An Angry man opens his mouth and shuts his eyes" અર્થાત્ ક્રોધી મનુષ્ય પોતાનું મોઢું ઉઘાડું રાખે છે અને આંખો બંધ રાખે છે." પણ ક્રોધી મનુષ્યે મોઢું બંધ અને આંખ ખુલ્લી રાખવી એ ક્રોધને નાશ કરવાનો સહેલો અને સરળ ઉપાય છે.

# જીવ દ્રવ્ય અને તેના પર્યાયો

અધ્યાપક : શ્રી ખૂબચંદ કેશવલાલ શીરોહી (રાજસ્થાન)

જૈનદર્શનના દ્રવ્યાનુયોગનો વિષય વિસ્તારથી સમજાવતી આ લેખમાળાનો પાંચમો હપ્તો અહિં રજૂ થાય છે. વર્ષ : ૨૧ અંક ૧ : માર્ચ-૬૪માં પ્રસિદ્ધ થયેલ લેખમાળાના અનુસંધાનમાં આ પાંચમા લેખાંકમાં આ લેખમાં દ્રવ્ય તથા તેના પર્યાયોની સૂક્ષ્મ તથા ઉપયોગી વિચારણા જીવ દ્રવ્યના દૃષ્ટાંતપૂર્વક રજૂ થઈ છે, જે તે તે વિષયના અભ્યાસકોને જરૂર રસપ્રદ તથા ઉપયોગી બનશે.

દ્રવ્યની સાથે જે ચિરકાળ અવિચ્છિન્નપણે રહે, અથવા જેના વિના દ્રવ્ય, દ્રવ્ય જ કહેવાય નહિં, તેને ગુણ કહેવાય છે. તથા દ્રવ્ય સ્વભાવતઃ અવિકૃત રહીને અનંત પરિવર્ત્તનોની અંદર જે દેખાય તે પર્યાય કહેવાય છે. યા કોઈપણ દ્રવ્યનું સહભાવી કે ક્રમભાવી ભેદોમાં બદલાતા રહેવું તેને પર્યાય કહેવાય છે. અર્થાત્ દ્રવ્યની હાલતને પર્યાય કહેવાય છે.

એક દ્રવ્યની અંદર અનંતા પર્યાયો થવાનો સંભવ છે. તે તમામ પર્યાયોનું (૧) વ્યંજનપર્યાય અને (૨) અર્થપર્યાય, એમ બે રીતે વર્ગીકરણ થઈ શકે છે. જે સદૃશપરિણામપ્રવાહ કોઇ પણ એક શબ્દનો વાચ્ય બની વ્યવહાર્ય થાય છે, અર્થાત્ પદાર્થની સાથે દીર્ઘકાળ સુધી અનુગત રહે, યા ત્રણે કાળ રહે તે પર્યાયને 'વ્યંજનપર્યાય' કહેવાય છે.

વ્યંજનપર્યાયોના અનેક અવાંતરપર્યાયો પૈકી જે પર્યાય અંતિમ હોવાથી અવિભાજ્ય હોય, અથવા જે અવિભાજ્ય નહિ છતાં પણ અવિભાજ્ય જેવો ભાસે તે 'અર્થપર્યાય' કહેવાય છે.

દીર્ઘકાળ પર્યંત વર્તતો પર્યાયનો પ્રવાહ તે 'વ્યંજનપર્યાય' અને વર્ત્તમાન કાળ પૂરતો જ, યા ક્ષણ માત્ર સ્થાયી તે 'અર્થપર્યાય' છે.

દૃષ્ટાંત તરીકે જીવદ્રવ્યના સંસારીત્વ, મનુષ્યત્વ, પુરૂષત્વ, બાલત્વ, આદિ અનેક ભેદોરૂપ પર્યાયની નાની મોટી અનેક પરંપરાઓ છે, તેમાં જ્યારે મનુષ્યરૂપે જન્મ લેવાય છે, ત્યારે જન્મથી માંડી મરણ સુધી તે જીવ 'મનુષ્ય મનુષ્ય' એવા શબ્દથી વ્યવહારાય છે. તેથી મનુષ્યરૂપ સદૃશપર્યાય પ્રવાહ એ, જીવનો વ્યંજનપર્યાય છે. અને એ મનુષ્યરૂપ સદૃશપ્રવાહમાં બાલ્ય, યુવાન, વૃદ્ધત્વ આદિ, અગર તેથી પણ સૂક્ષ્મતર જે અન્ય પર્યાયો રહેલા છે, તે બધા અર્થપર્યાય કહેવાય છે. એટલે કોઇપણ પ્રકારે થતો વ્યંજનપર્યાય તે અનેક અવાંતર પર્યાયોના સમુદાય સ્વરૂપે હોવાથી તે પ્રત્યેક અવાંતરપર્યાયોમાં વ્યંજન પર્યાયનો પ્રવાહ તો ચાલુ જ હોય છે. અર્થપર્યાયો તે અન્ય અન્ય શબ્દથી ભલે વ્યવહારાય, પણ ભિન્ન ભિન્ન શબ્દથી વ્યવહારાતા અર્થપર્યાયોમાં સમાન શબ્દથી વ્યવહારાતો જે પર્યાય તે વ્યંજનપર્યાય છે. એટલે જ મનુષ્ય તે કોઈ વખત બાળ, કોઇ વખત યુવાન, કોઈ વખત વૃદ્ધ, ઈત્યાદિ ભિન્ન ભિન્ન શબ્દથી વ્યવહારાતો હોવા છતાં, તે દરેક પ્રસંગે તેનામાં મનુષ્યપર્યાય તો વર્ત્તી જ રહેતો હોઈ, મનુષ્યત્વ તે વ્યંજનપર્યાય છે. આ પ્રમાણે દરેક દ્રવ્યમાં વર્ત્તતા વિવિધ વ્યંજન પર્યાય અને વિવિધ અર્થપર્યાય અંગે સમજી લેવું.

વ્યંજનપર્યાય અને અર્થપર્યાય પણ વિવિધ રીતે અનંત પ્રકારે હોવા છતાં તે બન્ને પર્યાયો શુદ્ધ, અશુદ્ધ, દ્રવ્ય અને ગુણ વડે કરીને સ્થૂલપણે ચાર ચાર પ્રકારોમાં વિચારી શકાય.

જે પર્યાય અન્ય દ્રવ્યના સમ્બન્ધજન્ય નહિ હોતાં સ્વાભાવિક હોય તે શુદ્ધ, અને અન્ય દ્રવ્યના સમ્બન્ધજન્ય હોય તે અશુદ્ધ કહેવાય છે. ઉપરોક્ત ચાર ચાર પ્રકારોમાં વિચારતાં વ્યંજનપર્યાય અને અર્થપર્યાયના કુલ્લ આઠ ભેદ થાય. (૧) શુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય. (૨) અશુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય. (૩) શુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય. (૪) અશુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય. (૫) શુદ્ધ ગુણ વ્યંજનપર્યાય. (૬) અશુદ્ધ ગુણ

વ્યંજન પર્યાય. (૭) શુદ્ધ ગુણુ અર્થપર્યાય અને (૮) અશુદ્ધ ગુણુ અર્થપર્યાય. આ દરેક પ્રકારની સ્પષ્ટ સમજણુ દરેક દ્રવ્યમાં આ પ્રમાણે છે.

(૧) સિદ્ધપણું યા સર્વથા કર્મથી મુક્ત દશા રૂપ વર્ત્તતો જે પર્યાય, તે જીવનો **શુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય** કહેવાય છે.

(૨) જીવના જે ચોરાસી લાખ યોનીના ભેદો, યા મનુષ્યત્વ, દેવત્વ, નારકત્વ, અને તિર્યંચત્વ તે જીવનો **અશુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય** કહેવાય છે.

(૩) જીવમાં સ્વાભાવિક અને ક્ષણુમાત્ર સ્થાયી રહેવાવાળો તે જીવનો **શુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય** કહેવાય છે.

(૪) જીવમાં અન્ય દ્રવ્યના સમ્બન્ધજન્ય ક્ષણુ માત્ર સ્થાયી પર્યાય તે જીવનો **અશુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય** કહેવાય છે.

(૫) જીવની અંદર અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય વગેરે ગુણ છે, તે જીવનો **શુદ્ધ ગુણ વ્યંજનપર્યાય** કહેવાય છે.

(૬) જીવની અંદર મતિજ્ઞાનાદિ ગુણો વર્તે છે, તે જીવનો **અશુદ્ધ ગુણ વ્યંજનપર્યાય** કહેવાય છે.

(૭) જીવના કેવળજ્ઞાન પર્યાયમાં જ્ઞેય પદાર્થના આધારે ષટ્‌વિધ હાનિ-વૃદ્ધિરૂપ જે પરાવર્ત્તન થાય છે. તે ક્ષણુભેદે થતા પરાવર્ત્તનને **'શુદ્ધ ગુણ અર્થ પર્યાય'** કહેવાય છે.

સૂત્રમાં કેવળજ્ઞાન કેવળદર્શનના સાદિઅપર્યવસિત કથનથી કદાચ કોઈ એવા ભ્રમમાં પડે કે બન્ને એક વાર ઉત્પન્ન થાય છે, અને પછી કદાપિ નાશ પામતાં જ નથી. જેથી શુદ્ધ ગુણુ વ્યંજનપર્યાયો કાયમ ચાલુ રહે છે. પરંતુ શુદ્ધ ગુણુ અર્થપર્યાયની તેમાં સંભવના કેવી રીતે હોઇ શકે?

અહીં સમજવું જોઇએ કે પૂર્વ કેવળજ્ઞાન દર્શન પર્યાયનો નાશ, અને નવીન કેવળજ્ઞાન દર્શનનો ઉત્પાદ થતો જ રહેતો હોવાથી તેમાં અર્થપર્યાય હોઈ શકે છે. જેમકે કેવળી પરમાત્માને શરીરાવસ્થામાં જે શરીરગત પર્યાયો વર્ત્તતા હોય છે, તે પર્યાયો મોક્ષપ્રાપ્તિ સમયે શરીરની સાથે જ નષ્ટ પામે છે. શરીરાવસ્થામાં શરીરના દેખાતા પર્યાયો તે કર્મપુદ્દગલ અને જીવ, એ બન્નેના સંયોગનું પરિણામ હોવાથી દેહગત પર્યાયો તે પુદ્દગલ ઉપરાંત જીવના પણુ છે જ. માટે શરીરગત પર્યાયોના નાશ પામવા સમયે આત્મા પણુ તે રૂપે નાશ પામ્યો કહેવાય. અને આત્મા તે કેવળ રૂપ હોવાથી કેવળ પણુ તે રૂપે નાશ પામ્યું કહેવાય. જેથી આત્મા, સિદ્ધ થવા ટાઈમે સિદ્ધ પર્યાયપણે ઉત્પન્ન થયો ત્યારે કેવળ પણુ સિદ્ધપણે ઉત્પન્ન થયું કહેવાય. આ પ્રમાણે શરીરાવસ્થાનો કેવળ પર્યાય અને સિદ્ધાવસ્થાનો કેવળપર્યાય અનેએમ ભેદ પડતા હોવાથી તથા **संखेज्जम संखेज्जं, अणंत कप्पं च केवलं णाणं;** એ સન્મતિ પ્રકરણના કથનથી, તથા **पढम समय सजोगिमवत्थ केवलनाणे; अपढमसमय सजोगिमवत्थ केवलनाणे'** આ રીતના આગમવચનથી સમય સમયનું કેવળજ્ઞાન ભિન્ન હોવાનું સ્પષ્ટ નિરૂપણુ હોવાથી, શુદ્ધ ગુણુમાં પણુ અર્થપર્યાય હોવાની માન્યતા યથાર્થ છે. માટે કેવળજ્ઞાન દર્શન તે વ્યંજનપર્યાયના હિસાબે સાદિ અપર્યવાસિત, અને અર્થપર્યાયના હિસાબે સાદિ સપર્યવાસિત કહેવાય છે. કારણુ કે કેવળરૂપ પર્યાય ધ્રુવ રહેવા છતાં પ્રતિક્ષણુ જ્ઞાનદર્શન પર્યાય તે ઉત્પત્તિ અને નાશને પામતો જ રહે છે.

(૮) સમય સમયનું કેવળજ્ઞાન ભિન્ન હોવાનું નિરૂપણુ સ્પષ્ટ છે, તો પછી મતિ આદિ જ્ઞાનોમાં પણુ સમય સમયની ભિન્નતા હોવાનું સ્પષ્ટ છે. એટલે મતિઆદિ જ્ઞાનોનો (કેવળજ્ઞાન સિવાય) ક્ષણુ માત્ર સ્થાયી જે પર્યાય તે **અશુદ્ધિ ગુણ અર્થપર્યાય** કહેવાય છે. (ક્રમશઃ)

**દરેક જાતનાં કાગળો, જેવાં કે....**
લેજર, વ્હાઈટ પ્રિન્ટીંગ પેપર, વ્હાઇટ, રંગીન કાર્ડ, ન્યુઝપ્રીન્ટ વ. કીફાયત ભાવેથી મળશે.
**એક વખત અવશ્ય મુલાકાત લો.**
**પ્રમોદ પેપર માર્ટ**
૯૨૧/૩, ખાડીયા ગોલવાડ
**અમદાવાદ.**
**સ્ટોકીસ્ટઃ–ઓલ ઇન્ડીઆ પેપર મીલ્સ.**

# શ્રી ચતુર્વિધ સંઘ અને વ્યાપક અસ્તવ્યસ્તતા

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા. એમ. એ. વડોદરા.

જૈનશાસનનો સમસ્ત વિશ્વના પ્રાણીગણ પર મહાન ઉપકાર છે, ને શાસનની ઉપાસના કરનાર શ્રી સંઘના ચારે અંગોમાં આજે જે કાંઈ અવ્યવસ્થા પ્રવેશેલી છે, તેના અંગે દુઃખિત તથા વ્યથિત હૃદયે શ્રધ્ધાભાવે લેખક અહિં જે કાંઇ વ્યથાને શબ્દો દ્વારા આલેખી જૈનશાસનનો જયજયકાર કઇ રીતે થાય તે માટે સહૃદયભાવે કેવલ શાસન પ્રત્યેના અંતરના અનુરાગથી આલેખે છે, તે સર્વ કોઇ જૈનશાસનપ્રેમી આત્માઓને વાંચી, વિચારી શકય કરી છૂટવા ને જૈનશાસનનો સાચો પ્રભાવ વિસ્તારવામાં સહાયભૂત થવા અમારો નમ્ર આગ્રહ છે.

શ્રીમદ્ વીતરાગ પરમાત્માનું શાસન એટલે વિશ્વરક્ષાનું મહાબંધારણ. બંધારણ સુરક્ષા અને સુવ્યવસ્થા માટે જ હોય. બંધારણની ઉપેક્ષા એટલે અસ્તવ્યસ્તતા અને આંધીને આમંત્રણ.

ચતુર્વિધ શ્રી સંઘ એ બંધારણનું એક મહાન શ્રેષ્ઠ અંગ છે. તેવી જ રીતે ધર્મતત્ત્વને સુસ્વરૂપમાં રહેવા અને ટકવા માટેનું અંગ-શરીર પણ છે. શરીરની તંદુરસ્તી પર લાલી અને સ્વાસ્થ્યનો આધાર છે. તેવી જ રીતે ધર્મતત્ત્વની પ્રભા અને પોષણ માટે ચતુર્વિધ શ્રી સંઘની સુસ્થિરતા અનિવાર્ય છે. અનુપક્ષેણીય છે.

કાળચક્રની ગતિમાં છેલ્લા પચાસ વર્ષમાં એક વિષચક્ર ઉભું થયું છે. તેનો ઝળકાટ આકર્ષક છે. તેનો વેગ જોરદાર છે. પણ તેનું ફળ કિંપાકના ફળ જેવું છે. શ્રી સંઘના પવિત્ર શરીરને તે વિષમય બનાવી રહ્યું છે અને તે પણ સ્લાઇટ અને સ્વીટ પોઈઝનથી. ધીમું અને મીઠું ઝેર ખરેખર ઓળખી શકાતું નથી. હર્ષભેર લેવાય છે. અને પવિત્ર આત્માઓના ભાવ-પ્રાણનો વિનાશ થાય છે.

ધન-શરીર અને કુટુંબ જેવી અનિત્ય અને અસાર-વસ્તુઓ પરથી મમત્વ ઘટાડવાનું જૈનશાસનનું ધ્યેય છે. શાશ્વત અને સદાજીવી મુક્તિના તત્ત્વ પ્રત્યે આકર્ષણ વધે અને આત્માઓ ચિદાનંદ કાયમી સુખને પામે એ એનો સુસ્થિત સનાતન માર્ગ છે.

આજની ભૌતિકવાદની જાળે મહા પ્રપંચમય આકર્ષણ વિસ્તાર્યું છે. મોજ-વિલાસ-અમન-ચમન અને તે માટે ધનનો ઢગ આજ એનો આદર્શ છે-ધ્યેય છે. ખૂબી તો એ છે કે ધર્મ જેવા તારક સાધનને પણ આ મારક યોજનામાં યોજી દેવાયું છે. ધર્મ દ્વારા પણ ધનની અને શારીરિક સુખની જ ભિક્ષા. આજના વિશ્વમાં સત્તા અને સંપત્તિ સિવાય જાણે કોઈ તત્ત્વ જ હયાત નથી.

આ ભયંકર વંટોળની અસરમાં મહા પવિત્ર ચતુર્વિધ શ્રી સંઘના મોટા ભાગના આત્માઓ જો સપડાતા જતા હોય, તો જોરદાર આંચકો લાગે એ સ્વાભાવિક છે. આજે ગામેગામના-શહેરે શહેરના શ્રી સંઘો અસ્તવ્યસ્ત છે એ હકિકત છે. અને એના પ્રત્યક્ષ પરિણામ તરીકે ટ્રસ્ટ એકટ વ્યાપક બની શકયો અને બન્યે જાય છે. તેના વિકરાળ અને મારક સ્વરૂપમાં.

આનું મૂળ કારણ શું? શાસનના બંધારણનો ખ્યાલ નહિ. શ્રીમદ્ તીર્થંકર દેવોએ શાસનના મુખ્ય નેતા શ્રીમદ્ આચાર્ય મહારાજાઓને ગણધરપદથી સ્થાપ્યા. તેઓશ્રીના નેતૃત્વ નીચે બાકીના ત્રણ અંગો કામ કરતા રહ્યા. શાસ્ત્રોને સુરક્ષિત રાખ્યા. જિનમંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, જ્ઞાનમંદિરોને સમૃદ્ધ બનાવ્યા. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય-સાધારણ દ્રવ્યને-યથાસ્થાને વૃદ્ધિ પમાડી તેનું શાસ્ત્રસંમત આયોજન થતું રહ્યું. આ બધા વ્યવસ્થિત બંધારણીય કાર્યમાં સમૃદ્ધ અને શ્રદ્ધાવાન શ્રાવકો સેવાભાવે શાસ્ત્ર આજ્ઞાનો અમલ સાવધાનપણે કરતા રહ્યા ત્યાં સુધી તો સઘળું સમીચીન બની રહ્યું.

પણ છેલ્લા પચાસ વર્ષના ગાળામાં અજ્ઞાન-ઉપેક્ષાઓ સમર્પિતભાવનો અભાવ વ્યાપક બનતા

ગયા. કેળવણીને નામે મહાકેળવણીનો વિનાશ થતો ગયો. ધર્મભાવના લુપ્ત પ્રાયઃ બનતી ગઇ. મહાતારક ધર્મક્રિયા પાછળનો આત્મા ભૂલાતો ગયો. અને ખોખું ગીલ્ટમય પ્રકાશ આપવા લાગ્યું. તેમાં જડવાદના સૂરે વેગ આપ્યો. અને તેમાંથી એક વિચિત્ર આંધી જન્મી.

ધર્મને બાહ્ય આડંબરના કૃતિમ વાઘાથી લપેટવામાં આવ્યો. અતિ જરૂરી મહોત્સવાદિ અનુષ્ઠાનો પાછળનો સંપત્તિ અને શરીર પરની મૂર્છાનો ત્યાગભાવ વિસરાતો ગયો. અહમ્ આગળ આવ્યું. વાહવાહની લાલસાએ ઘર ઘાલ્યું. શાસન ભુલાયું અને સ્વની ખ્યાતિ આગળ કરાઇ. ક્યાં સુધી કે સ્વનો આચાર, સાધુની સાધુતાનો અને શ્રાવકો શ્રાવકત્વનો, ભુલવાની હદ સુધી આવી ગયા. મોટા ભાગમાં આ પોલ પેસવા લાગી. નામ ધર્મનું અને તેનો જ અપકર્ષ. અને તેનું પરિણામ ?

શ્રી સંઘ પ્રાયઃ નધણિયાતો બન્યો. પૂ. આચાર્યાદિ શ્રમણ સંઘનું સુવર્ચસ્વ ઘટવા લાગ્યું. મનફાવતી વાતો-પ્રચાર અને આચાર શરૂ થયા. પવિત્ર પંચાગીના સનાતન સર્વ કલ્યાણકારી આદેશોની ઠેકડી થવા લાગી. યતિકાળ પણ સર્જાયો. જુદા જુદા રૂપમાં-પરિગ્રહ વ્યાપક બનવા લાગ્યો. અને છાપાની દુનિયા બોલે છે, અને આગેવાન ગણાતા સદ્દગૃહસ્થો પોકારે છે તે સાચું જ હોય તો શિથિલાચાર પણ જન્મ્યો. ભલે તે ઘણા ઓછા ટકામાં હોય. અને ન જ રહે તો આનંદનો પાર નહિ.

પરિસ્થિતિ ખૂબ જ વિકૃત બની છે. કબુલ. પણ તેની દવા છે કે નહિ? છે તો અમલી બને એમ છે કે નહિ? કે દિનપ્રતિદિન હતાશા વધતી જ જવાની? પાયામાં ભૂલ છે? વચમાં કોઇ નડતર છે? કે ટોચમાં ટંકાર કરવો પડે તેમ છે?

આજના વિષમ વાતાવરણમાં જોકે નીતિનું અસ્તિત્વ લુપ્ત પ્રાયઃ થયું છે. છતાં તેનો ડંખ આત્માઓમાં નથી જ એમ નહિ. જીવનની સામાન્ય જરૂરીયાતોમાં માનવી અટવાઇ ગયો છે એ પણ સાચું. છતાં આર્યત્વ કે જૈનત્વ તદ્દન ઓસરી ગયું છે એમ નથી જ, પરંતુ બંધારણીય માર્ગ મોટે ભાગે ભૂલાયો છે એ દીવા જેવી વાત છે. પૂજયો મોટે ભાગે ખૂબ જ ઉપેક્ષા સેવી રહ્યા છે એ તદ્દન નક્કર અને સ્પષ્ટ હકિકત છે. શ્રી સંઘને અત્યારના કપરા કાળમાં જે વ્યવસ્થિત અને સુચારૂ દોરવણી મળવી જ જોઇએ તે નથી જ મળતી. એક શાસ્ત્રીય અવાજ નથી. પ્રત્યાઘાતો પ્રત્યે પરમ આવશ્યક પ્રત્યાઘાત નથી. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ નથી. સુશ્રદ્ધાનું જોરદાર આંદોલન નથી. ચારિત્ર્યધર્મ પ્રત્યેનો રક્ષાભાવ નથી. જે કાંઈ થોડું ટગમગતા દીવા જેવુ છે તે અતિ અલ્પ છે. હલ્લો અતિ જોરદાર છે. સામનો સામનો જ નથી.

સૌથી પ્રથમ ટોચે રહેલાઓએ ટોચમાં જ ટંકાર કરવો જોઇશે. ટોચની જમીન સરળ-સ્વચ્છ અને સુભોગ્ય બનાવવી જોઇશે, હાથ નીચેના થરને સુમાર્ગે દોરવા સુવ્યવસ્થ અને સંપીલું આંદોલન શરૂ કરે જ છૂટકો, ઉંધે પાટે ચઢેલી ગાડી તો જ સવળે માર્ગે આવશે. મહા શાસન શું ચીજ છે? એનો આછો પાતળો પણ ખ્યાલ લેવો પડશે અને લોકોને આપવો પડશે. પ્રમાદને ખંખેરી પરમાર્થને આગળ કરવો પડશે. સ્વના લૌકિક ઉત્કર્ષને દંડી આત્મભાનની જાગૃતિ શ્રી સંઘમાં લાવવી પડશે. ધર્મક્રિયાઓ શ્રીમદ્ તીર્થંકરદેવે એ દર્શાવેલી આરાધ્ય છે પણ તેના હાર્દમાં શ્રી સંઘને સ્પષ્ટ રીતે ઉતારવો પડશે. ધ્યેય અને આદર્શના અજવાળાં પાથરવાં પડશે. શ્રી સંઘોનું વહીવટી તંત્ર પાયાના ધોરણ પર સ્થિર કરવું જોઇશે. શિથિલાચાર ખરેખર જ જન્મ્યો હોય તો તેના મૂળ કારણભૂત વૈવિધ્યભર્યાં પરિગ્રહને પોષી નહી જ શકાય. શાસ્ત્ર-આજ્ઞાઓને શિરસાવંઘ કરવા ઉદ્યમવંત કેમ ન બનવું જોઈએ? સાધુતા કે શ્રાવકત્વ શાસ્ત્રને આધારે છે. શાસ્ત્ર શાસનની બંધારણ પોથી છે. બંધારણનો ભંગ કે ઉપેક્ષા ઉંચા આત્માઓ માટે અક્ષમ્ય અપરાધ ન બને?

(અનુસંધાન માટે જુઓ પાન ૨૩૩)




**પૂર્વ પરિચય :** રાજ્યભ્રષ્ટ સોદાસ અયોધ્યા રાજધાનીથી દૂર જંગલોમાં ભટકતો થાકયો-પાકયો મૂર્છિત થઇને જ્યાં પડયો છે, ત્યાં અચાનક તેનો પૂર્વ મિત્ર આનંદ તેને મલી જાય છે. બંને પાછા પાપ તરફ વળે છે, તેમાં આનંદ હિંસક સિંહના હાથે મૃત્યુ પામે છે. સોદાસનું ભાવિ શુભ હોવાથી તેને પૂ. મુનિવરનો ત્યાં જંગલમાં યોગ થાય છે, ને ધર્મનું રહસ્ય તેમની પાસેથી તે જાણે છે, ને જીવહિંસા તથા માંસભક્ષણના પાપથી નિવૃત્ત થાય છે. બીજી પણ ઉત્તમ પ્રતિજ્ઞાઓને તે સ્વીકારે છે. ક્રમશઃ તે મહાપુરનગરનાં ઉદ્યાનમાં આવે છે, ત્યાંનો રાજા અપુત્ર મરણ પામેલ છે, દિવ્યનો હાથી સોદાસ પાસે આવીને તેના પર સુવર્ણ કળશથી અભિષેક કરે છે, ને એક વખતનો અયોધ્યાનો રાજા, બીજી વખતે પદભ્રષ્ટ થયેલો ફરી રાજ્યપદ પર અભિષિક્ત બને છે. **હવે વાંચો આગળ :**

## ૧૧-ત્યાગની પરંપરા જાળવી જાણી!

સોદાસનું ધાર્મિક અને ભૌતિક ઉત્થાન એક સાથે થયું...કોઈ જીવ સદા માટે બુરો રહેતો નથી....યથાયોગ્ય કાળે તેનામાં સારાપણું આવે છે. સોદાસ મહાપુર રાજ્યનો અધિનાયક બન્યો. તેણે રાજ્યને સુવ્યવસ્થિત બનાવી દીધું. પરંતુ હવે પ્રતિદિન તેને મહામુનિનો ઉપદેશ સ્મૃતિપથમાં આવે છે...પોતાના પૂર્વજોનું ત્યાગપ્રધાન જીવન યાદ આવે છે. પોતે કરેલાં ઘોર પાપોનું ઉગ્ર પ્રાયશ્ચિત્ત કરવાની તમન્ના જાગે છે. અયોધ્યાવાસીઓને પુનઃ પ્રતીતિ કરાવવાની ભાવના જાગે છે કે 'તેમનો રાજા ભગવાન ઋષભદેવના વંશને કલંકિત કરનાર નથી.'

સોદાસે દૂતને સમાચાર આપી અયોધ્યા રવાના કર્યો. કેટલાક દિવસોની દડમજલના અંતે દૂત અયોધ્યામાં આવી પહોંચ્યો. સીધો તે રાજમંદિરે પહોંચ્યો. દ્વારપાલે જઈને રાજા સિંહરથને સમાચાર આપ્યા :

'મહારાજા, મહાપુરનગરથી રાજદૂત આવેલ છે અને આપને મળવા ચાહે છે.'

'એને આવવા દો.' સિંહરથે આજ્ઞા આપી. દ્વારપાલ દૂતને લઈ હાજર થયો. દૂતે સિંહરથને પ્રણામ કર્યા અને કહ્યું;

'અયોધ્યાપતિનો જય હો. હું મહાપુર નગરથી આવ્યો છું. મહાપુરના મહારાજા સોદાસનો સંદેશો આપને આપવાની મારી ઇચ્છા છે.'

'અરે દૂત, મહાપુરના રાજા તો કીર્તિધવલ છે, તું નામ કેમ જુદું બોલે છે?'

'મહારાજાને જણાવવાનું કે રાજા કીર્તિધવલનું અકાળ નિધન થયું. મહારાજાને કોઈ સંતાન ન હોવાના કારણે, પટ્ટહસ્તિ જેના પર અભિષેક કરે તેમને મહાપુરના સ્વામી બનાવવાનો મંત્રીમંડળે નિર્ણય કર્યો. પટ્ટહસ્તિએ પરાક્રમી, તેજસ્વી અને મહાન પુણ્યશાળી સોદાસ પર અભિષેક કર્યો! સોદાસ મહાપુરના મહારાજા બન્યા.'

'આશ્ચર્ય! ઘણું આશ્ચર્ય! નરભક્ષી સોદાસ પર પટ્ટહસ્તિએ અભિષેક કર્યો! પશુએ પશુ પર અભિષેક કર્યો...તે યોગ્ય જ કર્યું!'

સિંહરથે હાંસી ઉડાવી.

'મહારાજા, એ તો આપને પછી ખબર પડશે કે પશુએ પશુ પર અભિષેક કર્યો છે કે પશુએ નરવીર પર અભિષેક કર્યો છે! હમારા પ્રતાપી મહારાજાએ તમને કહેવરાવ્યું છે કે 'તમે મહારાજા સોદાસની આજ્ઞા સ્વિકારો, તેમાં તમારૂં હિત છે.'

'અરે અધમ દૂત, તારો બકવાસ બંધ કર. શું અયોધ્યાપતિ તારા નરભક્ષી રાજાની આજ્ઞા સ્વીકારશે? તું દૂત છે એટલે અવધ્ય છે. બાકી...'

'બાકી યુદ્ધક્ષેત્ર પર ખબર પડશે કે કોણ વધ્ય છે ને કોણ અવધ્ય ?'

દૂત રાજસભા છોડીને નિકળી ગયો. સિંહરથ વિચારમાં પડી ગયો. પોતાના નરભક્ષી પિતા પર રાજ્યાભિષેકની વાત તેની સમજમાં ન આવી.

સિંહરથ દ્વારા તિરસ્કૃત દૂત મહાપુર પહોંચ્યો અને સોદાસને યથાસ્થિત હકિકત જણાવી. સોદાસે તો પ્રથમથી જ પરિણામનું અનુમાન કરી લીધું હતું. તેણે સેનાપતિને બોલાવ્યો અને સૈન્યને સજ્જ કરવા આદેશ કર્યો. સેનાપતિએ જાણ્યું કે અયોધ્યા પર મહારાજા ચઢાઈ કરવા માંગે છે ત્યારે તે વિચારમાં પડી ગયો.

'કેમ સેનાપતિજી ! શું વિચારમાં પડી ગયા ?'

'મહારાજા, અયોધ્યાનું રાજ્ય એક મહાન રાજ્ય છે. તેનું સૈન્ય અજોડ છે. તેના રાજાઓ એક એકથી ચઢીયાતા હોય છે....એવા રાજ્ય પર ચઢાઈ કરવી...'

'સાહસ છે ! એમ કહેવું છે ને ? સેનાપતિજી ! જેનામાં સાહસ કરવાની તાકાત નથી તે ક્ષત્રિય નથી, સમજ્યા ! જાઓ ગભરાયા વિના તૈયારી કરો. ડરો નહિ, હું સૈન્યના મોખરે રહીશ !' સોદાસે હસીને સેનાપતિને રવાના કર્યો,

સેનાપતિને ક્યાં સોદાસના મહાન પરાક્રમનો પરિચય હતો ? એ ક્યાં જાણતો હતો કે સોદાસ અયોધ્યાનો માલિક છે ! મહાપુરના રાજમહાલયના શિખર પરથી યુદ્ધની ભેરી બજી ઉઠી. હજારો સુભટો શસ્ત્રસજ્જ બની રાજમહાલયના પટાંગણમાં ઉભરાવા લાગ્યા. નગરની વીરાંગનાઓ પોતાના સ્વામીના લલાટે વિજયતિલક કરવા લાગી અને આનંદથી વિદાય આપવા માંડી.

અનેક રાજપુરૂષોનાં મનમાં જયપરાજયની શંકાઓ થવા લાગી. કોઇને સોદાસનું આ દુસ્સાહસ લાગ્યું. કોઇને આ ઉતાવળીયું પગલું લાગ્યું. કોઇને સોદાસનું આ પરાક્રમ પ્રશંસનીય લાગ્યું.... અયોધ્યા જેવા મહાન રાજ્ય પર મહાપુરનું નાનું રાજ્ય ચઢાઈ કરે, તે કેટલાક વૃદ્ધ પુરૂષોને પણ અવિચારી કૃત્ય લાગ્યું....પરંતુ સોદાસની સમક્ષ કોઈની પણ વાત ક્યાં ટકી શકે એમ હતી ? એ હસીને વાત ઉડાવી દેતો.

શુભ મુહૂર્તે સોદાસે યુદ્ધ યાત્રાનો પ્રારંભ કર્યો. ગગનભેદી શંખધ્વનિ કરી સોદાસે બ્રહ્માંડને ભરી દીધું. અપૂર્વ શંખધ્વની સાંભળીને યોદ્ધાઓ ~~યુદ્ધોન્મત્ત બની~~ ગયા. અશ્વોએ હેશારવ કર્યો અને હાથીઓ નાચવા લાગ્યા.

થોડા જ દિવસોમાં સોદાસ હજારો સુભટો સાથે અયોધ્યાના સિમાડે આવી પહોંચ્યો. સિંહરથ ત્યાં પિતાનું સ્વાગત કરવા હજારો વીર સૈનિકો સાથે ખડો હતો. બંને સૈન્યો સામસામી છાવણીઓ નાંખી પડ્યાં.

સોદાસ પોતાના તંબુમાં શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરીને નિદ્રાધિન થયો હતો. મધ્યરાત્રીનો સમય હતો. સોદાસ સ્વપ્ન સૃષ્ટિમાં પ્રવેશ્યો...

એ જ મહામુનિએ તેના તંબુમાં પ્રવેશ કર્યો... સોદાસ સહસા ઉભો થઇ ગયો અને મહામુનિનાં ચરણોમાં વંદના કરી. મહામુનિ ઉભા જ રહ્યા. તેમણે જમણો હાથ ઉંચો કરી **'ધર્મલાભ'** ની આશીષ ઉચ્ચારી. સોદાસ હાથ જોડીને ઉભો રહી ગયો.

'સોદાસ ! હું જાણું છું કે તું શા માટે યુદ્ધાર્થે તૈયાર થયો છે. તું ચાહે છે કે પુત્રને પરાજિત કરી, પછી અયોધ્યાનું અને મહાપુરનું, બંને રાજ્ય તેને સોંપી, તારે મારી પાસે આવવું છે. સાધુતા સ્વીકારવી છે...'

પરંતુ યુદ્ધમાં તારે માનવ સંહાર રોકવો જોઈએ. તું સૂર્યોદય પહેલાં જ સિંહરથની પાસે મંત્રીને મોકલજે; અને કહેવરાવજે કે 'તું અને હું આપણે બંને જ યુદ્ધ કરી લઇએ. શા માટે વ્યર્થ હજારો મનુષ્યોનો અને પશુઓનો સંહાર કરવો ?' એ કબૂલ થશે. તેમાં તારો વિજય થશે....વત્સ, અયોધ્યાનાં લાખો નર-નારીઓ તારાં ચરણે નતમસ્તક બનશે...તારૂં કલંક ધોવાઈ જશે...'

કેવું ભવ્ય સ્વપ્ન ! મનોગમ સ્વપ્ન દેખીને સોદાસ એકદમ જાગી ગયો. તેણે આજુબાજુ જોવા માંડયું.....ક્યાંય મહામુનિ ન દેખાયા તે બિછાન..

માંથી બહાર નીકળીને બહાર આવ્યો....ચારે કોર દૃષ્ટિ નાંખી...સિવાય પ્રહરી સિપાઈઓ, કોઈ ન દેખાયું. તે પુનઃ પોતાના તંબુમાં પ્રવેશ્યો. બિછાનાનો ત્યાગ કરી, ભૂમિ પર એક શ્વેત આસન બિછાવી, શુદ્ધ વસ્ત્ર ધારણ કરીને બેઠો. શ્રી અરિહંત પરમાત્માનું ભાવપૂર્વક સ્મરણ કર્યું. શ્રી ગુરુદેવને સ્મૃતિપટ પર લાવી તેમનાં પાવન ચરણે કોટિ કોટિ વંદના કરી...શ્રી નવકાર મંત્રનું સ્મરણ શરૂ કર્યું.

પ્રાચિ દિશામાં ભગવાન અંશુમાલીની ઉષારાણી પધાર્યા. ક્ષિતિજનો પટ લાલ લાલ બની ગયો. સોદાસે પ્રહરીને હાક મારી. પ્રહરી તુરત તંબુમાં પ્રવેશ્યો અને હાથ જોડીને પ્રણામ કર્યાં.

'મહામંત્રીને તુરત બોલાવી લાવો.'

'જી હજુર....' સશસ્ત્ર પ્રહરી અલ્પ સમયમાં જ મહામંત્રીને બોલાવી લાવ્યો.

'મહારાજાનો જય હો...મહામંત્રી પધારી ગયા છે.'

'અંદર આવવા દે.'

મહામંત્રીએ સોદાસના તંબુમાં પ્રવેશ કર્યો. મહારાજાને પ્રણામ કરી ઉચિત આસને બેઠા.

'મહામંત્રીજી, અત્યારે આપને અયોધ્યાપતિ પાસે જવાનું છે.'

'જેવી મહારાજાની આજ્ઞા'

જઈને કહેવાનું કે 'સોદાસ કહેવરાવ * કે અયોધ્યાપતિ અને મહાપુરના અધિનાયક, બન્ને જ યુદ્ધ કરીને જય-પરાજયનો નિર્ણય કરી લે. શા માટે લાખો જીવોનો સંહાર કરવો? આપણે ભગવાન ઋષભદેવના વંશજ છીએ. આમ આપણા સ્વાર્થ માટે લાખો જીવોનાં લોહી રેડવા આપણા માટે ઉચિત નથી.' આ પ્રમાણે કહીને ઉચિત પ્રત્યુત્તર લઈ આવો.'

'જી હમણાં જ જાઉં છું.'

'સાથે સેનાપતિજીને લઈ જજો.'

'શી જરૂર છે? ભગવાન જિનેશ્વરદેવની કૃપાથી સેવક નિર્ભય છે!'

'ભગવાન જિનેશ્વરદેવ તમારૂં રક્ષણ કરો.'

મહામંત્રી દ્વાર પર આવ્યા ક્ષણભર ઉભા રહી ગયા. મનમાં શ્રી નવકારનું સ્મરણ કરી પ્રયાણ કર્યું. સીધા જ તેઓ અયોધ્યાની છાવણી પાસે આવી પહોંચ્યા. પહેરદારે રોકયા.

'કોણ છો? કયાં જવું છે?'

'હું મહાપુર રાજયનો મહામંત્રી છું ને મારે અયોધ્યાપતિને મળવું છે. તું મને અયોધ્યાપતિ પાસે લઈ જા.'

દ્વારરક્ષક તો મહામંત્રીને જોઈ જ રહ્યો. તેને થોડુંક આશ્ચર્ય અને કુતુહલ થયું.

'આપ અહીં થોડી વાર ઉભા રહો. હું અમારા નાયકને બોલાવું.'

દ્વારરક્ષક થોડી ક્ષણોમાં જ પાછો આવ્યો. તેની સાથે તેનો નાયક પણ અનેક શસ્ત્રથી સજ્જ થયેલો, આવી પહોંચ્યો. મહામંત્રીને લઈ તે અયોધ્યાપતિની શિબીર પાસે પહોંચ્યો. મહામંત્રીને બહાર ઉભા રાખી તે અંદર ગયો અને થોડી ક્ષણોમાં પાછો આવી મહામંત્રીને લઈ પુનઃ અંદર પ્રવેશ્યો.

'પધારો મહામંત્રીજી!' અયોધ્યાના મહામાત્યે સ્વાગતોચ્ચારણ કર્યું. અને યોગ્ય આસન આપ્યું.

'અત્યારે શા કારણે પધારવાનું થયું?' મહામાત્યે પ્રશ્ન કર્યો.

'મહાપુરના મહારાજાનો એક મહત્વનો સંદેશો આપવા માટે.'

મહામંત્રીએ શિબીરની અંદર ચારેકોર દૃષ્ટિ નાંખી. રાજા સિંહરથ અને મહામાત્ય સિવાય બધા જ બહાર નીકળી ગયા. મહામંત્રીએ કહ્યું:

'મહારાજા સોદાસની એવી આંતરેચ્છા છે કે યુદ્ધ બે સૈન્ય વચ્ચે ન થાય, પરંતુ બે રાજાઓ વચ્ચે થાય!' સિંહરથ સામે જોઈ મહામંત્રીએ ટૂંકી ભાષામાં કથનીય કહી દીધું.

'શું અયોધ્યાનું અજેય સૈન્ય જોઈ મહાપુર નરેશ ગભરાઈ ગયા?' સિંહરથે વ્યંગમા કહ્યું.

'હા હા હા હા......મહારાજા સોદાસ જેવા પરાક્રમી નરવીર ગભરાય? ભૂલ્યા મહારાજા! મહા-

રાજા સોદાસ કહે છે કે આપણે બંને ભગવાન ઋષભદેવના વંશજ છીએ. આપણા અંગત સ્વાર્થ માટે લાખો જીવોનાં લોહીની નદીઓ વહેવડાવવી ઉચિત નથી. માટે બંને રાજાઓ જ લડી લે!' મહાપુરના મહાપ્રજ્ઞ મંત્રીએ હસતાં હસતાં વાતને સ્પષ્ટ કરી.

સિંહરથે મહામાત્ય સામે જોયું. મહામાત્યે સંમતિ દર્શાવી. સિંહરથે સોદાસનું આહ્વાન સ્વીકારી લીધું. મહાપુરના મંત્રીએ આનંદ વ્યક્ત કર્યો અને જવાની રજા માંગી.

બંને છાવણીઓમાં જાહેર કરવામાં આવ્યું કે યુદ્ધ બે સૈન્યો વચ્ચે નહીં થાય પરંતુ બે રાજાઓ વચ્ચે થશે.

જુઓ આ છે સંસારની વિચિત્રતા! પુત્રપિતા સામે યુદ્ધના મેદાનમાં ઉતરે છે! એ પણ શ્રી રામના પૂર્વજો! ભગવાન શ્રી ઋષભદેવનાં વંશજો! કર્મો કોને ભાન નથી ભૂલાવતા?

બે બાજુ બંને સૈન્યો શસ્ત્ર નીચે મૂકીને ઉભાં રહી ગયાં. બંને રાજાઓ રથારૂઢ થયા. બંનેના રથ સામસામા આવી ગયા.

'પહેલાં તું પ્રહાર કર!' સોદાસે સિંહરથને કહ્યું.

સિંહરથે ધનુષ્ય પર તીર ચઢાવ્યું...કાન સુધી ખેંચીને સોદાસ પર છોડયું. તીર સોદાસના કાન પાસે થઈને પસાર થઈ ગયું. સોદાસે એક સાથે દસ તીર છોડયાં...સિંહરથે વચ્ચેથી જ એ તીરોને તોડી નાંખ્યાં. અને પાંચ તીર છોડી સોદાસના રથના અશ્વને ઘાયલ કરી દીધો. સોદાસે પાંચ તીર છોડી સિંહરથના મુગટને ઉડાવી દીધો અને પોતાના રથને સિંહરથના રથની લગોલગ લાવી દીધો. સિંહરથે ધનુષ્ય-બાણ નીચે મૂકી દીધાં અને હાથમાં ગદા લીધી. સોદાસે પણ હાથમાં ગદા લીધી. સામસામી ગદાઓ ટકરાવા લાગી. તેમાંથી અગ્નિકણ ઝરવા લાગ્યા. બ્રહ્માંડ પ્રસ્ફોટ જેવો ભયાનક ધ્વનિ થવા લાગ્યો...સોદાસે કળાપૂર્વક સિંહરથના હાથ પર પ્રહાર કર્યો....સિંહરથની ગદા ઉછળીને દૂર પડી....એ બીજું શસ્ત્ર ઉપાડવા જાય ત્યાં તો સોદાસે લાત મારી તેને નીચે પટકી દીધો અને હાથમા પરશુ લઈ તેની છાતી પર ધરી દીધું.

મહાપુરના સૈન્યે ગગનભેદી જયધ્વની કર્યો. સિંહરથના રથ પર મહાપુરનો ધ્વજ લહેરાવી દેવામાં આવ્યો! અયોધ્યાના મંત્રીમંડળે સોદાસના ચરણોમાં વંદના કરી. સોદાસે સિંહરથને ઉભો કર્યો.

'પુત્ર! મારે તારું રાજ્ય લેવું નથી, મારું રાજ્ય તને આપવું છે! અયોધ્યાનું રાજ્ય મેં તને આપ્યું ન હતું...એ તો મંત્રીમંડળે તને આપ્યું હતું...આજે હું તને અયોધ્યાનું રાજ્ય પણ આપું છું અને મહાપુરનું રાજ્ય પણ તને સોંપું છું!'

'પિતાજી, મારો અપરાધ ક્ષમા કરો.' સિંહરથે સોદાસનાં ચરણોમાં નમસ્કાર કર્યા.

મહાપુરના મંત્રીવર્ગે જ્યારે જાણ્યું કે સોદાસ તો એ જ છે કે જેઓ અયોધ્યાના માલિક હતા! ત્યારે તેમનો હર્ષ ખૂબ વધી ગયો. મંત્રીમંડળે સિંહરથને પ્રણામ કર્યા. સોદાસે મહાપુરના મંત્રીમંડળને કહ્યું:

'આજથી તમારો માલિક સિંહરથ છે....એની આજ્ઞાનું પાલન કરજો.'

'પરંતુ નાથ આપ...'

'હું? હવે માલિક બનવા નથી માંગતો...હું તો હવે સેવક બનીશ....જિનચરણનો સેવક બનીશ... મારાં પાપોનું પ્રાયશ્ચિત કરીશ...'

'આપના વિના તો સ્વામી, અયોધ્યાનું રાજ અનાથ બનશે...'

'અયોધ્યાનું રાજ જ્યાં સુધી ભગવાન ઋષભદેવથી ચાલી આવતી ત્યાગની પરંપરાને અનુસરશે ત્યાં સુધી સનાથ જ રહેવાનું છે! હું એ મહાપુરુષોને અનુસરવા માંગું છું કે જેમણે સર્વત્યાગ કરી પરમ આત્મકલ્યાણ સાધ્યું છે...તે પુણ્યપુરુષો તો ધન્ય હતા...સંસારમાં પણ સચ્ચારિત્રી હતા...જ્યારે હું તો પાપી છું...મેં ઘોર પાપો કર્યાં છે મેં મહાસતી માતા સિંહિકાની કુક્ષીને લજાવી છે....'

બંને રાજ્યના મંત્રીઓની આંખો આંસુઓથી ભીની થઈ ગઈ. અયોધ્યાના મહામાત્યે કહ્યું :

'નાથ, હમારો અપરાધ ક્ષમા કરો. અમે આપના પ્રત્યે ઘણો જ અન્યાય કર્યો છે...અનુચિત વર્તન કર્યું છે....'

'તમે જરાય અનુચિત નથી કર્યું. અયોધ્યાના મંત્રીમંડળને જે ઉચિત હતું તે જ કર્યું છે... પથભ્રષ્ટ રાજાને પદભ્રષ્ટ કરવો એ ન્યાયપુરસ્સર હતું.'

'આપ અયોધ્યામાં પધારવા કૃપા કરો.' મહામાત્યે પ્રાર્થના કરી.

'હવે મારે અયોધ્યાનું શું પ્રયોજન છે? હવે તો એ મહાન ગુરૂદેવની જ છાયામાં જવું છે... જેમણે મને નવજીવન અર્પ્યું...જેમણે મને સત્પથ પર ચઢાવ્યો...જેમણે મને રાક્ષસ મીટાવ્યો અને માનવ બનાવ્યો...એ મહામુનિ મને બોલાવી રહ્યા છે....હવે તો **अरिहंते शरणं पवज्जामि'**

સોદાસે યુદ્ધ ભૂમિ પર જ સંસારી વેશનો ત્યાગ કર્યો. સાધુવેશને ધારણ કરી લીધો. અયોધ્યાના લાખો નર-નારીઓ દોડી આવ્યાં. રાજર્ષિના પાવન ચરણે સહુએ અશ્રુભીની આંખોએ વંદના કરી.

શ્રી રામચંદ્રજીના પૂર્વજોનો તેજસ્વી ઇતિહાસ અહીં પૂર્ણ થાય છે. રાગ પર અંતે ત્યાગનો મહાન વિજય માનવ જાતને જીવનનું અંતીમ લક્ષ સૂચવી જાય છે. રાગમાં જીવન વીતાવી રહેલા મનુષ્યનું અંતીમ લક્ષ તો સર્વત્યાગનું જ હોવું જોઈએ. જીંદગીના છેલ્લા શ્વાસ સુધી રાગમય જીવન જીવવું એ ભગવાન શ્રી ઋષભદેવની સંસ્કૃતિ નથી.

**તૃતીય ખંડ સમાપ્ત**

---

(અનુસંધાન પાન ૨૨૮ થી ચાલુ)

સર્વશ્રેષ્ઠ શ્રી જૈન શાસનમાં મહાપુણ્યોદયે જન્મેલા ભવ્ય આત્માઓને શાસનની અને તીર્થના સ્થાપક શ્રીમદ્ જિનેશ્વરદેવોની સાચી ઓળખ સાધુ મહાત્માઓ વ્યાપક રીતે કરાવતા રહે તો અનોખી ભક્તિ ભગવંત અને શાસન પ્રત્યે આત્માઓમાં જન્મે. એ જન્મેલી સાચી ભક્તિ સ્વના આત્મકલ્યાણ સાથે શાસન અને ધર્મના વિપુલ ઉત્કર્ષ માટે સઘળુંએ કરી છૂટશે. શક્તિ નહિ જ હોય તો ઝંખના અદ્ભુત બનશે. કરી નહિ શકે તો કરાવશે. અનુમોદના તો અતિ તીવ્ર જ હશે. પરમાર્થના કાર્યમાં પથ્થર નાંખશે તો નહિ જ. પણ પડવા પણ નહિ દે.

એ આત્માઓને દેવાલયો, ઉપાશ્રયો, જ્ઞાનમંદિરો, અન્ય ધર્મસ્થાનો આત્મીય બની જશે. તીર્થોની રક્ષા માટે સદા તત્પર રહેશે. શાસ્ત્રો અને આગમો એને મન સંપત્તિ ભંડારો કરતા અધિક હશે. સુસાધુઓની ભક્તિ અને તેમના ભાવપ્રાણની રક્ષા જીવનાધિક ગણશે. ત્યાગની સુવાસ વિશ્વમાં ફેલાવવા શૌર્યવંત બનશે. મહા શ્રમણોના ગુણાનુવાદ દુનિયાભરમાં વ્યાપક બનશે. એ મુનિપુંગવોના ચરણે દેશવિદેશથી આવી વિદ્વાનો આશ્રય લેશે. સર્વજ્ઞ ભગવંતના સર્વદર્શી તત્ત્વોનું અમીપાન કરતા એમના હૈયા નાચી ઉઠશે. શાસ્ત્રના સાચા સંદર્ભને પામેલાઓ વિશ્વવંદ્ય શ્રી વીતરાગ ધર્મની સૌરભ સારાયે જગતમાં ફેલાવશે. અને એ સુરભિ વિશ્વમાં અનુપમ શાંતિ-સુખ અને સ્વાસ્થ્ય લાવે જ એમાં આશ્ચર્ય શું !

સર્વ વાતનો નિષ્કર્ષ એક. પૂજ્યોએ ઉપેક્ષા છોડી જાગૃતિ આણવા પુરપાટ પ્રયાસ ને વેગ આપવા કૃપા કરી, જાગૃતિ, પાયાના સિદ્ધાંતો, જિનેશ્વરદેવોના મહાતારક સ્વરૂપની ઓળખ, મહાશાસનમાં રહેલો વિરાટ વિશ્વરક્ષકભાવ અને વિશ્વવ્યવસ્થાનું ભાન કરાવવું. અંશતઃ કે સર્વતોમુખી ત્યાગ પરજ રહેલી ધર્મની પ્રધાનતા-ધર્મને નામે અધર્મના ફેલાવાનો અટકાવ. મૈત્રી અને કારૂણ્યભાવનો પ્રભાવ. ગુણીજનોના સાચા ગુણોનું કીર્તન. પતિત પ્રત્યે પ્રેમ અને છેવટે ઉપેક્ષા. આટલા તત્ત્વોનો પ્રેરક અને વ્યાપક પ્રચાર એટલે અંસ્તે કદમ પણ સર્વતોમુખી સાધના. આ સાધના દ્વારાજ વ્યાપક અસ્તવ્યસ્તતાનો અંત. અને ચતુર્વિધ શ્રી સંઘમાં આત્મ-સ્વાસ્થ્યનો અનુભવ અને તારક મહાશાસનનો જયજયકાર.

# ગુજરાતનું ભવ્ય તીર્થ ગંધાર

શ્રી એન. બી. શાહ. ભરૂચ

ગુજરાતના દક્ષિણ-પશ્ચિમ છેડા ઉપર ભરૂચથી ઉત્તર પશ્ચિમ દીશામાં ૨૬ માઇલ દૂર આવેલું ગંધાર એ આપણું પ્રાચીન તીર્થ છે.

ગંધારની આસપાસ ત્રણ માઇલના વિસ્તારમાં પથરાએલા ખંડિયેરો એની ભૂતકાલીન ભવ્યતાનો આજે પણ સ્હેજે ખ્યાલ કરાવે છે. ઇતિહાસના પાનાઓમાં એની કીર્તિગાથાઓ અંકિત થઇ ચૂકી છે.

ઇતિહાસકારોનું કથન છે કે, સોલમા સૈકામાં ગંધારની ભારે જાહોજલાલી હતી. સંવત ૧૫૧૩ થી ૧૭ મા સૈકા સુધીમાં ગંધારના શ્રાવકોએ ભરાવેલી પ્રતિમાઓ અને લખાવેલા મહાન ગ્રન્થો આજે પણ જુદા જુદા ગામના દહેરાસરો અને ભંડારોમાં નજરે પડે છે.

એક વખત ગંધાર શહેરમાં શ્રાવકોનાં ૧૦૦૦ ઘર હતાં. અને સેંકડો કરોડપતિઓ હતા. અને લક્ષાધિપતિઓનો તો પાર નહોતો. એમ પૂર્વના ઇતિહાસમાં ઉલ્લેખ આવે છે.

પૂ. જગતગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરજી તે વખતે ગંધારમાં ચોમાસું હતા અને બાદશાહ અકબરને જૈનધર્મના સિદ્ધાંતો જાણવાની ઉત્કંઠા તે સમયમાં થએલી જેથી બાદશાહના આમંત્રણથી શ્રી હીરવિજયસૂરિજી ગંધારના શ્રાવક સંઘની અનુમતિ મેળવીને દીલ્હી ગયા હતા. અને બાદશાહને પ્રતિબોધ કરી જૈન ધર્મનો વિજય વાવટો ફરકાવવામાં ફત્તેહમંદ નીવડયા હતા. આ વિશેનો સંપૂર્ણ ઇતિહાસ **'સમ્રાટ અને જગતગુરૂ'** નામના પુસ્તકમાં સારી રીતે જાણવા મળે છે.

સંવત ૧૭૧૪માં પૂ. શ્રી વિજયદેવસૂરિએ શ્રી કમલવિજયજીને આ ગંધાર નગરમાં જ પંડિતપદ આપ્યું હતું. અને ઇંદ્રજી નામના શ્રાવકે શ્રી મહાવીર સ્વામીનું નવીન દહેરાસર બંધાવી ૧૬૪૩ માં જેઠ સુદી ૧૦ ને શુક્રવારે શ્રી હીરવિજયસૂરીજી પાસે મહામહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ પણ જોવા મળે છે. આ દહેરાસરનાં ખંડીયેરની ગવાહી પૂરતાં આજે પણ ગામ બહાર તેના અવશેષો જોવા મળે છે.

પૂ. ઉપા૦ શ્રી વિનયવિજયજી મહારાજે શ્રી પ્રકરણ રત્નાકરગ્રન્થની રચના ગંધારમાં જ કરી હતી. ૧૮ મા સૈકામાં શ્રી જ્ઞાનવિજયસૂરિએ રચેલી તીર્થમાળા અને શ્રી ઉત્તમવિજયજી મહારાજે રચેલા શ્રી જીતવિજય નિર્વાણરાસમાં ગંધારની ભવ્યતાનો ઉલ્લેખ કરેલો છે, જેનું અવલોકન કરતાં આપણને સહેજે ગંધારના શ્રીમંતો અને સંઘના વર્ચસ્વની ભવ્યતાનો ખ્યાલ આવી જાય છે.

તે વખતે ગુજરાતના બંદરોમાં ગંધાર એ બીજા નંબરનું બંદર ગણતું હતું. ઇ. સ. ૧૭૫૧ લગભગમાં ગંધાર શહેરમાં ૧૭ દહેરાસરો હતાં અને એકસો ઉપરાંત કરોડપતિઓ હતા. લક્ષાધિપતિઓનો તો કોઈ હિસાબ ન હતો. આવું હતું તે વખતનું ગંધાર.

ગુજરાતનો દરિઆઇ વહેપાર આ બંદરેથી થયા કરતો અને તે વખતે કાવી અને ખંભાત પણ મોટાં બંદરો ગણાતાં હતાં.

ઇતિહાસકારો કહે છે કે, 'મોગલ બાદશાહ ઔરંગઝેબના વખતમાં કાવી અને ગંધારમાંથી લખલૂટ સંપત્તિ લૂંટી લઇને જૈનોનાં કેટલાય મંદિરો તોડી નાંખીને ઔરંગઝેબ ચાલ્યો ગએલો.' આ ઉપરથી એ વાત નક્કી થાય છે કે, ઔરંગઝેબ જેવાના વખતમાં ગંધારનુ પતન થએલું. કાળની કરામત તે આનું નામ.

આજે તો ગંધાર લગભગ સોથી દોઢસોની વસ્તી વાળું એક નાનું ગામડું છે. જ્યાં ફક્ત જૈનોના બે જ ઘર છે, અને તે પણ સૌરાષ્ટ્રમાંથી

# પ્રાચીન ને ભવ્ય તીર્થ શ્રી અજારા

શ્રી યાત્રિક

ઉનાથી ૧ કોશ દૂર અજારા નામનું લઘુ નાનું ગામડું છે. એક કાળે આની મોટા નગર તરીકે ભારે ખ્યાતી હતી. જૈનોનું આ કેન્દ્ર ધામ હતું. આ આબાદ નગર અનેક જૈન મંદિરોથી શોભી રહ્યું હતું. અજારા ગામમાં બિરાજમાન શ્રી અજાહરા પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી વિષે દંતકથા એવી છે કે, પૂર્વે દેવલોકમાં શ્રી ધરણેન્દ્રદેવે ૭ લાખ વરસ, શ્રી કુબેરદેવે છસો વર્ષ, અને શ્રી વરુણદેવે સાત લાખ વર્ષ, આ પ્રતિમાજીનું પૂજન કર્યું હતું અને તે પછી અહિં પ્રાચીન કાળમાં રઘુકુળના **અજયપાલ** નામના રાજાને જ્યારે અનેક રોગોએ ઘેરી લીધેલ ત્યારે તેનું નિવારણુ આ **પાર્શ્વનાથ ભગવાન**ની પ્રતિમાના ન્હવણુ જળથી થયું હતું એ ઉપકારવશ થયેલા રાજાએ આ સ્થળે **અજયનગર** વસાવી એક મોટું જિનમંદિર બંધાવ્યું અને એ પ્રતિમાની તેમાં સ્થાપના કરી. પાછળથી આ નગર એ રાજા અને આ મંદિરગૃહના સંયુક્ત એવા **અજાહરા–અજારા** નામે ઓળખાવા લાગ્યું.

મતલબ કે મધ્યકાળમાં આ નગર ખૂબ આબાદ હતું અને જૈનોની વસ્તી તેમ જ મંદિરોની વિપુલતાથી આ નગર ઝગઝગી રહ્યું હશે એમાં શંકા નથી.

અહીંના ઉજ્જડ પ્રદેશમાંથી લગભગ ૧૫૦ જેટલી પ્રાચીન જૈન મૂર્તિઓ મળી આવી છે. એ સિવાય આજે પણ શાસનદેવ–દેવીઓની અને તીર્થંકરોની અનેક મૂર્તિઓ ખંડિત-અખંડિત દશામાં મળતી રહે જ છે. ચોરા નીચે પ્રાચીન મૂર્તિઓ દટાયેલી હોવી જોઇએ. કેમકે થોડા સમય પહેલાં દેવીની મૂર્તિ નિકળેલી. જે આજે પણ એક ભાગમાં ઉભી છે. અહીંથી મળી આવેલી મૂર્તિઓમાંથી એક મૂર્તિ ભાવનગરના **દાદા સાહેબના મંદિરમાં** આજે પણ પ્રતિષ્ઠિત છે અને બીજા **શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન**ની મૂર્તિ મુંબઇમાં છે, ગામની બહાર **અજયપાલ રાજા**નું સ્મરણુ કરાવતા દાડમના વૃક્ષો જેવા **અજયપાલ** નામના વૃક્ષો ઉભા છે. એના પાંદડા કદી કરમાતા નથી. તે અનેક રોગોના ઉપદ્રવને મટાડે છે એમ કહે છે. વળી અહીં દોઢસો જેટલી પ્રાચીન વાવો છે.

આ ઉપરથી આ ગામની પ્રાચીનતા અને જાહોજલાલીની ઝાંખી સ્પષ્ટ થઈ આવે છે. ચૌદમાં

---

વેપારધંધે આવેલાં છે. હાલમાં જે દહેરાસર છે તે નવું બનાવેલું છે. ગામની ભાગોળે જુના દહેરાસરના ખંડિયેરો જોવામાં આવે છે.

હાલમાં ગંધારતીર્થનો વહીવટ ભરૂચના શેઠ ચુનીલાલ રાયચંદભાઈ કરે છે. તેઓ ઘણા ધર્મનિષ્ઠ અને સેવાભાવી છે, તેમની લાગણી અને પ્રયત્નથી આજે ગંધારતીર્થ સારી ખ્યાતીને પામતું જાય છે.

હાલમાં ગંધાર જવા માટે ભરૂચથી ત્રણ વખત એસ. ટી. જાય છે. ભરૂચમાં જાત્રાળુઓ માટે શ્રીમાળી પોળમાં નવી ધર્મશાળા છેલ્લા પાંચ વરસથી થઇ છે. ગાદલાં ગોદડાં ઈ.ની સારી સગવડ રાખવામાં આવે છે. ગંધારમાં કાર્તિક સુદી ૫ અને ચૈત્ર સુદી ૧૫ અને મહા સુદી ૫ જાત્રાળુઓનો મેળો ભરાય છે, અને નૌકારશીઓ થાય છે. ગંધારમાં નવીન દહેરાસર ભવ્ય અને કલાત્મક છે. શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભ.ની મૂર્તિ મૂળનાયક છે. મૂર્તિ ઘણી ભવ્ય અને દર્શનીય છે. ધર્મશાળા અને પેઢીનું કારખાનું પણ છે. દરેક જાતની જાત્રાળુઓ માટે સગવડ રાખવામાં આવે છે.

સૌકાના યાત્રી પૂ. શ્રી વિજયપ્રભ ઉપાધ્યાયે રચેલી તીર્થમાળામાં અહીંના પાર્શ્વનાથ મંદિરની નોંધ કરેલી છે. દુર્ભાગ્યે અહીં શ્રાવકનું એકે ઘર આજે વિદ્યમાન નથી.

અહીં એક માત્ર ભવ્ય શિખર બંધી જૈન મંદિર મૌજુદ છે, એનો મૂલ ગભારો રંગમંડપ અને શિખરની રચના મનોહર છે. તેમાં મૂળનાયક **શ્રી પાર્શ્વનાથ ભગવાન**ની પ્રાચીન મૂર્તિ વેરૂ (રેતી)ની બનેલી છે. તેના ઉપર લાલ લેપ કરેલો હોવાથી મૂર્તિ રમણીય લાગે છે. બંને હાથ તદ્દન સાંકડા દેખાય છે. માથે ભામંડળ આગળ નાગોએ ફણા વિકુર્વી છત્ર બનાવેલું છે. મૂર્તિની ઉંચાઇ લગભગ ૩ ફીટથી વધુ નથી. મૂળ ગભારામાં બંને પડખે બે કાઉસગ્ગિયા મૂર્તિઓ છે. તે અહીંયા **અજયપાલ** નામના ચોરાની જમીન ખોદતા મળી આવી હતી. તેના ઉપર સં. ૧૩૨૩ ના જેઠ સુદિ ૮ ને ગુરૂવારે શ્રી ઉદયપ્રભસૂરિના પટ્ટલંકાર શ્રી મહેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કર્યાનો લેખ કોરેલો છે. વળી અહીંની ભૂમિમાંથી એક સાથે ૨૨ મૂર્તિઓ પ્રથમ મળી આવી હતી. તેમાં **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન**ની મૂર્તિ હતી, તેમના પરિકરની નીચે નવગ્રહ અને બાજુમાં યક્ષ-યક્ષણીની મૂર્તિઓ કોતરેલી છે. તેની નીચે સ. ૧૩૪૩ ના માહ વદિ ૨ ને શનિવારે પ્રતિષ્ઠા કર્યાનો લેખ મૌજુદ છે. અહીંથી એક ૩૫ રતલના વજનવાળો ઘંટ મળી આવ્યો છે. જેમાં **શ્રી અજારા પાર્શ્વનાથ** સં ૧૦૩૪ શા. રાયચંદ જેચંદ એવા અક્ષરો કોતરેલા કહે છે. વળી બીજા ઘંટ ઉપર સં. ૧૬૬૨ નો લેખ છે. આ બધી પ્રાચીન મૂર્તિઓ અને ઘંટ વગેરે આ મંદિરમાં પધરાવેલા છે.

મંદિરની જમણી બાજુએ એક છત્રાકાર ગભારો છે, ને તેની પાસે રાયણવૃક્ષની રચના કરેલી છે. આ બંનેની વચ્ચે ઉપર સં ૧૬૭૮ ના ફાગણ સુદિ ૯ ને શનિવારનો લેખ ઉત્કીર્ણ છે.

મંદિરના ચારે દિશા અને ખુણાઓમાં પણ શ્રી પૂ. આનંદવિમલસૂરિ, પૂ. શ્રી વિજયદાનસૂરિ, પૂ. શ્રી હીરવીજયસૂરિ, પૂ. શ્રી વિજયસેનસૂરિ, પૂ. શ્રી મોહનમુનિ, પૂ. શ્રી તત્વકુશલમુનિ અને પૂ. ઉપાધ્યાય શ્રી વિદ્યાસાગર મહારાજની પાદુકાઓ પ્રતિષ્ઠિત છે.

**અજારાની પંચતીર્થીમાં આ સ્થળ મુખ્ય તીર્થધામ છે.**

મહુવાથી તથા સાવરકુંડલાથી ઉના જવાય છે, ને ઉનાથી ૧।। ગાઉ ઉપર અજારા છે. વેરાવળથી ઉના રેલ્વે રસ્તે જવાય છે. ધર્મશાળા, ભોજનશાળા આદિની વ્યવસ્થા છે. ઉનામાં પણ સુંદર જિનાલય છે. એક વખત અજારા તીર્થની યાત્રાનો જીવનમાં જરૂર લાભ લેવા જેવો છે.

આવા પ્રાચીન ને ભવ્ય તીર્થની સ્પર્શનાથી તન, મન તથા આત્માને જરૂર અલૌકિક શાંતિ પ્રાપ્ત થશે.


## રેશમી અબોટીયા-બેશ

**બનાવનાર તથા વેચનાર**

## કે. મહેન્દ્ર સીલ્ક ફેબ્રીકસ

**બોઘાની વાડી, સ્ટેશન સામે,**

## સુરત

**—: મળવાનાં ઠેકાણાં :—**

**સુરત.** સંઘવી ઘેલાભાઈ રાયચંદ
જરી તથા કપડાના વેપારી
ગલેમંડી, ગોળશેરી, સુરત

**મુંબઇ.** ધનરાજ લલ્લુભાઈ સુખડીયા
૫૧-૫૩ મીરઝા સ્ટ્રીટ
૩ જે માળે, મુંબઇ-૩

**પાલીતાણા.** સોમચંદ ડી. શાહ
પાલીતાણા.

# મંત્ર પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય :** પુષ્પચૂલ-વંકચૂલનાં જીવનમાં મંગલમય પરિવર્તન આવી ગયું છે, તેને નિયમ આપનાર પૂ આચાર્ય મ.ના ઉપદેશથી જિનાલય જીર્ણોદ્ધારનું કાર્ય તેણે પ્રારંભ્યું છે. શ્રી ચિલ્લણ પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી નદીમાંથી પ્રગટ થયા, તેથી પૂ. આ. મ.શ્રીની શુભ પ્રેરણાથી તે પ્રતિમાજીને નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવાની ભાવનાથી જિનાલયનું કાર્ય તેના દ્વારા વેગથી પ્રારંભાયું. આસો સુદિ ૧૦ના પ્રતિષ્ઠાનો દિવસ પણ નક્કી થયો.

**હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૮ મું

## અંતરાય આવ્યો !

સમયની ચાલ કદિ પણ વિસામો લેતી નથી. કાળ એની નિયત ગતિમાં અનંત યુગોથી ચાલ્યો જ જાય છે. કાળની ગતિને સંસારની કોઈ શક્તિ એક પળ પૂરતી પણ થંભાવી શકી નથી.

વાત વાતમાં બીજા ચાર મહિના પસાર થઇ ગયા.

આ ચાર માસમાં અનેક બનાવો બની ગયા. પરંતુ વંકચૂલ માટે આનંદ મળે એવા બે બનાવ બની ગયા.

મહાદેવી મદનિકાનું હૈયું પશ્ચાત્તાપના અગ્નિ વડે કંચન સમું બની ગયું અને વંકચૂલે મહારાજાને એ નિર્મળ હૈયું એકવાર નિહાળવાની વિનંતિ કરતાં કહ્યું હતું; 'મહારાજ, અગ્નિથી જેમ કંચન વિશુદ્ધ બને તેમ પશ્ચાત્તાપ વડે મહાદેવીનું અંતર નિર્મળ બની ગયું છે. આપ એક વાર એમની ખાત્રી કરી લ્યો.'

'પુષ્પચૂલ, મારા ચિત્તને લાગેલો વિશ્વાસઘાતનો આઘાત કેમેય રૂઝાતો નથી. તું આવો આગ્રહ શા માટે કરે છે ?'

'મહારાજ, એકવાર ભૂતકાળનો પ્રશ્ન મનમાંથી ફેંકી દો, એટલે ઘાવ આપોઆપ રૂઝાઇ જશે. વળી મહાદેવીએ જે દોષ કર્યો હતો, તે કેવળ મનની ચંચળતાના કારણે જ હતો. એમની કાયાને કોઇ દૂષણ લાગ્યું નથી.'

'મિત્ર, તારા સ્થળે અન્ય કોઇ રૂપવાન ચોર આવ્યો હોત તો પરિણામ શું આવ્યું હોત ?'

'મહારાજ, અન્ય કોઈ આવ્યું જ નથી પછી એવી કલ્પનાને શા માટે સ્થાન આપવું જોઇએ ? અને આપે એમને ક્ષમા પણ આપી છે. ઉપેક્ષા દૂર કરીને આપ એકવાર એના એ પ્રેમાળ હૃદયે એમની પાસે જાઓ, અને ખાત્રી કરો કે મારો અભિપ્રાય કેવળ લાગણીવશ નથી. પણ.'

વચ્ચે જ મહારાજાએ વંકચૂલના ખભા પર હાથ મુકીને કહ્યું. 'મિત્ર, તારા શબ્દોમાં જ મને એવું કોઇ બળ દેખાય છે કે તારી માગણીનો હું ઈન્કાર કરી શકતો નથી.'

અને બીજે જ દિવસે મહારાજા મદનિકાને મળ્યા હતા. બંને વચ્ચેનો અંતરાય દૂર થઈ ગયો હતો. મહારાજાએ જ વંકચૂલને કહ્યું હતું, 'મિત્ર, જેમ પારસમણિના સ્પર્શથી લોઢું કંચન બની જાય તેમ તારા પ્રયત્નથી જ મહાદેવીનું મન નિર્મળ બની ગયું છે અને મારો મનઃસ્તાપ પણ દૂર થયો છે. ખરેખર, તેં મારા પર મોટો ઉપકાર કર્યો છે. પણ એક આનંદજનક વાત તને હું કહું છું કે, મહારાણીએ પોતાના દોષના પ્રાયશ્ચિતરૂપ છેલ્લા છ માસથી આયંબિલ તપની આરાધના કરી હતી.'

'એ હું જાણું છું.' વંકચૂલે કહ્યું.

મહારાજાએ કહ્યું; 'તારી ચિંતા દૂર કરવાનું મહારાણીએ પોતાના માથે લીધું છે.'

'મારી ચિંતા ?'

'એનો નાનો ભાઈ વત્સદેશનો યુવરાજ છે.

ચોવીસ વર્ષનો સંસારી નવજવાન છે. શ્રીસુંદરી માટે મહાદેવી જ પ્રયત્ન કરશે, પરંતુ હવે તારે મારી એક વાત સ્વીકારવી પડશે.'

'આજ્ઞા કરો...'

'તારા પિતાશ્રીને હવે મારે સમાચાર આપવા જોઈએ,'

'મહારાજ....'

'તારા અંતરમાં એમના પ્રત્યે કોઈ પ્રકારનો રોષ પડયો છે?'

'ના, મહારાજ મારા માતાપિતાને હું હંમેશ મનથી નમસ્કાર કરૂં છું. પરંતુ એમને મોઢું બતાવવા મારૂં મન હજી માનતું નથી...આપ કૃપા કરો તો કમલાને પ્રસૂતિ આવ્યા પછી.'

'ભલે, ત્યાર પછી હું તને પૂછયા વગર સંદેશો મોકલી આપીશ.

'અવશ્ય.'

એમ જ થયું.

નવ મહિના ને દસ દિવસે કમલાને સુંદર, સ્વસ્થ અને તેજસ્વી પુત્રનો પ્રસવ થયો.

આ સમાચારથી સમગ્ર રાજભવનમાં આનંદ છવાઈ ગયો.

માલવપતિએ રાજભવનના દરેક દાસદાસીઓને વસ્ત્રાલંકારોની ભેટ આપી. ગરીબોને દાન આપ્યું. અને મિત્રને ત્યાં થયેલા પુત્રજન્મનો ઉત્સવ રચ્યો.

મહાદેવી મદનિકા દસ દિવસ પર્યંત રાત દિવસ કમલાની પાસે જ રહ્યા. રાજજ્યોતિષિએ નામકરણ વિધિનું મુહૂર્ત આપ્યું અને સવા મહિનાના પ્રસૂતાસ્નાન પછી નવજાત શિશુનું નામ પાડવામાં આવ્યું સુદર્શનકુમાર.

સવા મહિનાના સ્નાન પછી વંકચૂલ બાળક, બહેન અને પત્ની સાથે જિનપ્રાસાદમાં દર્શનાર્થે ગયો.

અને મહાદેવી મદનિકાના પ્રયત્નને સફળતા મળી ગઈ એનો નાનો ભાઈ યુવરાજ અભયમિત્ર ખાસ નિમંત્રણથી ઉજજયિની આવ્યો અને શ્રીસુંદરીને જોયા પછી તેણે સંમતિ આપી.

વિધિ ત ત્યાંજ વાગદાન કરવામાં આવ્યું.

કમલાનાં ચિત્તની પ્રસન્નતાનો પાર નહોતો. મમતાભરી નણંદ માટે કલ્પના કરતાંયે ઉત્તમ સ્થળ મળી ગયું હતું.

મહારાજા વીરસેને પોતાના એક મંત્રી સાથે ઢીંપુરી રાજ્યના મહારાજા વિમળયશને એક લેખિત સંદેશો મોકલ્યો. તેઓએ સંદેશામાં નીચે મુજબ લખ્યું હતું;–

'પરમપૂજ્યશ્રી મહારાજાધિરાજની પવિત્ર સેવામાં માલવપતિ મહારાજ વીરસેનના પ્રણામ સ્વિકારશો.

'મારા પિતાશ્રી અને આપ બંને પરમ મિત્રો હતા. મને યાદ છે કે બાલ્યાવસ્થામાં હું મારા માતાપિતા સાથે ત્યાં આવ્યો હતો અને એકાદ મહિના સુધી રહેલો. એ વખતે મારૂં વય દસ બાર વર્ષનું હતું. પરંતુ મારા પ્રત્યે આપશ્રીએ જે મમતા દર્શાવેલી તે આજ પણ મને યાદ છે.'

'આ સંદેશ દ્વારા હું આપને કેટલાક મહત્ત્વના સમાચાર આપવા પ્રેરાયો છું. પ્રજાના કલ્યાણ ખાતર આપે આપના એકના એક પુત્ર યુવરાજ પુષ્પચૂલને દેશવટો આપ્યો હતો અને ભાઈ પ્રત્યે ખૂબ જ ભાવ રાખી રહેલી આપની એકની એક કન્યા શ્રીસુંદરી પણ પુષ્પચૂલની સાથે ગઈ હતી. યુવરાજ્ઞી કમલાદેવી પણ પતિની સાથે ગયાં હતાં. આટલું સ્મરણ કરાવીને હું આપને જણાવવાની રજા લઉં છું કે પુષ્પચૂલમાં જે દોષો હતા તે આજ એક મહાપુરૂષના ગુણ રૂપે પરિવર્તન પામ્યા છે અને પુષ્પચૂલે કેવળ પોતાની બૂરી આદતોનો ત્યાગ નથી કર્યો પરંતુ સિંહગુહાના પ્રત્યેક ચોર પરિવારોને ચોરીના કાર્યથી નિવૃત્ત કર્યા છે અને દારૂના વ્યસનથી મુક્ત કર્યા છે. છેલ્લા સાત મહિનાથી પુષ્પચૂલ પોતાની બહેન અને પત્ની સાથે મારે ત્યાં મિત્રરૂપે રહે છે. તેણે મારા પર એવો ઉપકાર કર્યો છે કે જેનો બદલો હું કોઈ પણ ઉપાયે વાળી શકું એમ નથી.

'આપને એ જાણીને હર્ષ થશે કે યુવરાજ પુષ્પચૂલને ત્યાં એક સુંદર અને તેજસ્વી પુત્રનો જન્મ થયો છે. જન્મ થયાને લગભગ બે માસ

થઇ ગયા છે અને એનું શુભ નામ સુદર્શનકુમાર રાખ્યું છે.

'બીજી એક વધામણી એ આપું છું કે, આપના સુપુત્રી રાજકુમારી શ્રીસુંદરીનું વેવિશાળ વત્સદેશના યુવરાજ અભયમિત્ર સાથે ગઈ કાલે કર્યું છે અને બહેન શ્રીસુંદરીના લગ્નની વ્યવસ્થા ઢીંપુરી નગરીમાં જ થશે.

'મુરબ્બીશ્રી, પુષ્પચૂલના સમાચાર હું આપને ઘણા વહેલા આપવા ઇચ્છતો હતો પરંતુ પુષ્પચૂલ આપને પોતાનું મોઢું દેખાડી શકાય એવી યોગ્યતા પ્રાપ્ત કરવા માગતો હતો અને એના આગ્રહને વશ થઇને હું આપને આ સમાચાર વહેલા આપી શક્યો નથી. આ બદલ હું ક્ષમા માગી લઉં છું... પરંતુ પુત્રજન્મ અને બહેનના વેવિશાળના સમાચાર તો મારે આપને મોકલવા જ જોઇએ. એટલે આ પત્ર આપના પર પાઠવું છુ.'

'મારો વિચાર છે કે એકાદ મહિના પછી હું જાતે પુષ્પચૂલને અને તેના પરિવારને લઇને આપની સેવામાં આવી પહોંચીશ.

'આપની અને મહાદેવીની તબિયત સારી હશે. આપના શુભાશીર્વાદ પાઠવીને આપ મને અને આપના પુત્રને ધન્ય બનાવજો. અત્રે સર્વે કુશળ છે.'

આ સંદેશો મોકલ્યા પછી બારમા દિવસે ઢીંપુરી રાજ્યના મહામંત્રી અને બીજા કેટલાક સભ્યો ઘણા જ ઉત્સાહ સહિત ઉજ્જયિની આવી પહોંચ્યા.

મહારાજા વિમળયશનો સંદેશો માલવપતિના હાથમાં મૂકવામાં આવ્યો અને મહામંત્રી તેમજ રાજના અન્ય સભ્યો હર્ષાશ્રુ સહિત યુવરાજ પુષ્પચૂલને ભેટી પડયા. મહારાજ વિમળયશના સંદેશામાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું હતું;—

'રાજરાજેશ્વર શ્રીમાન માલવપતિ મહારાજાધિરાજ શ્રી વીરસેન મહારાજનો જય થાઓ. ઢીંપુરીથી વિમળયશના આશીર્વાદ;-

'આપનો પત્ર વાંચીને ડૂબતા માનવીને જેમ સહારો પ્રાપ્ત થાય તેમ મને આ અવસ્થાએ સહારો મળી ગયો છે.'

'પુષ્પચૂલ આપનો મિત્ર બન્યો છે. એ જાણીને મને ઘણો આનંદ થયો છે. પુષ્પચૂલની માતા અને હું મારા એકના એક પુત્રને મળવા ખૂબ જ ઝંખી રહ્યા છીએ. મને જો વાતરોગની પીડા ન હોત તો હું આ સંદેશાના બદલે જાતે જ આવત અને મારા પૌત્રને હૈયાસરસો લઈ આશીર્વાદની ધારા વર્ષાવત. મારી પુત્રી સમાન અને સદ્‌ગુણી કમળા તથા કુમાર સુદર્શનનું આરોગ્ય સારું જાણીને અમારાં ચિત્ત અતિ પ્રસન્ન થયાં છે, અને મારી સુપુત્રીનાં વેવિશાળનાં સમાચાર જાણીને તો અમને એમજ થયું છે કે અમારા કોઇ પુણ્યોદયનું જ આ પરિણામ છે. મારી સુપુત્રીના શુભ લગ્ન અમારે ત્યાં થશે એ અમારા માટે ગૌરવ અને પ્રતિષ્ઠાનો વિષય છે. આપની કૃપાથી લગ્નકાર્ય સુખરૂપ પતી જશે એમાં કોઈ સંશય નથી.'

'પુષ્પચૂલને ખાસ જણાવજો કે તારી માતા તને વિદાય આપ્યા પછી એક પણ દિવસ આનંદમાં રહી શક્યાં નથી. એક પણ દિવસ એવો નથી ગયો કે તેણે આંસુ ન વેર્યાં હોય!'

'હવે અમે આપ પુષ્પચૂલ અને તેના પરિવાર સાથે અહીં પધારો એની આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યા છીએ.'

'પુષ્પચૂલને મારા અને તેની માતાના આશિર્વાદ જણાવજો. શ્રીસુંદરી અને કમળાને પણ અમારા શુભાશિષ કહેજો અને અમારા વંશના રત્નસમા સુદર્શનકુમારને અમારા વતી પ્યારથી રમાડજો.'

'આ સંદેશો લઇને મારા મહામંત્રી ત્યાં આવે છે....જો બને તો પુષ્પચૂલ અને તેના પરિવાર સાથે આપ જેમ બને તેમ વહેલા પધારવાની કૃપા કરજો...સમાચાર જાણ્યા પછી પુત્ર વિયોગ પળ મારેય સહી ન શકાય એ સ્વાભાવિક છે. પુષ્પચૂલનું જીવન સંસ્કારી અને ગુણયુક્ત બન્યું છે જાણીને અમારા હર્ષનો કોઈ પાર નથી.'

'રાજ રાજેશ્વર, જો આપ રાજકાજના અંગે વહેલા ન આવી શકો તો મારા મહામંત્રી સાથે

પુષ્પચૂલને અને તેના પરિવારને અવશ્ય મોકલવાની કૃપા કરજો. આપે સંદેશો નથી આપ્યો પરંતુ છતે પુત્રે અસહાય બનેલાં એવાં અંધ મા-બાપને દૃષ્ટિ પાઠવી છે...જે માબાપે જીવવાનું બળ ગુમાવી દીધું છે તે મા-બાપના હૈયામાં નવી ચેતના પ્રગટાવી છે.'

માલવપતિએ આ પત્ર વંકચૂલના હાથમાં મૂકયો. વંકચૂલ વાંચતો ગયો અને રડતો ગયો. શ્રીસુંદરી અને કમલાએ પણ પિતાશ્રીનો આ સંદેશો વાંચ્યો વાંચીને તેઓ રડી પડયા.

મહારાજા વિમળયશે મહામંત્રી સાથે સુદર્શન-કુમારને ભેટ આપવા અર્થે મૂલ્યવાન અલંકારો પાઠવ્યા હતા. એ સિવાય પુત્ર, પુત્રવધૂ અને કન્યા માટે પણ સર્વોત્તમ વસ્ત્રાભૂષણો મોકલ્યાં હતાં.

માતા-પિતાનો આશીર્વાદ માનીને વંકચૂલે રડતા હૃદયે સઘળું મસ્તક પર ચડાવીને સ્વીકાર્યું. એ વખતે મહામંત્રીએ કહ્યું; 'યુવરાજશ્રી, મહારાજા અને મહાદેવી આપના આગમનની રાહ જોઈ રહ્યા છે. મારી તો પ્રાર્થના છે કે, આપ આવતી કાલે જ મારી સાથે રાજધાની તરફ પધારો.'

વંકચૂલે કહ્યું; 'મહામંત્રી, મને પ્રથમ એ વાત જણાવો કે, મારા પિતાશ્રીને વાતરોગની વેદના કેવા પ્રકારની છે? મારા માતુશ્રીનું આરોગ્ય કેવું છે?'

મહામંત્રીએ કહ્યું, 'યુવરાજશ્રી, મહારાજાના બંને ઢીંચણે વા આવ્યો છે. સહેલાઈથી ઉઠી બેસી શકાય નહિ. રાજવૈદનો ઉપચાર ચાલે છે. અને તબિયત સુધારા પર છે. તેઓ જાતે જ આવવા હતા. પરંતુ રાજવૈદે પ્રવાસ ખેડવાની સલાહ આપી નહિ. મંત્રીઓ પણ સહમત નહોતા થયા એટલે ઘણા જ દર્દ સાથે તેઓ રોકાઈ ગયા. મહાદેવીને આપની અને રાજકન્યાની ચિંતા સિવાય બીજો કોઈ રોગ નથી. ચિંતા તો ચિતા સમાન છે. ચિંતાની આગમાં જ તેઓની કાયા નિર્બળ બની ગઈ છે. પરંતુ આપ સહુ ત્યાં પધારશો એટલે મહાદેવીના અંતરમાં અવશ્ય નવું બળ આવશે.'

વંકચૂલે ગળગળા સ્વરે કહ્યું; 'મહામંત્રીશ્વર, બાપુનો સંદેશો વાંચ્યા પછી અહીં એક પળ માટે રહેવું મારા માટે શકય નથી. પરંતુ એક કામ એવું છે કે તે કર્યા વગર છૂટકો નથી. આ વિજયા-દશમીએ જ સિંહગુહામાં બનાવેલા નૂતન જિનાલયમાં શ્રી ચિલ્લણ પાર્શ્વનાથ પ્રભુને ગાદી પર બિરાજમાન કરવાના છે. બે ત્રણ દિવસ પછી હું ને માલવ-પતિ પરિવાર સહિત ત્યાં જવાના છીએ. ત્યાંનું કાર્ય સંપેટયા પછી હું અવશ્ય આવીશ.'

'એટલે એકાદ મહિનો તો સહેજે થઈ જશે.' મહામંત્રીએ કહ્યું.

વંકચૂલે કહ્યું; 'પરમ દિવસે આસો સુદિ બીજ છે. અમે પાંચમના સિંહગુહા પહોંચી જઈશું. વિજયા દશમીનું મુહૂર્ત કરીને પૂર્ણિમા આસપાસ અહીં આવી જઈશું. ત્યાર પછી બે કે ત્રણ દિવ-સમાં જ અહીંથી નીકળી જઈશ. આમ તો હું આપની સાથે જ બધાને રવાના કરી દેત. પરંતુ આ એક શુભ કાર્યમાં સહુને લાભ મળે એટલે બધા મારી સાથે જ આવશે.

મહામંત્રી પ્રસંગનું મહત્ત્વ સમજી ગયા હતા. અને બે દિવસ રોકાઈ, વંકચૂલ, કમલારાણી અને શ્રીસુંદરીના હાથના લખેલા પત્રો લઈ, માલવ-પતિનો આભાર માની વિદાય થયા. એ જ દિવસે મધ્યાહ્ન પછી માલવપતિ, મહાદેવી મદનિકા કેટલાક રક્ષકો, દાસદાસીઓ, વંકચૂલ, તેનો પરિવાર સહુ સિંહગુહા જવા વિદાય થયા.

ઘણીવાર માનવી ધારે છે કંઈ અને બને છે કંઈ.

વિજયાદશમીના સૂર્યોદયની પ્રથમ ઘટિકાએ જ ભગવાનની પ્રતિમાને ગાદી પર બેસાડવાનાં હતાં. પરંતુ કોઈ પણ સંયોગોમાં પ્રતિમાજી જ્યાં રાખ્યાં હતાં ત્યાંથી ઉચકાયાં જ નહિ.

સાથે આવેલા રાજ જયોતિષિએ પ્રશ્ન લઈને કહ્યું; 'મહારાજ, ભગવાનના અધિષ્ઠાયક દેવો ભગવાનની પ્રતિમાને આ સ્થળે જ રાખવા ઇચ્છે છે.'

સહુએ શ્રી ચિલ્લણ પાર્શ્વનાથની પ્રતિમાને ત્યાં

# દેશ અને દુનિયા

શ્રી સંજય

## જરા આંખો ઉઘાડી રાખો!

તાજેતરમાં ભારત સરકારના વહિવટ તથા વ્યવસ્થાની તપાસ કરનાર 'જાહેર હિસાબ સમિતિ'નો અહેવાલ પ્રસિદ્ધ થયેલ છે. જેમાં ભારત સરકારના જ કેવલ વહિવટમાં ગોલમાલ, અવ્યવસ્થા તથા બેદરકારીના કારણે ક્રોડોની જે ખાનાખરાબી થઇ છે, તે હકીકતની નોંધ લેવાઈ છે. બાંધકામખાતાની બેદરકારીના કારણે નવી દીલ્હીમાં રામકૃષ્ણપુરમ્ વિસ્તારનાં વસવાટો વપરાશ વગરના બે વર્ષ સુધી પડી રહ્યા, ને સરકારને ૩૫ લાખ ૨૫ હજારનું નુકશાન થયું. પ્રકાશન ખાતાએ બે વર્ષમાં ૧૦ લાખ રૂા. ગુમાવ્યા: ને ફ્રાંસથી ૧ લાખ ૫૫ હજારના ખર્ચે સંશોધન માટે મંગાવેલાં, જે સાધનો સાત-સાત વર્ષ સુધી વપરાયા વગરના જ પડી રહ્યાં. રાજ્ય હસ્તક વ્યાપાર કોર્પોરેશને અનાજના વ્યાપારમાં ૪૫૫૦૩ ટન અનાજની ખોટ ખાધી ૧૬૫૯૪ રૂા.ની રકમ ૧૩ પ્રધાનો તથા ૧૭ નાયબ પ્રધાનો પાસેથી વસુલ કરવાનું જ રહી ગયું. તાર-ટપાલ ખાતામાં ૧૯ લાખ ૮૮ હજારનું નુકસાન આવ્યું. સરકાર હસ્તક અનાજના વ્યાપારમાં ૨૩ ક્રોડ ૯૫ લાખ રૂા. ની ખોટ આવી. તા. ૧૩-૩-૬૪ ના 'ગુજરાત સમાચાર'ના અગ્રલેખમાં 'હિસાબી ગોલમાલ'ના શિર્ષક તળે ૬૩-૬૪ ની જાહેર હિસાબ સમિતિના અહેવાલમાંથી ઉપરની હકીકતો રજૂ થઈ છે.

વારે-તહેવારે પ્રજાને કટોકટીના નામે પાઇ-પાઈ બચાવવાની સૂફીયાણી સલાહ આપનારા ભારતના આ સત્તાધીશો જરા પોતાના પગ તળેનું વિચારપૂર્વક જોઈ, પ્રજાના પૈસાનો કઇ રીતે ઉપયોગ કરવો તે શીખી લે તે ઇચ્છનીય છે. આજે તો ભારત સરકાર તથા પ્રાંતીય સરકારોનો વહિવટ મોગલશાહી સલ્તનતને પણ એક વખત

---

જ વધાવી અને નૂતન મંદિરમાં અન્ય પ્રતિમાજીને સ્થાપિત કર્યાં.

આ કાર્યમાં સમગ્ર સિંહગુહા ગામનો ઉત્સાહ પૂર્વકનો સહકાર હતો અને સહુએ જીવનને ધન્ય બનાવનારો ઉત્સવ ઉજવ્યો હતો.

માલવપતિ એ પણ જોઈ શકયા હતા કે યુવરાજ વંકચૂલ પ્રત્યે આખા ગામના હૈયામાં અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ ભર્યાં છે!

એક દિવસ વધુ રોકાઇને માલવપતિ અને વંકચૂલ પોતાના રસાલા સાથે ઉજ્જયિની આવવા વિદાય થયા. કારણ કે ઉજ્જયિનીમાં બે ચાર દિવસ રોકાઈને બધા પુનઃ ઢીંપુરીનગર તરફ પ્રવાસ કરવાના હતા. જો માલવપતિ સાથે ન આવવાના હોત તો વંકચૂલ પોતાના પરિવાર સાથે અહીંથી જ ઢીંપુરી ચાલ્યો જાત.

બધા સુખરૂપ ઉજ્જયિની પહોંચી ગયા અને માલવપતિએ ઢીંપુરી નગરી તરફના પ્રવાસની તૈયારી કરવાની કર્મચારીઓને પણ આજ્ઞા આપી દીધી.

પરંતુ ઘણી વાર આદર્યાં અધૂરાં રહે છે, ઘણી વાર ન કલ્પેલા અંતરાયો આવી પડે છે. અને ઘણી વાર અંતરની અભિલાષાઓને અંતરમાં જ સમાઇ જવું પડે છે!

ઉજ્જયિની પહોંચ્યા પછી બીજે જ દિવસે યુવરાજ વંકચૂલ એકાએક સપડાઈ ગયો. તેને પગથી તે મસ્તક સુધી એવા ભયાનક વેદનાભર્યાં આંચકા આવવા માંડયા કે ન પૂછો વાત!

મહારાજા અને મહાદેવી મદનિકાને આ સમાચાર મળતાં જ બંને વંકચૂલના ભવન પર ગયાં અને રાજવૈદ્યને બોલાવવા રથ રવાના કર્યો.

(ક્રમશઃ)

સારો કહેવડાવે તેવો જે રીતે ચાલી રહ્યો છે, ને પછી નાણાભીડના નામે પ્રજાની કમ્મર તૂટી જાય તેવા કરવેરા પ્રજા પર લદાઈ રહ્યા છે. તે ખરેખર શોચનીય હકીકત છે. ક્રોડો રૂ. આ રીતે વેડફી નાંખવામાં આવે તે કેમ ચાલે? માંસનો વ્યાપાર કરી, દેડકાઓના પગોને પરદેશ ચઢાવી, ક્રોડો ટન માછલાઓને મારી, દેવનાર કતલખાનાની યોજના હેઠળ લોહીનો પૈસો ભેગો કરવાના દિવાસ્વપ્નોમાં રાચનારી ભારત સરકારને અમે ફરી-ફરી નમ્ર અનુરોધ કરીએ છીએ કે, આ રીતે નાણાનો ધૂમ દુર્વ્યય થવા દઈ, મૂગા જીવોની હત્યા દ્વારા લાખ્ખો રળવાની અભિલાષા ધરાવતા હો તો ખરેખર તમે ભીંત ભૂલો છો, આ તો આંધળી દળે ને કૂતરી ભરખી જાય તેવો અવળો રાહ છે! માટે હજુ પાછા વળો! ને કાંઈક સમજો! વહિવટમાં આંધળીયા નીતિ ત્યજી, કરકસર, કુનેહ તેમજ કાર્યક્ષમતા કેળવો! ને જરા અંતરની આંખો ઉઘાડી રાખો!

## અસાર છે આ સંસાર!

જીવન ક્ષણભંગુર છે! આયુષ્ય પાણીના પરપોટા જેવું છે, ને કાયા તથા માયાનો કોઇ વિશ્વાસ રાખી શકાય તેવું નથી. આમ જ્ઞાની પુરૂષો જે વારંવાર આપણને ઉપદેશી રહ્યા છે! ને મૃત્યુનો કારમો પંજો આપણા પર સમયે સમયે પડી રહ્યો છે, તેમ ફરમાવી રહ્યા છે: તેની પ્રતિતિ આપણે આજ કાલ ડગલે ને પગલે કરી રહ્યા છીએ! (૧) તાજેતરમાં વડોદરા શહેરમાં ૩ વર્ષનો છોકરો કચૂકો ગળી જતાં, શ્વાસનળીમાં તે અટકી પડયો, બાપ ડોકટર, દાદા ડોક્ટર ને કાકા ડોકટર બધાયે મૂંઝાયા. હોસ્પીટલમાં લઇ ગયા, વડેદરાના ૨૧ ડોકટરો ભેગા થયા; કચૂકો નીકળ્યો છેવટે છોકરાએ છીંક ખાતાં! પણ તરત જ છોકરો મૃત્યુ પામ્યો આ છે જીવનની કરૂણતા. (૨) યૂરોપનાં મનીલા શહેરમાં સાત વર્ષનો છોકરો ફુગ્ગો ગળી જતાં હોસ્પીટાલમાં લઈ જતાં રસ્તામાં જ મૃત્યુ પામ્યો. રે જીવન તારી આ અસારતા (૩) સૌરાષ્ટ્રના ઓડદરની બાજુના ભોજપુરા ગામમાં દામોદર જમનાદાસ નામનો બ્રાહ્મણ યુવાન પોતાની ભાભુ પાછળ સરામણું કરવા ઘોઘાવદર ગામના ઘોઘેશ્વર મહાદેવના મંદિરમાં ગયો હતો. તા. ૨૨-૨-૬૪ ના દિવસનો આ પ્રસંગ છે. પિતૃપીંડ મૂકવાના સમયે આ યુવાનના ગળામાં થૂકનો ગળફો આવતાં, તે ગળફો થૂંકવા ઉભો થયો, પણ ગળફો બહાર નીકળવાના બદલે શ્વાસનળીમાં સલવાઈ ગયો, ને ૩૦ વર્ષનો યુવાન ભાઇ દામોદર જમનાદાસ આંખના પલકારામાં ઢળી પડયો, ને તેનું પ્રાણપંખેરૂં પરલોક ભણી વિદાય થયું. છે મોતને કોઇની શરમ? (૪) તા ૭-૪-૬૪ ના દિવસની આ વાત છે. ભરૂચ શહેરના મહમદપુરા ઘાંચીની વાડીમાં રહેતા ચુનીલાલ છગનલાલ નામના એક ભાઈ સવારે ઓટલે બેસીને દાતણ કરી રહ્યા હતા. તેવામાં તેમનું હૃદય બંધ પડી જતાં અવસાન પામ્યા. (૫) તે રીતે તે જ વાડીમાં રહેતા જેકોરબેન નામના એક બેન તાજેતરમાં બજારમાંથી ખાંડ લઇને ઘેર આવ્યા, ને ત્યાં જ હૃદય બંધ પડી જતાં તેઓનું મૃત્યુ થયું. જીવન ક્ષણભંગુર છે ને સંસારમાં સર્વ કોઇ અશરણ છે, તે હકીકતને સમજવા માટે હવે દાખલા કે દલીલની જરૂર છે ખરી? (૬) તા. ૧૫-૧-૬૪ ના દિવસનો આ બનાવ છે. બારડોલી તાલુકાના કડોદ ગામના ૫૦ વર્ષની વયના સી. ટી. શાહ સ્વસ્થ હાલતમાં સુરત ખાતે રેલ્વે સ્ટેશન પર જવા માટે ઓટોરીક્ષામાં બેઠાં, ને માર્ગમાં જ તેમનું હૃદય બંધ પડી જતાં સુરતના રેલ્વે સ્ટેશને પહોંચવા પહેલાં મૃત્યુની રેલ્વેમાં વગર ટીકીટ કપાયે ઉપડી ગયા. માનવ માને છે કે, હું એટલે કોણ? પણ તે જન્મે છે અશરણપણે; અને જીવે છે અનાથપણે ને આ રીતે હીનપણે અકાલે મોતના મુખમાં ધકેલાઈ જાય છે. માનવને આજે કઇ બાબતોનો ખરેખર ગર્વ કરવા જેવો રહ્યો છે? જ્યાં સર્વ પ્રકારના ભૌતિક સુખનું પ્રથમ સાધન શરીર પણ આમ અચાનક કાલના કાતીલ જડબામાં ધકેલાઈ જાય છે, ત્યાં હવે તેણે લાલઘૂમ થઇને ફરવા જેવું આ સંસારમાં શું રહ્યું છે? (૭) તા. ૧૭-૨-૬૪ નો આ પ્રસંગ છે. સુરત

ખાતે ૫૦ વર્ષની વયના ડૉ. જયંતિલાલ દેસાઈ એક દર્દીને તપાસવા માટે પોતાના દવાખાનાથી ૩ ફર્લાંગ દૂર સાઈકલ પર બેસીને તે દર્દીને ત્યાં ગયા. ડૉકટર દેસાઈ, તે દર્દીને તપાસીને, તેને ઇન્જેકશન આપવાની તૈયારી કરતાં હતાં. ત્યાં ખુદ તે ડૉકટર એકાએક ઢળી પડ્યા. ને દર્દીના પહેલાં ડૉકટર ત્યાંને ત્યાં જ હૃદય બંધ પડી જતાં કરાલ કાલના જડબામાં જકડાઇને મૃત્યુના મુખમાં ધકેલાઈ ગયા. ડૉકટર પોતે જ દર્દી બનીને દર્દનો ભોગ બની ઉપચારો થતાં પહેલા-પરલોકના પંથે ચાલી નીકળ્યા. (૮) આથી પણ વધુ કરૂણતાભર્યો ને શોકની ઘેરી છાયા ફેલાવનારો પ્રસંગ અમદાવાદ ખાતે તાજેતરમાં તા. ૬-૪-૬૪ ના દિવસે બન્યો : અમદાવાદ ખાતે સરસપુરના અનાજના એક મોટા વ્યાપારી શ્રી મગનલાલ શામળદાસ દોશીનું અવસાન થતાં તેમના યુવાન પુત્ર શ્રી રમણલાલ દોશી કે જેઓ સરકારી ખાતામાં ડેપ્યુટી એન્જીનીયર છે. તેઓ તેમના પિતા મગનલાલના મૃત્યુ પાછળની ક્રિયા કરવા અહિં આવેલા, તેઓ સાજા-સારા હતા, ને અચાનક સાંજના પોણા આઠ વાગ્યાના સુમારે ઓચિંતા હૃદય બંધ પડતાં મૃત્યુના મુખમાં તેઓ અશરણ બનીને ધકેલાઈ ગયા, તેમને તપાસવા માટે આવેલા ડૉકટર રમણલાલના ઘરની નીસરણી પરથી ખસી પડતાં, તેમને બ્લડ-પ્રેસરનું દર્દ ઉપડયુ, ને તેમને હોસ્પીટાલમાં ખસેડવા પડ્યા. પણ આ પ્રસંગની વધુ કરૂણતા તો એ છે કે, શ્રી રમણલાલને આમ અચાનક હાર્ટફેઇલ થવાનું જાણી નાની વાસણશેરીમાં રહેતો ૨૩ વર્ષની વયનો તેમનો મિત્ર દીલીપકુમાર શાહ તેમને જોવા આવેલ. તે તેમને જોઈને પોતાના ઘેર પાછા વળતાં ઘેર પહોંચતાં જ તે જાજરૂમાં ગયેલ, ત્યાં જ હાર્ટફેઇલથી તેઓ મૃત્યુ પામ્યા. છેવટે જાજરૂનાં બારણાં તોડી બહાર કાઢવામાં આવ્યા.

આમ ફક્ત ચાર મહિનામાં આવા જે કરૂણ તથા અત્યંત ગ્લાનિજનક જે બનાવો બની ગયા,- આવા તો અનેક કિસ્સાઓ જરૂર સંસારમાં અનેકાનેક બનતા હશે ! પણ છાપાઓના પાનામાં જે પ્રસિદ્ધિને પામ્યા છે, તે વાંચતાં-વિચારતાં જ ખરેખર સમજી શકાય છે કે, આજે વિજ્ઞાન ભલે તેટલું આગળ વધી રહ્યું છે, છતાં માનવ કેટલો પામર છે? દીન છે? ને હીન છે? જીવવું તેના હાથમાં નથી. ને મરવું ક્યારે ને ક્યાં? તે પણ તેનાં હાથમાં નથી. માટે જ જ્ઞાની પુરુષો સ્પષ્ટરૂપે ફરમાવે છે કે, સંસાર અસાર છે, જીવન નાશવંત છે, આયુષ્ય ચંચલ છે; એથી માનવો ! જીવિતનો સાર ધર્મની આરાધના છે, તેમ સમજીને જાગો ! પ્રમાદને ત્યજી આત્મકલ્યાણમાં ઉજમાળ બનો !

**આજના સાધનો સંહારક બન્યા છે.**

આજે વિજ્ઞાન કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. પ્લેન, જેટવિમાનો, રોકેટ તથા અણુશસ્ત્રો સુધી પહોંચેલું વિજ્ઞાન વિનાશની તથા સંહારની પાશવી લીલા આચરી રહ્યું છે. જે જાણી-સાંભળી ભલ-ભલા શાણા માનવોને પણ અરેરાટી ઉપજ્યા વિના નહિ રહે. તાર, ટપાલ, મોટર, રેલ્વે, રેડીયો, ટેલીવીઝન, પ્લેન ઇત્યાદિ સાધનોએ જેટલી સગવડો આપી છે, તે કરતાં તેણે અગવડો, આપત્તિ તથા મનવમનમાં મૂંઝવણોની પરંપરા આપી છે. દિનપ્રતિદિન થતાં મોટર અકસ્માતોએ તો ખરેખર માઝા મૂકી દીધી છે. જાણે એ પગે ચાલનારને તો જીવવાનો અધિકાર જ નથી. તે રીતે આજના વૈજ્ઞાનિક સાધનોએ ત્રાસનું વાતાવરણ ભયજનક રીતે વધારી દીધું છે.

(૧) તાજેતરમાં સૌરાષ્ટ્રમાં જુનાગઢથી ૨૦ માઇલ દૂર જુનાગઢ વેરાવળની સડક પર તા. ૮-૪-૬૪ના સવારે વિહાર કરીને અગતરાઇ તરફ જતાં ગોંડલ સંપ્રદાયના મોટા મહાસતીજી શ્રી અમૃતબાઈ સ્વામી, અવસ્થાના કારણે થાક ઉતારવા માટે પોતાના શિષ્યા શ્રી સવિતાબાઇ સ્વામી સાથે સડક પર એક ઝાડ નીચે બેઠા હતા. તે દરમ્યાન સામેથી આવતાં ભાર ખટારાને ઓળંગી જવા એક ટેકસી પૂરપાટ ત્યાંથી નીકળી, ને સીધી ઝાડ નીચે બેઠેલા મહાસતીજીની સાથે ટકરાઈ, ટેકસી એટલી બધી જોશમાં પૂરપાટ ધસી આવેલી કે

મહાસતીજી ત્યાં સખ્ત રીતે ઘવાયા, ને ત્યાં જ તેઓ ઢળી પડયા. બાજુમાં બેઠેલા શ્રી સવિતાબાઈ સ્વામીને ગંભીર ઇજા થઇ. આમ રસ્તા પર ચાલનાર પૂ. સાધુ–સાધ્વીજીને માટે ખરેખર આજના ઝડપી ને વૈજ્ઞાનિક કહેવાતા સાધનોએ કેવી કારમી પરિસ્થિતિ ઉભી કરી છે? ઈર્યા સમિતિ પૂર્વક યતનાથી ચાલતા, બેસતાં, ઉઠતાં સંયમી આત્માઓને આજે શહેરમાં તથા જંગલમાં ગામ કે બહાર નિર્દોષ જીવને જીવવા માટે સંસાર ત્યજી સંયમી બનેલા આત્માઓ ઉપર પણ આજે આજના સાધનો કેવો અત્યાચાર વરસાવી રહ્યા છે, તેનો પ્રત્યક્ષ દાખલો આ પ્રસંગ પૂરો પાડે છે. હવે પૂ. સાધુ–સાધ્વીજી વર્ગને પણ અમારી નમ્ર વિનંતિ છે કે, વર્તમાનકાલમાં ઉપાશ્રયની બહાર નીકળી કયાંયે જતાં પહેલાં ખૂબ સાવધ રહેવાની ને આજના આ બધા ગોઝારા યાંત્રિક સાધનોથી ખૂબ જ ચેતીને ચાલવાની જરૂર છે. રેલ્વે, તથા મોટરના માર્ગોમાં તેનાથી બની શકે તો દૂર ને દૂર રહીને જ માર્ગ પસાર કરવાની કે ઉઠવા–બેસવાની ખબરદારી રાખવા જેવી છે. (૨) આજથી ૪ મહિના પહેલાં બનેલો એક પ્રસંગ છે. સુરત ખાતે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયામાં સર્વિસ કરતો સુધીર યોગેન્દ્ર નામનો યુવક, રેતીથી ભરેલી મોટર ટ્રોલી હેઠળ મહીધરપુરા જેવા ભરચક લતામાં આવી જતાં ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામેલ. જેના લગ્ન તે દિવસથી પાંચમા દિવસે થવાના હતા, ને આ રીતે તે કેટ–કેટલા આશા–અરમાનોના તરંગોમાં રાચતો–માચતો જુવાન અશરણ બનીને દીનતાપૂર્વક ધોળેદિવસે મૃત્યુનો કારમો પંજો પડતાં ફાની દુનિયાને ત્યજીને ચાલ્યો ગયો. આ છે આજના સાધનોની ક્રૂર સંહાર લીલા (૩) એ રીતે એવો જ એક પ્રસંગ કેટલાક સમય અગાઉ બની ગયેલો, આજે જાણે આંખ સામે તરવરી રહ્યો હોય તેવો ભાસ થાય છે, મહેસાણા જીલ્લાના આલડી ગામમાં રહેતો ભીખાભાઇ ઈશ્વરભાઇ પટેલ નામનો ૨૫ વર્ષનો યુવાન એક બપોરે અમદાવાદથી રેલ્વે ગાડીમાં ટ્રેનના પાટીયા પર તેના મિત્ર સાથે મુસાફરી રહ્યો હતો. તેનું મોત તેને બિચારાને બોલાવી રહ્યું હતું, તેથી જ અંદર ડબ્બામાં બેસવાના બદલે તે જગ્યા હોવા છતાં પાટીયા પર ઉભો હતો. અમદાવાદથી કલોલ જતી તે ગાડી શાહીબાગ પાસે આવતાં, તેની પોતાની આંખમાં એન્જીનમાંથી કોલસાની તણખી ઉડતાં તે એક હાથે આંખ સાફ કરવા લાગ્યો. ત્યાં તેની ગફલતથી અંડરબ્રીજ પાસેનો સીગ્નલ તેના માથા સાથે અથડાતાં, તે ત્યાં જ પડી ગયો, ને તે જ સમયે તે મૃત્યુ પામ્યો.

ખરેખર જીવનની સામે મૃત્યુનો મોરચો આજે જોશભેર મંડાઈ રહ્યો છે, તેમાં માનવ કઈ વખતે જીવનને હારી મોતના મોરચે ખૂટી પડશે તેમાં કલ્પના પણ કામ કરતી નથી. આ પરિસ્થિતિ આજના વૈજ્ઞાનિક તથા યાંત્રિક સાધનોથી સરજાઇ રહી છે. આજના યાંત્રિક સાધનોએ માનવના જીવનને મોતની મુઠ્ઠીમાં મૂકી દીધું છે. સંતોષ, સંયમ, શાંતિ તથા જંપ, સુખ તથા સ્વસ્થતા રૂપી જીવન ધનને લૂંટી લીધું છે, પરોપકાર, ખેલદિલી, સાદાઇ, સરળતા, સદાચરણ, નીતિમત્તા તથા ધર્મભાવના પર આક્રમણ કર્યું છે. રે વિવેકી માનવો! જરા અંતરની આંખોને ઉઘાડી નાંખો, હૈયાના દ્વારને ખૂલ્લા કરી વિવેકપૂર્વક વર્તમાનકાલની આ પરિસ્થિતિમાં આજના વૈજ્ઞાનિક ચમત્કારોથી ખોટી રીતે ખોવાઈ ન જાવ! અને યાંત્રિક સાધનોની ખોટી વાહ–વાહમાં ન પડતાં; જેમ બને તેમ સ્વાશ્રયી જીવન જીવી સંયમ, સંતોષ, તથા શાંતિથી જીવતાં શીખો!


**તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

ફ્લ્યુઇડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
શાહી : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.
દરેક વેપારીને ત્યાં મળશે.
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

**બનાવનાર : હરિહર રીસર્ચ વર્કસ**
**ઠે. માંડવી પોળ. અમદાવાદ.**

# અહિંસા પરમો ધર્મ

સંપાદક
શ્રી સુધીર

## હિંસાનું હલાહલ ઝેર

આધ્યાત્મપ્રધાન ભારતદેશમાં ચોમેર હિંસાનું હલાહલ ઝેર વ્યાપી રહ્યું છે. મૂંગા પ્રાણીઓના જીવન આજે સલામત નથી. અનેક પ્રકારના કુપ્રયત્નો દ્વારા માંસોત્પત્તિ કરી માંસાહારનો આજની સરકાર ધૂમ પ્રચાર કરી રહી છે. ગાંધીવાદને માનનારા દેશના નેતાઓએ આજે ગાંધીવાદને ગુંગળાવી સ્વાર્થવાદ આગળ ધર્યો છે. હિંસાંના ઘોર તાંડવો ભારતવર્ષમાં ખેલાતાં જોઇ આજે હૈયું હચમચી ઉઠે છે.

આધ્યાત્મિક, નૈતિક અને શારીરિક દૃષ્ટિએ અન્નાહાર જ ઉત્તમોત્તમ છે. તાજેતરમાં મળેલ રાષ્ટ્રિય શાકાહારી સંમેલનના પ્રમુખસ્થાનેથી ડૉ. સર સી. પી. રામસ્વામી આયરે પોતાના ભાષણમાં એ સ્પષ્ટ જણાવ્યું છે કે **'દેશના ૮૦ ટકા લોકો ધર્મ, રૂઢિ, નીતિ, માનવતા, તંદુરસ્તી કે આર્થિક કારણોસર શાકાહારી છે. ખુદ માંસાહાર કરનારા પણ ૮૦ ટકા શાકાહાર કરે છે.'**

શું કોંગ્રેસની વિચારધારામાં આ વચનો નહિ ઉતરતાં હોય? પ્રોટીનના નેજા નીચે યુવકવર્ગને શક્તિશાળી બનાવવા માંસાહાર માટે ઉત્તેજના આપનાર આજની સરકારને અમે શું કહીએ? યાંત્રિક કતલખાનાઓને ઉન્નતિનો માર્ગ માનતી આજની સરકાર અવનતિની ગર્ત્તામાં ગબડી રહી છે. ને ભારત દેશની પુણ્ય સંસ્કૃતિને ગુંગળાવી રહી છે.

જ્યાં જીવજંતુની સંપૂર્ણ અહિંસા પળાતી હતી એવા ગુજરાતના શહેરોમાં હવે જ્યાં ત્યાં કતલખાના, ઈંડા, માછલાં વગેરે નજર સામે જોતાં મન વિહ્વલ બની જાય છે. ચિત્ત ચકડોળે ચડે છે. હિંસાનું આ વધતું જતું કાતીલ ઝેર માનવને પણ શાન્તિથી જંપવા નહિ દે! પશુપક્ષીઓથી પરવશ દશાનો આવો દુરુપયોગ કરનારાઓની ભવિષ્યમાં આવી જ ભૂંડી દશા થવાની છે. એમ ન છૂટકે કહેવું પડે છે. પાશેરનો પેટનો ખાડો પૂરવા કે કેવળ જીભના સ્વાદને વશ થઇને હિંસાને ઉત્તેજન આપનારાઓ, હિંસકભાવમાં રાચનારાઓ જીવનમાં કદી સુખને નહિ મેળવી શકે.

આજે ઘેર ઘેર, શહેરે-શહેરે હિંસાની હોળી સળગી રહી છે બીજાને મારવા જતાં પોતે પણ એવી જ રીતે નિંદનીય મરણ પામવાનો છે એ વાત આજનો માનવ સદંતર ભૂલી જાય છે. અકસ્માતો વધ્યા. આજનું જીવન જાણે રબ્બરના ફુગ્ગા જેવું બની ગયું છે, ક્યારે ફુટશે તે કહી શકાય નહિ. મૃત્યુની દોટ તીવ્રવેગે માનવનો ભરડો લઈ રહી છે.

આ બધાના મૂળમાં છે વ્યાપક હિંસા.

છતાંય હિંદની પ્રજા હજુ અજાકરૂક છે. સામાન્યમાં સામાન્ય વાત લઈએ તો ડી.ડી.ટી. આદિ જંતુનાશક દવાઓથી અન્ય જીવોની હિંસા કરવા જતાં માનવજાતમાં જ અનેક રોગો પ્રસરવા માંડ્યા. એમાં આવતું (Poison) ઝેર માનવના શરીરમાં જઈ રોગની જડને મજબૂત કરવા માંડયું છે. માંકડ મારવાની દવાથી માણસો જ મરવા માંડ્યા. જે હંમેશ માટે પોઢી જાય. નાની હિંસક સામગ્રીથી પણ જાન જોખમમાં મૂકાય છે એ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ છે. તો પછી પણ હિંસાના પરિણામની તો વાત જ શી કરવી?

હિંસાવાદી માનસ ધરાવનાર, અનાર્યતાના પંથે વિચરતા માનવને પરિણામે માનવભક્ષી બનતાં પણ વાર નહિ લાગે. ઓ આર્ય નર–નારીઓ ! ઉઠો જાગો ! હિંસાના હલાહલ ઝેરને ઘરમાંથી, ગામમાંથી, શહેરમાંથી, જ્યાં હોય ત્યાંથી દેશનિકાલ કરી દો ! હજુ જો નહિ જાગો તો વધતું જતું હિંસાનું ઝેર તમને સુખે જંપવા નહિ દે. તમારાં જીવનને ફોલી ખાશે. સમાજની શિસ્તને નષ્ટભ્રષ્ટ કરી દેશે. માટે, વીરહાક સાંભળી વહેલાસર જાગી જાઓ.

જ્યાં જ્યાં હિંસાવાદનાં હલાહલ ઝેર દેખાતાં હોય ત્યાંના વાતાવરણને શુદ્ધ બનાવો. સર્વ પ્રાણીઓના જીવવાના સમાન હક્કને સાચવવા તમે જરા પણ પ્રમાદ ન સેવશો. સં૦

## ગુજરાત રાજ્ય કયા માર્ગે ?

તાજેતરમાં બહાર પડેલા ગુજરાત રાજ્યના અહેવાલ મુજબ જાણવા મળ્યું છે કે 'ગુજરાત મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રીય સહકારી સંસ્થા આ વર્ષે રૂપિયા ૧ કરોડ ૨૦ લાખથી રૂ. ૧ કરોડ ૪૦ લાખની કિંમત જેટલો મત્સ્ય પૂરવઠો પૂરો પાડશે. ગયા વર્ષ કરતાં આ વર્ષે તે રૂ. ૪૦ લાખની કિંમત જેટલો વધારે હશે.'

આ સમાચાર વાંચતાં અંતરમાં અત્યન્ત દુઃખ થઈ રહ્યું છે, જે ગુજરાતની સમગ્ર પ્રજા માંસ માત્રને હાથ પણ અટકાડવા તૈયાર નથી તે પ્રજાને ગુજરાત રાજ્ય કેવી બનાવવા માગે છે તે સમજાતું નથી.

સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિ જ્યાં પાલીતાણા, ગિરનારજી, પ્રભાસપાટણ જેવા પવિત્ર તીર્થો છે. એ તીર્થ ભૂમિમાં આજની સરકાર કેટ કેટલા હિંસક પ્રયોગો આદરી રહી છે ? અનેક જાતની હિંસક યંત્ર સામગ્રી દ્વારા જગતના નૈતિક સ્વાસ્થ્યને ગુંગળાવી રહી છે ? આર્ય પ્રજાના અંતરને કકળાવી રહી છે ? સત્વરે બંધ કરો આવી હિંસક પ્રવૃત્તિઓને !

ગૂજરાત તીર્થભૂમિ સમું છે. સર્વ પ્રાણીઓના સુખને ઈચ્છીને જ ગુજરાતી પ્રજા પોતાનું સુખ ચાહે છે. તો ગુજરાત જેવા પવિત્ર પ્રદેશમાં આવું શા માટે ?

કોંગ્રેસવાદીઓના મતે 'ગાંધીજીનું ગુજરાત' છે તો ગાંધીજીના ગુજરાતમાં હિંસા-પ્રવૃત્તિ કરી તમારા માનેલા ગાંધીમાર્ગનું હડહડતું અપમાન તમે શા માટે કરી રહ્યા છો ?

મ્યુનિસીપાલિટીઓ કુતરાંઓને ઇંજેકશન વગેરે આપી આજે ગુજરાતમાં ધર્મીજનોના દિલ દુભાય તેવાં કુકૃત્યો કરી રહી છે. કુતરાં ઘરના રક્ષક છે. ગુનાશોધક સી. આઈ. ડી. જે ગુના શોધી શકતી નથી તે કુતરા શોધી આપે છે. ચોરોથી કુતરો મહોલ્લાના માણસોને સાવધ રાખે છે. બાલકોના સાથી છે. આવા ઉપયોગી પ્રાણીની પણ હિંસા કરવાની કુમતિ કોના અંતરમાં જાગે છે?

ગુજરાત સરકારને ફરીને અમે ભલામણ કરીએ છીએ કે 'આર્ય પ્રજા તેમાં પણ ગુજરાતની પ્રજા હિંસાના માર્ગને કદી નહિ સહી શકે. તમે આમ પ્રજાના વિશ્વાસને સંપાદન કરવા માગતા હો તો આવી કુટિલ હિંસાઓના માર્ગેથી સત્વર પાછા વળો !'

શ્રી.

## જાગો ! હિંસાને દેશવટો દેવા !

**શ્રી નાનુ બી. વારીઆ. મુંબઇ**

'બચાવો....બચાવો....બચાવો....આ અમાનુષિ કૃત્યો કરી રહેલા હત્યારાઓથી અમને બચાવો. અમારો શું વાંક છે?'

આજે દેશના ખૂણે ખૂણે મૂંગા પ્રાણીઓ

કસાઈઓથી થતા તેઓના ક્રૂર શિરચ્છેદથી છાતી ચીરી નાખે તેવું કરૂણ આક્રંદ કરી રહ્યાં છે.

આજની આપણી કોંગ્રેસ સરકાર ભારત જેવા આર્ય દેશમાં માંસાહારનો ધૂમ પ્રચાર કરી રહી છે. પરદેશી પ્રજા જ્યારે શાકાહાર તરફ ઢળી રહી છે, ત્યારે ધર્મનું ચુસ્ત રીતે પાલન કરનાર ભારત દેશની પ્રજાને કોંગ્રેસ માંસાહારની ઉંડી ખાઈમાં ધકેલી રહી છે! અને આ રીતે પ્રજાને જંગલી બનાવી રહી છે! ફક્ત નહિ જેવા હૂંડિયામણની લાલચે માંસ, મચ્છી અને ઈંડાના નિકાસને પ્રોત્સાહન આપી રહી છે. પરંતુ આવા હૂંડિયામણની ઉપજ પ્રજાને બીલકુલ માન્ય નથી. તે તેનો નર્યો ઈન્કાર કરી રહી છે. હૂડિયામણ માટે સરકાર કેવાં હીનકૃત્યો કરી રહી છે! ઠેકઠેકાણે માંસના ઉત્પાદનમાં વધારો કરવા માટે નવાં નવાં કત્લખાનાં ખોલી, અગણિત પશુઓની ઘોર કત્લ ચલાવી, તેની પાછળ મોટી મોટી યોજનાઓ ઘડી કરોડો રૂપિયા પાણીની જેમ ખર્ચી રહી છે.

દરેકના દિલમાં પ્રશ્ન ઉઠે છે કે 'તેના માટે આપણે શું કરવું?' પરંતુ તેવા પ્રશ્નથી નહિ મૂંઝાતાં આપણે તેના વિરોધ માટે કટિબદ્ધ બનવું જોઈએ. આપણા આત્મામાં એક એવી મહાન શક્તિ છૂપાયેલી છે કે, જેને બહાર લાવવાથી આ યોજના હંમેશના માટે પડી ભાંગશે. તે માટે પુરુષાર્થની જરૂર છે. પંજાબ મદ્રાસ. કલકત્તાએ જેમ કતલખાનાની યોજનાનો મરણીયો વિરોધ કરી, તે યોજનાને ફગાવી દીધી તે રીતે ગૂજરાત–મહારાષ્ટ્રે પણ મરણીયો વિરોધ કરવો જ રહ્યો!

એક એક અહિંસાપ્રેમી માનવે ખુલ્લા દિલથી પડકાર કરવાનો છે કે, 'કોઈ પણ ભોગે અમે કત્લખાનાની યોજનાને નિષ્ફળ બનાવીને જ જંપીશું. હઠીલી સરકાર કદાચ નહિ માને અને કત્લખાનામાં ઘોર હિંસાની શરૂઆત કરે તે પહેલાં ત્યાં જઈને કહી દઈશું કે, પહેલા અમારી કત્લ કરો પછી મૂંગા પ્રાણીઓની.....!'

હું સત્તાધિકારીઓને પૂછી રહ્યો છું કે, તમને એક ટાંકણી વાગતાં કેટલું દુઃખ થાય છે? જ્યારે તમારા જ જેવા પ્રાણને ધારવાવાળા જીવોને તમે મૃત્યુની ગોદમાં મૂકતાં શરમાતા કેમ નથી? અરે....ઘોર કત્લ કરતાં તેઓનાં આંતરડાં કેવા કરૂણ નિઃસાસા નાખતાં હશે તે તમારી છાતી ઉપર હાથ મકીને તમારા હૃદયને પૂછી જુઓ! શું આ વિશાળ વિશ્વની અંદર તમને જ જીવન જીવવાનો અધિકાર મળ્યો છે? તમે કોઈને જીવન બક્ષી શકો છો? જો તેમ કરવા માટે તમે અશક્ત છો, તો પછી બિચારા મૂંગાં પ્રાણીઓને મારવાનો તમને શું અધિકાર છે? તમે તમારા કુટુંબીજનોની લાગણીઓ દુભાવવા માટે સમર્થ થાઓ છો? તો પછી શા માટે અસહાય એવાં મૂંગાં પ્રાણીઓના દુઃખમાં ભાગીદાર ના બનતાં ઉલ્ટું તેઓના દુઃખમાં વધારો કરી રહ્યા છો? એક બાજુ ભારતને રામરાજ્ય બનાવવાની અને દેશમાં દૂધ ઘીની નદીઓ રેલાવવાની વાતો કરી રહ્યા છો, જ્યારે બીજી બાજુ આવી રીતે પશુઓની ઘોર કત્લ આદરી પશુધનનો સદંતર નાશ કરી લોહીની નદીઓને આર્ય દેશમાં શા માટે રેલાવી રહ્યા છો?

માનવી પોતાની ફરિયાદ કે દુઃખ જીભ કે ઈશારા વડે રજુ કરી શકે છે, જ્યારે અસહાય પશુઓ શું કરી શકે? તેઓ કોનો આસરો લઈ શકે? સમય લઈને ઉંડો વિચાર કરો! વિચારો.......જરા.......વિચારો. અને હિંસાના હત્યાકાંડથી પાછા ફરવા આજથી જ કટિ–બદ્ધ બનો.

અહિંસા માતાને ગુંગળાવી આર્ય જનતા કદી સુખી નહિ થાય. માટે હવે જાગો મારા બંધુઓ, હિંસાને દેશવટો દેવા....

*

# એ ગોઝારી યોજનાને સત્વર રદ કરો !

**શ્રી પ્રશમ**

(૧)

કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર રાજ્ય, તથા મુંબઈની કોર્પોરેશનની સંયુક્ત જવાબદારીથી મુંબઈ શહેરની નજીકમાં દેવનાર ખાતે જંગી કતલખાનું ઉભું કરવાની યોજના આકાર લઈ રહી છે. જે સમાચાર ખરેખર પ્રત્યેક ભારતીય સંસ્કૃતિમાં માનનાર ભારતીય પ્રજાજનને આઘાતજનક છે, એમાં કહેવાનું ન હોય. ભારતના શાસક પક્ષના–કોંગ્રેસના કેટલાક આગેવાનોએ આજે માંસનું ઉત્પાદન વધારવાની તથા લોકોને ખોરાકની આદતોમાં ફેરફાર કરવાની વાતો કરીને માંસનો ખોરાક-પ્રજામાં ફેલાવવાની તેમ જ પરદેશમાં માંસ તથા પ્રાણીના અંગ–ઉપાંગોનો વ્યાપાર કરવાની નીતિ અખત્યાર કરી છે જે અશોકચક્રને પોતાના રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપનાર ભારત સરકારને માટે બિલકુલ શોભાસ્પદ નથી.

પંચવર્ષીય યોજનામાં ભારત સરકારે જે રીતે માંસનું ઉત્પાદન તથા નિકાસની ગણત્રી કરી છે. તે નીચેના આંકડાઓથી સમજી શકાશે.

હાલ ગોમાંસનું ઉત્પાદન. (મણમાં) ૨૫૫૪૨૦૦
બીજા પશુઓના માંસનું (મણમાં) ૧૫૧૨૭૮૦૯
કુલ ઉ. ૧૭૬૮૨૦૦૦

હવે ભાવિમાં સરકારી યોજના છે તે પ્રમાણે નીચે મુજબનું ઉત્પાદન ૨૦ વર્ષમાં વધારવાની તેમની ગણત્રી છે.

| | | |
|---|---|---|
| ૧૯૬૬ માં | ગોમાંસ ૧૧૮૭૫૦૦૦ | મણ |
| ૧૯૭૧ માં | ૨૯૩૭૫૦૦૦ | ,, |
| ૧૯૭૬ માં | ૬૯૫૬૨૫૦૦ | ,, |
| ૧૯૮૧ માં | ૭૧૨૫૦૦૦૦ | ,, |

| અન્ય પશુઓનું માંસ | | કુલ મણ |
|---|---|---|
| ૨૧૫૩૭૫૦૦ | મણ | ૩૩૪૧૨૫૦૦ |
| ૨૫૬૭૫૦૦૦ | ,, | ૬૫૦૫૦૦૦૦ |
| ૩૨૪૬૭૫૦૦ | ,, | ૧૦૨૦૨૫૦૦૦ |
| ૪૪૨૭૫૦૦૦ | ,, | ૧૧૫૫૨૫૦૦૦ |

આ રીતે ભારત સરકાર વીસ વર્ષમાં માંસનું ઉત્પાદન જે આજે ૧ાા ક્રોડ છે, તે વધારીને ૧૧ાા ક્રોડ મણ ઉપરાંત કરવા ધારે છે. આજે ગોમાંસનું ઉત્પાદન ૨૫ાા લાખ મણ છે, તે વીસ વર્ષમાં ૭ ક્રોડ ઉપર કરવા ઈરાદો રાખે છે. દસ વર્ષમાં ૨૯૩૭૫૦૦૦ મણ ગોમાંસ વધારવા ઇચ્છે છે, ને જે બીજા પશુઓનું માંસ ૧૭૬૮૨૦૦૦ મણ છે, તે વધારીને ૨૫૬૭૫૦૦૦ મણ કરવા ધારે છે, જે ભારતદેશમાં દૂધ, ઘી, ને છાશની નદીઓ વહેતી હતી ત્યાં આજની ભારત સરકાર–માંસ તથા મૃત પશુઓના અંગ–ઉપગોનું ઉત્પાદન વધારીને દેશ તથા પરદેશમાં તે દ્વારા લાખો રૂા. ની કમાણી કરવાની યોજનાઓ કરે છે જે કેટ–કેટલું દુઃખદ તથા આઘાતજનક છે.

આજે એવા અનેક દેશો છે, કે જ્યાં ગોવંશના પશુઓની હિંસા કે, કતલ કાયદેસર બંધ છે જ્યારે ભારતમાં કેવલ વાંદરા ખાતેના કતલખાનામાં આજે ૧૯૫૯–૬૦ ની એક વર્ષની ગણત્રી મુજબ ગાય–બળદ ૬૬૦૯૦, ભેંસ ૧૦૬૯૫ ને ઘેટાબકરાં ૧૩૪૮૧૩૪ ને ડુક્કર ૧૫૪૬૯ વાર્ષિક કતલ થાય છે. એ જ કતલખાનાને વધારવાના બ્હાને દેવનાર ખાતે દરરોજ એક પાળીમાં–એટલે કે ૬ કલાકમાં ૬ હજાર ઘેટાં, ૩૦૦ ગાયો ને ૧૦૦ ડુક્કરોની કતલ થશે ને આ રીતે ૬૪૦૦ જાનવરો ફક્ત એક પાળીમાં મારી નાંખવામાં આવશે. આ કતલખાનાની યોજના ડેન્માર્કના કતલખાનાના નિષ્ણાતની સલાહ મુજબ ભારત સરકારે ઠરાવ નં. ૪૧૦૪–ને તા. ૧૧–૧૦–૬૦ ના વહિવટી અનુમતિ આપી છે. ચેમ્બુર નજીક દેવનાર ખાતે ૧૨૬ એકર જમીન ઉપર આ કતલખાનું અને તેના ઉદ્યોગો માટે સ્થાપિત થનાર છે. તેમાં એક ઈમરજન્સી સ્લોટર હાઉસ. એક ઝટકા સ્લોટર હાઉસ, એક જ્યુઇશ સ્લોટર હાઉસ, કરશે. તેમ જ જાન-

પશેની મારકીટ રાખશે. તેમાં એકી સાથે ૨૪ હજાર ઘેટાં બકરાં ૧૨૦૦ ભેંસો રાખશે.

વિદેશી કુંપનીઓને આ મૃતપશુઓના અંગ-ઉપાંગોનો વ્યાપાર કરવા ઈજારા આપશે. ને આ કતલખાનાની સામે ૬૦ એકર જમીનમાં વિદેશી ૪૦ ઉદ્યોગપતિઓ કતલ થયેલા પશુઓના જીભ, આંતરડા, લીવર, કીડની, લોહી, ચરબી, હાડકાં, ખરી, અને શીંગડા વગેરેના ઉપયોગ માટે ત્યાં જુદા-જુદા કારખાનાવાળાઓને જેમ જેમ માલની જરુરીયાત જણાશે તેમ તેમ છેવટે ૪ પાલી કરશે. તો દિવસની ૨૫ હજાર ૪૦૦-૨૫૪૦૦ ઉપરાંત પશુઓની હિંસા થશે. તે હિસાબે એક માસ દરમ્યાન ૭ લાખ ૬૩ હજાર પશુઓની કતલ થવાની આ દેવનાર કતલખાનામાં શક્યતા છે. તો બાર મહિને ૯૨ લાખ ઉપરાંત ક્રોડ લગભગ પશુઓની કતલ થવાની અવશ્ય સંભાવના છે, જે વાંદરામાં આજે કતલખાનામાં ૧ લાખ પશુઓની લગભગ કતલ થાય છે, તે દેવનાર કતલખાનામાં ૬૨ લાખથી અધિક સંખ્યાના પશુઓની કતલ થનાર છે.

આ કતલખાનામાં આ રીતે કતલ થયેલા પશુઓના હાડ માંસથી ભારત સરકાર વિદેશી હુંડીયામણ ઉત્પન્ન કરવા ઇચ્છે છે. આજે ભારત ત્રણ-ત્રણ પંચવર્ષીય યોજના દ્વારા ક્રોડો ખરચવા છતાં સરકાર પ્રજાની અન્ન, દૂધ, ચોકખા ઘી, તેલ, ની જરૂરીયાતોને પહોંચી વળતી નથી. ને આ બધી ખાદ્ય સામગ્રીઓના ભાવ દિનપ્રતિદિન આસમાને ચઢી રહ્યા છે. તે હવે પશુઓના ઉછેર, સંરક્ષણ, સંવર્ધન દ્વારા દૂધ, ઘી, અને ખેતીવાડીના અન્નદ્વારા આર્થિક કમાણી કરવામાં મીંડુ ઉભું કરીને પશુઓનાં માંસને પરદેશ ચડાવીને પૈસાની કમાણી કરવા ઇચ્છે છે. (ક્રમશઃ)

# સત્યાનાશને પંથે

## પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ.

આજે વિજ્ઞાનના નામે વિકાસ સાધી માનવસમાજ સત્યાનાશના પંથે વળી રહ્યો છે. આર્ય પ્રજા તન અને મનના વિવેકને ભૂલી જઈ લોભામણી લાલચોમાં લપટાઈ અનેક પ્રાણીઓના જીવતરને છીનવી રહી છે. નથી માનવમાં દયાભાવ દેખાતો નથી કરૂણાભાવ જણાતો!

વિજ્ઞાનયુગનાં ઉંધાં ચશ્મા ચડાવી આજનો યુવક શક્તિશાળી બનવા હોટલ, રેસ્ટોરાં અને હોસ્ટેલો જેવાં સ્થાનોમાં અભક્ષ્ય આહારને આરોગતો બની બેઠો છે.

હૃદય દુભાય છે આવા આર્ય સંસ્કાર વિહોણા વિવેક વગરના માનવોને જોઇને!

ઈંડામાં 'પ્રોટીન' વધારે છે એમ કહી શક્તિ વધારવાના બ્હાને બિચારા નિર્દોષ પ્રાણીઓને પેટમાં પૂરશે. શી દશા થશે આવા ધૃષ્ટ નરોની?

વધુ શક્તિ મેળવી અનાચાર-દુરાચારને જગતમાં એવા લોકો ફેલાવવા માગે છે કે સુખ શાન્તિ મેળવવા માગે છે એ જ સમજાતું નથી.

બીજાને દુઃખી કરનાર પોતે ક્યાંથી સુખી થવાનો હતો. બીજાના પ્રાણને લેનારો સ્વયં સુખે શી રીતે જીવવાનો હતો?

અરે! આજે આર્યદેશમાં ઉત્પન્ન થઈ અનાર્ય જેવા વર્તનો કરનાર માનવોને આર્ય કહેતાં પણ અમને શરમ આવે છે.

વસ્તુસ્થિતિ ઘણી ઘણી સમજવા જેવી છે. હજુ એ, જો સત્યાનાશના પંથે વહી જતો માનવ સમાજ પાછું વાળીને નહિ જુએ તો એની દશા ઘણી બૂરી થશે.



# વહેતાં ઝરણાં

('કલ્યાણ' માટે ખાસ) ❀ શ્રી રાજેશ ❀

## (૧) દિકરો કે દિ' ફર્યો :

**મા** બાપ પોતાના પુત્રને પરસેવો પાડીને ભણાવવામાં જરા પણ ખામી રાખતા નથી. મારો લાલ જગતમાં 'સાહેબ' બનીને ફરે, એ મોહમૂઢ મા બાપની ઉમ્મેદ હંમેશ માટે આગળ જ રહે છે, પણ આજની અસંસ્કૃત કેળવણીથી જ્યારે એમનો પુત્ર ઉચ્છૃંખલ બને છે, ત્યારે માત પિતાને ચોફાળ ઓઢીને રડ્યા સિવાય બીજું કંઇ જ રહેતું નથી. મા-બાપને ત્યારે સમજાય છે કે બાળકને ન્હાનપણથી જ જો ધર્મના સંસ્કાર નાંખ્યા હોત તો સારૂં હતું!

ભણી ભણીને ભવાડા કરનાર યુવકોની સંખ્યા આજે ઘણી જ વધતી જાય છે. આજના ભણેલાઓને પોતાના પાલક, જન્મદાતા માત પિતાને માત-પિતા કહેતા પણ હવે શરમ આવે છે.

હદ થાય છે. એવા જ્ઞાન પામેલ ફેશનેબલ ફારસીયાઓની વાતો કરતાં પણ અંતર દુભાય છે. સમાજના રખેવાલો, ભવિષ્યના આધાર સ્થંભો આજે કઇ દશામાં મૂકાઇ ગયા છે? એ કહેવું ઘણું જ ગ્લાનિજનક છે.

ગામડાના એક સુખી ભાઈએ પોતાના પુત્રને ભણાવીને 'સાહેબ' બનાવવાનાં સોણલાં સેવ્યાં. પુત્ર ભણવામાં હોંશીયાર હતો. ભણીને પાસ થતાં વેંત એને સારા અધિકાર પર નોકરી પણ મળી ગઈ.

ભાઇ સાહેબને ગામડામાં આવવું ગમતું નથી. રજાના દિવસોમાં પોતાની પત્ની સાથે હવા ખાવા ઉપડી જતો. માત-પિતા પુત્રના દર્શન કરવા ઝંખે, પણ સાહેબ બનેલા પુત્રને માત-પિતા પ્રત્યેનો સ્નેહભાવ ક્યાંથી જાગે?

એક વખત વાત્સલ્યની પ્રતિમા સમા પિતા પોતાના પુત્રને મળવા આવે છે, પિતાને જોઈને જ આ પુત્ર તથા પુત્રવધૂ હેબતાઈ ગયા. પુત્રનાં પ્રેમનાં નીર ઓસરી ગયાં. ભાઈ સાહેબની સુધારક ગણાતી ફેશનેબલ પત્ની ડોસા સામે વારંવાર ડોળા કાઢતી હતી.

પિતા તો પુત્રના કાર્યમાં જરાપણ ડખલ ન થાય માટે એક બાજુ બેસી ગયા. એ દિવસે પુત્રને ત્યાં મોટા ઓફિસરોની મીજબાની હતી. 'આ જ સમયે ડોસો આવી ચડ્યો. મારી આબરૂના કાંકરા કરવા.' એ વિચારે આ અસંસ્કારી પુત્ર બળી રહ્યો હતો.

નિયત સમયે સાહેબ મીજબાનીમાં પધાર્યા. સાથે બીજો પણ ઘણો સ્ટાફ હતો. પિતા પણ પોતે કસમયે આવી ચઢેલ છે, એ વિચારે સમસમી ઉઠ્યા. પુત્ર પિતાની ખબર-અંતર પણ પૂછતો નથી, ઉલટું જણાવે છે કે, 'હમણાં એક તરફ બેસી રહેજો. કશી જ ટકટક કરતા નહિ.'

મિજબાની ચાલુ થઈ. મોટા સાહેબે દૂર બેઠેલા વૃદ્ધ સામે અંગુલિ નિર્દેશ કરી કોણ છે? એમ પૂછ્યું.

'This is my servant. Sir.' સાહેબ આ મારો માણસ છે. જમાનાનો ખાધેલ ડોસો અંગ્રેજીના એના શબ્દોના ભાવને અભિનય દ્વારા પામી ગયા હતા. તરત જ ઉભા થઈ બધાની વચ્ચે એમણે ધડાકો કર્યો.

'સાહેબ! હું એની માનો માણસ છું, એનો નહિં, મેં ભણાવી ગણાવીને એને આ સ્થિતિમાં આણ્યો આજે મને-પિતાને પિતા કહેતાં પણ શરમાય છે. અને નિર્લજ્જની જેમ મને એનો નોકર બનાવે છે. આવાને ભણાવવો એ સાપને દૂધ પાવા બરાબર છે.'

[illegible] જિન [illegible]સૂરીશ્વરજી જ્ઞાન ભંડાર
[illegible]



પુત્રને તો જાણે કાપો તો લોહી જ ન નીકળે. એવો એ ઠંડો બની ગયો.

આમંત્રિત મહેમાનોનાં હૃદયમાં ધિક્કારની લાગણી ઉપસી ગઈ, સાહેબે ફિટકાર વર્ષાવ્યો. આને તો દિકરો કહેવો કે દિ ફર્યો કહેવો.

*

## ૨ : માણસાઇ જીવે છે.

પોષ્ટનો પટ્ટાવાળો સખત તાવમાં સપડાઈ ગયો. બચ્ચરવાળ માણસ, કમાનાર એક અને ખાનાર છ જણ. દુકાળ ને અધિકમાસ જેવી બિચારાની સ્થિતિ થઈ. તાવ તો જવાનું નામ લેતો નહિ. નાનાં ભૂલકાં ભૂખે ટળવળતાં હતાં. એ તો તાવમાં ને તાવમાં પહોંચ્યો પોષ્ટમાં.

'સાહેબ! હું કામ પર આવી ગયો છું. મારા યોગ્ય કામ ભળાવો.' એનું શરીર તો તાવથી ધ્રુજી રહ્યું હતું. અશક્તિથી ઉભો ઉભો ગબડી જવાની તૈયારીમાં હતો.

'ભાઇ! જા! તું આરામ કર. હજુ તું બિમાર છે. પોષ્ટ કામ અહીં વધુ રહે છે. તારાથી કામ નહિ થઈ શકે. જા! ઘેર જઈ સૂઈ જા. જો તબિયતની સંભાળ નહિ રાખે તો વધુ બિમાર થઈ જઈશ. સાજો થાય ત્યારે પાછો આવી જજે.' પોષ્ટ માસ્તરે વહાલભર્યો ઉત્તર આપ્યો.

'સાહેબ! સૂઈ ગયે મારો પાર આવે તેમ નથી. બચ્ચરવાળ છું, આજની કમાણી પર કાલની રોટીનો આધાર છે. આપ ફરમાવશો તે કામ કરીશ. મને કામ પર લઈ લો, મારી ખાતર નહિ, નાનાં નાનાં ભૂલકાં ખાતર, બિચારાં ભૂખે ટળવળી રહ્યાં છે. હું કમાઇશ નહિ તો તે બધાં ખાશે શું?'

'ઠીક ભાઈ' બેસી જા. તને વધુ કામ નહિ ભળાવીએ. તારી શક્તિ મુજબ કામ ભળાવીશું. ચાલ. લાગી જા કામે' દયાળુ માસ્તરનો દયાભાવ ઉભરાઇ ગયો.

બધો જ સ્ટાફ પટ્ટાવાળાને પૂરતી મદદ કરી રહ્યો છે. પણ આરામની જરૂર હતી ત્યાં કામના બોજાથી પટ્ટાવાળો વધુ બિમારીમાં સપડાયો.

બેસવા ઉઠવાની શક્તિ પણ ગુમાવી બેઠો.

એનું અંતર વલોવાઈ રહ્યું છે. મન મૂંઝાઈ રહ્યું છે. ચિન્તા પિશાચિની એના શરીરને ફોલીને ખાઈ રહી છે.

બાળકો કલ્પાંત કરી રહ્યાં છે. ઘરમાં ખાવા અન્ન નથી. પહેરવા કપડાં નથી. દવાની તો વાત જ દૂર રહી.

પોષ્ટના સ્ટાફે આ વાત જાણી. પોષ્ટ માસ્તરે બધાંને જણાવ્યું, 'ભાઈઓ! આપણો સાથીદાર બિમાર હોય, દુઃખી હોય તો તેની સંભાળ લેવી એ આપણી પહેલી ફરજ છે. એ ફરજને અદા કરવાનો અવસર આવી ગયો છે. આપણી શક્તિ મુજબ આપણે ફાળો કરી દુઃખી આપણા ભાઈના દુઃખમાં ભાગ પડાવવો જ જોઈએ.'

તેજીને ટકોરાની જ જરૂર હોય. બધાએ પોતપોતાની શક્તિ મુજબ ફાળો નોંધાવ્યો. પોષ્ટના કામથી નિવૃત્ત થઈ બધા જ ગયા પટ્ટાવાળાને ત્યાં પહોંચ્યા. પોતાના સાહેબ અને સાથીદારોને પોતાને ત્યાં આવતા જોઈ બિમાર પટ્ટાવાળાની આંખમાંથી હર્ષાશ્રુ વહી પડ્યાં.

પોષ્ટ માસ્તરે આવી તરત જ પેલું પૈસાનું બંડલ પટ્ટાવાળાના હાથમાં મૂકતાં જણાવ્યું: 'જો ભાઈ! તારા કુટુંબને માટે, તથા તારી દવા માટે અમે આ પૈસા તારા હાથમાં મૂકીએ છીએ. હવે વધુ જ્યારે પણ જરૂર હોય ત્યારે તું નિઃસંકોચભાવે અમને જણાવજે.'

પટ્ટાવાળો ગળગળો બની ગયો. માણસાઇના દીવા એની સામે ઝળહળી રહ્યા હતા. એના અંતરમાંથી આશીર્વચનની વાગ્ધારા ફૂટતી હતી.

'સાહેબ ! હું દુઃખી છું. પણ અણહક્કનું મારે ન ખપે, પણ હું લાચાર છું ! આપે મારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે. આપનું વહાલ જોઈ મારૂં હૃદય હચમચી જાય છે. હવે વધુ ઉપકારના ભાર નીચે મને દબાવશો નહિ....સાહેબ ! આપ સહુનુ મારા ઉપર વાત્સલ્ય છે એ જોઈને જ મારૂં અર્ધું દુઃખ તો ઓછું થઇ ગયું છે.'

'જો ભાઈ ! તારે એ વાતો વારંવાર ઉચ્ચારવી નહિ. માણસ માટે જો માણસ કર્તવ્ય નહિ બજાવે તો માણસાઈ મરી પરવારશે. આ કંઇ તારો ઉપકાર નથી કેવળ કર્તવ્ય જ છે. માટે હવે વધુ બોલીશ નહિ.'

બસ આટલું બોલી, આવેલો સ્ટાફ રવાના થઈ ગયો. પટ્ટાવાળો દેવદૂત જેવા પોષ્ટ માસ્તરના માર્ગને નીહાળી રહ્યો.

'હજુ યે માણસાઈ મરી પરવારી નથી,' વાતાવરણમાં એ હવા ગૂંજતી થઈ.


હરીષ
ઓટોમોબાઈલ્સ

○ મોટર સ્પેરપાર્ટસ
○ ડીઝલ
○ ટ્રેકટર પાર્ટસ
ના વેપારી.

કાશીવિશ્વનાથ રોડ
જામનગર.

કબજીઆતની રોજની ફરિયાદ છે? તો
સત–સુધા
નું સેવન કરો. જાણીતા લક્ષ્મી છાપ સત ઇસબગુલની સુસ્વાદમય વિશેષ ગુણકારી ઉત્તમ ઔષધી
બનાવનારઃ લક્ષ્મી ઇન્ડસ્ટ્રીયલ કોરપોરેશન
ઉંઝા (ઊ. ગુ.)
વિક્રેતા :
સુરેન્દ્રનગર : રાઘવજી ડી. દોશી
મે. બી. કે. પટેલની કું.
રાજકોટ : શ્રી રતિલાલ લલ્લુભાઇ
મુંબઈ : મે. બી. અમૃતલાલની કું.
૩૦૫, કાલબાદેવી રોડ
અમદાવાદ : પારેખ મેડીકલ સ્ટોર્સ–
ફતાસા પોળ પાસે.

શ્રી ૧। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી પ્રભુજીની પ્રતિમાને લેપ કરવા માટે શાસ્ત્રીય પધ્ધતિથી પ્રાચીન પ્રતિમાઓને તથા ખંડીત પ્રતિમાઓના દરેક ભાગને વ્યવસ્થિત રીતે કલાત્મક શિલ્પની દષ્ટિએ સંકલન કરી આપીએ છીએ. અમો જાણીતા લેપ કામના મિસ્ત્રી જેઠાલાલ છગનલાલ અને બાબુલાલ મોહનલાલ લેપ કામના મિસ્ત્રી હિન્દભરના ઐતિહાસીક જૈન તીર્થો તથા દેરાસરમાં પ્રતિમાઓને લેપ કરવાનું કામ કર્યું છે. અમારી દર પેઢી વારસાગત આ લેપનું કામ કરે છે.
મિસ્ત્રી બાબુલાલ મોહનલાલ [લેપ કામના મિસ્ત્રી]
ઠે. ભોજક શેરી, [ડી. મ્હેસાણા] મુ. વડનગર.
તા. ક.–ઓપ તથા ચક્ષુટીકાનું રીપેરીંગ કામ પણ અમો કરીએ છીએ. દેરાસરોના ટ્રસ્ટીઓ એક વખત જરૂર અમારી સાથે પત્રવ્યવહાર કરો.

# પ્રશ્નોત્તર કર્ણિકા

શ્રી ધર્મરુચિ

પ્ર૦ ૧૧૧ : તીર્થંકર દેવો પ્રથમ અને છેલ્લા (ચોથા) પ્રહરે દેશના આપે એ વાત ખરી? તે બાબતના અક્ષરો છે ખરા? તીર્થંકર દેવોની છેલ્લા પ્રહરની દેશનામાં સૂર્યાસ્ત પૂર્વેની એક ઘડીની કાલવેલા વર્જ્ય ખરી? એટલે કે સૂર્યાસ્તથી એક ઘડી પૂર્વે દેશના પૂર્ણ થાય એ વાત ખરી કે નહિ?

ઉ૦ : આ પ્રશ્ન બે વિભાગમાં વહેંચાઈ જાય છે. એક તો તીર્થંકરોની દેશના કયારે હોય તે અને બીજો છેલ્લા પ્રહરની દેશનામાં કાલવેલા અર્થાત્ અસજ્ઝાય ગણાય કે નહિ.

આ બન્નેનો ઉત્તર ક્રમશઃ આ પ્રમાણે છે.

(૧) તીર્થંકરદેવો કેવલજ્ઞાન પામ્યા પછી નિર્વાણ ન પામે ત્યાં સુધી પ્રતિદિન પ્રથમ પોરિસીએ અને ચોથી પોરિસીએ દેશના આપે છે. આ અંગે કેટલાક પાઠો નીચે પ્રમાણે છે.

१ भगवान् प्रथमां संपूर्णपौरुषीं धर्मं आचष्टे (બૃહત્કલ્પ–વૃત્તિ પ્રથમ ખંડ)

२ समवसरणे सूर्योदये प्रथ पौरुष्यां, अन्यदा पश्चिमायां– શ્યક હારિભદ્રીય તથા મલયગિરિ ટીકા)

३ तत्र भगवान् संपूर्णपौरुषीं धर्ममाचष्टे (આવશ્યક હારિભદ્રીય ટીકા)

४ तित्थगरो पढमपोरुसीए धम्मं ताव कहेति जाव पढमपोरुसीउग्घाडवेला. (આવશ્યકચૂર્ણિ)

५ हे वीतराग! भावित्वत्पादसंस्पर्शी- भावी तव पादयोः स्पर्शो व्याख्याव- सरे षड्घटिकावधि यस्यास्तां सुराः पूजयन्ति. (વીતરાગ સ્તોત્ર પ્ર. ૪ શ્લો. ૧૦ અવચૂરિ)

આ પાંચ પાઠમાં પહેલાં ત્રણ પાઠો–સંપૂર્ણ પ્રથમ પૌરુષી સુધી દેશના આપે એમ જણાવે છે, ચોથો પાઠ ઉગ્ઘાડા પૌરુષી (પાદોન પૌરુષી) સુધી દેશના આપે એમ જણાવે છે અને પાંચમો પાઠ છ ઘડી સુધી દેશના આપે એમ જણાવે છે.

છેલ્લી પોરિસીની દેશના સૂર્યાસ્ત સુધી હોય છે.

'सूरत्थमणे तित्थयरो धम्मं कहित्ता उट्ठितो.'

(આવશ્યક ભાગ-૨ મલયગિરિ ટીકા)

(૨) હવે કાલવેલા–અસજ્ઝાય લાગે કે નહિ? તે અંગે જણાવવાનું કે–તીર્થંકરદેવો કલ્પાતીત છે એટલે તેઓશ્રીને અંગે કાલવેલાનો પ્રશ્ન રહેતો નથી. બીજું તેઓશ્રી અર્થની દેશના આપે છે એથી પણ કાલવેલાનો પ્રશ્ન રહેતો નથી. વળી સાંજની કાલવેલા નિશીથ ચૂર્ણિમાં સૂર્યાસ્ત પછીની બે ઘડી જણાવી છે તેથી પણ એ પ્રશ્નને અવકાશ નથી. જો કે આચરણાનુસારે સાંજની કાલવેલા સૂર્યાસ્ત પહેલાની બે ઘડી મનાય છે પણ સૂર્યાસ્ત-પૂર્વેની એક ઘડી કાલવેલા માનવાનો પાઠ તો જાણવામાં નથી.

પ્ર૦ ૧૧૨ : તીર્થંકરદેવો વર્ષીદાન આપે તે–તીર્થંકરની પ્રતિમા આગળ ભૂલથી લઈ ગયેલી ચીજ પણ દેવદ્રવ્ય થઇ જવાના આધુનિક રિવાજ પ્રમાણે દેવદ્રવ્ય કેમ ન ગણાય?

ઉ૦ : તીર્થંકરદેવ વર્ષીદાન આપે છે ત્યારે ગૃહસ્થ અવસ્થામાં છે. તીર્થંકરદેવની પ્રતિમા એ અરિહંત-અવસ્થાની કે સિદ્ધ અવસ્થાની હોય છે. બીજું સાક્ષાત્ તીર્થંકરદેવ સાથેનો વ્યવહાર અને તેમની પ્રતિમા સાથેનો વ્યવહાર જુદો છે. તેથી તીર્થંકરદેવના હાથથી લીધેલું વર્ષીદાનનું દ્રવ્ય દેવદ્રવ્ય ન ગણાય.

તીર્થંકર દેવની ભક્તિ નિમિત્તે કલ્પિત કરાએલું દ્રવ્ય જ દેવદ્રવ્ય ગણાય છે. આથી તીર્થંકર દેવની પ્રતિમા આગળ ભૂલથી ખીસ્સામાં રહી ગયેલી ચીજ લઈ જવા માત્રથી દેવદ્રવ્ય બની જતી નથી, આમ છતાં મંદિરમાં લઇ ગયેલી વસ્તુ

ઉપભોગમાં આવે તો, તેથી અંતે જતે દહાડે પરિણામ નિર્ધ્વંસ થવાની સંભાવના હોવાથી તેના ઉપભોગનો નિષેધ કરવામાં આવે છે.

પ્ર૦ ૧૧૩ : વક્રગતિ ભારે કર્મી જીવોને જ હોય એવો નિયમ ખરો ?

ઉ૦ : શાસ્ત્રોમાં વક્રગતિનું કારણ ઉપપાતક્ષેત્ર વિશ્રેણિમાં હોય તે જણાવ્યું છે. એટલે વક્રગતિ તેને જ કરવી પડે છે કે જેને ઉત્પત્તિસ્થાન સમશ્રેણિમાં ન હોય. બીજું જેઓ ચરમશરીરી છે તેઓ પણ ઉત્પન્ન થવાનું સ્થાન વિશ્રેણિમાં હોય તો ભવાન્તરથી અહીં છેલ્લા મનુષ્યભવમાં વક્રગતિએ આવે છે. એટલે વક્રગતિ ભારેકર્મીને જ હોય એવો નિયમ હોઈ શકે નહિ.

પ્ર૦ ૧૧૪ : આગામી કાલ કરતાં ભવ્ય જીવો ઓછા, વધારે કે સમ છે ?

ઉ૦ : શ્રી વિશેષાવશ્યકમાં ભૂતકાલ અને ભવિષ્યકાલ બન્નેને તુલ્ય-સરખા કહ્યાં છે. ત્યાં જણાવ્યું છે કે ભૂતકાળમાં પણ એક નિગોદનો અનન્તમો ભાગ સિદ્ધ થયો છે અને ભવિષ્યકાળમાં પણ તેટલો જ ભાગ સિદ્ધ થશે પણ ઓછો કે અધિક નહિ. આથી સિદ્ધ થાય છે કે કાલ કરતાં ભવ્ય જીવો અનન્તગુણાં છે. અન્યમતે ભૂતકાલ કરતાં ભવિષ્યકાલ અનન્તગુણો પણ કહ્યો છે.

પ્ર૦ ૧૧૫ : અપુનર્બન્ધક અને સકૃદ્બન્ધક આ બે અવસ્થા ચરમાવર્તમાં આવ્યા પછી થાય કે પૂર્વે થાય ?

ઉ૦ : અપુનર્બન્ધક અવસ્થા તો, જીવ ચરમાવર્ત્તમાં દાખલ થયા પછી જ પ્રાપ્ત થાય પણ સકૃદ્બન્ધક અવસ્થા ચરમાવર્ત્તી જીવને પણ હોઇ શકે છે અથવા ચરમાવર્ત્તના નિકટ કાલવર્તી જીવને પણ હોઇ શકે છે. એટલે કે-સકૃદ્બન્ધક માટે ચરમાવર્ત્તનો એકાન્ત નિયમ બાંધી શકાય નહિ.

પ્ર૦ ૧૧૬ : મોહનીયની ૬૯ કોડાકોડી સાગરોપમની સ્થિતિનો ક્ષય થયા પછી નવકારનો ण કે કરેમિ ભંતેનો क બોલાય કે નવકારનો ण કે કરેમિ ભંતેનો क બોલવાથી ૬૯ કોડા કોડી સાગરોપમ તૂટે ? બેમાંથી સાચું શું ?

ઉ૦ : બન્ને સાચું છે. અપુનર્બન્ધક અવસ્થાને પામેલા આત્માઓની મોહનીયની ૬૯ કોડાકોડીની સ્થિતિનો ક્ષય પહેલાં થઈ ગયેલો હોય છે, તેવી અવસ્થામાં રહેલા આત્માઓ તે અવસ્થા વખતે નવકારનો ण કે કરેમિ ભંતેનો क બોલે છે અને કેટલાક આત્માઓ એવા પણ હોય કે નવકારનો ण કે કરેમિ ભંતેનો क બોલતી વખતે પણ મોહનીયની ૬૯ કોડાકોડી સ્થિતિનો ક્ષય કરતાં હોય.

ટુંકમાં નવકારનો ण કે કરેમિ ભંતેનો क બોલતી વખતે તો દરેક આત્મામાં મોહનીયની ૬૯ કોડાકોડીની સ્થિતિ નાશ પામેલી હોવી જ જોઇએ. તે વિના તો બોલી શકે જ નહિ.

પ્ર૦ ૧૧૭ : તીર્થંકરો સમુદ્‌ઘાત કરે કે નહિ ? પ્રભુ મહાવીરની ચરમ દેશના સોલ પ્રહરની છે તેને કેટલાક સમુદ્‌ઘાતમાં ઘટાવવા મથે છે, તે વ્યાજબી છે ?

ઉ૦ : વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલિ આ સાત સમુદ્‌ઘાત છે. તેમાં પ્રથમના છ સમુદ્‌ઘાતો છદ્મસ્થને હોય છે અને સાતમો કેવલિ સમુદ્‌ઘાત ફક્ત કેવલિને જ હોય છે. અન્ય કેવલી ભગવંતોની જેમ તીર્થંકર દેવો પણ આયુષ્યની સ્થિતિ કરતાં વેદનીય, નામ અને ગોત્રકર્મની સ્થિતિ અધિક હોય તો તેને સરખી કરવા માટે કેવલી સમુદ્‌ઘાત કરે અને આયુષ્યની સ્થિતિ કરતાં વેદનીયાદિની સ્થિતિ વધારે ન હોય તો ન કરે. કેવલી સમુદ્‌ઘાત માત્ર આઠ સમયનો જ હોય છે. તેથી સોલ પ્રહરની ભગવાનની દેશનાને કોઇ પણ રીતે કેવલી સમુદ્‌ઘાતમાં ઘટાવી શકાય નહિ.

જીવનના ઝંઝાવાતોની વચ્ચે તમને જીવન-સાથીની જેમ માર્ગદર્શક બની શકે તેવું
માસિક 'કલ્યાણ'
**આજે જ ગ્રાહક બનો !**
વા. લ. પોસ્ટેજ સાથે રૂા. ૫-૫૦ ન. પૈ.
કલ્યાણ પ્રકાશન મંદિર વઢવાણ શહેર (સૌ.)

# પ્રેરણા

**શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ બી. એ. મુંબઈ.**

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ પ્રેરણાનું સંગીત છે. પ્રતીકનું પરમબળ છે, ને પુરૂષાર્થનું એ ઉત્તમ સ્થાન છે, એ હકીકતને પોતાની આગવી શૈલીમાં શીલોસોફીભરી ભાષામાં લેખક અહિં ઉદ્બોધે છે. 'કલ્યાણ' પ્રત્યેના આત્મીયભાવથી તેઓ 'કલ્યાણ'ને લેખ મોકલાવી તેની સાહિત્યસામગ્રીને સમૃદ્ધ બનાવવામાં પોતાનો મહત્ત્વનો સાથ આપી રહ્યા છે. સૌ કોઇ મનનપૂર્વક આ લેખને વાંચી વિચારે !

પુરુષાર્થના પ્રાગટય માટે પ્રેરણા જરૂરી છે. પ્રેરણાના પ્રાગટય માટે પ્રતીક–આદર્શ જરૂરી છે. પૂર્ણતાનું પ્રતીક અરિહંતદેવ છે. પ્રતીક, પ્રેરણા ને પુરુષાર્થ એ માત્ર મનુષ્યનો જ એકમાત્ર વિશિષ્ટ અધિકાર છે.

પૂર્ણતાનું પ્રતીક અરિહંતદેવ છે, જ્યાં સર્વ સદ્ગુણો પૂર્ણપણે પ્રગટયા છે, જ્યાં સર્વ દુર્ગુણો પૂર્ણપણે ક્ષય પામ્યા છે, જ્યાં રાગ-દ્વેષના આત્યંતિક ક્ષયથી પૂર્ણ સમભાવ પ્રગટયો છે અને સર્વજીવો પ્રત્યે પૂર્ણ માતૃહૃદય પ્રગટ્યું છે. સૌન્દર્ય અધૂરા ણામાં નથી, જીવનની ભવ્યતા અધૂરાપણામાં નથી. આપણે સૌ અધૂરાં છીએ–જ્યાં સ્વત્વની સામસામી બાજુઓ અથડાય છે. અધૂરાપણામાં વિરોધ છે, વિસંવાદ છે, વિકેન્દ્રીકરણ છે.

જીવનમાં સંવાદ પ્રગટવો જોઈએ. જ્યાં પ્રતીક, પ્રેરણા ને પુરુષાર્થ છે, ત્યાં જીવનમાં સંવાદ છે. મનુષ્ય પઠન–પાઠન, ચિંતન-મનન, સર્જન કરે છે તે જીવનમાં સુમધુર સંવાદ પ્રગટાવવા. શ્રેષ્ઠ કવિતાના તાલબદ્ધ છંદમાં, મહાન નૃત્યકારના દેહમરોડમાં એક સંવાદ છે. તે જ તેનું સૌન્દર્ય છે. ગુપ્તકાળનું કોઈ ગાંધારશિલ્પ લ્યો, અજન્ટાનું પદ્મપાણીનું ભીંતચિત્ર લ્યો; તેમાં જે તાલ, ગતિ, લય દેખાય છે–જે સુરમ્ય સૌન્દર્યતરંગ દેખાય છે, તે જ તેનો સંવાદ છે. ઓમકારનાથના આલાપમાં, બિસ્મિલ્લાની શહનાઇમાં, રવિશંકરની સિતારમાં જે સુંદરતા છે તે તેના તાલબદ્ધ લયની, એક સુમધુર સંવાદની છે, એક ઉચ્ચ પ્રકારના ગણિતની છે.

જ્યાં સુધી જીવનમાં આદર્શ નથી આવતો ત્યાં સુધી સંવાદ પ્રગટતો નથી. અરિહંતદેવની મૂર્તિ આપણે કેવા થવું જોઈએ ? તેની રંગોળી છે. એ મૂર્તિ સતત સામે રાખીને જોવું જોઇએ કે, આપણી પ્રત્યેક જીવનક્રિયા કે હૃદયના ભાવનો તેની સાથે વિરોધ તો નથી ને ? આદર્શની મોહિનીથી મંત્રમુગ્ધ બની આપણું અસ્તિત્વ, ચાલો, આપણે ભૂલી જઇએ ! હા, આપણે આપણી જાત ભૂલવી પડશે. જ્યાં સુધી આપણે આપણી જાત ભૂલી જતા નથી, આપણું જાગ્રત ચિત્ત જ્યાં સુધી સૂઇ જતુ નથી, જ્યાં સુધી વિચાર અવસ્થાને શમાવી દેતા નથી ત્યાં સુધી ઊર્ધ્વચેતનામાંથી કશુ જ નીચે ઊતરતું નથી–ઊંડાણ સપાટી ઉપર આવતું નથી.–ઊંચાઇ નીચે ઊતરતી નથી-સ્વત્વ અમિશ્રિત રૂપે સાકાર થતું નથી. શાસ્ત્ર, મૂર્તિ આદિ આધ્યાત્મિક કલોરોફોર્મ ( Spiritual anaesthetic ) છે, જે બાહ્યભાન લઇ લે છે, પછી જ મહાસર્જનની શસ્ત્રક્રિયા શરૂ થાય છે. જપ–તપ–ધ્યાન પણ ચિત્તના લય માટે છે. સમવસરણમાં બિરાજેલ તીર્થંકરદેવનાં સૌન્દર્ય ને ઐશ્વર્યનો ક્ષણભર આસ્વાદ વિચારવસ્થાને ઊંઘાડી દેશે ને ભાવાવસ્થા જાગ્રત કરશે. પ્રકૃતિનાં ઉચ્ચતમ સત્યો ભાવાવસ્થામાં પ્રગટે છે. વિચારાવસ્થા યૌગિક સત્યોને મેળવવાનો પિપીલિકા માર્ગ છે, કીડીવેગે માર્ગ છે; ભાવાવસ્થા વિહંગમ માર્ગ છે.

વિચારવસ્થા શાંત થાય છે, ત્યારે જીવનના ઊંડાણનું સંગીત પ્રગટે છે–શિલ્પ પ્રગટે છે- ઉચ્ચતર ગણિત પ્રગટે છે–જીવનનો સંવાદ ને સૌન્દર્ય પ્રગટે છે.

જીવનને સંવાદી કરવું જ રહ્યું. કારણ, પ્રકૃતિ સ્વયં સંવાદમય છે. પ્રકૃતિ સાથે તાદાત્મ્ય થવાનો એકમાત્ર માર્ગ આપણે સંવાદી થવાનો છે. જુવો, પ્રકૃતિ કેવી સંવાદમય છે! જ્યાં જુવો ત્યાં પ્રકૃતિમાં સંવાદ છે, તાલ છે, લય છે. કારણ, પ્રકૃતિ તેના શાશ્વત નિયમોરૂપી બંધારણની ઉપરવટ જતી નથી; પ્રકૃતિમાં સ્વેચ્છાચાર નથી; સંયમ છે. તેથી જ તો માનવના જીવનમાં સંયમનું મૂલ્ય છે. જે ત્યાં પ્રકૃતિમાં છે તે માનવજીવનમાં પણ છે.

પ્રકૃતિનો સંવાદ જુવો! એક ફૂલ એવું બતાવો, જે ઉત્ક્રાંતિના નિયમોને તોડીને ઊગતુ હોય! એક ગ્રહ, નક્ષત્ર કે તારો એવો બતાવો, જે તેની ભ્રમણકક્ષા છોડી પૃથ્વી કે સૂર્ય સાથે અથડાતો હોય! એકાદ એવી વસંતઋતુ તો બતાવો કે જે ઋતુઓના ક્રમબધ્ધ ચક્રને તોડીને તમને મળવા આવતી હોય! એક એવો દીવો બતાવો, જે અગ્નિ વિના પ્રગટે! એક એવું બાળક બતાવો, જે માતા વિના ઉત્પન્ન થયું હોય! ગાયના દૂધનું એક ટીપું એવું બતાવો, જે સર્પની ઝેરભરી કોથળીમાં ઉત્પન્ન થયું હોય! સર્વ કાંઇ નિર્ણીત નિયમ અનુસાર છે. સર્વત્ર વિશ્વવ્યવસ્થા એકધારી ટકી રહે છે. આ વિશ્વવ્યવસ્થામાં છે તેનો મૂળ આધાર અરિહંતદેવની કરૂણા છે.

આખા બ્રહ્માણ્ડમાં ક્યાંય વિસંવાદ નથી, ક્યાંય નિયમનો ભંગ નથી, ક્યાંય બેસૂરાપણું નથી. બ્રહ્માણ્ડની વીણામાંથી–પ્રત્યેક સત્ય પદાર્થમાંથી વિશ્વનો મૂળ છંદ–ઉત્પત્તિ, લય ને ધ્રૌવ્ય પ્રતિસમય વહી રહ્યો છે. તેની તાન એકાદ સમય પણ લથડતી નથી. આથી જ ભગવાને સર્વજ્ઞાનના સારરૂપે ત્રિપદી કરી. નિસર્ગમાંના મૂળમાં સંવાદ છે તે સત્યના સમર્થનમાં જ જાણે કે!

સૃષ્ટિનો સંવાદ ખૂબ અનુભવો! જ્યાં ધરતી અને આકાશ મળે છે ત્યાં ક્ષિતિજમાંય કવિતા છે, સંવાદ છે, માધુર્ય છે, સૌન્દર્ય છે!

સમી સાંજે આછા અજવાળાના બારણે ઓથે લજ્જાશીલ શુક્રગ્રહની કણિકા ઊભી રહે છે ત્યાં પણ ધાંધલ નથી, કોલાહલ નથી; એક સંવાદ છે, તાલ છે, લય છે! બધુ જ તેના નૈસર્ગિક ક્રમમાં છે!

સૂર્યગંગા દૂધગંગાની આસપાસ, દૂધગંગા નિહારિકાની આસપાસ, નિહારિકા વિશ્વાધિપતિની આસપાસ જે ઘૂમી રહેલ છે તેમાં તાલ છે લય છે, સંવાદ છે! અણુની અંદર ઘૂમતા ઇલેક્ટ્રોન, પ્રોટ્રોન ને ન્યુટ્રોન પણ તાલબધ્ધ ગતિ છે. સંવાદ છે, કવિતા છે! પાનખર પછી વસંત અને વસંત પછી વર્ષાની ઝડીઓ વરસે તેવા ઋતુઓના ક્રમબધ્ધ આવાગમનમાં પણ સંવાદ છે! બધુ તો શું, ખરબચડા પથ્થરમાં પણ સંવાદ છે! દારૂડિયાનાં લથડતાં પગલામાં પણ સંવાદ છે! જુગારીની બેપરવા ખોકમાઇમાં પણ સંવાદ છે! જે અનિશ્ચિતતાના નિયમ Law of uncertainty પ્રમાણે જ થાય છે! એ તો ઠીક, આગળ વધીને કહું તો માનવીના મનના ભાવો અને માનવીના ભાવિના ચિત્રવિચિત્ર વળાંકોમાં પણ સંવાદ છે! સમગ્ર સૃષ્ટિનું ભાવિ પણ કાંઇક અદૃશ્ય સત્તા (World will) ના ઇશારા પર તાલબધ્ધ નૃત્ય કરી સંવાદ પ્રગટાવી રહ્યું છે! આ સંવાદને લીધે જ સાપેક્ષવાદ તે શ્રેષ્ઠ નિસર્ગનું સત્ય છે. કારણ, સંવાદનું સૌન્દર્યમય અસ્તિત્વ સાપેક્ષવાદ પર ઊભું છે.

બધું જ જો સંવાદમય છે તો હે માનવ! તારું અસ્તિત્વ આટલું વિસંવાદી કેમ? જીવનમાં સ્વેચ્છાચાર છે ત્યાં વિસંવાદ છે, સંયમ છે ત્યાં સંવાદ છે. જ્યાં સુધી ભક્તિ નથી ત્યાં સુધી શ્રેષ્ઠ સંવાદ નથી. બે પ્રેમી હૃદયો વચ્ચેનો સંવાદ જુવો! બેઉ વચ્ચે એક નાડીનું સ્પંદન! એક જ ધબકાર! એકની

નસ કાપો, બીજાને લોહી નીકળે! એક માંદો પડે, અને બીજાને દવા જોઇએ! એક પ્રેમ-પત્ર લખતાં જેટલાં આંસુડાં પાડે, બીજો દૂર છતાં તે પત્ર વાંચતાં તેનાથી બમણાં આંસુ પાડે! પ્રેમી હૃદયોનો આ કેવો સંવાદ! ભક્તિ આવો સંવાદ છે. કારણ, ભક્તિ તે દિવ્ય પ્રેમ છે! પ્રભુની પથ્થરમાં પ્રતિકૃતિ જુવે, અને સ્વપ્નોનું સંગીત સાંભળે. તેનો પ્રેમપત્ર (શાસ્ત્રો) વાંચે, અને તે ભરેલી છાતીમાં શ્વાસ ઊંડો ખેંચી ન શકે! તેનું એકાદ સ્મરણ-ચિહ્ન મળે, અને ભક્તનું વિચાર ને ભાવ-જગત ગીરવે મુકાય! આ બધા સંવાદો આ એક પ્રેમભક્તિનો શ્રેષ્ઠ સંવાદ પ્રગટાવવા માટે છે. બધું ગણિત આ પ્રેમનું એક શ્રેષ્ઠ ગણિત પ્રગટાવવા માટે છે કે બેઉ મળીને એક થાય. સર્વ વિજ્ઞાન, સર્વ ગણિત, સર્વ સાહિત્યનું ધ્યેય માનવ ને પરમાત્મા વચ્ચે સંવાદ પ્રગટાવવાનું છે. કારણ, સૃષ્ટિનો મૂળ છંદ સંવાદનો છે. સંવાદ વિના સૌન્દર્ય ને માધુર્ય નથી!

અરિહંતદેવ સાથે સંવાદ થતાં એ આવડશે કે "હું ક્ષમા આપું. કારણ, તેણે ક્ષમા આપી હતી. હું અહમ્ બાળું. કારણ, તે અહમ્ બાળીને અર્હં થયા હતા. હું અપરિગ્રહી બનું–ઇચ્છારહિત થઉં. કારણ, તેમને કોઈ ઈચ્છા નહોતી–તેમણે બધું છોડયું હતું."

તેને જે ગમે તે મને ગમે, તેને જે ન ગમે તે મને ન ગમે–આ જાતનો સંવાદ ભક્ત ને ભગવાન વચ્ચે થવો જોઇએ. તે જ ભક્તિ છે. જે કાંઇ અરિહંતદેવ વચ્ચેનું માનસિક અંતર વધારે છે તે વિસંવાદ છે, પાપ છે અને હું મારું તેના પ્રત્યેનું માનસિક અંતર ઘટાડે છે તે સંવાદ છે–પુણ્ય છે!

જીવનમાં સંવાદ પ્રગટશે તો પ્રકૃતિ અને તેની વિરાટ કાર્યવાહી, તેની પાછળનાં સહસ્રકોટિ બળો આપણા પક્ષે આવશે ને સાથ આપશે; નહિ તો પછી રહેશે કાળચક્ર નીચે છૂંદાવાનું!

અરિહંતદેવને જીવનમાં સ્થાપશું તો તે આદર્શ સતત પ્રેરણા આપશે કે "મારે આવા થવું છે; જે રીતે તેમણે ખાધું પીધું તે રીતે મારે ખાવું પીવું છે; જે રીતે તે બોલ્યા તે રીતે મારે બોલવુ છે; જે રીતે તેમણે રાતદિન વિતાવ્યાં તે રીતે મારે કરવું છે; જે રીતે તેમણે મનુષ્યત્વ દીપાવ્યું-પૌરુષ અજવાળ્યું તે બધું મારે કરવું છે; અરિહંત મારો આદર્શ છે, હું તેને છોડીશ તો ય તે મને હવે છોડશે નહિ."

આદર્શની આવી દૃઢ સ્થાપના જીવનમાં સતત પ્રેરણા આપશે. પ્રેરણા વિનાનું જીવન બાવળનું ઠૂંઠું છે, ત્યાં જીવંત સ્પંદન નથી, ઉષ્મ ધબકાર નથી, મધુર હલચલ નથી, "કશુંક કરવું છે, મારે કશુંક થવું છે." તેવું મૂક રુદન નથી. જ્યાં પ્રેરણા નથી ત્યાં આ બધું નથી; સર્જનનો નાદ નથી; છે બાબોચીયુ, કીચડ ને કીડાઓ. ગરુડ ને સિંહની સૃષ્ટિ ત્યાં નથી. પ્રેરણા વિનાનાં અસંખ્ય જીવનો નીચે ઢસડાય છે–ત્યાં આંસુઓની ખીણમાં દટાય છે. આપણી અંદર કશુંક એવું જાગવું જોઇએ, જે સતત આપણને પ્રેરણા આપે. આદર્શની સ્થાપના વિના–પૂર્ણતાના પ્રતિકના દૃઢ સ્વીકાર વિના તે શકય નથી.

અરિહંતદેવ – પૂર્ણતાનું પ્રતીક સતત આવી પ્રેરણા રેડશે કે, "દૂર ચાલ! હજી દૂર-ખૂબ દૂર જવું છે." સતત પ્રેરણા પ્રચંડ પુરુષાર્થ જગાડશે.

પ્રતીક, પ્રેરણા ને પુરુષાર્થ જીવનમાં સંવાદ પ્રગટાવશે. તે દ્વારા પ્રકૃતિ સાથે સંવાદ આવશે અને વ્યક્તિ–સમષ્ટિનો ભેદ નાબૂદ થશે; એક મહા અદ્વૈતનો પૂર્ણ આવિષ્કાર થશે, જ્યાં સ્થળ નથી–કાળ નથી કે એક–અનેકનો ભેદ નથી!

# એ ભારે દયાપાત્ર ગણી શકાય

## 'એક મુમુક્ષુની નોંધપોથી'માંથી

અપરિપક્વ આત્મ પરિણતિ તથા નિરંકુશ જીવનના કારણે કર્મે ધક્કો મારતાં, વર્ષો સુધીના સંયમી ગણાતા આત્માનું પતન કદાચ સંભવે પણ જેનામાં લજ્જા, મર્યાદા, તથા સંયમપ્રત્યેનો આદરભાવ છે, તે પોતાનાં પતનને જાહેરમાં તે રીતે પ્રસિધ્ધિના પાને ન ચઢાવે કે જેથી અનેક આત્માઓ સંયમથી તથા સંયમીથી વિમુખ બનવા પ્રેરાય: આજે તો જાણે કાંઈ નથી થયું તે રીતે પતન પામનાર જાહેરમાં જ્યારે તેનો ચંદરવો બાંધે છે, ને સંસારરસિક છાપાઓ ઉત્તમ માર્ગથી થયેલા પતનને બહાદુરીના બનાવ તરીકે નવાજી, એ બહાને જૈનશાસનની સનાતન ત્યાગમાર્ગની પ્રણાલીને વખોડવા બેસી જાય છે, ત્યારે ધૃષ્ટતાની હદ આવી જાય છે. આવા પ્રસંગને અનુલક્ષીને એક આત્માર્થી મુમુક્ષુજીવને ઉદ્દેશીને વિદ્વાન તથા શાસ્ત્રજ્ઞ પૂ. મુનિવરશ્રી જે પ્રેરક તથા ઉદ્બોધક પત્ર લખી જે બોધપાઠ પાઠવે છે, તે 'કલ્યાણ'ના વાચકોને જરૂર માર્ગદર્શક અને વર્તમાનમાં બનતાં કેટલાક કમનશીબ પ્રસંગોમાં ધર્મમાર્ગની સ્થિરતા માટે આલંબનરૂપ બનશે માનીને તે બન્નેયના સૌજન્યભાવના સ્વીકારપૂર્વક તે પત્ર અત્રે પ્રસિધ્ધ થાય છે. સં.

....ની હકીકત, છાપાઓ દ્વારા વાંચી, ભારે આઘાત થયો. આજના વિષમયુગમાં 'ચોરી ઉપર શિરજોરી' કરવી એ ચાલ વધી પડી છે. પૂર્વકાળમાં કદાચ કોઇ પડતા હશે? આ કાળમાં પણ એવું બની જાય, પણ આજના પતન પામનારાઓની નફ્ફટાઇ હૈયાને ભારે કષ્ટ પેદા કરે તેવી જણાય છે

આજના છાપાના યુગમાં, પાપના માર્ગમાં પ્રવેશ કરવો એને "પ્રભુતામાં પગલા માંડવા" એવા મીઠા નામથી ઓળખાવવામાં આવે છે, ભવાભિનંદી જીવો પાપમયતા અને પાગલતાને પણ પ્રભુતા કહે, લખે, લખાવે, માને મનાવે, એમને કોણ રોકે?

સારા જીવો, શાસનને માટે જે સારી આશારૂપ ગણાય, એવા જીવોને પડતા જોઇને, કયા શાસન રાગીને ખેદ ન થાય? પતન પામનારા, પોતાની નબળાઇ, અશક્તિ, પાપમયતા જાહેર કરવાને બદલે, ખોટો બચાવ કરીને, પોતાના દોષોને ઢાંકવા માટે, બીજાઓ પણ અધર્મના માર્ગે પ્રેરાય એવી જાહેરાત કરે, એ વાંચી સાંભળીને "હવે હદ થઈ છે" એમ જ લાગે.

આવી વસ્તુ બનવામાં નિરંકુશતા એજ મુખ્ય કારણ ગણાય છે. આજે સ્વતંત્રતાના સ્વચ્છંદતાના નાદની ૪૦-૪૫ વરસથી ફેલાવા ચેલી હવા. આર્ય માનવના જીવનના પ્રત્યેક અંગમાં પ્રવેશ કરી ચૂકી છે, એ સ્વતંગતાના નાદે ઘણા અયોગ્ય પ્રાણીઓએ, પોતાની લાયકાતને ઓળખ્યા વિના, સ્વચ્છંદતાને અપનાવી છે, એથી સદાચારના દ્વાર બંધ થવા માંડયા છે. અને અનાચારના દરવાજા ખુલ્લા થવા લાગ્યા છે, વર્તમાનની આર્યપ્રજાના સર્વતોમુખી પતનનો સાચો ઈતિહાસ કોઇ વિરલ આત્માઓજ તપાસી શકે છે.

....જેવા, ધર્મક્ષેત્રને માટે આવા ઉપરા ઉપરી આક્રમણો, અતિ અસહ્ય ગણાય, ઉત્પત્તિના કાળથીજ જૈન શાસનની જાહોજલાલી ઝળકતી રહી છે, એમાં, આવા વિચિત્ર બનાવો, એના માટે બહુજ શોચનીય ગણાય.

બાકી તો, શાસન જયવંતુ છે, જેને આરાધના જોઇતી હોય એમના માટે માર્ગ સુંદર છે, બગાડવું હોય એના માટે, કાંઇ અટકાયત નથી શાસ્ત્રો વાંચતાં સંભળાય છે કે, દરેક કાળમાં, ચારેગતિમાં, સમકિત પામેલા જીવ

અસંખ્યાતા હોય છે, અને, પામીને પડેલા જીવો, એમનાથી અનંત ગુણા હોય છે. સમક્તિવાળા જીવો તો પંચેદ્રિયપણામાં હોય છે. અને પામીને પડેલા કોઇપણ ગતિમાં, એકેંદ્રિયમાં અને નિગોદ આદિમાં પણ હોઇ શકે છે.

મનુષ્ય, નારકી, દેવ, અને તિર્યંચ આ ચારે પંચેદ્રિય જીવો ભેગા કરવામાં આવે તેમના કરતા ચઉરિંદ્રિય અધિક હોય છે, એમના કરતા ઈંદ્રિય, અને એમના કરતાં બે ઇંદ્રિય અધિક હોય છે. આ બધા જીવો કરતાં એકેંદ્રિય અસંખ્યાત ગુણા હોય છે, તે પણ નિગોદ સિવાયના, નિગોદના જીવો ભેળવતાં એકેંદ્રિય અનંતા ગણાય છે.

આ રીતે પંચેંદ્રિય જીવોના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમકિતી જીવો કરતાં, બીજા જીવો અસંખ્યાત ગણા છે, તેના કરતાં સમકિતથી પડેલા જીવો, નિગોદમાં રહેલા અનંત ગુણા છે, એટલે કે, અભવ્ય જીવો ચોથા અનંતે કહ્યા છે, અભવ્ય કરતા સમકિત પામીને પડેલા અનંત ગુણા છે, એમાંથી સિદ્ધ અનંત ગુણા છે, એમાંથી એક નિગોદના જીવો અનંત ગુણા છે.

આથી, કોઇ માર્ગને પામીને પડી જાય, એમાં નવાઇ નથી, પણ આજના પડેલા પોતાની હુંશિયારી બતાવે છે, અને પાપને વધારે છે, એથી અનંતાકાળ સુધી જૈનશાસનની છાયા ન પામે, એવી બોધિ દુર્લભતા પ્રાપ્ત કરે, એ ભારે દયાપાત્રતા ગણી શકાય.

બહુ વિચાર કરતાં, આવા પ્રસંગોમાં પરનું જોવાની દૃષ્ટિથી પરાઙ્મુખ થઇને, આત્મા તરફ દૃષ્ટિ રાખીને, સરળતા, સમતા, અને વિવેક તથા ગંભીરતાના આધારે, શુધ્ધ જીવન જીવવા બનતો પ્રયાસ કરવો, એજ વસ્તુનો સાર છે.

ચારિત્ર વિના કલ્યાણ નથી, અને દેશ ચારિત્રના દૃઢ પાલન વડે, સર્વ ચારિત્રને નિકટમાં લાવવાની પૂર્વ તૈયારી કેળવવી એજ આ જીવનનો સાર છે. એજ આરાધક દૃષ્ટિમાં આગળ વધો.

પ્રખ્યાત

ઝવેરી પ્રીન્ટ

સાડીના ઉત્પાદકો

ઝવેરી ટેક્ષટાઈલ ડાઇંગ એન્ડ પ્રિ. વર્કસ

ગ્રામ : ઝવેરી — ટે. નં. : ૭૬

ફુલવાડી, સ્ટેશન રોડ; જ્યુપીટર બીલ્ડીંગ,

જેતપુર.

તથા

શ્રી વિજય કલા મંદિર

આશાપુરા રોડ, જામનગર.

સ્ટોકીસ્ટઃ-જેઠાલાલ એન્ડ કું. મુંબઈ—૨

# પુરુષાર્થ કે પ્રારબ્ધ

શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી : મુંબઈ,

આજે દુનિયાના કહેવાતા પ્રોફેસરો, વિદ્વાનો અને સાહિત્યકારો સમક્ષ આ એક એવો વિવાદાત્મક પ્રશ્ન આવીને ખડો થયો છે, જેનો ઉકેલ અસીમ ધીરજ, અમાપ બુદ્ધિ, અખૂટ શક્તિ અને અસાધારણ વિદ્વત્તા વગર શકય નથી.

પુરૂષાર્થને માનનારો વર્ગ હિંદુઓના મહાન ધર્મપુસ્તક શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં કુરૂક્ષેત્રના મેદાન ઉપર શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ આપતાં कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन्! નો પાઠ મૂકે છે. દૃષ્ટાંત આપે છે.

પ્રારબ્ધને માનનારો વર્ગ પાઠ મૂકે છે.

अवश्यं भाविना भावा, भवन्ति महतामपि।

અવશ્ય જે બનનાર છે, તે ગમે તેવા મહાનપુરૂષને પણ બને છે.

જૈન શાસ્ત્ર પ્રમાણે વિચાર કરીયે તો દરેક વસ્તુ બ્રહ્મચર્યવ્રત સિવાય અનેકાંતવાદ માંગી લે છે. વ્યવહારિક દૃષ્ટિથી જોઇએ તો **'ઢાલને બે બાજુ છે'** એ ઉક્તિ છે.

યુનીવરસીંટીની પરીક્ષામાં દર વર્ષે સેંકડો નહિ, પણ હજારોની સંખ્યામાં પરીક્ષાર્થીઓ બેસે છે. દરેકને પાસ થવાની જ તમન્ના હોય છે. એટલું જ નહિ પણ છેલ્લાં કેટલાક દિવસો અગાઉ તો પરીક્ષા જ જાણે જીવન વિકાસનું સોપાન હોય તેમ ઊંઘ-ઉજાગરો, ભૂખ તરસ વેઠીને વાંચ્યાં જ કરે છે છતાં જ્યારે પરિણામ ૬૦% થી ૭૦% આવે છે ત્યારે કબુલ કરવું પડે છે કે, **પ્રારબ્ધ જ મહાન છે.**

સ્ટેશન પરનો મજુર સવારના પાંચથી રાત્રીના બાર વાગ્યા સૂધી કડકડતી ઠંડીમાં, ધોમધખતા તાપમાં, વરસતા વરસાદમાં કાળી મજુરી કરે છે ત્યારે માંડ લુખ્ખો સુકો રોટલો મેળવે છે.

બીજી બાજુ શ્રીમંતનો નબીરો એરકંડીશન્ડ ઓફીસમાં બેસી ટ્યૂબ લાઇટના ઝળકતા પ્રકાશમાં ફોલ્ડીંગ ચેર ઉપર બેસી ટેલીફોનના ડાયલ ફેરવે છે, સોદાની લે-વેચ કરે છે અને ક્ષણાર્ધમાં રોલ્સરોય કે પાઇલોટ કારનો માલિક બને છે.

હું પૂછું કે આમાં સાચો પુરૂષાર્થ કોણે કર્યો? સ્ટેશન પરના મજુરે કે શ્રીમંતના નબીરે ?

બે પુત્રો ગરીબ માતપિતાને ઘેર જન્મ પામે છે.બાલ્યાવસ્થા અને વિદ્યાવસ્થા સરખી રીતે પસાર કરે છે. વર્ષો વીતે છે અને થનગનતા યૌવન અને આશાભર્યાં અરમાનો સાથે સંસારમાં કદમે કદમ બઢાવે છે. એકને ઘેર રોજ જયાફત ઊડે છે. બીજાના છોકરાં અન્ન માટે ટળવળે છે.

કબૂલ કરવું પડે છે કે પ્રારબ્ધ જ સૌથી મહાન છે છતાં............**'પ્રારબ્ધ કરે તે ખરૂં'** કહી બેસી રહેવાથી કાંઇ વળતું નથી. કહ્યું છે : યોગ્ય માર્ગે વિવેક પૂર્વક પુરૂષાર્થ જરૂર કરવો પણ પ્રારબ્ધથી પ્રાપ્ત સંયોગોમાં મૂંઝાઇને પાપના માર્ગે પુરૂષાર્થ નહિ કરવો!

ટૂંકમાં પુરૂષાર્થ અને પ્રારબ્ધ જરૂર પરસ્પર પોત-પોતાનાં ક્ષેત્રમાં એકબીજાના પૂરક છે. એકના વગર બીજાની સિદ્ધિ નથી. પુરૂષાર્થને સફળ બનાવનાર પ્રારબ્ધ છે.

માટેજ ધર્મ તથા મોક્ષમાં પુરૂષાર્થની મહત્તા છે, ને અર્થ તથા કામની સિદ્ધિમાં પુણ્યાઈની મહત્તા છે, આ રીતે આપેક્ષિક ભાવને સ્વીકારવામાં આવે તો જ બધું સુસંગત બને છે, સંસારના પદાર્થોની પાછળ ગમે તેટલી દોટ મૂકો પણ તેમાં સફળતા કયારે મળે? જ્યારે પૂર્વકૃત પુણ્યાઈ પ્રબળ હોય.

એથી હે મહાનુભાવો! શુભકાર્યોમાં પુરૂષાર્થ જોડી, પ્રારબ્ધને પવિત્ર તથા પ્રબળ બનાવી આત્માને પરમસિદ્ધિના માર્ગે વાળવા ઉજમાળ બનો!

*

# આબિદ અને ઈસ્માઈલ!

## પુનર્જન્મની માન્યતાને ટેકો આપતી સત્ય ઘટના

આત્મા, પુણ્ય, પાપ, તથા પરલોકને નહિ માનનારા ભલ-ભલા નાસ્તિકોને પણ આશ્ચર્યમાં મૂકી દે તેવો આ સત્ય ઘટનાત્મક પ્રસંગ છે. તુર્કસ્તાનના પાટનગર ઈસ્તંબુલ શહેરમાં બનેલી આ ઘટના છે. ત્યાંની વૈજ્ઞાનિક સંશોધન પરિષદના પ્રમુખે પોતે જાતે તપાસ કરીને તથા દુનિયાભરના પત્રકારોએ જાતે મુલાકાત લઇને આ અહેવાલને જાહેરમાં મૂકેલ છે. જેમાં તુર્કીના અદના ગામમાં ઇ૦ સ૦ ૫૬ની સાલમાં જેનું ખૂન કરવામાં આવેલ તે જમીનમાલિક આબિદ પોતાના મૃત્યુ પછી ઇસ્તંબુલમા જન્મ લઇને છ વર્ષની વયે તે ઇસ્માઇલ પોતાના પૂર્વજન્મની હકીકતને તદ્દન સ્પષ્ટ ને યથાર્થ રીતે રજૂ કરી, ભલ-ભલા વૈજ્ઞાનિકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે? તે જાણવા-સમજવા ને પુનર્જન્મ તથા પૂર્વજન્મ; તથા આત્મા ને પરલોક જેવાં તત્ત્વો જૈનદર્શને જે રીતે ફરમાવ્યાં છે, તે કેવી રીતે યથાર્થ છે, તે જાણી તે પર શ્રદ્ધા રાખવા આ લેખ તમે અથથી ઇતિ સુધી વાંચી જશો. સં.

લગભગ બધા જ દેશો અને યુગોના ધાર્મિક પુસ્તકોમાં આત્માને અમર માનવામાં આવ્યો છે. પુનર્જન્મ ઘણા ધર્મોનો પાયાનો સિદ્ધાંત છે. આકસ્મિત સ્મૃતિ, સ્વપ્ન વગેરે દ્વારા કયારેક વ્યક્તિગત જીવનમાં પણ એવા અનુભવો થાય છે, જે આ માન્યતાને પુષ્ટિ આપે છે; નીચેની ઘટના-આત્માની અમરતા તથા પુનર્જન્મના સિદ્ધાંતને વૈજ્ઞાનિક કસોટી પર ચકાસવામાં ઘણી સહાયક નીવડી છે. ઈસ્તંબુલ (તુર્કીની) આત્મવિદ્યા તથા વૈજ્ઞાનિક સંશોધન પરિષદના અધ્યક્ષે પોતે આ ઘટનામાં ઊંડી તપાસ કરીને કહ્યું છે કે, નિશ્ચિત આ આત્માના-શરીરાંતરની ઘટના છે. આ ઘટનાનો અહેવાલ અધ્યાત્મવિજ્ઞાનવેત્તાઓની આંતરરાષ્ટ્રીય પરીષદમાં રજૂ કરવામાં આવશે. ઘટના આ પ્રમાણે છે.

ઈસ્તંબુલમાં એક છોકરો છે ઇસ્માઇલ આતલિકલિક. તુર્કીના મનોવૈજ્ઞાનિકોનો મત છે કે આ છોકરામાં છ વર્ષ પૂર્વે, દક્ષિણ-પૂર્વ તુર્કીના અદના નામના ગામમાં માર્યા ગયેલા એક માણસનો આત્મા વસે છે. છેલ્લા ઘણા મહિનાઓથી મનોવૈજ્ઞાનિકો તથા અધ્યાત્મ-વિદ્યાવેત્તાઓ એની તપાસ કરી રહ્યા છે.

જે માણસની હત્યા કરવામાં આવી હતી તેનું નામ હતું-આબિદ સુજુલચુસ. તે પોતાની પાછળ ત્રણ બાળકોને મૂકી ગયો હતો. ગુલશરા, જેકી અને હિકમત.

ચાર વર્ષનો ઈસ્માઈલ કયારેક કયારેક પોતાના એ બાળકોને જોવા વ્યાકુળ થઈ ઉઠે છે, ત્યારે એમના નામ લઇ મોટેથી એમને બોલાવે છે. ઘણીખરી વાર તો એ સૂતો હોય, ને સફાળો બેઠો થઇ જાય છે ને બૂમ પાડે છે, 'ગુલશરા, મારી દીકરી, તું કયાં છે?'

એક દિવસ ઈસ્માઈલના પિતા મહમુદ આતલિકલિકે એક વિચિત્ર દૃશ્ય જોયું. એમના ઘર આગળથી કોઇક રેંકડીવાળો આઈસ્ક્રીમ વેચતો, જતો હતો. નાના ઈસ્માઈલે એને સાદ કરીને કહ્યું; 'મહમુદ આ શું કરે છે? પહેલાં તો તું શાકભાજી વેચતો હતો ને?'

ઈસ્માઈલનો અવાજ અને એના આ શબ્દો સાંભળી રેંકડીવાળો સ્તબ્ધ થઈ ગયો. એનું

નામ ખરેખર મહમુદ હતું. તે બાળકને પૂછવા લાગ્યો; 'તને શી રીતે ખબર પડી કે હું શાકભાજી વેચતો હતો ?' ઈસ્માઈલે કહ્યું; 'ભાઈ, હું આબિદ છું. મને ભૂલી ગયો ? તું મારી પાસેથી તો શાકભાજી ખરીદી જતો હતો !'

રેંકડીવાળાને કાપો તો લોહી ન નીકળે. જેમતેમ કરીને પોતાની પર કાબૂ મેળવી તેણે કહ્યું, 'મને યાદ છે ત્યાં સુધી તો આબિદની હત્યા થયે છ વરસ થવા આવ્યાં !' પછી, ઈસ્માઈલના પિતાએ પોતાના છોકરાની બધી વાત રેંકડીવાળાને કહી, ત્યારે તેને જરા હોંશ આવ્યા. હવે તે રોજ ઈસ્માઈલને એક આઇસ્ક્રીમ મફત ખવડાવે છે.

આબિદ સુજુલચુસ (આ પહેલાના ભવમાં) અદના શહેરમાં રહેતો હતો અને એક દિવસ તેને, તેની પત્નીને અને બે બાળકોને એકી સાથે મારી નાખવામાં આવ્યા હતાં. ઈસ્માઈલે એક દિવસ કહ્યું હતું; 'મારા ત્રણ બાળકો ગુલશરા, જેકી, અને હિકમત હજુ જીવતાં છે, ને મારા ઘરમાં રહે છે. મારી પહેલી બીબી હાતિસ એમની દેખભાળ કરે છે ? આ વાતો સાંભળ્યા પછી એક દિવસે એક અખબારનો પ્રતિનિધિ ઈસ્માઈલને અદના લઈ ગયો. ત્યાં આબિદના ઘરમાં પહોંચતાં જ ઇસ્માઈલ અધીર થઈ ગયો અને બુમ પાડવા લાગ્યો. ગુલશરાએ બારણાં પાસે તેને આવકાર્યો. એને જોતાં જ ઈસ્માઈલ અતિ સ્વાભાવિકતાથી બોલ્યો, 'મારી બેટી ગુલશરા ?' પછી રસોડામાં રાંધતી એક વૃદ્ધ સ્રી પાસે દોડતો તે ગયો અને એના ગાલને ચૂમીને પત્રકાર તરફ ફરીને બોલ્યો, 'આ મારી પહેલી બીબી છે, હાતિસ ?' પત્રકારે પૂછ્યું કે, 'તેં હાતિસને તલ્લાક આપી બીજી બીબી સાથે લગ્ન કેમ કર્યાં ?' ત્યારે એણે જરાય અચકાયા વિના ઉત્તર આપ્યો, 'શાહિરા વધારે ખૂબસૂરત હતી, ને વળી હાતિસને બાળક થતું નહોતું.' આબિદના ઘરમાં ઈસ્માઈલ એવી રીતે ફરતો હતો, જાણે એ એનું પોતાનું જ ઘર હોય. એને ખબર હતી કે કઈ વસ્તુ કયાં રાખી છે ? તે પ્રતિનિધિને તબેલામાં લઈ ગયો. ત્યાં પહોંચતાં જ એનો ચહેરો ઉદાસ થઈ ગયો. તેણે બતાવ્યું કે, 'કેવી રીતે ૧૯૫૬ના જાન્યુઆરીની ૩૧ મીએ આ તબેલામાં એને મારી નાખવામાં આવ્યો હતો.' એના પોતાના જ શબ્દોમાં સાંભળો. 'અમારૂં કુટુંબ ઘણું સુખી હતું. અમે બધાંને મદદ કરવા તૈયાર રહેતાં. એક દિવસ રમજાન અને મુસ્તફા નામના બે ભાઈ બિલાલ નામના માણસને લઈને મારી પાસે આવ્યા અને કામની માગણી કરવા લાગ્યા. એમણે કહ્યું કે તેઓ કેમિસ્ક ગજક નામના શહેરમાંથી આવતા હતાં. 'હું શાકભાજી ઉગાડવાનું કામ કરૂં છું, એટલે મેં તેમને કામ પર રાખી લીધાં. ૩૧ મી જાન્યુઆરીની સવારે રમજાને મને તબેલામાં બોલાવ્યો અને કહ્યું કે મારો ઘોડો લંગડાય છે. હું વાંકો વળી ઘોડાનો પગ જોવા લાગ્યો.

અચાનક મારા માથા પર એક જોરદાર પ્રહાર થયો, અને હું નીચે પડી ગયો. ત્યારપછી રમજાને કોઈ લોઢાની વસ્તુથી મારા પર પ્રહાર કર્યો.' ઈસ્માઈલ આ હત્યાનું જેમ વર્ણન કરતો ગયો, તેમ તેના માથા પર પરસેવો વળવા લાગ્યો. વાતને યાદ કરતાં એને મુશ્કેલી થતી હતી. પછી તે પોતાના કુટુંબને આબિદની કબર પાસે લઇ જઇને બોલ્યો, 'મને અહીં દાટવામાં આવ્યો હતો.' ઈસ્માઇલે આબિદની હત્યાનું જે વર્ણન કર્યું હતું, તે આ હત્યા વિષે પોલીસે તપાસ કરીને જે અહેવાલ તૈયાર કર્યો હતો તેને તદ્દન મળતું આવતું હતું. પોલીસ અહેવાલ પ્રમાણે રમજાન અને મુસ્તફા

નામના બે ભાઈઓએ બિલાલ નામની વ્યક્તિની મદદથી આબિદ, એની પત્ની તથા જેલી અને ઈસ્મત (ઉંમર છ વર્ષ અને ચાર વર્ષ)ની કુહાડીથી હત્યા કરી હતી. પણ ખૂન કર્યા પછી ભાગી જવાનો તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો. તેમને પકડી લેવામાં આવ્યા હતાં. અને અદાલતે તેમને પ્રાણદંડ કર્યો હતો. મુસ્તફા સજા ભોગવતાં પહેલાં જ જેલમાં મરી ગયો અને બાકીના બે ગુનેગારોને ફાંસી મળી.

# હળવી કલમે

બાપા : મેં તને પહેલેથી જ કહ્યું હતું કે તું પરીક્ષામાં પાસ થઇશ તો મોટર આપીશ, છતાં તું પાસ ન થયો; તું એટલો વખત શું કરતો હતો?

બેટો : મોટર હાંકતા શીખતો હતો, બાપા!

o

દાકતર : કેમ તમને યાદશક્તિની અકસીર દવા આપ્યા પછી હવે કેમ લાગે છે? યાદશક્તિ સતેજ થઈ કે નહિ?

દર્દી : સાહેબ, આપની દવા જરૂર અકસીર હશે, પરંતુ મારી યાદશક્તિ હવે એટલી હદ સુધી નબળી થઈ ગઈ છે કે મને દવા લેવાનું જ યાદ રહેતું નથી.

o

પતિ : (ઓફિસમાં ટેલિફોન પર પત્ની તરફથી 'જલ્દી આવો'નો સંદેશો મળતાં હાંફળા ફાંફળા ઘેર આવી) કેમ, કંઇ નવાજુની થવા પામી છે?

પત્ની : હા, પણ સહેજ મોડા પડ્યા, નહિતર આપણો આ બાબો અંગુઠો ચૂસતો હતો એ જોવાની બહુ મઝા આવત! તે માટે જ મેં તમને ટેલીફોન કરેલ.

o

પત્નીએ પતિને શિખામણ આપી: 'કોઈ માણસનાં કપડાં ઉપરથી તેનો વિશેષ અભિપ્રાય ન બાંધી લેવો જોઈએ.'

પતિએ જવાબ આપ્યો : 'હું નથી જ બાંધતો. હું તો તેની પત્નીનાં કપડાં જોઇને જ પતિ વિશે અભિપ્રાય બાંધું છું.'

o

ભૂલકણા પ્રોફેસરે તેના એક ડોકટર મિત્રને ફોન કરીને ઘેર બોલાવ્યા. ચાપાણી

---

આ ખૂનના બનાવે અદનામાં ભારે તોફાન મચાવ્યું હતું. હવે ઈસ્માઈલને એના નામથી જ્યારે બોલાવવામાં આવે છે, ત્યારે તે કહે છે, 'મારૂં નામ તો આબિદ છે' એ એક પરચુરણ દુકાનદારનું નવમું સંતાન છે.

ઈસ્માઈલ અઢાર મહિનાનો થયો, ત્યારથી જ બોલવા લાગ્યો હતો. પણ આબિદના રૂપમાં વ્યવહાર કરવાનું એણે અઢી વર્ષની ઉંમરથી શરૂ કર્યું.

એના કાકાએ એની આવી ચિત્રવિચિત્ર ચેષ્ટાઓ જોઈ પહેલાં તો તેને ખૂબ ધમકાવ્યો, અને પછી માર્યો પણ ખરો. એને એમ હતું કે છોકરો કાં તો બદમાશી કરે છે, અગર કાં એની અંદર કોઈ બીજાના આત્માએ પ્રવેશ કર્યો છે.

બાળક ઈસ્માઇલે પોતાના કાકાના આવા ક્રૂર વ્યવહારને પહેલાં તો શાંતિથી સહન કર્યો, પછી મોટેથી કહ્યું, 'થોડા દિવસ પહેલાં તો તું મારા બાગમાં કામ કરતો હતો ને મારી સાથે રાકી (તુર્કીનો એક શરાબ) પીતો હતો. હવે તું આવો કૃતઘ્ન બની ગયો?' કાકા સ્તબ્ધ બની ગયા. સાચે જ તેમણે આબિદના બાગમાં કામ કર્યું હતું ને તેની સાથે રાકી પણ પીધો હતો. ઈસ્માઇલને જ્યારે પડોશનાં છોકરા રમવા માટે બોલાવવા આવે છે ત્યારે તે જવાબ દે છે, 'છોકરાં સાથે રમવા જેવડો શું હું નાનો છું? ભાગો અહીંથી.'

('નવનીત' પરથી)

પીતાં પીતાં બંને મિત્રો વાતોએ વળગ્યાં. એકાદ કલાક વીત્યા પછી રજા લેતાં ડૉકટરે પ્રોફેસરને પૂછયું: 'ઘરમાં તો સૌ મજામાં છે ને?'

'અરે, એ તો હું સાવ ભૂલી ગયો.' પ્રોફેસર બોલી ઊઠયા, 'મારી પત્નીને હીસ્ટીરીયા આવી છે અને તે બેભાન થઈ ગઈ એટલા માટે જ મેં તમને બોલાવ્યા હતા.'

o

પ્રોફેસર સાહેબ ખૂબ ઝડપથી લેખ લખી રહ્યા હતાં. આ જોઈ એમની પત્નીએ પૂછયું: 'તમે આટલી ઝડપથી કેમ લખો છો?'

પ્રોફેસરે લખતાં લખતાં જ જવાબ આપ્યો: 'આટલુંય સમજતી નથી? જો ને આ પેન્સીલ નાની છે! એ ખલાસ થઈ જાય તે પહેલાં મારે લેખ પૂરો કરવો છે.'

o

## ખાસીયત!

'તમારો નોકર મહેનતુ દેખાય છે.'
'હા, એની એ ખાસીયત છે.'
'મહેનત કરવાની ખાસીયત છે?'
'ના, મહેનતુ દેખાવાની.'

o

## કેવો જવાબ!

અમેરિકાના માજી પ્રમુખ અબ્રાહમ લિંકન અને તેમના સેનાપતિ જ્યોર્જ મેકલ્લેન ચ્ચે વારંવાર તણખા ઝરતા. સેનાપતિએ ાતાના કામનો અહેવાલ વખતોવખત મોક તા રહેવું જોઈએ એવો લિંકનનો આગ્રહ તો અને જનરલને આ જ વાત નાપસંદ તી. એક દિવસ ચિઢાઈ ગયેલા સેનાપતિએ ંકનને નીચે મુજબ તાર કર્યો: 'અમે હમણાં છ ગાયો પકડી છે તેનું શું કરવું?'

લિંકનનો જવાબ આવ્યો, 'દોહી લેવી!'

o

ન્યાયાધીશ (કેદીને): ગયા વખતે જ્યારે તને મારી પાસે લાવવામાં આવ્યો ત્યારે મેં તને ન્હોતું કહ્યું કે હું તારૂં મોઢું જોવા માગતો નથી?

કેદી: હા સાહેબ, મેં પોલીસને પણ એ જ કહ્યું. પણ એ તો મને અહીં ઘસડી જ લાવ્યો.

o

## ગેરસમજુતી

બસમાં મુસાફરી કરતી વેળા મફતલાલના આઠ આના પડી ગયા. પાસે ઉભેલા માણસે તે લઈ લીધા હશે એમ ધારી તેમણે આરોપ તેના પર ઢોળ્યો. થોડી વારે સીટ નીચેથી આઠ આની મળી આવી. એટલે મફતલાલે પેલા માણસ પાસે પોતાની દિલગીરી વ્યક્ત કરી.

'કંઈ વાંધો નહિ,' પેલાએ જવાબ આપ્યો. 'ભૂલ આપણા બંનેની હતી; તમે મને ચોર ધારી લીધો અને મેં તમને સદ્‌ગૃહસ્થ ધારી લીધેલા.'


## સુરતનું પ્રખ્યાત જૈન ઉજમણા કેન્દ્ર

જૈનોના ઉજમણા અંગેના ખાસ અનુભવી કારીગરોના હાથે જુદી જુદી ડીઝાઇનમાં જૈન વિધિ પ્રમાણે ચંદરવા, પુઠીઆ, તોરણો તથા તમામ પ્રકારનું જરી ભરતકામ હમો આજ વર્ષોથી કરીએ છીએ. તેમજ ઓછા ખર્ચમાં સુંદર રીતે ઝગઝગાટ કામ કરી વાલકેશ્વર, ગોડીજી, અમદાવાદ વગેરે તમામ કામકાજ હમારા કારખાનામાં દેખરેખ નીચે થયું હતું. એકવાર જરૂર મુલાકાત લો અને સંતોષ મેળવો એજ શુભ ભાવના.

**શા. રતનચંદ બાલુભાઇ નાણાવટી**
**(ખીમચંદ કલ્યાણચંદવાલા)**
૮/૧૫૮૫, ગોપીપુરા કાયસ્થ મહોલ્લો
**સુરત.**

# ભરત ચક્રવર્તીની છ ખંડની સમૃદ્ધિ

શ્રી સુધાવર્ષી

છ ખંડ સામ્રાજ્યના સ્વામી ભરત ચક્રવર્તી ૧૪ મહારત્નોથી શોભિત, ૯ નિધિથી સેવિત, ને ઉપાસના કરનાર ૩૨ હજાર રાજાઓ, ૩૨ હજાર રાજકન્યાઓ તથા ૩૨ હજાર જનપદની કન્યાઓ,– કુલ ૬૪ હજાર સ્ત્રીઓ, ૩૬૦ રસોઈયા, ૮૪ લાખ રથ, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ હાથી, ૯૬ ક્રોડ ગામ, ૯૬ ક્રોડ સેના, ૩૨ હજાર દેશ, ૭૨ હજાર ઉત્તમ નગરો, ૯૯ હજાર દ્રોણમુખ, ૪૮ હજાર પત્તન, ૨૪ હજાર આડંબરવાળા કર્બટ તથા મડંબો, ૨૦ હજાર ખાણોનો કર લેનાર, ૧૬ હજાર ખેટ ઉપર ચલાવતા શાસન, ૧૪ હજાર સંબાધનો, ૩૬ હજાર તટ, ૪૯ કુરાજ્યોનો નાયક, વિશ્વંભર શ્રીધર, સુબુદ્ધિ અને બુદ્ધિસાગર આ ૪ મુખ્ય મંત્રીઓ, અને બીજા પણ જાણે તેના અંશો ન હોય એવા ઉત્તમ ૧૦૮ મંત્રીઓ, ત્રણ ક્રોડ સચિવો, સુષેણ, શ્રીષેણ, દુર્જય અને જગજ્જય, ૪ સેનાપતિઓ, જીવાનંદ, મહાનંદ, સંજીવન, અને સુજીવિત આ ૪ મુખ્ય નરવૈદ્યો, અને અન્ય પણ સાડા ત્રણ લાખ નરવૈદ્યો, જાંગલ, કૃતમાલ, વિશાલ, અને વિમલ એ ચાર મુખ્ય ગજવૈદ્યો, બીજા પણ એક લાખ ગજવૈદ્યો, મયૂર, ગરૂડ, શકુનિ, અને સારસ, આ ૪ મુખ્ય અશ્વવૈદ્યો, અને બીજા ત્રણ લાખ અશ્વવૈદ્યો, વિશ્વરૂપ, પરબ્રહ્મ, હંસ, અને પરમહંસ, એ ૪ મુખ્ય પંડિતો, અને ૩ લાખ અન્ય પંડિતો, શ્રીકંઠ, વૈકુંઠ, ભૃકુટિ, અને ધુર્જટિ એ ૪ મુખ્ય અને અન્ય એના જેવા અનેક ધનુર્વેદના જાણનારા, અને બીજા પણ અનેક જ્યોતિષશાસ્ત્રના જાણનારા, અનેક ધર્મોના અંગોને જાણનારા, અને અનેક દંડનીતિને જાણનારા. આ બધાયે તેમની સેવામાં હતા.

છ ખંડ જીતવા જતા ભરત ચક્રવર્તીએ સ્થાને સ્થાને અઠ્ઠમતપનું આરાધન કરેલ. તેનું કારણ એ કે તપથી મેળવેલું રાજ્ય તપ વડે જ આબાદ થાય છે, માટે બુદ્ધિમાન્ માનવીઓએ ધર્મની આરાધનાને હૈયામાં સ્થાન આપવું જોઈએ. ધર્મની આરાધના વિના દુનિયાનું ઐશ્વર્ય પણ પ્રાપ્ત થતું નથી. તો મોક્ષ તો ક્યાંથી મલે? આ રીતે ભરત ચક્રવર્તીને આટઆટલી રિદ્ધિ સમૃદ્ધિ હોવા છતાંય તેના પ્રત્યે તેઓ સર્વથા અલિપ્ત રહી, વૈરાગ્યભાવમાં સ્થિર થઈ, એકત્વ તથા અન્યત્વ ભાવના ભાવતાં આરિસાભુવનમાં કેવલજ્ઞાન પામી મુક્તિપંથે સંચર્યા.


શ્રી ઘંટાકર્ણ મહાવીર
સર્વસિદ્ધિ મહાયંત્ર
કિંમત રૂા. ૧/- ત્રિરંગી ચિત્ર પોસ્ટેજ ૭૫ ન. પૈ.
૧૧"×૧૪"
દરરોજ
નિયમિત પ્રાતઃકાળે
ધૂપ દીપ આપી એનો ચમત્કાર
જાતેજ અનુભવો
જેમાં
વિશાયંત્ર–નવગ્રહ–માણીભદ્રજી–બટુક ભૈરવ
સોળ વિદ્યા દેવીઓ–પદ્માંગુલી દેવી વગેરેનો
સમાવેશ કરવામાં આવેલ છે.
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

# ‘લલિતવિસ્તરા’

પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણી દ્વારા રચિત લલિત-વિસ્તરા હિન્દી વિવેચન ગ્રંથના પ્રકાશનનો જોધપુરમાં ઉજવાયેલો ભવ્ય સમારોહ: પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી ભદ્ર-ગુપ્તવિજયજીની પુણ્ય સાન્નિધ્યતામાં શ્રીયુત જયસુખલાલ હાથીએ કરેલું ગ્રંથરત્નનું પ્રકાશન :

[કલ્યાણ માટે ખાસ]

**ગ્રંથરત્નનો પરિચય :** શ્રી જૈનધર્મમાં પરમાત્મ-ભક્તિ અસાધારણ સાધના માની ગઇ છે. મોક્ષમાર્ગની આરાધનામાં પરમાત્મભક્તિ અનિવાર્ય છે. પરમાત્મભક્તિના અનેક પ્રકાર છે. તેમાં પરમાત્માની સ્તવના પણ એક સુંદર પ્રકાર છે. શ્રી ‘नमोत्थुणं’ સૂત્ર (પ્રાકટ) દ્વારા પ્રતિદિન શ્રી જિનેશ્વર ભગવંતની સ્તવના કરવામાં આવે છે. આ સૂત્ર દેવરાજ ઇન્દ્ર દ્વારા ઉચ્ચારિત છે, આ હકીકત આગમપ્રમાણથી સિદ્ધ છે.

આ ‘नमोत्थुणं’ સૂત્ર અને બીજા દેવવંદન સૂત્રો પર આચાર્ય ભગવંત યાકિનીમહત્તરાસુનુ શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** દ્વારા ‘ललितविस्तरा’ નામની ટીકાનું નિર્માણ થયું છે આ ટીકાગ્રન્થ સંસ્કૃત ભાષામાં છે, ભાષા તર્કપૂર્ણ, આગમિક તથા માધુર્યાદિ ગુણોથી પરિપૂર્ણ છે. આ ટીકા–ગ્રંથનું અધ્યયન સરળ બનાવવા માટે આચાર્ય શ્રી **મુનિચન્દ્રસૂરીશ્વરજી** દ્વારા ‘पञ्जिका’ નામની એક નાની ટીકા લખવામાં આવી છે.

‘नमोत्थुणं’ સૂત્ર ललितविस्तरा ટીકા તથા ‘पञ्जिका’ આ ત્રણે ગ્રંથો પર ‘प्रकाश’ નામનું હિન્દી વિવેચન **પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુ-વિજયજી ગણિવર** દ્વારા લખવામાં આવ્યું છે. આ હિન્દી વિવેચનમાં ઉપરોક્ત સંસ્કૃત–પ્રાકૃત ત્રણે ગ્રંથ સંકલિત કરવામાં આવ્યા છે.

શ્રી લલિતવિસ્તરા એક મહાન દાર્શનિક ગ્રંથ છે. પ્રાચીનકાલમાં પ્રચલિત અનેક દર્શનોની આ ગ્રંથમાં સમાલોચના–પ્રત્યાલોચના છે. જૈનદર્શનના અનેકાન્તવાદથી સર્વદર્શનોની જાંચ કરવામાં આવી છે. આવા મહાન ગ્રન્થ પર હિન્દી વિવેચન તૈયાર થવાથી, આધુનિક વિદ્વાનોને જૈનદર્શનનો સુંદર પરિચય પ્રાપ્ત કરવાનું પ્રામાણિક સાધન મળી ગયું છે.

આ હિન્દી-વિવેચન ગ્રંથ પર રાજસ્થાનના માનનીય ગવર્નર શ્રીયુત ડૉ. સંપૂર્ણાનન્દ દ્વારા ‘પ્રસ્તાવના’ લખવામાં આવી છે. તેમ જ પૂનાની સુપ્રસિદ્ધ વાડીયા કૉલેજના પ્રો૦ પી. એલ. વૈદ્ય (M.A.D.LIT.) દ્વારા પરિચય લખવામાં આવ્યો છે. આ ગ્રંથ ક્રાઉન–૮ પેજ સાઇઝના સાડાચારસો (૪૫૦) પાનાનો દળદાર ગ્રંથ છે.

**પ્રકાશન સમારોહની પૂર્વભૂમિકા :**

હિન્દી વિવેચનકાર પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની સાથે પિંડ-વાડામાં બિરાજિત હતા. જ્યારે તેઓશ્રીના શિષ્ય-રત્નો પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ આદિ મુનિવરો રાજસ્થાનમાં બ્યાવરની પાસે પીસાંગન–ગામમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારેલા હતા. શ્રી જોધપુર સંઘ તરફથી પ્રકાશન સમારોહ ઉજવવાનું નક્કી થતાં પૂજ્ય ગુરૂદેવશ્રીની આજ્ઞાથી ઉપરોક્ત શિષ્ય મુનિવરો જોધપુર તરફ વિહાર કરી જોધપુર આવી પહોંચ્યા.

આમે ય ઘણા વર્ષોથી જોધપુર સંઘ પૂજ્ય મુનિરાજ ભદ્રગુપ્તવિજયજી મ. ને ચાતુર્માસ કરાવવા

માટે પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતને વિનંતી કરતો હતો. તેઓશ્રી હવે પોતાના વડિલ બંધુ પૂ. મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી સાથે પધારતાં જોધપુર સંઘમાં ઘણો જ આનંદ પથરાયો, પ્રતિદિન પૂ. મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી મ. ના જોરદાર આધ્યાત્મિક પ્રવચનો શરૂ થયાં. દર રવિવારે પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજનાં જાહેર પ્રવચનો યોજાવા લાગ્યાં. તેમાં સ્થાનકવાસી, તેરાપંથી, અજૈન વગેરે દરેક વર્ગના સ્ત્રી-પુરુષો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા લાગ્યા. હાઈ-કોર્ટના જજ, સીવીલ મેજીસ્ટ્રેટો, વકીલો, ડૉકટરો, સરકારી અફસરો વગેરે અધિકારી વર્ગ સારા પ્રમાણમાં રસ લેવા લાગ્યો.

પૂજ્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે શ્રી 'લલિતવિસ્તરા' ગ્રંથનો પ્રકાશન સમારોહ શ્રી જૈનશાસનની સુંદર પ્રભાવનાને કરનારો થાય એ માટે ગ્રન્થરત્ન અને ગ્રન્થકારનો પરિચય આપતાં જોધપુરના સર્વ સંપ્રદાયોના આગેવાનોએ સમારોહ ઉજવવાની પ્રેરણાને ઝીલી લીધી; અને જેમ બને તેમ જલ્દી પ્રકાશન-સમારોહ ઉજવવાનાં ચક્રો ગતિશીલ બન્યા.

**પ્રકાશન-સમારોહ-સમિતિની રચના:** સમારોહ અભૂતપૂર્વ અને સર્વાંગ સુંદર બને એ માટે જોધપુરના તમામ સંપ્રદાયોના આગેવાનોની એક સમિતિ રચવા માટે શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘે નિર્ણય કર્યો, અને સમિતિના અધ્યક્ષ ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી (લોકસભાના મેમ્બર)ને બનાવવા પત્ર દ્વારા દિલ્હીમાં તેમનો સંપર્ક સાધ્યો. ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીએ તુરત જ આવા પવિત્ર કાર્યમાં પોતાનો પૂર્ણ સહયોગ આપવા સંમતિ આપી અને સમારોહ સમિતિનું નીચે પ્રમાણે આયોજન થયું.

(૧) ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી. (સંસદ સદસ્ય) પ્રમુખ.
Master of Laws (Harvard)
Doctor of Science of the Laws (Cornell)

(૨) બાબુ લક્ષ્મણસિંહજી (પ્રમુખ, જોધપુર નગર પરિષદ)
(૩) શ્રીરામ પરિહાર, (પ્રમુખ, મારવાડ ચેમ્બર ઓફ કોમર્સ)
(૪) વહીદુલ્લા ખાં. (રિટાયર્ડ કમિશ્નર, કસ્ટમ્સ)
(૫) તારકપ્રસાદ વ્યાસ (ભૂતપૂર્વ પ્રમુખ, જોધપુર નગર કોંગ્રેસ)
(૬) રૂપનારાયણ શાહ. (ભૂતપૂર્વ પ્રમુખ, મારવાડ ચેમ્બર ઓફ કોમર્સ)
(૭) લક્ષ્મીચંદ સુરાણા ( „ „ )
(૮) કેદારનાથ ભાર્ગવ (હેડમાસ્તર, સરદાર હાયર સેકન્ડરી સ્કુલ)
(૯) મદનગોપાલ કાબરા, (ઉપાધ્યક્ષ, રાજસ્થાન ચેમ્બર ઓફ કોમર્સ)
(૧૦) કે. સી. ભાટીયા. (ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ, રાજસ્થાન ચેમ્બર ઓફ કોમર્સ)
(૧૧) મોહમ્મદહુસેન ફરુકી. (રિટાયર્ડ સત્ર ન્યાયાધીશ)
(૧૨) હસ્તીમલ પારીખ એડવોકેટ.
(૧૩) ગુમાનમલ લોઢા. એડવોકેટ.
(૧૪) અચલેશ્વરપ્રસાદ શર્મા. (સંપાદક : 'પ્રજાસેવક')
(૧૫) બી. એન. ભાર્ગવ. (રાજપૂતાના સ્ટેશનરી માર્ટ)
(૧૬) બી. સી. જૈન. (એજન્ટ, બેંક ઓફ બરોડા)
(૧૭) મનમોહન બાફના. પત્રકાર.
(૧૮) ઉગમરાજ મહેતા. એડવોકેટ.
(૧૯) શ્રીનાથ મોદી. (કિતાબઘર)
(૨૦) ગોવિંદસિંહ લોઢા. (સંપાદક : 'લલકાર')
(૨૧) મદનરાજ મહેતા. (ડારેકટર, રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ જોધપુર)
(૨૨) નેમિચન્દ જૈન. (રીડર, હાઇકોર્ટ)
(૨૩) દૌલત રૂપચંદ ભંડારી. (પ્રસિદ્ધ કવિ)
(૨૪) નથમલ ગોલિયા, (પ્રમુખ, તપાગચ્છ સંઘ)
(૨૫) હીરાલાલ સુરાણા (પ્રમુખ, ભેરૂબાગ જૈન તીર્થ)
(૨૬) ગણેશચન્દ લોઢા. (પ્રમુખ, ઓસવાલ સિંહ સભા)
(૨૭) ચાંદમલ લોઢા. (પ્રમુખ, સ્થાનકવાસી સમાજ)

(૨૮) જબ્બરમલ ભંડારી. (પ્રમુખ, તેરાપંથી સભા)
(૨૯) માધોલાલ લોઢા. (મંત્રી, સ્થાનકવાસી સમાજ)
(૩૦) સંપતમલ ભંડારી. I. A. S. (Retd) [ભૂતપૂર્વ ગૃહમંત્રી, રાજસ્થાન.]
(૩૧) ગોરધનચંદ ભંડારી (ભૂતપૂર્વ મેજીસ્ટ્રેટ)
(૩૨) માંગીલાલ મોહનોત એડવોકેટ.
(૩૩) ચીમનચંદ ભંડારી. એડવોકેટ.
(૩૪) લેખરાજ મેહતા. એડવોકેટ.
(૩૫) મહાવીર ભંડારી. એડવોકેટ.
(૩૬) રિખબરાજ કર્ણાવટ. એડવોકેટ.
(૩૭) ગણપતિચન્દ્ર ભંડારી. (લેકચરર, જોધપુર યુનિવરસીટી)
(૩૮) સૂર્યપ્રકાશચન્દ્ર ભંડારી. ( „ „ )
(૩૯) નરપતિચન્દ્ર સિંઘવી. ( „ „ )
(૪૦) દેવરાજ મહેતા. ( „ „ )
(૪૧) મિશ્રીમલ ફોફલીયા (મંત્રી : ભેરૂબાગ તીર્થ)
(૪૨) શરબતમલ જૈન. M. Com. સંયુક્તમંત્રી, ભેરૂબાગતીર્થ)
(૪૩) ચંદ્રકુમાર લોઢા, (મંત્રી : તપાગચ્છ સંઘ)
(૪૪) કૈલાસ ભંસાળી, (મંત્રી : મહાવીર જૈન નવયુવક મંડળ)
(૪૫) ઉમરાવમલ મહેતા.
(૪૬) રણજીતમલજી. (મુન્સફ, મેજીસ્ટ્રેટ)

સમારોહ સમિતિના મંત્રી તરીકે પ્રોફેસર અમૃતલાલ ગાંધી B. A. L. L. B.ને નિયુક્ત કરવામાં આવ્યા અને સમારોહનું કાર્ય–સંચાલન તેમને સોંપવામાં આવ્યું. શ્રીયુત ગાંધીએ ખૂબ જ ઉત્સાહથી કાર્ય ઉઠાવી લીધું અને સમારોહની સંગીન પૂર્વ તૈયારીઓ શરૂ કરી દીધી.

ડૉ. લક્ષ્મીમલજી દિલ્હીથી જોધપુર આવી પહોંચ્યા, અને પૂજ્ય મહારાજશ્રીને મળ્યા. સમારોહનું ઉદ્ઘાટન કોના પાસે કરાવવું તે અંગે પરામર્શ કરી, તેઓ પુનઃ દિલ્હી ચાલ્યા ગયા; અને ભારત સરકારના ગૃહવિભાગના રાજ્યમંત્રી **શ્રીયુત જયસુખલાલ હાથીને** 'લલિતવિસ્તરા' ગ્રંથ ભેટ કર્યો તથા સમારોહનું ઉદ્ઘાટન કરવા જોધપુર પધારવા આમંત્રણ આપ્યું. શ્રીયુત હાથીએ સપ્રેમ આમંત્રણનો સ્વીકાર કરી જૈનધર્મ પ્રત્યેનો પોતાનો સદ્ભાવ વ્યક્ત કર્યો.

સમારોહની તા. ૨૦–૪–૬૪ નક્કી થઈ. જોધપુરના નાગરિકો સમારોહની તારીખની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

તા. ૧૮–૪–૬૪ના દિવસે ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી દિલ્હીથી આવી ગયા. એ પૂર્વે શ્રીયુત અમૃતલાલ ગાંધીએ આમંત્રણ પત્રિકા અને ગ્રંથ-પરિચયનું સાહિત્ય ભારતના મુખ્ય મુખ્ય શહેરોમાં અને અગ્રગણ્ય વિદ્વાનો આગેવાનો વગેરેને રવાના કરી દીધું હતું. પ્રચાર પત્રિકાની હજારો નકલો જોધપુરના નાગરિકોના પાસે પહોંચી ગઈ હતી.

સમારોહ સમિતિના સદસ્ય પ્રસિદ્ધ કવિરાજ શ્રી દૌલત રૂપચંદ ભંડારીએ 'બ્રોડકાસ્ટ'નું કાર્ય સંભાળી લીધું હતુ. ગલીગલીમાં મોટર ઘુમવા લાગી અને કવિરાજ પોતાની અનોખી ઢબે બ્રોડકાસ્ટ દ્વારા સમારોહની જાણકારી કરવા લાગ્યા.

આકર્ષક નિમંત્રણ કાર્ડો શ્રી અમૃતલાલ ગાંધીની સહીથી, તથા પ્રકાશન–સમારોહની જાહેરાત પત્રિકાઓ પૂર્વોક્ત સમારોહ સમિતિના સભ્યો વગેરે ૪૬ જૈનજૈનેતર આગેવાનોની સહીથી પ્રગટ કરવામાં આવેલ. આ પ્રસંગને અનુલક્ષીને વિશાળ ગચ્છાધિપતિ પ્રાતઃસ્મરણીય પૂ. પરમ ગુરુદેવ શ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા ગ્રન્થરત્નનો પરિચય કરાવતી પત્રિકા પ્રચારવામાં આવી હતી.

**શ્રીયુત જયસુખલાલ હાથીનું આગમનઃ** તા. ૧૯–૪–૬૪ના દિવસે સવારે દસ વાગે હવાઇમાર્ગે જોધપુરના એરોડ્રોમ પર થયુ. સમારોહ સમિતિના સભ્યો સાથે ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી ત્યાં પહેંચી ગયેલા હતા. જોધપુરનગરના અગ્રગણ્ય લગભગ સો ગૃહસ્થો પણ ત્યાં ઉપસ્થિત હતા. શ્રીયુત હાથી જોધપુરના નાગરિકોનું ભાવભીનું ભવ્ય સ્વાગત જોઇ ઘણા પ્રભાવિત થયા. તેમની સાદાઇ અને નમ્રતાથી જોધપુરના નાગરિકો પણ ઘણા જ આકર્ષિત થયા.

**પૂજ્ય મહારાજશ્રીનાં દર્શનાર્થે :** બરાબર ૧૨-૩૦ કલાકે શ્રીયુત જયસુખલાલ હાથી પૂજ્ય મહારાજશ્રીનાં દર્શનાર્થે પધાર્યા. પૂજ્ય મહારાજશ્રી ભેરૂબાગ તીર્થના ઉપાશ્રયમાં બિરાજિત હતા. શ્રીયુત હાથીએ સર્વ પ્રથમ પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ભાવપૂર્વક દર્શન કર્યાં અને પછી મહારાજશ્રીની પાસે આવ્યા, વિનયપૂર્વક વંદના કરી તેઓ ઉચિત આસને બેઠા. પૂજ્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે મધુર સ્વરે 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો અને આવા પવિત્ર કાર્ય માટે દિલ્હીથી ખાસ આવી ઉપસ્થિત થવા બદલ ધન્યવાદ આપ્યો :

**'ધાર્મિક-આધ્યાત્મિક સાહિત્ય મારો પ્રિય વિષય છે'** શ્રીયુત હાથીએ પૂજ્ય મહારાજશ્રીને કહ્યું : આપના દર્શન કરી ઘણો આનંદ થયો. ધાર્મિક સાહિત્ય તો મારો પ્રિય વિષય છે.' આવા કાર્ય માટે મને આમંત્રણ મળતાં મેં તુર્ત જ ડો. સિંધવીનું આમંત્રણ સ્વીકારી લીધું !'

**પ્રજાની નૈતિક ચેતના અને આધ્યાત્મિક સ્ફૂર્તિ માટે :** પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે કહ્યું : 'આપ જે પ્રયોજન માટે અહીં પધાર્યા છો, એ પ્રયોજન પવિત્ર અને અતિ આવશ્યક છે. મનુષ્યની નૈતિક ચેતના અને આધ્યાત્મિક સ્ફૂર્તિ માટે નૈતિક-ધાર્મિક તેમજ આધ્યાત્મિક સાહિત્યના પ્રચારની અતિ જરૂર છે. આપ આ કાર્ય સુંદર રીતે કરી શકો તેવા સ્થાને છો. આજે ભ્રષ્ટાચારનું, અનૈતિકતાનું તેમજ દુરાચારનું ઉન્મૂલન કરવા માટે પ્રજાના મનનું નવેસરથી ઘડતર કરવુ જરૂરી છે. તે માટે સ્કૂલ-કોલેજોમાં ધાર્મિક શિક્ષણ ફરજિયાત દાખલ કરવું જોઇએ. મનુષ્ય માત્ર પેટ નથી મનુષ્ય મનથી છે ? 'Man is not belly but brain.'

શ્રીયુત હાથીએ પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'આપ જેવા ત્યાગી પુરુષોનો ઉપદેશ જ શિક્ષણ છે. અને તે ખૂબ જરૂરી છે.'

પૂજ્ય મહારાજશ્રીએ આગળ વધતાં જણાવ્યું 'જેવી રીતે એક બાજુ અમે પ્રજાને નૈતિક-ધાર્મિક પ્રેરણા આપી ઉન્નતિ તરફ લઇ જવા પ્રયત્ન કરીએ છીએ તેવી રીતે બીજી બાજુ આજનાં મોટા ભાગના બિભત્સ અને નિર્લજ્જતાપૂર્ણ સિનેમા-નાટક મનુષ્યને પતનના ખાડામાં ધકેલી રહેલ છે. તેના પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે.'

ડો. લક્ષ્મીમલ્લ સિંઘવીએ કહ્યું : 'શ્રીયુત હાથી ધાર્મિક વૃત્તિના છે અને દિલ્હીમાં ધાર્મિક સંસ્થાઓમાં સારો સહયોગ આપે છે. એમને સંસ્કૃત ભાષા પ્રિય છે. મેં આ સમારોહ માટે આમંત્રણ આપતાં તુરત જ સ્વીકારી લીધું. તેવી તેમની સરળતા છે'.

બાદમાં પૂજ્ય મહારાજશ્રીનાં સૂચનથી શ્રીયુત હાથીને

**(૧) સચિત્ર મહાવીર ચરિત્ર (હિન્દી) (૨) જૈન** ધર્મકા સરળ પરિચય (હિન્દી) (૩) આત્મમંગલ (હિન્દી) (૪) ગુણદૃષ્ટિ (હિન્દી) આ પાંચ પુસ્તકો ભેટ કરવામાં આવ્યા. શ્રીયુત હાથીએ પ્રેમપૂર્વક તે સ્વીકાર્યાં.

**પ્રકાશન સમારોહનો ધન્ય દિવસ આવી લાગતા** નગરની મધ્યમાં આવેલા મ્યુનિસીપલ મેદાન પર ભવ્ય સુશોભિત મંડપ ઉભો કરવામ આવ્યો હતો, મંડપનું નયનરમ્ય પ્રવેશદ્વાર શોભી રહ્યું હતું. બહાર મોટરોને ઉભી રહેવા માટે Car-parking બનાવાયેલું હતું,

બરાબર સાડા સાત વાગે પૂજ્ય મુનિવરોએ સ્વાગત પૂર્વક આવી પહોંચતાં મંડપમાં પ્રવેશ કર્યો અને ૭-૪૫ કલાકે માનનીય મંત્રી શ્રી જયસુખલાલ હાથી મંડપના દ્વારે આવી ઉભ. શ્રીયુત લક્ષ્મીમલ્લ સિંઘવીએ અને અમૃતલાલ ગાંધીએ સ્નેહપૂર્વક સ્વાગતપૂર્વક સ્વાગત કર્યું. મંડપ વાજિંત્રોથી ગાજી ઉઠ્યો. લોકોનો ધસમસતો પ્રવાહ મંડપમાં ઠલવાઇ રહ્યો હતો.

**મંગલાચરણ :** બ્યાવરથી આ પ્રસંગ પર ખાસ પધારેલા શ્રી શોરીલાલજી જૈન (પ્રધાન-અધ્યાપક, શાન્તિ જૈન મિડલ સ્કૂલ)ના સુપુત્ર **જિનદાસ અને સુપુત્રી શંખેશકુમારીએ શ્રી**

નવકારમંત્ર દ્વારા મંગલાચરણ પ્રસ્તુત કર્યું. શ્રી નવકારની ધુન જામી અને મંડપમાં પૂર્ણ શાંતિ પથરાઇ ગઈ. બહેન બજાવતી હતી હારમોનીયમ અને ભાઇના હાથમાં ઢોલક! બંનેનાં હૃદય નવકારમાં તન્મય!

**પ્રાર્થના : શ્રી જોધપુરની મહાવીર જૈન કન્યાશાળાની** નાની બાળિકાઓએ શ્રી અરિહંત પરમાત્માના ગુણાનુવાદ કરતી મંગલમય પ્રાર્થના કરી અને સમારોહનું કાર્ય આગળ ધપ્યું.

**ડૉ. લક્ષ્મીમલ્લજી સિંઘવીનું સ્વાગત ભાષણ :**

પ્રાર્થના પૂર્ણ થતાં સમારોહ સમિતિના મંત્રી શ્રીયુત ગાંધીએ સમારોહના પ્રમુખ ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી (M.P.)ને સ્વાગત ભાષણ કરવા વિનંતી કરી. ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીએ વિનંતી સ્વીકારી અને પ્રભાવશાળી ભાષણ આપ્યું. પ્રવચનના અંતે તેમણે પૂજ્ય મુનિરાજશ્રીને ગ્રંથનો ગ્રંથકારનો તથા હિન્દી વિવેચનકારનો પરિચય આપવા વિનંતિ કરી.

**પૂજ્ય મુનિવર્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મ.નું પ્રેરક પ્રવચન :**

પૂજ્ય મહારાજશ્રીએ બરાબર અડધો કલાક ધારાબદ્ધ પ્રવચન આપ્યું. તેમાં ભારતીય દર્શનો, ભગવંત મહાવીરની દાર્શનિક-ધારા, શ્રી લલીતવિસ્તરા, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિનું સાહિત્ય સર્જન...વગેરે વિષયો પર ટૂંકમાં મુદ્દાસર રોચક પ્રવચન આપ્યું,

**ગ્રંથ પ્રકાશનનો વિધિ :**

પૂજ્ય મુનિશ્રીનું પ્રવચન પૂર્ણ થતાં માનનીય અતિથિ શ્રી હાથીને, જોધપુર તપગચ્છ સંઘના પ્રમુખ શ્રી નથમલ ગોલિયાએ, ચાંદીનાં થાળમાં 'શ્રી લલિતવિસ્તરા' ગ્રંથને અર્પણ કર્યો. શ્રીયુત હાથી પૂજ્ય મહારાજશ્રી પાસે પધાર્યાં અને ગ્રથ પૂજ્ય મુનિપુંગવ શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજના કરકમલોમાં અર્પણ કર્યો. વાજિંત્રો બજી ઉઠયાં. તાલીઓથી મંડપ ગજી ઊઠયો. પૂજ્ય મહારાજશ્રીએ શ્રીયુત હાથીના હાથમાં વાસક્ષેપ આપ્યો અને શ્રી હાથીએ બહુમાનપૂર્વક ગ્રંથનું પૂજન કર્યું. પછી પૂજ્ય મહારાજશ્રીએ તેમના માથે વાસક્ષેપ નાખ્યો. શ્રીયુત હાથીએ ઘણો જ હર્ષ વ્યક્ત કર્યો.

**માનનીય શ્રીયુત જયસુખલાલ હાથીનું અભિભાષણ**

શ્રીયુત હાથીએ ખૂબ જ સ્વસ્થતાપૂર્વક પ્રવચનનો પ્રારંભ કર્યો. બરાબર અડધા કલાક સુધી સતત ભાષણ કરીને તેમણે પાંચ હજાર સ્ત્રી-પુરુષોને સ્તબ્ધ કરી દીધા. તેમના ભાષણમાં વિદ્વતા સાથે ધાર્મિક જીવનની ઝાંખી થતી હતી. તેમણે ધર્મની મહત્તા ખૂબ જ સ્પષ્ટતાથી દૃઢતાપૂર્વક સમજાવી. 'બિન ધાર્મિક રાજ્ય'નો સુયોગ્ય અર્થ સમજાવ્યો; અને ભારતમાં ધાર્મિકસંસ્કૃતિ દ્વારા જ મનુષ્ય મનુષ્ય છે, નહિતર પશુ છે, તે તેમની વિશિષ્ટ લાક્ષણિક શૈલીથી સમજાવ્યું. પછી તેમણે 'લલિતવિસ્તરા' ગ્રંથ પર સુંદર પ્રકાશ પાડ્યો. તેઓશ્રીએ સમગ્ર ગ્રંથનું વિહંગાવલોકન કરી લીધું હોવાથી 'લલિતવિસ્તરા'ને ભારતીય સંસ્કૃતિના ઉચ્ચતમ કક્ષાના ગ્રંથ તરીકે બિરદાવ્યો. સાથે સાથે હિન્દી વિવેચનકાર પૂજ્ય પંન્યાસજી મહારાજને પુનઃ પુનઃ ભારપૂર્વક અંજલિ આપી.

**શ્રીયુત અમૃતલાલ ગાંધીનું સંદેશ વાંચન :**

સમારોહ સમિતિના મંત્રી શ્રી ગાંધીએ પૂજ્ય મહારાજશ્રીના પ્રવચન પછી શુભ સંદેશ વાંચન કર્યું હતું. તેમાં નીચે મુજબના સંદેશાઓ મુખ્ય હતા.

[૧] સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા.

[૨] પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર.

[૩] ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેન. [ભારત સરકાર]

[૪] પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરૂ.

[૫] શિક્ષણમંત્રી શ્રી ચાગલા.]

[૬] સુનીતિકુમાર ચેટર્જી [સભાપતિ, વિધાનસભા, વેસ્ટ બંગાલ.

[૭] વિજયસિંહજી નહાર. [શ્રમમંત્રી, બંગાલ-સરકાર]

[૮] વિજ્યાલક્ષ્મી પંડિત. [ગવર્નર, મહારાષ્ટ્ર]

[૯] બળવંતરાય મહેતા. (મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય]

[૧૦] શ્રી ધીરજલાલ ટોકરશી. [શતાવધાની પંડિત] વગેરે વગેરે.

**આભારદર્શન :**

અંતે, શ્રીયુત ગાંધીએ આભારદર્શન કર્યું અને પોતાના વક્તવ્યમાં તેમણે ભારત સરકાર દ્વારા 'મહાવીર જન્મદિન'ની રજા મંજુર કરવા યુક્તિપૂર્વક અને સચોટ રીતે શ્રીયુત હાથીને વિનંતિ કરી. શ્રીયુત હાથીએ અવસરે યોગ્ય કરવા આશ્વાસન આપ્યું.


**અંતે** : અંતે શ્રી જિનદાસ તથા શંખેશકુમારીએ **શિવમસ્તુ**ની ભાવના ભાવી અને સમારોહ ભગવંત મહાવીરદેવની જય સાથે સંપૂર્ણ થયો.

**ઘોષિત થયેલું જ્ઞાનદાન** : આ પુણ્યપ્રસંગે સમારોહ-સમિતિના મંત્રી શ્રી ગાંધીએ જાહેર કર્યું કે :-

'શ્રી ભંવરલાલજી રાંકા [એડવોકેટ, સુપ્રીમકોર્ટ] બ્યાવરવાળા તરફથી શ્રી 'લલિતવિસ્તરા' ના ૫૦ ગ્રંથો ભારતનાં વિશ્વ વિદ્યાલયોને તેમ જ દાર્શનિક વિદ્વાનોને ભેટ મોકલવામાં આવશે. તેમ જ મદ્રાસના શ્રી જૈન સંઘ તરફથી ભારતની મુખ્ય મુખ્ય લાયબ્રેરીઓને તેમ જ ઉચ્ચ કક્ષાના વિદ્વાનોને [જૈનેતર] ૫૦ ગ્રંથ ભેટ મોકલવામાં આવશે.'

**અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિ :** સમારોહ પ્રસંગે સમારોહ સમિતિના બધા જ સભ્યો, જિલ્લા કલેક્ટર, મ્યુનિસીપાલિટીના ચેરમેન લગભગ સો જેટલા વકિલો, ડોકટરો, સરકારી અધિકારીઓ તેરાપંથી-સ્થાનકવાસી આગેવાનો...વગેરે મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા. આખા નગરમાં આ પ્રસંગની ખૂબ ખૂબ અનુમોદના થઈ રહી છે. જૈનશાસનની પ્રભાવના થાય તેમાં કોણ પુણ્યશાળી આનંદ ન પામે ?

**પ્રકાશિત ગ્રંથરત્નનો નિકળેલો ભવ્ય વરઘોડો** : સમારોહ સમાપ્ત થવા પછી શ્રી ચતુર્વિધ સંઘ સાથે, ગ્રંથરત્ન 'લલિતવિસ્તરા'ને પાલખીમાં પધરાવી, સેંકડો સ્ત્રી-પુરુષો સાથે, વરઘોડો કાઢવામાં આવ્યો. વરઘોડો સમારોહ-મંડપથી શરૂ થયો અને જોધપુરના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરી જૈન ક્રિયાભવને ઉતર્યો. સંઘનો ઉલ્લાસ અમાપ હતો. વરઘોડો ઉતર્યા પછી પૂજ્ય મહારાજ શ્રી ભદ્રગુપ્તવિજયજીએ અડધી કલાક પ્રવચન આપ્યું અને શ્રી સંઘે કરેલા શાસન પ્રભાવનાના મહાન સુકૃતની અનુમોદના કરી વિશેષ ને વિશેષ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવા પ્રેરણા આપી.



ગ્રંથનું પૂજન કર્યા પછી શ્રી જયસુખલાલ હાથી પૂજ્ય મુ. શ્રી ધર્મગુપ્તવિજયજીનો વાસક્ષેપ લઈ રહ્યા છે.



૧. શ્રીયુત જયસુખલાલ હાથી 'લલિતવિસ્તરા-હિંદી વિવે ગ્રંથનુ પ્રકાશન જાહેર કરી મનનીય ભાષણ કરી રહ્યા છે.
૨. સમારોહના પ્રમુખ ડો. લક્ષ્મીમલ્લ સિંઘવી સ્વાગત-પ્રવચન કરી રહ્યા છે.
૩. સમારોહ સમિતિના મંત્રી પ્રો. અમૃતલાલ ગાંધી સમારોહ પ્રસંગે આવેલ ઉપરાષ્ટ્રપતિ વગેરેના સંદેશાઓનું વાચન કરી રહ્યાં છે.





૪. સમારોહમાં ઉપસ્થિત લગભગ દસ હજાર સ્ત્રી-પુરુષોની આગલી પંક્તિમાં ચિત્રમાં


૧ અ શ્રી કનકભાઈ હાથી રિટાયર્ડ એકાઉન્ટ્સ ઓફિસર,

બ શ્રી રામ ગોપાલ ગુપ્ત (કામદાર મહારાણી સાહિબા),

૧. ડી. આઈ. જી જોધપુર ૨. કલેક્ટર જોધપુર, ૩. શ્રી શ્રીરામ પરિહાર અધ્યક્ષ મારવાડ ચેમ્બર ઓફ કોમર્સ, ૪. શ્રી મગરુપચંદજી ભંડારી ભૂતપૂર્વ મજિસ્ટ્રેટ, ૫. શ્રી નગરાજ મેહતા એડવોકેટ. વગેરે દેખાઇ રહ્યા છે.

૫. શ્રીયુત હાથી ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીની સાથે પૂજ્ય મહારાજશ્રીનાં વંદન અર્થે આવ્યા ત્યારે સહર્ષ પૂજ્ય મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજીનાં પ્રેરણા-વચનો ઝીલી રહ્યા છે. આમાં

૧. ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી [સંસદ સદસ્ય] સ્વાગતાધ્યક્ષ, ૨. શ્રી સિમરથમલ-મરડિયા, ૩. શ્રી માંગીમલ મુણોયત એડવોકેટ, ૪. શ્રી જયસુખલાલ હાથી રાજ્યમંત્રી કેન્દ્રિય ગૃહ મંત્રાલય ૫. શ્રી રણજીતમલ મેહતા મુન્સિફ મેજીસ્ટ્રેટ, ૬. શ્રી શરબતમલ જૈન M. Com. સંયુક્તમંત્રી શ્રી ભેરુબાગ જૈન તીર્થ.





૭. શ્રી તપાગચ્છ સંઘના અધ્યક્ષ ગ્રંથની પૂજા કરે છે.

૮ પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ સાહેબ વ્યાખ્યાન આપે છે.


## પ્રભાવના કરવા માટે

ચરવાલો, સંથારીઆ, ઓકડીના બનાતના કટાસણા, મુહપત્તી, સ્થાપનાજી, સાંપડા, નૌકારવાલી, સ્થાપનાજીનો સેટ, સિદ્ધચક્રજીની ડબી, સેવાની પેટી, દેરાસરની ડબી, ચાંદીના વરખ, કેસર, બરાસ, દશાંગ ધુપ, વાસક્ષેપની ડબી, દરેક જાતના ધાર્મિક પુસ્તકો વિગેરે જથ્થાબંધ મલશે. આ સીવાય ઉજમણાનો, દેરાસરનો તેમજ પૂ. સાધુ-સાધ્વીજીઓના દરેક જાતના ઉપકરણ મલશે.

**ઓર્ડરનો માલ બહારગામવાળાને તાત્કાલીક રવાના કરવામાં આવશે.**

સ્થળઃ- **શ્રી જૈન ઉપકરણ ભંડાર :** ઠે. કાલુપુર રોડ, જ્ઞાનમંદિર નીચે, **અમદાવાદ—૧**

—: **અમારી બીજી કોઈ શાખા નથી** :—

# શ્રી અખિલ ભારતવર્ષીય જૈન સંસ્કૃતિરક્ષક સભા

# ભોયણી ખાતે મળેલું આઠમુ અધિવેશન

( કલ્યાણ માટે ખાસ )

પૂજ્ય ગણીવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજ શ્રી તા. ૨૨-૩-૬૪ વીસનગર પધારેલ ત્યાં તેઓશ્રીના નિશ્રામાં સભાના કારોબારીના કાર્યવાહકોએ આમંત્રિત ગૃહસ્થોની એક બેઠક તા. ૨૯-૩-૬૪ મલી હતી તેમાં શ્રી ભોયણી તીર્થે. ચૈત્ર સુદી ૪ શનિ બી. ચૈત્ર સુદ ૫ રવિ તા. ૨૫ તા. ૨૬ એપ્રીલના દીવસોમાં પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસાગર સૂરિજી મહારાજની શ્રી ચતુર્વિધ સંઘની નિશ્રામાં આઠમું અધિવેશન ભરવાનો નિર્ણય લેવાયો હતો. સ્વાગત કાર્યવાહક તરીકે મુંબાઇ નિવાસી શ્રી પોપટલાલ મોહનલાલ ધોલાસણવાલાની નિયુક્તિ કરવામાં આવી હતી. અને ભિન્ન ભિન્ન ગામોના ઉત્સાહી કાર્યકરોને પ્રચારનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

અધિવેશનના મુખ્ય સંચાલક તરીકે શેઠ પન્નાલાલ ઉમાભાઇ ઝવેરી અમદાવાદવાલાએ સહર્ષ સ્વીકાર કરવાથી સોનું અને સુગંધ જેવું વાતાવરણ થયું હતું.

**અધિવેશનના પ્રથમ દિવસની કાર્યવાહી**

તા. ૨૫-૪-૬૪ શનિવારના સવારના સાડા આઠ વાગે ભવ્ય મંડપમાં પૂજ્ય આચાર્ય શ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજશ્રીના મંગલાચરણથી અધિવેશનના પ્રથમ દિવસની બેઠકની શરૂઆત થઇ હતી. તે પછી વડોદરાવાલા શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆએ અધિવેશન બોલાવવાની પત્રીકા વાંચી સંભળાવી હતી, અને સ્વાગત કાર્યવાહક શેઠ પોપટલાલ મોહનલાલે પોતાનું સ્વાગત વક્તવ્ય વાંચી સંભળાવ્યું હતુ.

શ્રી ચતુર્વિધ સંઘની હાજરી સારા પ્રમાણમાં હતી. પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસાગર સૂરિજી મહારાજ ગણીવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજ, મુનિશ્રી અભયસાગરજી મહારાજ તથા પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શીષ્ય રત્નમુનિ શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ દિ. સાધુ સાધ્વીજી મહારાજનો વિશાળ સમુદાય લગભગ ૭૦ ઠાણા તથા આગેવાન શ્રાવકો શેઠ પોપટલાલ મોહનલાલ, શેઠ સોમચંદ મંગલદાસ અમદાવાદ, પંડીત મફતલાલ ઝવેરચંદ, શેઠ પુનમચંદ વાડીલાલ ઊંઝાવાલા, શ્રી સુમતિલાલ કેશવલાલ ઊનાવા, પંડીત પ્રભુદાસભાઈ બેચરદાસ રાજકોટ, શ્રી સુંદરલાલ ચુનીલાલ વડોદરા, શ્રી શાંતિલાલ છોટાલાલ છાણી, શ્રી કાન્તિલાલ અમદાવાદ, માસ્તર ગોરધનદાસ સી. મુંબાઇ, શ્રી નરભેરામભાઈ વહીવટદાર શ્રી નમિનાથજી દેરાસર મુંબાઇ, શેઠ શીવલાલ ફુલચંદ ચાણસ્મા, શ્રી સુરજમલ વકીલ ચાણસ્મા, સંઘવી કેશવલાલ લાડકચંદ કડી, શેઠ મણીલાલ ભીખાભાઈ ભોયણી, શ્રી વૃજલાલભાઇ પટવા મહેસાણા, શ્રી મામલતદાર મહેસાણા, શ્રી ચીનુભાઇ સાકળચંદ અમદાવાદ, શેઠ જેસીંગલાલ સાકળચંદ મુંબાઇ, શ્રી ચંદુલાલ પુનમચંદ, શેઠ મોહનલાલ છોટાલાલ, શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારી, શેઠ ચીનુભાઇ ચીમનલાલ પ્રમુખ પાંચકુવા અમદાવાદ,શ્રી પુખરાજજી સીંધી એડવોકેટ શીરોહી શ્રી અમ્રતલાલ મોદી એમ. એ. શીરોહી, તથા બીજાવણ ઘણા શહેર તથા ગામોના પ્રતિષ્ઠિત આગેવાન શ્રાવકોની સારા પ્રમાણમાં હાજરી હતી. સેંકડોની સંખ્યામાં આસપાસના ગામડા તેમજ દૂર દૂરના મુંબાઇ, સુરત, અમદાવાદ, ઊંઝા, વીરમગામ, કડી, ચાણસ્મા, સાંગણપુર, વડોદરા, બોરૂ, વેજલપુર, છાણી મંડાર, ગુજરાત, કાઠિયાવાડ, રાજસ્થાન, આદિની પ્રદેશોની લગભગ ત્રણ હજાર શ્રાવક શ્રાવકાઓની બન્ને દીવસોમાં હાજરી ચિકાર હતી.

સ્વાગત પ્રમુખે સ્વાગત કરતાં કહ્યું કે, આજે બધાનું સ્વાગત કરતાં મને સાધર્મિકોની ભક્તિ કરતાં સંતોષ થવા સાથે હાલના કટોકટીના ટાઇમમાં આપ બધા તીર્થંકર ભગવંત સ્થાપિત સંસ્કૃતિની રક્ષા કરવા માટે એકત્ર થયા જાણી અત્યંત આનંદ થાય છે.

મુનિશ્રી અભયસાગરજીએ સંસ્કૃતિ ઉપર વિશદ વ્યાખ્યાન આપતાં શાસન તીર્થરક્ષા, આરાધના, ભક્તિ ભાવના અને ત્યાગનું મહત્વ સચોટ આપી બધાને પોતાના કર્તવ્ય તરફ લક્ષ દોર્યું હતું.

પૂજ્ય ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજે બુલંદ અવાજથી સ્પષ્ટપણે રક્ષા કરવાનો યોગ્ય રસ્તો બતાવેલ હતો. આરાધના કરનારાઓએ હવે સમજવું પડશે કે હવે એકલી આરાધના કરવાથી નહી ચાલે.

(૧) શાસનને કોણ સંભાળે (૨) મુસલમાની કાળમાં તલવારના જુલ્મી કાળમાં પણ આપણે આપણાં ધર્મપ્રતિકોની રક્ષા કરી શકયા છીએ, જ્યારે આજે સરકારી કાયદાઓ, યંત્રવાદ, વિજ્ઞાનવાદ, અને જુઠો ઇતિહાસ રજુ કરી ધીમા ઝેરથી આપણા જ ભાઇઓના હાથે આપણી સંસ્કૃતિનો નાશ થઇ રહેલ છે. તેની સામે આપણે ઝઝુમવાનું છે. આપણે ત્યાં છેલ્લા સો વર્ષમાં સંસ્થાઓનો રાફડો ફાટયો છે. પણ એક પણ સંસ્થા શાસનની રક્ષા માટે નહી. ત્યારે શું કરવું તે વિચારમાં આ સભાનો જન્મ થયો અને તેનો ટુંક ઈતિહાસ જણાવ્યો.

એક બાજુથી આપણે આરાધન કરીએ ત્યારે બીજી બાજુથી મૂળમાંથી ઘા થાય, ઉંદર ફુંકીને કરડે, નવપદની આરાધના કરીએ તે પંચપરમેષ્ટી ઉપર દેવગુરૂતત્વ વિશુદ્ધ કોટીના નથી, આવી આપણા આગેવાનો જાહેરાત કરે છે તેનો જોટો જગતમાં શોધ્યો જડતો નથી.

તેથી ત્યાગી પુરૂષો ઉપર દોષ અને કંચન કામિનિના ભોગી કહેનારા નીકળ્યા છે આપણે દોષિતનો બચાવ કરવો નથી, પણ વ્યક્તિના દોષે સમગ્ર મુનિ સંસ્થાને દોષિત કેમ કહેવાય ? પણ જેના આંખમાં કમળો હોય તેને પીલુંજ દેખાય. વિગેરે સચોટ રીતે જણાવેલ. તે પછી પંડીત મફતલાલ પંડીતે સંસ્થાનો છપાયેલ રિપોર્ટ વાંચી દિગ્દર્શન કરાવ્યું હતું. મુખ્ય સંચાલક પન્નાલાલ શેઠ નહી આવવાથી તેમના વતી શેઠ પૂનમચંદ વાડીલાલે મુખ્ય સંચાલકનું કાર્ય સંભાળ્યું હતું. અને અગીયાર વાગે બેઠક મુલતવી રહી હતી. બીજી બેઠક બપોરના ત્રણ વાગે મળી હતી. પૂજ્ય આચાર્ય મહારાજે મંગલાચરણ સંભળાવી થોડુંક ઉદ્બોધક પ્રવચન કર્યું હતું. તે પછી વિદ્વાન મુનિમહારાજ ચંદ્રશેખરવિજયજીએ સુંદર મર્મવેધક એક કલાક સુધી મનનીય પ્રવચન આપ્યું હતું.

તેમણે જણાવેલ કે, આજે દરેકે પોતાનું કર્તવ્ય બજાવવું પડશે, આજે શાસનની વફાદારી મુશ્કેલ છે, જો ખોટા પ્રલોભનોથી દોરવાઇ જઇશું તો નહિ ચાલે. સ્વકલ્યાણ સાધનારો જ પરકલ્યાણ સાધી શકે છે. આજે તો જેમનામાં આચારનો છાંટો નથી એ શ્રીમંતો છે. વાકયપટુતાના બળે બીજાને હલકા પાડવાની વૃત્તિ લઇ બેઠા છે, એ કેમ ચાલશે ? માટે તૈયાર થાઓ, નાના કે મોટા મતભેદોને બાજુએ રાખો. બહારના આક્રમણને સામે સંગઠિત થવું પડશે વગેરે સુંદર પ્રવચન આપી દિશા બતાવી હતી. તે પછી ગોરધનદાસ માસ્તરે બહારથી આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા.

આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી, મહેસાણા, આચાર્યશ્રી હેમસાગરસુરીશ્વરજી મુંબઇ, આચાર્યશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ ગોડીજી મુંબઇ, પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ, આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ પાટણ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ કેશવલાલ લલ્લુભાઇ ઝવેરી, અમદાવાદવાળા શેઠ કલ્યાણજી વીરપાલ મહેતા મુંબઇ, શેઠ રમણલાલ દલસુખભાઈ, શા રામચંદ્ર મગન-

લાલ મુંબઈ ૨.શ્રી ફતેચંદભાઈ, શ્રી નરોત્તમદાસ કપાસી, એડવોકેટ મુંબઈ, શ્રી કાલીદાસ સુંદરજી કપાસી મુંબઇ, શ્રી રીખવદાસજી સ્વામી, શ્રી સુરજમલજી મેઘરાજજી મદ્રાસ, શ્રીગોડીજી જૈન મિત્રમંડળ મુંબઇ, શ્રી જૈન સઘ જાકુંજા, શ્રી વીરનો ઉપાશ્રય જૈન સંઘ અમદાવાદ, શેઠ પાનાચંદ રૂપચંદ ઝવેરી મુંબઇ, શ્રી કુંવરજી મુલચંદ દોશી મદ્રાસ, મોહનલાલ ચુનીલાલ ધામી રાજકોટ, શેઠ બાબુલાલ હાથીભાઈ જામનગર, શ્રાવિકા સંઘ મુંબઇ, વીગેરે અનેક સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. તેનો મુખ્ય સૂર સંઘ સમિતિની અયોગ્ય કાર્યવાહી અને વિકૃત સાહિત્ય ઉત્સૂત્ર પ્રરૂપણા અંગે યોગ્ય કરવા અંગેના હતા. તે પછી સાક્ષરવર્ય શ્રી પ્રભુદાસભાઇએ સંસ્કૃતિનું સ્વરૂપ સમજાવ્યું હતું. આજની અશાંતિનું મૂળ વિચાર ભેદ, અને પ્રગતિના મોહની ફસામણ છે. તેની જાળમાં ન ફસાવવા યોગ્ય સમજાવેલ હતું. તે પછી વિષય વિચારિણીના નામો વીસ નક્કી થયા હતા. તે રાત્રે નવ વાગે મળવાનું નક્કી કરી વિખરાયા હતા. રાત્રે વિષય વિચારિણી ગૃહસ્થોની બેઠક થયેલ. દોઢ વાગ્યા સુધી સાધક બાધક તત્ત્વો વિચારી નવ નિર્ણયો નક્કી થયા હતા. સંઘ સમિતિ એ અધિકૃત નથી તે મુદ્દાનો સ્વીકાર થયેલ અને શ્રી ગીતાર્થ શ્રમણ ભગવંતોની આજ્ઞા મુજબ યોગ્ય કાર્યમાં સહકાર આપવામાં નિર્ણય લેવયો હતો.

**બીજા ચઇતર સુદ ૧૫ રવીવાર ત્રીજી બેઠક**

સવારે આઠ વાગે અધિવેશનની બેઠક મળી હતી. આજે સેંકડોની સંખ્યામાં બીજા ભાઇ બેનો પધાર્યા હતા. વિશાળ મંડપ હજારોની સંખ્યામાં ભરપૂર થયેલ. પૂજ્ય આચાર્યશ્રીના મંગલાચરણ બાદ નિર્ણયોની જાહેરાત વિધેય સાથે અને દરેકને સંતોષકારક સમાધાન આપી, એકી અવાજે જાહેરાત થઈ હતી. મુખ્ય સંચાલક શેઠ પન્નાલાલ ઉમાભાઇ પણ આવેલ હતા. સાડા દશ વાગ્યા સુધી બધા નિર્ણયો જાહેર થયા હતા. મુખ્યત્વે શાસનની એક વાકયતા રહે અને શિખરજીના પહાડનો કબજો શ્રી સંઘના કબજામાં રહે એવા યોગ્ય પ્રયાસો કરવાનું ઠરાવી અધિવેશન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતુ.

પાછળથી આવેલ સંદેશાઓમાં શેઠ રણછોડલાલ છોટાલાલ પ્રેમજીભાઈ કોટ મુંબાઇ, શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી રાજકોટ, મુનિશ્રી ચિદાનંદ મુનિજી, શ્રી મૃગેન્દ્ર મુનિજી, શેઠ રતીલાલ જીવણલાલ સુરેન્દ્રનગર, શ્રી નંદરામજી લોઢા બદનાવર (માલવા) ગણીવર્ય શ્રી લબ્ધીસાગરજી મહારાજ રાજગૃહી, ગણીવર્ય શ્રી દર્શનસાગરજી મહારાજ દીલ્હી, આદિ અનેક સંદેશાઓ અધિવેશનની સફળતા ઇચ્છનારા મળ્યા હતા.

અધિવેશન દિવસ :- સં. ૨૦૨૦ ના બી. ચૈત્ર સુદ ૧૪, ૧૫, શનિ, રવિ, તા. ૨૫, ૨૬-૪-૬૪

સ્થળ:-**શ્રી ભોયણીતીર્થ** અધિવેશનમંડપ

મુખ્ય સંચાલક:-શ્રી પન્નાલાલ ઉમાભાઈ શેઠ, અમદાવાદ.

સ્વાગત કાર્યવાહક:- શ્રી પોપટલાલ મોહનલાલ શેઠ, મુંબાઇ.

**નિર્ણય ૧**

આયર કમીશનના રિપોર્ટમાં 'જૈન પ્રકરણ' માં જૈન શાસન અને જૈન સિધ્ધાંત વિરૂદ્ધ ઘણી બાબતો જણાવેલ છે. તેનું પરિમાર્જન કરી પ્રમાણ પુરસ્સર સાચી વસ્તુ રજુ કરવા અંગે તેમજ ધાર્મિક ખાતાઓને પબ્લીક ટ્રસ્ટ એકટના અમલથી થતી ડખલગીરી દૂર કરવા માટે નીચેના ગૃહસ્થોની કમિટિ નીમવામાં આવે છે.

૧ શેઠશ્રી પન્નાલાલ ઉમાભાઇ, ૨ શેઠશ્રી હીરાલાલ એચ. દલાલ, ૩ શેઠશ્રી પુખરાજજી સીંધી, ૪ શેઠશ્રી સુરજમલ પુનમચંદ. ૫ શેઠશ્રી પં. મફતલાલ ઝવેરચંદ, ૬ શેઠશ્રી પુનમચંદ વાડીલાલ, ૭ શેઠશ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ.

રજુ કરનાર:- શા. સુમતિલાલ કેશવલાલ ઊનાવા ( ઊંઝા )

## નિર્ણય—૨

વીર વચનામૃત આદિ પ્રગટ થતા કેટલાક પુસ્તકો જૈન આગમ અને જૈન કથાનકોને વિકૃત સ્વરૂપે રજુ કરે છે. આથી આ અધિવેશન ભલામણ કરે છે કે, જૈનોએ આવા સાહિત્યોથી અળગા રહેવું. કેમકે તેનો પ્રચાર તેમજ ઉત્તેજન જૈન શાસનને નુકશાનકર્તા છે.

રજુ કરનારઃ—વકીલ સુરજમલ પુનમચંદ, ચાણસ્મા.

## નિર્ણય—૩

જ્યાં ૨૦ તીર્થંકર ભગવંતો અને ઘણા મુનિરાજો સિધ્ધિપદ પામ્યા છે. એવા સમ્મેતશિખરના સમગ્ર પહાડની એકેએક ઈંચ ભૂમિ પવિત્ર તીર્થ રૂપ છે. તે સમ્મેતશિખર ગિરિરાજનો બિહાર સરકારે કબજો લીધો છે તે સમાચાર સાંભળી શ્રી જૈન સંઘને ખૂબ જ આઘાત લાગ્યો છે. આ અધિવેશન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આગ્રહ કરે છે કે એ પહાડ આપણને સુપ્રત થાય તેવા હરકોઇ ઉપાયો અને પ્રવૃત્તિ કરે.

રજુ કરનારઃ— શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળા.

અનુમોદકઃ—સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ M. A. વડોદરા.

## નિર્ણય—૪

"શ્રી જૈન શાસનમાં શ્રમણ પ્રધાન ચતુર્વિધ શ્રી સંઘ એ શ્રી સંઘ ગણાય છે." એ શ્રી સંઘ સિવાય નીમાયેલી સંઘ સમિતિ અધિકાર યુક્ત ગણી શકાય નહી.

શ્રી સંઘની સુસ્થિતતામાં જે કોઇ કાળ કે વ્યક્તિના દોષે ત્રુટિઓ આવી હોય તેનું પ્રમાર્જન પૂ. સુવિહિત ગીતાર્થ ભગવંતોની નિશ્રામાં શ્રી જૈન શાસનની પ્રણાલિકા મુજબ કરવામાં આવે તો જ સફળ પરિણામ લાવી શકાય.

"તેમાં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇની શક્તિનો સદુપયોગ થાય તેવી દરેક પ્રવૃત્તિમાં આ સભા પોતાનો સહકાર આપવા તૈયાર છે."

રજુ કરનારઃ-શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી, અમદાવાદ.

અનુમોદકઃ-શેઠશ્રી રમણલાલ જેશીંગલાલ ઝવેરી, પાટણ.

## નિ ર્ણય-૫

જે કોઇ સાતક્ષેત્ર જીવદયા આદિ ધાર્મિક ક્ષેત્રનાં નાણાં બીજે ખાતે ખર્ચવા ચેરીટી કમિશ્નર ફરજ પાડે છે તે અયોગ્ય છે. તેવા અયોગ્ય હુકમોને વશ ન થતાં વહીવટદારોએ સાવધાન બનીને ધર્મ સિધ્ધાંત પ્રમાણે યોગ્ય કરવું અને તે અંગે સભાનો સહકાર પ્રાપ્ત કરવો જેથી સુરક્ષા સારી રીતે થઇ શકે.

રજુ કરનારઃ-શ્રી ચંદુલાલ દોલતરામ, શાંતાક્રુઝ ( મુંબઇ )

## નિર્ણય-૬

"ધાર્મિક મિલકતો એ શ્રી જૈન શાસનની માલિકીની છે. જૈન શાસનનું બંધારણ પરમાત્મા મહાવીર દેવના વચનાનુસાર ગણધર ભગવંતોએ નિશ્ચિત કરી શાસ્ત્રોમાં અને દ્રવ્ય સપ્તતિકા, "જૈન શાસનના બંધારણની રૂપ રેખા" નામની પુસ્તિકા આદિમાં આપેલ છે. તેનાથી ભિન્ન નવું બંધારણ હોઇ શકે જ નહી. ફક્ત વહીવટની સરળતા માટે શાસ્ત્ર, પ્રભુ આજ્ઞાથી અવિરૂધ્ધ નિયમો કે નિયમાવલી બનાવી શકાય છે. તે અંગે આ સભા સહર્ષ માર્ગદર્શન આપી રહેલ છે ને આપશે માટે કોઇએ નવું બંધારણ કરવાની જરૂર રહેતી નથી.

રજુ કરનાર :-શાહ પુનમચંદ વાડીલાલ, ઊંઝા.

## નિર્ણય-૭

શ્રી રાજનગર અમદાવાદના શ્રી શ્રમણ પ્રધાન સંઘે ઈલેકટ્રીકનો ઉપયોગ દેરાસરમાં ન હોવો જોઇએ એમ જાહેર કરેલ છે. તો તેને અનુસરી જ્યાં જ્યાં હજુ ઇલેકટ્રીકનો ઉપયોગ થતો હોય ત્યાં સત્વર બંધ કરવા

ભલામણ કરે છે.

શ્રી રજુ કરનારઃ- શ્રી વૃજલાલભાઈ મણીભાઈ પટવા, મહેસાણા.

જૈન ગણાતી સંસ્થાઓના આગેવાનો દ્રવ્યોપાર્જન કરવા માટે પરમપૂજ્ય દેવાધિદેવ, તીર્થંકર ભગવંતો સાધુ સાધ્વીજી મહારાજાઓની સીનસીનેરી અને નૃત્ય નાટિકા આદિ આજે ભજવી ભયંકર આશાતના કરી રહેલ છે તે તદ્દન અઘટિત છે.

જણાવતાં આનંદ થાય છે કે પૂજ્ય ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજના ઉપદેશ અને સભાના પ્રયત્નથી રૂપકોશાની ફીલ્મ ભજવવાનું શ્રી મહીપાલસીંહજી ભંડારી જોધપુરવાળાએ બંધ કરેલ છે. તે અભિનંદનને પાત્ર છે.

સાથે સાથે જણાવતાં દુઃખ થાય છે. કે, મુંબઈમાં બીજા ચૈત્ર સુદ ૧૩ ને શુક્રવાર તા. ૨૪-૪-૬૪ના દિવસે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના નેતૃત્વમાં ચીંચવડ જૈન સંસ્થાના દ્રવ્યોપાર્જન માટે "આરાધના" ના નામથી શ્રીપાલ રાજાના રાસની નૃત્યિકા આધુનિક ઢબે ભજવાઈ છે. આ ખરેખર શોચનીય પરિસ્થિતિ છે. તે માર્ગે જતાં અટકવા તેના સંયોજકોને આગ્રહપૂર્વક નિર્દેશ કરે છે.

રજુ કરનારઃ-અમૃતલાલભાઈ મોદી M. A. શીરોહી.

## નિર્ણય-૯

શ્રી સમ્મેત શિખર ગિરિરાજનો બિહાર સરકારે કબજો લીધો છે તે પાછો મેળવવા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીને યોગ્ય કરવામાં સહકાર આપવા અને તેના અંગે ઘટતું કરવા નીચેના ભાઈઓની સમિતિ નીમવામાં આવે છે.

શ્રી રાયચંદભાઈ ગુલાબચંદજી, અચ્છારી.
શ્રી અનુભાઈ ચીમનલાલ શાહ અમદાવાદ.
પુખરાજજી સિંધી, શિરોહી.
શ્રી મફતલાલ ઝવેરચંદ, અમદાવાદ.
શ્રી પુનમચંદ વાડીલાલ, ઊંઝા.

અને એ સિવાય જેની જરૂર પડે તેને નિયુક્ત કરી શકે છે.

રજુકરનારઃ-શ્રી સુંદરલાલ ચુનીલાલ M. A. વડોદરા.

સભાનું કાર્યાલય :
પરીખ બિલ્ડીંગ, એલીસબ્રીજ,
અમદાવાદ.


નં. ૨૪૮૧

**શા. છોટાલાલ ચંદુલાલ**
**જરીવાલા**

૬/૧૧૫૯, મહીધરપુરા. વાણીઆ શેરી,
**સુરત નં. ૩.**

જરીનું ભરતકામ ● ચંદરવા
પુઠીઆ ○ સાડી ○ છત્રી
તથા આંગીનું બાદલું
બનાવી આપનાર તથા વેચનાર.

જોધપુરની મશહુર, હાથે બાંધેલી જ્યોર્જેટ
તથા આર્ટ સિલ્કની બાંધણીઓ, પાકા રંગ
તથા કલાત્મક ડીઝાઈનમાં જથ્થાબંધ
તથા રીટેલ ખરીદવા માટે

**હુકમચંદ વી. જૈન**

શરાફ બજાર * **જોધપુર** * રાજસ્થાન

**: અમારા સ્ટોકિસ્ટસ :**

| | |
|---|---|
| અરૂણ સ્ટોર | અમદાવાદ |
| મગનલાલ ડ્રેસવાલા | મુંબઈ |
| માધવજી રૂગનાથ | જુનાગઢ |
| લાખાણી સ્ટોર | જામનગર |
| ચત્રભૂજ નાનચંદ | સુરેન્દ્રનગર |

# સમાચાર સાર

**ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના :** વીરમગામ–શ્રાવકની નાની શેઠ ફલીમાં રહેતા શ્રી રતિલાલ ખોડીદાસભાઇએ વિ. સં. ૨૦૧૭ના ભાદરવા વદિ ૧૦થી યાવજ્જીવ માટે આયંબિલની તપશ્ચર્યાં શરૂ કરી છે. આગામી ભા. વ. ૧૦ ના તેમને સતત ૧૦૮૦ આયંબિલ પૂર્ણ થશે. આ લખાય છે ત્યાર તેમને ૯૩૦ આયંબિલો થયા છે. જીવન-પર્યંત આયંબિલની તપશ્ચર્યા કરનાર સમગ્ર જૈન સંઘમાં પ્રાયઃ તપસ્વી શ્રી રતિલાલભાઈ એક જ છે, એમ અમારૂં માનવું છે. આજે તેમને ૬૨ વર્ષ થયા છે. અભિગ્રહ છે કે, જીંદગી સુધી આયંબિલો કરવા. આયંબિલમાં બે દ્રવ્ય જ ફક્ત તેઓ વાપરે છે, ને તેમાં મગ તથા ઘઉં સિવાય કોઈ અનાજ નહિ. દરરોજ ઠામ ચોવિહાર કરે છે. તેઓ શાંત, વિનમ્ર અને ભદ્રિક પ્રકૃત્તિના સરલ આત્મા છે. તેમની કાપડની દુકાન છે. પોતે વ્યવહારાદિથી નિવૃત્ત થયા છે. તેમના બન્ને પુત્રો હિમ્મતલાલ તથા ધીરજલાલ તપસ્વી પિતાશ્રીની ભક્તિ–સેવા કરે છે. ઘરમાં પુત્રવધુઓ પણ આયંબિલમાં તેમની અનુકૂળતા જાળવે છે. આટલી ઉગ્ર તપશ્ચર્યાંમાં તેમણે ઉપધાન તપ ૯ ઉપવાસ તથા અઠ્ઠાઇ, આદિ તપ ચાલુ રાખેલ છે. ૧૮ની સાલ તથા ૧૯ની સાલના પર્યુષણમાં તેમણે આઠ તથા નવ ઉપવાસની તપશ્ચર્યા કરેલી. 'કલ્યાણ'ના સંપાદક શ્રી કીરચંદભાઈ શેઠે તેમના ફોટાની માંગણી કરી તો તદ્દન સ્પષ્ટ શબ્દોમાં તેમણે ના પાડી. પ્રસિદ્ધિથી વિમુખ રહી, કેવલ આત્મકલ્યાણાર્થે જીંદગીપર્યંતની ઉગ્ર આયંબિલની તપશ્ચર્યા કરનાર, શાંત, નમ્ર તથા સેવાભાવી તપસ્વી શ્રી રતિભાઇની તપશ્ચર્યાંને કોટિ કોટિ અભિનંદન! શાસનદેવ, તેમની તપશ્ચર્યાંને નિર્વિઘ્ને તથા નિર્ભયરીતે પાર પાડો એ અભિલાષા!

**એક સ્પષ્ટતા :** 'કલ્યાણ' ગત એપ્રીલ-૬૪ના અંકમાં પેજ ૧૯૦ પર 'સમાચાર સાર' વિભાગમાં 'નોંધ લેશો' શિર્ષકતળે પૂ. આ. શ્રી ઋદ્ધિસાગરજી મ. નું નિવેદન પ્રસિદ્ધ થયેલ છે, તેને અંગે પૂ. મુ. શ્રી લક્ષ્મીસાગરજી મ. તથા પૂ. શ્રી કસ્તૂરસાગરજી મ. સ્પષ્ટતા કરતાં જણાવે છે કે, 'અમે પૂ. આ. મ. શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ.ના પરિવારમાં નથી, પણ અમે પૂ. આ. મ. શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મ. ના પરિવારમાં છીએ. અને અમને નિવેદનકાર ઉપરોક્ત સૂરિ મ. શ્રી સાથે કશો સંબંધ નથી.' 'કલ્યાણ'ના ગતાંકમાં કાર્યાલયના સ્ટાફની શરતચૂકથી તે નિવેદન પ્રસિદ્ધ થયેલ, જેથી આ ખૂલાસો પ્રસિદ્ધ કરવો અમારી ફરજ હોવાથી પ્રસિદ્ધ કરેલ છે. હવેથી કોઇને પણ વ્યક્તિગત અંગત રીતે સ્પર્શતા પરિપત્રો, આજ્ઞાપત્રો તથા નિવેદનો પ્રસિદ્ધિ અર્થે અમારા પર નહિ મોકલવા વિનંતિ.

**બોરડી :** [જી. થાણા] અહિં શ્રી નવપદજી ભગવંતની ચૈત્રી ઓળીની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. સુ. ૧૩ ના ભ. શ્રી મહાવીરદેવનું જન્મ કલ્યાણક ભવ્ય રીતે ઉજવાયેલ. પૂજા ભણાવાયેલ. પૂ. પાદ આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. મ. શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રી આદિ સપરિવાર અહિં પધારતાં, બે દિવસ તેઓશ્રીનાં જાહેર પ્રવચનો થયેલાં. જેનો લાભ જૈન- જૈનેતર વર્ગે સારી રીતે લીધેલ. ચૈત્ર સુ. ૧૫ ના પૂજા ધામધૂમથી ભણાવાયેલ. વ. ૧ ના શ્રી નવપદજીની ઓળી કરનાર ભાગ્યવાનોને શેઠ જેચંદભાઇ મઠીયા તરફથી પારણાં કરાવાયેલ. ને શ્રીફલ તથા રૂા.ની પ્રભાવના થયેલ.

**ઘોલવડ :** [જી. થાણા] પૂ. આ. મ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. શ્રી ની શુભ નિશ્રામાં અહિં શ્રી નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના થયેલ. શ્રી ખેમરાજજી હિંમતમલજી તરફથી આયંબિલો કરાવાયેલ. પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. શ્રી સુ. ૧૩ ના પધારતાં બન્ને પૂ. સૂરિદેવોનાં ભ. શ્રી મહાવીરદેવનાં જન્મકલ્યાણક પ્રસંગ પર પ્રવચનો થયેલ. જલયાત્રાનો વરઘોડો

નીકળેલ. ચૈ. વ. ૧ ના શા. જવેરચંદજી ભભૂત-મલ્લજી તરફથી સિદ્ધચક્રપૂજન ધામધૂમથી થયેલ. તેમના તરફથી નવકારશી થયેલ.

**હિંમતનગર** : અહિં પૂ. આ. મ. શ્રી વિજય-મોતીપ્રભસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના થયેલ. પૂજા, પ્રભાવના તથા વ્યાખ્યાનો રહેતા હતાં. ચૈ. સુ. ૧૩ ના દિવસે રથયાત્રાનો વરઘોડો નીકળેલ. 'ભ. શ્રી મહા-વીરદેવનું દિવ્યદર્શન' વિષય પર પૂ. આ. મ.શ્રીનું પ્રવચન થયેલ. ચાતુર્માસ માટે હિંમતનગર, ટીંટોઇ, અમદાવાદ ખુશાલભુવન તથા શામળાની પોળ ઇ. ક્ષેત્રોની આગ્રહપૂર્વકની વિનંતિઓ આવેલ. પૂ. ગુરૂ મ.શ્રીની આજ્ઞાથી શામળાની પોળ–તપગચ્છ ઉપાશ્રય અમદાવાદના ચાતુર્માસનો નિર્ણય થયેલ છે. પૂ. આ. મ. શ્રી સપરિવાર અહિંથી વિહાર કરી વિજાપુર, મહુડી, થઇને ચાતુર્માસાર્થે અમદા-વાદ પધારશે.

**ભોયણીજી તીર્થની યાત્રાએ** : શ્રી કંચનબેન મોતીલાલ ઉજમલાલ શાહ તરફથી પાલનપુર જૈન શ્રાવિકાશાળાની ૪૦ બાળાઓને શ્રી ભોયણીજી તથા શ્રી રાંતેજ તીર્થની યાત્રાર્થે લઇ જવામાં આવેલ. શિક્ષિકા બહેનો તથા શિક્ષકશ્રીએ સારો સહકાર આપેલ. ગતવર્ષના ઉનાળામાં તેમના તરફથી શ્રી રાણકપુરજીની પંચતીર્થીની યાત્રાએ ૩૦૦ ભાઇ–બ્હેનોને લઇ જવામાં આવેલ. સહુને યાત્રા કરાવી તેમણે સારો લાભ લીધેલ.

**ઇનામી સમારંભ** : શ્રી શાંતિનાથ જૈન પાઠશાળા–શાહુપુરી–કોલ્હાપુરનો ઇનામી સમારંભ ધર્મપ્રેમી શ્રી ચીમનલાલ કડીયાના પ્રમુખસ્થાને તાજેતરમાં ઉજવાયેલ. ગામના ભાઇ–બ્હેનો ઉપરાંત; બેલગામ નિવાસી શ્રી ચતુરદાસ નગીનદાસ, નીવા-ણીથી શ્રી નાનચંદભાઇ આદિ આવેલ. શાહુપુરી સંઘના પ્રમુખ તથા પાઠશાળાના મુખ્ય સંચાલક શ્રી દલીચંદભાઇ તથા સભાના પ્રમુખ શ્રી ચીમન-લાલ કડીયા આદિએ સમ્યગ્જ્ઞાનની મહત્તા પર પ્રાસંગિક વિવેચન કરેલ. પાઠશાળાના શિક્ષક શ્રી સુરેંદ્રભાઇએ પાઠશાળાનો જે વિકાસ કરેલ તે પર પાઠશાળાના અધ્યાપક શ્રી હીરાલાલભાઇએ વક્તવ્ય કરેલ. તે પ્રસંગે પાઠશાળાના ફંડ માટે શેઠ શ્રી ડાહ્યાભાઇ ભાઇચંદ શાહે રૂા. ૧૦૦૧, શ્રી ચતુરદાસ નગીનદાસે રૂા. ૧૦૧ તથા શ્રી તારાચંદ બાપુચંદે રૂા. ૧૦૧ તેમજ સ્થાનિક ભાઇઓએ ફંડ નોંધાવેલ. અધ્યાપક શ્રી સુરેંદ્રભાઇને રૂા. ૨૨૫ ભેટ અપાયેલ. શ્રી ડાહ્યાલાલ ભાઇચંદ તરફથી તેમના શુભ હસ્તે ૪૦૦ ના ઇનામો અર્પણ કર-વામાં આવેલ. તેમના તરફથી તેમના ધર્મપત્ની શ્રી લક્ષ્મીબાઇના શ્રેયાર્થે બાળકોને જમણ આપ-વામાં આવેલ. બપોરે ઠાઠમાઠથી સત્તરભેદી પૂજા ભણાવાયેલ, અને લક્ષ્મીપુરી તથા શાહુપુરીના દેરા-સરજીમાં આંગી રચાવવામાં આવેલ.

**મહેસાણા પાઠશાળા** : રાજનગર ધાર્મિક ઇનામી પરીક્ષામાં ઉપરોક્ત સંસ્થાના ૨૭ વિદ્યા-ર્થીઓ બેઠેલ હતા. પૂ. સાધુ મહારાજ તથા પૂ. સાધ્વીજી મ. આદિ કમ્મપયડી, કર્મગ્રંથાદિ વિષ-યોનું સંસ્થામાં અધ્યયન કરી રહેલ છે. વ્યાકરણ તથા મહાવ્યાકરણનું પણ અધ્યયન પૂ. મહારાજશ્રી તથા વિદ્યાર્થીઓ કરે છે. આ રીતે અનેક પૂ. સાધુ મહારાજ, પૂ. સાધ્વીજી મ. પ્રકરણ, ધાર્મિક સંસ્કૃત–પ્રાકૃતાદિ વિષયોનો અભ્યાસ કરી રહ્યા હોવાથી તત્ત્વજ્ઞાનાદિનાં પઠન–પાઠન માટે મહેસાણા ખરેખર જૈનોનું વિદ્યાધામ કાશી છે. જૈન શ્રેયસ્કર મંડલ તથા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા જૈન સમાજમાં શ્રદ્ધા, શિક્ષણ તથા સંસ્કાર સાથે તત્ત્વ-જ્ઞાનનો પ્રચાર કરતી પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા છે. અનેક ગામોમાં પાઠશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાઠશાળાના ધાર્મિક શિક્ષક તરીકે જોડાઇ ગયા છે. અત્રે સોસાયટીમાં પોતાના બંગલાના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા તરફથી પૂજા ભણાવાયેલ. વિદ્યાર્થીઓએ પૂજા ભણાવી હતી. તેમના તરફથી વિદ્યાર્થીઓને ભોજન અપા-યેલ. ને ૫૦૧ રૂા. સંસ્થાને તેમણે સમર્પણ કરેલ.

**સફળ ઓપરેશન** ; પૂ. મુ. શ્રી જયવિજયજી મ.શ્રીને અમદાવાદ–જૈન જ્ઞાનમંદિર ખાતે મોતીયાનું ઓપરેશન ડો. પી. એલ. દેસાઇએ કરેલ. ઓપરે-

શન સારી રીતે થયેલ છે, ને તેમની આંખે સંપૂર્ણ આરામ છે. પૂ. તપસ્વી મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મ.ને બે આંખોનું મોતીયાનું ઓપરેશન પણ ડૉ. દેસાઇએ વારાફરતી કરેલ. તેમને પણ સારી રીતે ઓપરેશન થયેલ છે. ને બન્ને આંખોને સંપૂર્ણ આરામ છે. તેમને ૫૭મી વર્ધમાનતપની ઓળી ચાલુ છે.

**મિત્રમંડળની સ્થાપના** : ઉ. ગુજરાતના વાવ તથા તેની આજુ-બાજુના પ્રદેશમાં વસતા જૈનભાઇઓએ ભેગા થઇને શ્રી વાવ પ્રદેશ જૈન મિત્રમંડળની સ્થાપના અમદાવાદ ખાતે કરી છે. જે મંડળ દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહ્યું છે. તે મંડળમાં સ્નાત્ર વિભાગની અલગ સ્થાપના કરી છે, જે અમદાવાદ જુદા-જુદા જિનાલયોમાં દર મહિને સ્નાત્ર ભણાવે છે. મંડળ તરફથી ધાર્મિક તથા વ્યાવહારિક બન્ને દૃષ્ટિયે સમાજની ઉન્નતિ માટે પ્રવૃત્તિઓ ચાલે છે.

**મોમ્બાસા** : (આફ્રિકા) અહિં પાઠશાળા દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહી છે. તા. ૨૯-૨-૬૪ ના પરીક્ષા લેવાઈ, તેનો ઇનામી સમારંભ પણ ઉજવાયો. પ્રથમ નંબરે શ્રી રણધીરકુમાર રમણલાલ પારેખ તેમજ બાળાઓમાં શ્રી અંજનાબેન સોમચંદ હતા. પ્રથમ ત્રણ નંબરનાઓને સારી ઈન્ડીપેન તથા નોટબુકો આપવામાં આવેલ. ૧૨૭ બાળાઓએ પરીક્ષા આપેલ. ઈનામોની વહેંચણી દેરાસર સમિતિના માનનીય સભ્ય શ્રી શ્રી દલીચંદ પોપટલાલનાં હસ્તે થયેલ. પાઠશાળામાં દરરોજ ૧૦૦ બાળકોની હાજરી રહે છે. શનિ-રવિના દિવસોમાં ૧૫૦ની હાજરી રહે છે. વિદ્યાર્થીઓ સામાયિક, સ્નાત્રપૂજા આદિ કાર્યક્રમોમાં સારો રસ લે છે. ધાર્મિક શિક્ષક શ્રી રમણલાલ પારેખ પાઠશાળાની પ્રગતિમાં સારો પ્રયત્ન કરી રહ્યા છે. ઉપપ્રમુખ શ્રી સોમચંદ લાધાભાઇએ સંતોષ વ્યક્ત કરેલ.

**કચ્છ યાત્રા પ્રવાસ** : શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાના ભૂતપૂર્વ મેનેજર શ્રી પ્રભુદાસભાઈનાં નેતૃત્વ નીચે સંસ્થાના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો આદિ ૫૪ ભાઇઓ ફા. વદિ ૧ના કટારીયાતીર્થમાં પહોંચી સ્નાત્ર મહોત્સવ ઉજવેલ. ત્યાંની બોર્ડીંગ તરફથી જમણ અપાયેલ. વદિ ૩ અંજારના પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લીધો. વદિ ૪ ભુજ પહોંચી જિનાલયમાં સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો. રાત્રે ભાવના કરી. ત્યાંથી વદિ ૫ના બસ દ્વારા પંચતીર્થીની તેમજ અન્ય યાત્રાસ્થલોની યાત્રા કરી. ભદ્રેશ્વરજી મહાતીર્થમાં આવ્યા. મંદિરની બાંધણી, સ્વચ્છતા ઈ. પ્રશંસનીય હતું, બે દિવસની સ્થિરતા કરી. તે દરમ્યાન પૂજા, સ્નાત્ર, અંગરચના આદિનો કાર્યક્રમ રાખેલ. ગાંધીધામ થઈ, રાધનપુરના ૨૫ ભવ્ય જિનાલયોનાં દર્શન કરી ફા. વદિ ૧૦ના ભીલડીયાજી આવ્યા. પૂજા, રાત્રે ભાવના કરેલ. ત્યાંથી નીકળી ફા. વદિ ૧૧ની સવારે મહેસાણા આવ્યા. આ યાત્રા પ્રવાસમાં વડોદરાવાળા શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ. ઇત્યાદિ સહકુટુંબ જોડાયેલ. દશ દિવસમાં ૪૨ ગામોના જિનાલયોની યાત્રા થઈ. આ પ્રવાસમાં અનેક ભાઇઓનો લાગણીપૂર્વકનો સહકાર હતો. તેમાં દરેક રીતે કાળજીપૂર્વક બસ આદિની વ્યવસ્થામાં 'કચ્છમિત્ર' દૈનિકના મેનેજર શ્રી જમનાદાસ પી. વોરાનો સહકાર તથા શુભેચ્છા અનુપમ હતી. સર્વ શુભેચ્છકોનો સંસ્થા આભાર માને છે.

**ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ** : કચ્છ-ચિયાસર ખાતે તાજેતરમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયેલ. નૂતન તૈયાર થયેલ જિનાલયમાં પ્રભુપ્રતિમાજીઓની પ્રતિષ્ઠા ભારે ઠાઠથી થયેલ. તે સમયે ૧૦ હજાર ભાવિકો આવેલ. પૂ. આ. મ. શ્રી ગુણસાગરજી મ. ની શુભ નિશ્રામાં મહોત્સવ દરમ્યાન દરરોજ ત્રણે ટંક નવકારશી થતી હતી. દેવદ્રવ્યની ઉપજ ૩૫૦૦૦ થયેલ. દશ દિવસમાં કુલ ૪૦ હજાર ભાવિકો આવેલ. વ્યવસ્થા ખૂબ સુંદર હતી. ન્હાનું ગામ હોવા છતાં મોટા શહેર જેવી વ્યવસ્થા, સ્વચ્છતા તથા આતિથ્ય પ્રેમની કોઇ અવધિ જ નહતી. ભુજથી 'કચ્છમિત્ર' દૈનિકના મેનેજર શ્રી જમનાદાસ પી. વોરા, તથા મુંદ્રાવાલા શ્રી નવીનભાઈ, બાબુભાઈ ઝવેરી ઇ૦ આવેલ. શ્રી જમનાદાસ પી. વોરાનું આ પ્રસંગે સન્માન કરવામાં આવેલ.

**જિનાલયમાં ચોરી** : ભોયણીની નજીકમાં આવેલ રામપુરા ગામમાં મધ્યભાગમાં આવેલ જિનાલયમાં તા. ૧૪-૪-૬૪ ના રાત્રે કોઈ માણસોએ અંદર ઠેઠ ગભારામાં જઇને દાગીના, ચાંદીના છોડ વગેરે ચોરી લીધેલ છે. પ્રભુ પ્રતિમાઓના ચક્ષુટીકા પણ લઈ લીધેલ છે. ને પ્રતિમાજીને મૂળ સ્થાનેથી ઉત્થાપિત કરેલ છે. આ દુષ્ટ કાર્યથી રામપુરા જૈન સંઘમાં તથા અનેક સ્થલે એ સખ્ત આઘાત લાગેલ. રામપરા સંઘે અઠવાડિયા સુધી હડતાલ રાખેલ. વીરમગામ સંઘે હડતાલ પાડેલ. ચાણસ્મા જૈન સંઘે સમગ્ર જૈનોની સભા તા. ૧૯-૪-૬૪ ના શેઠ શિવલાલ ફુલચંદના પ્રમુખપદે ભરેલ તથા સખ્ત હડતાલ પાડેલ. ગુજરાત રાજ્યના મા. શ્રી ગૃહપ્રધાન તથા શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના વ્યવસ્થાપકોએ આ ચોરીને અંગે ઝડપી પગલાં લઈ, આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલાઓને ઘટતી શિક્ષા કરી દાખલો બેસાડવો જરૂરી છે. જેથી ફરી જૈનોના ધર્મસ્થાનોમાં ઘુસી જઇને આવું હિણપત ભર્યું કાર્ય કોઈ ન કરે. સમગ્ર જૈનસંઘોએ આ બાબતમાં જરૂર તાત્કાલીક ઘટતા પગલા લેવા જરૂરી છે. ને જૈનસંઘની પવિત્ર મિલ્કતનાં રક્ષણ માટે સજાગ રહેવાની અતિશય આવશ્યકતા આ કાલમાં છે, તે કોઈ ભૂલે નહિ.

**દીક્ષા માટે પધાર્યા છે** : પૂ. પં. મ. શ્રી રાજેંદ્રવિજયજી મ. ની પ્રેરણાથી બાલાવાડા ગામમાં સંપ થયેલ જેથી બે વર્ષથી અધુરૂં રહેલ જિનાલયનું કામ તેમના ઉપદેશથી શરૂ થયેલ છે. નાકોડાજીની યાત્રા કરી પૂ. મહારાજશ્રી પાડીવ પધાર્યાં. ત્યાંથી સિરોહી પધાર્યાં. અત્રે સંઘ તરફથી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર-ભવ્ય જલયાત્રાનો વરઘોડો વગેરે શાસન પ્રભાવનાનાં કાર્યો થયેલ. બાદ તેઓશ્રી બરલુટ પધારતાં જાવાલ સંઘની વિનંતિ હોવાથી જાવાલ પધાર્યાં. ત્યાં પૂ. આ. મ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર થયેલ. ત્યાંથી જાલોર જીલ્લામાં વિચરી, પૂ. પં. મહારાજશ્રી ઉપસરપંચ શાહ બાબુલાલ ચમનાજીની વિનંતીથી તેમની સજોડે દીક્ષા નિમિત્તે વાંકડીયા-વડગામ તરફ પધાર્યાં છે, અમદાવાદ-ડહેલાના ઉપાશ્રયના વહિવટદારોની વિનંતિથી તેઓશ્રીનું ચાતુર્માસ અમદાવાદ ખાતે નક્કી થયું છે.

**જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી** : કલકત્તા-ભવાનીપુર ખાતે ચૈત્રી શાશ્વતી ઓળીની આરાધના સુંદર થયેલ. ભાઇ-બ્હેનોએ સારી સંખ્યામાં આયંબિલ તપની આરાધના કરેલ. સુ. ૧૩ ના દેવાધિદેવ મ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાયકની ઉજવણી અહિં ભવ્ય રીતે ઉજવાયેલ અનેકવિધ કાર્યક્રમોથી ઉજવણી ઓર દીપી ઉઠેલ. પ્રથમ ભગવાનના જન્મ અંગેની હકીકત શેઠ મણિલાલભાઇએ સુંદર શબ્દોમાં જણાવેલ. કુ. શોભના મનમોહન શાહે 'શુભ લગ્ને વીર જનમીયા' એ સાખી પુરવી રાગમાં સુંદર રીતે ગાયેલ. બાદ ઇંદ્ર મહારાજા પંચરૂપે પ્રભુજીને મેરૂ પર્વતપર લઈ જાય છે. તે સમયનું વક્તવ્ય શેઠ મણિલાલ વી. એ (માનાર્હ ટ્રસ્ટી 'કલ્યાણ') એ કરેલ. ત્યારબાદ શ્રી ગૌતમકુમાર આદિ ગાયકવૃંદે, વાદકવૃંદના સાજ સાથે 'મેરૂ પર્વત નવરાવે સુરપતિ' ગીત સુંદર રાગમાં આલાપ સાથે ગાયેલ. બાદ આરતિ ગાઈ હતી. ને ત્યાર બાદ ઈંદ્ર મહારાજા ભગવાનને માતાજી પાસે લઈ જઇ સોંપે છે. તે હકીકત શેઠ મણિભાઈએ ખૂબ ભાવવાહી ભાષામાં જણાવેલ. ને ત્રિશલામાતા ભગવાનને પારણામાં ઝુલાવે છે, તે સમયનું હાલરડુ ભાઈલાલભાઈ કૃત શ્રી ઈન્દુમતીબેન છોટાલાલે શ્રી કુ. પન્નાબેન અને ભવાનીપુર પાર્શ્વનાથ મહામંડળની બ્હેનોએ સુંદર હલકથી ગાયેલ. આ આખોયે ભ. શ્રી મહાવીર દેવના જન્મપ્રસંગનો કાર્યક્રમ એવી રીતે ઉજવાયેલ કે, જાણે હમણાં જ ભ. શ્રી મહાવીરદેવ જન્મ પામ્યા હોય ને મહોત્સવ આપણે જોતાં-સાંભળતાં હોઇએ તે રીતે હતો. આ પ્રોગ્રામની ભવ્યતાથી આકર્ષાઇને કલકત્તા આકાશવાણીના સંચાલકોએ ખાસ આવીને આ પ્રોગ્રામની રેકર્ડ લીધી હતી. અને તે પ્રોગ્રામ તા. ૨૬-૪-૬૪ ના રાત્રે ૧૦ કલાકે કલકત્તા

આકાશવાણી કેંદ્ર પરથી પ્રસારિત કરેલ. જે સાંભળી હજારો લોકોએ આ પ્રોગ્રામના યોજકોની પ્રભુ-ભક્તિની તથા યોજનાની કુશલતાની પ્રશંસા કરેલ. સમગ્ર પ્રોગ્રામમાં શેઠ મણિભાઈની જહેમત પ્રશંસનીય હતી.

**ઉણાદરા** : (રાજસ્થાન) આ ગામ આબુ-દેલવાડાની તલાટીમાં આવેલ છે. જૈનોના ૩૩ ઘરો છે. દેરાસર ભવ્ય છે. ૪ વર્ષ પહેલાં અહિં નદી-માંથી ઘણા પ્રતિમાજી નીકળેલ. જેમાં શ્રી નેમિનાથ ભગવાન આદિ પરોણા દાખલ અહિં બિરાજમાન છે. અહીં શ્રી આદીશ્વરજી ભ.નું જિનાલય ભવ્ય છે, પણ તે જીર્ણ છે, વહેલામાં વહેલી તકે જીર્ણોદ્ધારની જરૂર છે. છતાં ગામમાં કુસંપ હોવાના કારણે તે કાર્ય થઈ શકયું નથી. પૂ. મુનિવરોએ આ બાજુ વિચરીને ઉપદેશથી પ્રેરણા કરવાની જરૂર છે. તાજે-તરમાં પૂ આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી તથા પદ્મસાગરજી મ. અહિં પધાર્યા હતા. તેઓશ્રીના સદુપદેશથી ગામમાં સંપ થયેલ છે. પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મ.ની પ્રેરણાથી અઠ્ઠમ તપ તથા આયંબિલની તપશ્ચર્યા થયેલ. આયંબિલ શા. ધરમચંદ નવાજી સુરાણા તરફથી થયેલ. છેલ્લા દિવસે પૂજા શા. નાનચંદ કોઠારી તરફથી ભણા-વાયેલ. પારણાં શા. પ્રતાપચંદ ભગાજી સુરાણા તરફથી થયેલ. કુલ નવ પ્રભાવના થયેલ. શા. નેનમલ ધનાજી સુરાણા તરફથી શ્રીફલની પ્રભાવના થયેલ. તપશ્ચર્યા નિમિત્તે માલગામ તથા પોસીતરા યાત્રાર્થે ગયેલ.

**કાલધર્મ પામ્યા** : પૂ. આ. મ. શ્રી વિજય-લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વયોવૃદ્ધ શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી નાગેંદ્રવિજયજી મ. ૭૭ વર્ષની વૃદ્ધ વયે ઉમરગામ ખાતે તા. ૨૭-૪-૬૪ના બપોરે ૩-૧૫ કલાકે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. સ્વ. પૂ. મુનિવરશ્રીએ ૪૯ વર્ષની વયે ધાણોજ મુકામે પોતાના વિશાલ કુટુંબને મૂકીને ધામધૂમ-પૂર્વક દીક્ષા અંગીકાર કરેલી. ૨૮ વર્ષ સુધી તેમણે સુંદર રીતે ચારિત્રનું પાલન કરેલ છે. તેમણે વીસ સ્થાનક તપ, વર્ષીતપ, વર્ધમાન તપની ૪૯ ઓળી આદિ અનેક તપો કરેલ. અખંડ ગુરૂસેવાનો લાભ તેમણે લીધેલ. જીવનને ઉજ્વળ બનાવી તેઓ પોતાનું કલ્યાણ સાધી ગયા છે. ઉમરગામના સંઘે ધામધૂમપૂર્વક બે બેંડ સાથે પાલખીમાં તેમની અંતિમ યાત્રા ભવ્ય રીતે કાઢેલ. ચારે બાજુથી ભાવિકો સારી સંખ્યામાં આવેલ. શાસનદેવ સ્વ.ના પુણ્ય આત્માને અખંડ શાંતિ આપો!

**પ્રતિષ્ઠા મહોત્સવ** : મરોલી સ્ટેશન પર બંધાયેલ ભવ્ય જિનાલયમાં પૂ. આ. મ. શ્રી હેમ-સાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ભ. શ્રી સુમતિનાથજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા ભવ્ય સમારોહપૂર્વક થનાર છે. તા. ૧૭-૫-૬૪ થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થશે. વૈ. સુદિ ૧૩ તા. ૨૪-૫-૬૪ રવિવારના પ્રભુજીને ગાદી પર બિરાજ-માન કરવામાં આવશે. આ પ્રસંગે વરઘોડો, પૂજા, આંગી, તથા સંઘ જમણ ઈ૦ થનાર છે.

**પરદેશમાં રહેતા જૈનોને** : પરદેશ ખાતે આફ્રિકા, બર્મા આદિમાં વ્યાપારાર્થે વસતા જૈનો કે જેઓ વર્તમાનના વિશ્વ રાજકારણની અસરના કારણે ભારત ખાતે પાછા આવવા ઇચ્છા ધરાવતા હોય તે બધાયને ભારતમાં આવવા માટે મૂંઝવણ કે મુશ્કેલીઓ હોય તો તેમને યોગ્ય દરેક રીતે સહાય કરવા ને સલાહ સૂચના માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરે તો યોગ્ય ને શકય દરેક રીતનો સહકાર સેવાભાવે અમે આપીશું. શ્રી કુંવરજી લાલજી, ટોકરશી લાલજી, પ્રેમજી જખરી ગાલા, સૂર્યકાંત ડુંગરશી કે. ૪-૪-૫૧૬, પ્રેમબાગ, સુલ-તાન બજાર, હૈદ્રાબાદ (આંધ્ર) (ભારત).

**ચાતુર્માસ નિર્ણય** : પૂ. મુ. શ્રી સુબોધ-વિજયજી મ. તથા ઉગ્ર તપસ્વી પૂ. મુ. શ્રી ધુરંધર-વિજયજી મ. ઠા. ૨ ને ચાલુ ૨૦૨૦ના ચાતુર્માસ માટે શ્રી જામનગર વીશા શ્રીમાળી જૈન તપગચ્છ સંઘની આગ્રહભરી વિનંતિ થતાં દ્વિ. વૈ. સુ. ત્રીજના તેમના ચાતુર્માસનો નિર્ણય થયેલ છે. ઉગ્રતપસ્વી પૂ. મુ. શ્રી ધુરંધર વિજયજી મ.ના

અઠ્ઠમના પારણે અઠ્ઠમના વર્ષીતપનું પારણું સંઘની વિનંતિ થતાં અહિં કરવાનું નક્કી થયું છે.

**ચોરી પકડાઇ :** અમલનેર ખ. તે મેઇનરોડ પર રૂા. રાા લાખનું સુંદર બાંધણીયુક્ત શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય જિનાલય દર્શનીય છે. જૈન-જૈનેતર લોકો ઉલટભેર આ જિનાલયનાં દર્શને આવે છે. આ તકનો દુરૂપયોગ કરી શાહદાનો રહેવાશી પારધી વીરા મંગા દર્શનના બ્હાને દેરાસરજીમાં ૧૧ વાગ્યે જઈ પૂજારીની ગેરહાજરીનો લાભ લઇ ચાંદીના પ્રતિમાજી ૩ ચોરીને ભાગતો હતો, પણ ધર્મના પ્રભાવે શાસનદેવનાં સાન્નિધ્યથી રેલ્વેમાં ટી. ટી.ને શક જતા તેને પકડીને પોલીસને સ્વાધીન કર્યો. ત્યારબાદ વિધિવિધાન કરાવીને પ્રતિમાજી મંદિરમાં પધરાવેલ છે. દેરાસરજી તથા ઉપાશ્રયના વહિવટદારોએ હવે ખૂબ સાવધ રહી તકેદારી રાખીને રહેવાની આજે જરૂર છે. આ કાર્યમાં પોલીસ અમલદાર ડી. જી. ગોખલેએ સારી મહેનત લીધી હતી.

**આકોલા :** (જી. અહમદનગર) અહિં ૭૫ વર્ષ પહેલાનું ઘરદેરાસરજી જેવું જીર્ણ મંદિર હતું. તેના જીર્ણોદ્ધાર માટે મહારાષ્ટ્રના શાસનપ્રેમી શ્રી રીખવચંદભાઇને અમલનેરથી બોલાવેલ. સંઘની મિટીંગમાં ખર્ચ માટે રૂા. ૧૧૦૦ ટીપ થઈ. ને જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી થયેલ છે. આ ગામ પુનાથી સંગમનેર જતાં રસ્તાપર આવે છે. તાલુકાનું મથક છે.

**ચાતુર્માસ નિર્ણય :** અમલનેર (પ. ખાનદેશ) ખાતે ચાતુર્માસ માટે વિનંતિ કરવા શ્રી રીખવચંદભાઈ. શ્રી નેમિચંદભાઇ ૬૦ આગેવાનો પીંડવાડા પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. શ્રી પાસે ગયેલ. પૂ. આ. મ. શ્રી એ વિનંતિનો સ્વીકાર કર્યો. ને પૂ. પં. શ્રી રવિવિજયજી મ. ઠા. ૩ નું ચાતુર્માસ અમલનેર નક્કી થયેલ છે. તેઓશ્રીએ પાટણ, અમદાવાદ થઇને અમલનેર તરફ વિહાર કર્યો છે.

**અંજાર :** (કચ્છ) અહિં શાશ્વતી નવપદજીની ચૈત્રી ઓળી મહેતા શંભુભાઈ જાદવજીના ધર્મપત્ની જેવંતીબાઇ તરફથી થયેલ. નવે દિવસોમાં આયંબિલ સારી સંખ્યામાં થયેલ. તપગચ્છ સંઘના મુખ્ય વહિવટદાર વોરા શ્રી ચંદુભાઈ ચુનીલાલની પ્રેરણાથી નવપદજીની એળી સારી રીતે ઉજવાયેલ.

**દુઃખદ અવસાન :** ગોરેગાંવ-મુંબઇમાં જૈન પાઠશાળાની સ્થાપના કરનાર તથા બાળકોને પ્રેમભરી રીતે દોરવણી આપનાર ને મહિલામંડળની સ્થાપના કરનાર શ્રી ઇંદિરાબ્હેન એમ. શાહ ૩૨ વર્ષની યુવાન વયે દ્વિ. ચૈત્ર સુ. ૯ સોમવારના રાત્રે દશ વાગ્યે સમાધિપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગવાસ પામ્યા છે. ગોરેગામમાં તેમના અકાલમૃત્યુથી જૈન-જૈનેતર વર્ગમાં શોકની છાયા પ્રસરી ગઇ છે. શાસનદેવ સ્વ૦ના આત્માને શાંતિ આપો !

**આયંબિલ ખાતાની સ્થાપના :** નાગપુર ખાતે તા. ૧૬-૪-૬૪ ના શુભ દિવસે વર્ધમાનતપ આયંબિલ ખતાની સ્થાપના કરવામાં આવેલ છે. વીરચંદભાઈ વી. શાહ, શ્રી પોપટભાઈ શાહ તથા શ્રી ખીમચંદભાઇ શાહની સતત મહેનતથી તથા સંઘના સહકારથી જૈન શ્વે. તપગચ્છ સંઘના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ સી. સુતરીયાનાં શુભ હસ્તે આયંબિલ ખાતાની ઉદ્‌ઘાટન વિધિ થયેલ. સઘ સમસ્તના આગેવાનોએ આ પ્રસંગે હાજરી આપેલ. શ્રી જૈન યુવક મંડળે આયંબિલ ખાતામાં પીરસવાની વ્યવસ્થા સંભાળેલ. શ્રી નાગરદાસભાઇ તરફથી તે દિવસે શ્રીફળની પ્રભાવના થઇ હતી.

**અઠ્ઠાઇ મહોત્સવ :** પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં અમદાવાદ-શાહપુર ખાતે શા. મણિલાલ પોચાભાઇએ પોતાના આત્મશ્રેયાર્થે તથા પૂ. મુ. શ્રી દેવભદ્રવિજયજી મ.ની એકાંતરે ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા નિમિત્તે દ્વિ. ચૈ. સુ. ૫ થી અઠ્ઠાઇ મહોત્સવનો શુભ કાર્યક્રમ રાખેલ. વદિ ૨ ના શાંતિસ્નાત્ર થયેલ. દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ તથા આંગી અને ભાવના રહેતી હતી. સુદિ ૧૩ ના ભ. શ્રી મહાવીરદેવનું જન્મકલ્યાણક ઉજવાયેલ. પૂ. આચાર્યદેવશ્રીએ સપરિવાર નરોડા, વલાદ થઈ ઈડર બાજુ વિહાર

કર્યો છે. ત્યાંથી તેઓશ્રી આબુ-દેલવાડા પધારશે. તેઓશ્રીનું ચાતુર્માસ અમદાવાદ જૈન જ્ઞાનમંદિર ખાતે નિર્ણિત થયું છે.

**પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે :** ઉત્તર ગુજરાતના બનાસકાંઠા પ્રદેશનું પ્રસિદ્ધ મહાતીર્થ ભોરોલ એક વખતનું ઇતિહાસ પ્રસિદ્ધ પીપ્પલનગર ગણાતું. ત્યાં આજે બાવીશમા તીર્થપતિ ભ. શ્રી નેમિનાથ સ્વામીનું ભવ્ય જિનાલય છે, આજથી છ વર્ષ પૂર્વે રંગમંડપનું ખોદકામ કરતાં સુગધિત રેતી વચ્ચે રહેલાં ૩૨ પ્રાચીન પ્રતિમાજી પ્રગટ થયેલ. તે પ્રતિમાજીને પધરાવવા માટે ૨૪ દેવકુલિકાઓ બંધાવવાનો નિર્ણય થયો, તે દેવકુલિકાઓ તૈયાર થતાં તેમાં પ્રભુજીને પ્રતિષ્ઠિત કરવા નિમિત્તે તથા મુખ્ય મંદિરના શિખર પર ધ્વજાદંડ અને કલશારોપણ પ્રસંગે બૃહત્શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ કરવાનો શ્રી સંઘે નિર્ણય કરેલ છે. પ્રતિષ્ઠા મહોત્સવ બનાસકાંઠા જીલ્લાના પરમ ઉપકારી તથા આ તીર્થ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇને અમને માર્ગદર્શન તથા પ્રેરણા આપનાર પૂ. આ. મ. શ્રીમદ્ વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં દ્વિ. ચૈ. વદિ ૧૨ શનિવારથી શરૂ થશે. વૈ. સુદિ ૬ ના પ્રતિષ્ઠા થશે. તે દિવસે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવાશે ને ભોરોલ જૈન સંઘ તરફથી ઝાંપાચુંદડી થશે. મહોત્સવના ૧૦ દિવસ દરમ્યાન દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ, આંગી, ભાવના રહેશે. ને દરરોજ જુદા-જુદા ગૃહસ્થો તરફથી નવકારશી થશે.

**જુના ડીસા :** પૂ. આ. મ. શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મ. શ્રી સપરિવાર અહિં બિરાજમાન છે. તેઓશ્રીના નિર્મળ ચારિત્રપર્યાયને વૈ. સુ. ૬ ના ૬૩ વર્ષ પૂર્ણ થાય છે આજે તેઓશ્રીની વય ૯૩ વર્ષની છે. ૬૩ વર્ષના ચારિત્રપર્યાયની આરાધનાની ઉજવણી નિમિત્તે તેઓશ્રી તથા તેઓના પટ્ટધર પૂ. આ. મ. શ્રી વિજયૐકારસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં અહિંના શ્રી સંઘ તરફથી વૈ. સુદિ ૨ થી ઉદ્યાપન સહિત પંચાહ્નિકા મહોત્સવ ઉજવાશે. વદિ ૩ ના વર્ષીતપના સામુદાયિક પારણા, ભવ્ય વરઘોડો, ને નવકારશી સુદિ ૫-૬ના બૃહદ્ અર્હત્પૂજન, સાધર્મિક વાત્સલ્ય થશે. સુદિ ૯ અહિંથી તેઓશ્રી વિહાર કરી જસલેણી મુકામે વૈ. વદિ ૬ ના પ્રતિષ્ઠા નિમિત્તે પધારશે, ત્યાં પ્રતિષ્ઠા પ્રસંગે નવ નવકારશી, અષ્ટોત્તરી મહાપૂજા ઇત્યાદિ મહોત્સવ ભારે ઠાઠથી ઉજવાશે.

**હિંગનઘાટ :** (મહારાષ્ટ્ર) પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં અહિં શ્રી કનકમલજીના આત્મશ્રેયાર્થે શ્રી કનકમલ તારાચંદ ફર્મ તરફથી દ્વિ. ચૈ. સુ. ૫ થી સુ. ૧૨ સુધીનો સિદ્ધચક્ર મહાપૂજન સહિત અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયેલ. અત્રેના સુશીલ મંડળે સુંદર ભક્તિરસ જમાવેલ. સુ. ૧૨ ના તેમના તરફથી સંઘજમણ થયેલ. સુદિ ૧૩ ના ભ. શ્રી મહાવીરદેવનું જન્મ કલ્યાણક ભવ્ય રીતે ત્રણે સંપ્રદાયોના સંગઠનપૂર્વક ઉજવાયેલ. શ્રી નવપદજીની ઓળી તથા પારણા શ્રી કનકમલ તારાચંદ ફર્મ તરફથી થયેલ. નૂતન મુનિશ્રીના યોગોદ્વહનના કારણે હાલ અહિં સ્થિરતા છે. પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ નાગપુર થશે.

**દુઃખદ સ્વર્ગવાસ :** દુવડવાળા વૈદરાજ શ્રી ચીમનલાલ રવિચંદ શાહ કે જેઓ કલ્યાણના માનાર્હ પ્રચારક શ્રી દીપચંદભાઇ શાહના પિતરાઈ ભાઇ થાય છે. તેઓ અમદાવાદ-કલ્યાણભુવન ખાતે પ્ર. ચૈત્ર વદિ ૮ રવિવારના, શ્રી નવકારમંત્રનું ધ્યાન ધરતાં સર્વ જીવોને ખમાવીને સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓની અંતિમ સંસ્કારયાત્રામાં સ્નેહી-સંબંધીઓ સારી સંખ્યામાં જોડાયેલ. શાસનદેવ, સ્વ.ના આત્માને ચિરશાંતિ આપો !

**જન્મ કલ્યાણકની ઉજવણી :** ઇડર ખાતે પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી મ.ની શુભ નિશ્રામાં નવપદજીની ચૈત્રી શાશ્વતી ઓળીનું આરાધન સુંદર રીતે થયેલ. ભ. શ્રી મહાવીરદેવનાં જન્મકલ્યાણકના દિવસે સવારે વ્યાખ્યાન, બપોરે પૂજા, વ. કાર્યક્રમ રાખેલ. દરરોજ ઓળીમાં વ્યાખ્યાન રહેતું હતું. ચૈ. સુ ૧૫ ના દિવસે ગઢ ઉપર ૫૦૦ માણસો પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં યાત્રાએ ગયેલ. ભાતું અપાયેલ. પૂ. મહારાજશ્રી ઇડરથી વિહાર કરી હિંમતનગર, વિજાપુર થઈ વૈશાખ સુ. માં અમદાવાદ પધારશે.

**વીરમગામ :** પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી, પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ. આદિ પરિવાર સાથે ઝીંઝુવાડાથી દ્વિ. ચૈ સુ. ૧ ના વિહાર કરી, જૈનાબાદ થઈ સુ. ૪ ના પાટડી પધાર્યા હતા, અહિં પૂ. સ્વ. પરમ ગુરૂદેવ ગચ્છાધિપતિ આ. મ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. શ્રીના સમાધિમંદિરના સ્થાનના જીર્ણોદ્ધાર માટે શ્રી સંઘને પ્રેરણા કરી તે માટેનો આર્થિક સહકાર ગુરૂભક્ત શ્રાવકો તરફથી સારો મળતાં, તે કાર્ય હવે તાજેતરમાં શરૂ થનાર છે. પૂ. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ઉપરીયાળા, ગૌરૈયા થઇ વીરમગામ પધાર્યા હતા. ડુમાણામાં વીરમગામ સંઘના આગેવાન વંદનાર્થે આવેલ. વીરમગામ પૂ. પં. મહારાજશ્રીની શુભ નિશ્રામાં તેઓશ્રીની પ્રેરણાથી ભ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણક નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળેલ. ત્યારબાદ વ્યાખ્યાનમાં પૂ. મહારાજ શ્રીએ ભ. શ્રી મહાવીરદેવના લોકોત્તર જીવન પ્રસંગો પર મનનીય પ્રવચન કરેલ. વીરમગામથી દ્વિ. ચૈ. વદિ ૪/૧ ના વિહાર કરી, પૂ. મહારાજશ્રી સાણંદ વદિ ૬ ના પધાર્યા હતા. દરરોજ તેઓશ્રીના વ્યાખ્યાનો રહેતા. જૈન જ્ઞાનમંદિર-અમદાવાદના ટ્રસ્ટી તથા દશાપોરવાડ જૈન સોસાયટીના આગેવાનો પૂ. મહારાજશ્રીને વિનંતિ માટે અહિં આવેલ. વ. ૧૧ ના અહિંથી વિહાર કરી વ. ૧૪ તેઓશ્રી દશા પોરવાડ જૈન સોસાયટી ખાતે પધારવા સંભવ છે.

**મનફરા :** (વાગડ) વાગડ પ્રદેશમાં વીશા ઓશવાલ જૈનોની ૩૦૦ ઘરોની વસતિવાળું આ ગામ ધર્મશ્રદ્ધાથી ભાવિક છે. નૂતન શિખરબંધી ભવ્ય જિનમંદિર અહિં બંધાઇ રહ્યું છે, જેમાં ૫૦ હજારનું અત્યાર સુધી ખર્ચ થયેલ છે. હજુ ૨૫ હજારનો ખર્ચ વધુ થવાનો અંદાજ છે. ગામમાં આલિશાન ઉપાશ્રય અને ભવ્ય જ્ઞાનમંદિર છે. ભારતભરના સમસ્ત જૈન સંઘોને વિનંતિ છે કે, તેઓનાં હસ્તકના જિનાલયોમાંથી નૂતન જિનાલયના શુભકાર્યમાં જરૂર આર્થિક સહકાર આપે!

**વીસનગર ;** અહિં શ્રી મોહનલાલ હરગોવનદાસના શ્રેયાર્થે તેમના ધર્મપત્ની શ્રી મણિબેન તરફથી બૃહત્ સિદ્ધચક્રપૂજન તથા શાંતિસ્નાત્ર-સહ શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ પૂ આ. મ. શ્રી દેવેંદ્રસાગરસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં દ્વિ. ચૈ. વ. ૧૦ થી ઉજવવામાં આવનાર છે. જેમાં મહોત્સવના આઠે દિવસ દરમ્યાન પૂજા, ભાવના તથા આંગી રહેશે. પૂજા ભાવનામાં સંગીતકાર શ્રી ભૂરાભાઇ તથા શ્રી ગજાનનભાઇ પોતાની મંડળી સાથે આવશે. વૈ. સુ. ૧ ના સિદ્ધચક્રપૂજન થશે. ને સુ. ૩ ના શાંતિસ્નાત્ર ભણાવશે.

**ભવ્ય મહોત્સવ :** મુંબઇ-પાયધુની ખાતે શ્રી શાંતિનાથજીના જિનાલયનો ૧૫૦ મી સાલગીરીનો ભવ્ય મહોત્સવ તાજેતરમાં 'સાગર સંઘ-શ્રી શાંતિનાથજી જૈન ટેંપલ-ચેરીટીઝ' દ્વારા પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરિશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.શ્રી આદિની શુભ નિશ્રામાં ઉજવાયેલ. મહોત્સવના દિવસોમાં દરરોજ પૂજા તથા પ્રભાવના રહેતી. વિવિધ પ્રકારની ભવ્ય અંગરચનાઓ પ્રભુજીને થતી હતી. રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવેલ. મહોત્સવના છેલ્લા દિવસે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર તથા સાગરસંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. વિવિધ પ્રકારની રચનાઓથી મહોત્સવ દીપી ઉઠેલ. પૂ. આચાર્યાદિ મુનિવરો, પૂ. સાધુ-સાધ્વીજી આદિ પૂજામાં તથા દર્શનાર્થે પધારતા હતા. એકંદરે મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ ગયેલ.

**કાર્યવાહક સમિતિ :** કુંભોજગિરિ તીર્થની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧૨-૧-૬૪ ના મળતાં કેટલાક મહત્ત્વના ઠરાવો થયેલ. શત્રુંજય તીર્થની સુંદર રચના તલાટીમાં કરવાનું નક્કી થયેલ. જે માટે પાંચ સભ્યોની કમિટી નીમવામાં આવેલ. છે. કાર્તિક પૂર્ણિમાના દિવસે યાત્રાયે ૪ હજારથી પણ વધુ યાત્રાળુઓ આવે છે, માટે તેમની ભક્તિ માટે વધુ સગવડ રહે તે માટે વાસણોના સેટ ભેટ આપવા નામો નોંધવામાં આવેલ. તીર્થની વ્યવસ્થા માટે પેઢી ખોલવાનું તથા મુનિમ રાખવાનું નક્કી કરેલ છે. ભોજનશાળાની વ્યવસ્થા શરૂ કરી છે. કમિટિની મિટીંગ

શ્રી ચતુરભાઇ નગીનદાસની અધ્યક્ષતામાં થયેલ. આજુબાજુના ઘણા સભ્યો આવેલ. શ્રી ચીમનલાલ કડીયા પણ આ પ્રસંગે આવેલ હતા.

**ભવ્ય સ્નાત્ર મહોત્સવ :** બૃહદ્ મુંબઇ સ્નાત્ર મહામંડળના આશ્રયે ચૈત્ર સુ. ૧૩ શુક્રવારના પ્રભુ શ્રી મહાવીર દેવના જન્મકલ્યાણક નિમિત્તે ભવ્ય સમારોહપૂર્વક ગોડીજી જૈન ઉપાશ્રયના હોલમાં સામુદાયિક સ્નાત્ર મહોત્સવ પૂ. આ. મ. શ્રી વિજય-અમૃતસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં ઉજવાયેલ. પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મહારાજે તથા મહા-મંડળના પ્રમુખ જૈનરત્ન શ્રી રમણભાઇએ પ્રાસં-ગિક સ્નાત્રનો મહિમા સમજાવેલ. શ્રી મેઘકુમાર આદિ સંગીતકારોએ શાસ્ત્રીય સંગીત સાથે સુંદર રીતે ભણાવેલ. દીપિકામંડલની બ્હેનના માર્ગદર્શન હેઠળ ૫૬ દિક્કુમારિકાઓનો અભિનય શાસ્ત્રીય શૈલીને અનુરૂપ ને સુંદર હતો. શ્રી યંગમેન્સ જૈન વોલીંટીયર કોરની વ્યવસ્થા સુંદર હતી. બપોરે ૨ાા વાગ્યે શાસનદેવની જય સાથે સ્નાત્રમહોત્સવ પૂર્ણ થયેલ.

**ચૈત્રી ઓળીની આરાધના :** શ્રી શંખેશ્વરજી તીર્થમાં શ્રી નવપદ આરાધક સમાજ મુંબઇ તરફથી ચૈત્રી ઓળીની આરાધના ભવ્ય રીતે ઉજવાયેલ. આરાધક ભાઇ-બહેનોની સંખ્યા તથા યાત્રિકોની સંખ્યા સારી હતી. પૂ. પં. શ્રી માનવિજયજી ગણિ-વર, પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી મુક્તિવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં વદિ ૧ ના સિદ્ધચક્રપૂજન થયેલ. સુદિ ૧૫ ના યાત્રિકોની સંખ્યા લગભગ ૫ હજાર ઉપરાંતની હશે. શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં એ ળીના દિવસો મહા-મંગલરૂપે ઉજવાયેલ. અમદાવાદ નિવાસી શ્રી ચીનુ-ભાઇ લલ્લુભાઈ તરફથી ઓળીની આરાધના થયેલ. વદિ ૧ ના તેમના તરફથી પૂજન તથા નવકારશી થયેલ.

**વર્ષીતપના પારણા નિમિત્તે :** શીવ જૈન સંઘ તરફથી વર્ષીતપના પારણા નિમિત્તે શાંતિ-સ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ દ્વિ. ચૈ. વ. ૧૦ થી પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં ઉજવવામાં આવનાર છે. આઠ પુણ્યવાન બ્હેનોએ વર્ષીતપ કરેલ છે. તે નિમિત્તે તેમના તરફના આ મહોત્સવમાં દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ, ભાવના તથા આંગી થશે. વૈ. સુ. ૨ ના શાંતિસ્નાત્ર, સુ. ૩ ના પારણાં, ને આમંત્રિત મહેમાનોનું સાધર્મિક વાત્સલ્ય થશે.

**સ્કોલરશીપની યોજના :** શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ મુંબઇ હસ્તક અનેક સ્કોલરશીપ ફંડોની યોજનાનુસાર મેટ્રીક પાસ વિદ્યાર્થી તથા વિદ્યાર્થી-નીઓને તથા આગળ અભ્યાસ કરવા ઇચ્છતા તેઓને સ્કોલરશીપો, તથા આગળ વધતા વિદ્યા-ર્થીઓને ફ્રી શિક્ષણ યોજના છે, તેને અંગે વિગતો તથા માહિતિ મેળવવા ૨૫ ન. પૈ. ની ટીકીટો બીડી, અથવા મુંબઈ વસતા વિદ્યાર્થીઓ કાર્યાલયમાંથી ૧૫ ન, પૈ. આપી બપોરના ૧ થી ૪ વચ્ચે અરજીપત્રક મેળવી શકશે. સીરનામું : શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઠે. ગોડીજી બિલ્ડીંગ, ૨૦ પાયધુની, કાલબાદેવી, મુંબઇ–૨.

**ક્ષમા યાચના :** ચૈત્રી શાશ્વતી નવપદજી ભગવંતની ઓળીની આરાધના અંગેના તથા ભ. શ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાકની ઉજવણી અંગેના સમાચારો ઘણા પ્રમાણમાં ઠેઠ તા. ૭–૫–૬૪ સુધી કાર્યાલયમાં આવતા રહે છે. તે બધાયને માસિકની મર્યાદામાં રહીને અમે કોઇ રીતે પ્રસિદ્ધ કરી શકીએ તેમ નહિ હોવાથી તે તે સમાચાર મોકલનારાઓની અમે ક્ષમા યાચીએ છીએ! નીચેના સ્થળોયે ઉજવાયેલી આરાધનાની અમે અનુમોદના કરીએ છીએ! ગોધરા, ભવરાની (રાજ.) જીવા, ભરૂચ, મેવાનગર (રાજ.) નાગપુર, મોર-વાડા, ફાલના (રાજ.) ટંકારા, માંડવાલા (રાજ.) આ અને અન્યત્ર જ્યાં જ્યાં શ્રી નવપદજીની ઓળીની આરાધના ઉજવાઈ હોય તથા ભ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકનો મહોત્સવ ઉજવાયેલ હોય, શાસન પ્રભાવનાના તે બધા સત્કાર્યોની અમે અનુમોદના કરીએ છીએ! —**કાર્યાલય.**